કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસનમ્

(લઘુવૃતિ વિવરણ)

ભાગ–૯

(અધ્યાય–૪ : પાદ–૩,૪)

આખ્યાત પ્રકરણ

: સંપાદિકા :

પૂ.સા. પરમયશાશ્રીજી

: પ્રકાશક :

આ. શ્રી વિજયનીતિસૂરિ જૈન

તત્ત્વજ્ઞાન પાઠશાળા –અમદાવાદ

ચિત્રકૂટ-રૈવતાદિ તીર્થોદ્ધારક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.

ગચ્છાધિપતિ શાસનપ્રભાવક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.

પૂ.સા. શ્રી મહિમાશ્રીજી મ.સા.

પૂ.સા. શ્રી નિરુપમાશ્રીજી મ.સા.

પૂ.સા. શ્રી કલ્પલતાશ્રીજી મ.સા.

॥ ઊઁ હ્રીં અર્હં શ્રી સીમંધરસ્વામિને નમઃ ॥
॥ શાસનપતિ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી ગૌતમસ્વામીને નમઃ ॥
॥ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યાય નમઃ ॥ ॥ નમો નમો ગુરુ શ્રીનીતિસૂરયે ॥
॥ શ્રી નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલપ્રભ-અરિહંતસિદ્ધ-હેમપ્રભસૂરિગુરુભ્યો નમઃ ॥

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન

(લઘુવૃત્તિ વિવરણ)

ભાગ-૯

અધ્યાય-૪, પાદ-૩ અને ૪
આખ્યાત પ્રકરણ

દિવ્યકૃપાધારા
ગિરનારાદિ તીર્થોદ્ધારક પ.પૂ.આ.ભ.
શ્રીમદ્વિજય **નીતિસૂરીશ્વરજી મહારાજા**

આશીર્વાદધારા
જીરાવલા તીર્થ પ્રતિષ્ઠાચાર્ય-રાયણવૃક્ષ ક્ષીરાભિષિક્ત
ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય **હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા**

પ્રેરક
પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય **મુક્તિનિલયસૂરીશ્વરજી મ.સા.**
પ.પૂ.પંન્યાસ શ્રી **હેમનિલયવિજયજી મ.સા.**

સંપાદિકા
પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી

પ્રકાશક
આ.શ્રી વિજય નીતિસૂરિ જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

• પ્રકાશન : વિ.સં. ૨૦૭૯ • ઈ.સ. 2023

પ્રાપ્તિસ્થાન

સુરત

- આ. શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન
  C/o. જીતુભાઈ ઝવેરી, કતારગામ, સુરત (M) 93745 14860
- રાજુભાઈ બી. શેઠ
  કલ્પવૃક્ષ જ્વેલર્સ, 176, કુબેરનગર-1, કતારગામ દરવાજા, સુરત
  ફોન : 0261-2534863/64 (M) 94268 54714

અમદાવાદ

- આ. શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન
  લુહારની પોળ, માણેકચોક, અમદાવાદ
  (M) 93740 51080, પેઢી : 079-2214 0494
- ઉપેન્દ્રભાઈ એચ. શાહ
  ઈ-19, આયોજનનગર સોસાયટી, શ્રેયસ રેલ્વે ક્રોસીંગ પાસે,
  નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-7
  (M) 93270 13814
- દીપકભાઈ જીતમલજી બાગરેચા
  ડી-104, મલ્લિનાથ એપાર્ટમેન્ટ, જૈન કોલોની સામે,
  શાહીબાગ, અમદાવાદ
  (M) 93740 51080 (રહે.) 079-3042 3313

પાટણ

- આ. શ્રી વિજય નીતિસૂરિ તત્ત્વજ્ઞાન પાઠશાળા
  સાગર ઉપાશ્રય બહાર, ઘીવટો, પાટણ (ઉ.ગુ.)
  (M) 94270 60603 - વિક્રમભાઈ

મુંબઈ

- સંજયભાઈ શાહ (એસ.આર. ક્રિએશન)
  227/G, ઝવેરબાગ, પહેલે માળ, ઓફિસ નં. 16,
  નરનારાયણ વાડી, કાલબાદેવી રોડ, મુંબઈ-400002
  (M) 98202 29419

મુદ્રક : જય જિનેન્દ્ર ગ્રાફિક્સ (નીતિનભાઈ-જય જિનેન્દ્ર)
30, સ્વાતિ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ
જય જિનેન્દ્ર : 98250 24204 • કુશ : 99256 17992

સાદર સમર્પણ

જેના શાસનનાં કારણે જ્ઞાનનું મહત્ત્વ મળ્યું
તેવા **શ્રી મહાવીરપ્રભુ**

જેના વડે જ્ઞાનને પામી શકાય તેવી ભાષાની પ્રાપ્તિ થઈ
તેવા કલિકાલસર્વજ્ઞ
શ્રી હેમચંદ્રાચાર્યજી ભગવંત
જેમની કૃપાના કારણે ભાષાને યત્કિંચિત્ સમજી શક્યા
તેવા ગચ્છાધિપતિ
શ્રીમદ્વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ
વાત્સલ્ય દ્વારા વૈરાગ્યનું સિંચન કરીને રત્નત્રયીને
વૃદ્ધિંગત બનાવનાર
પૂ.સા. શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.

જ્ઞાનગંગાનું અમૃતપાન કરાવનાર
પૂ.સા. શ્રી કલ્પલત્તાશ્રીજી મ.સા.નાં
ચરણકમલમાં
સાદર સમર્પણ

''युष्मदीयं युष्मभ्यं समर्पयामि''

ગ્રંથ લાભાર્થી

ગિરનાર, ચિત્તોડ, તારંગા જેવા અનેક પ્રાચીન તીર્થોદ્ધારક
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય **નીતિસૂરીશ્વરજી મહારાજા** દ્વારા
ગિરનાર તીર્થોદ્ધારક શતાબ્દી વર્ષ અનુમોદનાર્થે
નિકટભવ મોક્ષગામી ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય
હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાના સદુપદેશથી

શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ

આચાર્ય શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન

કતારગામ, સુરત

તથા

પૂ.સા. શ્રી **નિરૂપમાશ્રીજી** મ.સા.ની પ્રેરણાથી

શ્રી શાહીબાગ ગિરધરનગર શ્વે.મૂ.પૂ. જૈન સંઘ

અમદાવાદ

ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય નીતિસૂરીશ્વરજી મહારાજાનું

જીવનદર્શન

સામાન્ય વ્યક્તિત્ત્વનું સર્જન સમય કરે છે. વિરલ વ્યક્તિત્ત્વ તો સમયનું સર્જન કરે છે. અખંડ વહેતો કાળખંડ હવે એમના નામથી ઓળખાણ પામે છે. એવા જ એક મહાપુરૂષ ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય **નીતિસૂરીશ્વરજી મહારાજા.**

વિદ્વાન, ગીતાર્થ, શાસનસમર્પિત અને પુણ્યપ્રભાવક આ મહાપુરુષના જીવન-કવનને ત્રણ શબ્દોમાં વર્ણવવું હોય તો તે છે - **પોથી, પંડિત અને પ્રતિમા.**

પોથી : પૂજ્યશ્રીને જ્ઞાન સાથે અનહદ લગાવ હતો. પોતાના સાધુઓને સાત-સાત કલાક વાચના આપવી, પ્રાચીન જ્ઞાનભંડારોનાં જીર્ણોદ્ધાર કરવા, પોતે પણ સતત અધ્યયન-અધ્યાપનમાં વ્યસ્ત રહેવું એ પૂજ્યશ્રીનાં પોથી (જ્ઞાન) પ્રેમનું ઉદાહરણ છે.

પંડિત : દીર્ઘદૃષ્ટા પૂજ્યશ્રી સમજતા હતા કે માત્ર સાધુ સંસ્થા જ જૈનશાસનનાં બધાં અંશો સુધી નહિ પહોંચી શકે. શાસનસમર્પિત પંડિતોની એના માટે અનિવાર્ય જરૂરત રહેશે. એટલે એમને તેજસ્વી બાળકો અને આશાસ્પદ યુવા પંડિતોને તૈયાર કરવામાં ખંતપૂર્વક પ્રયત્ન આદર્યો. એની ફળશ્રુતિ પણ બહુ જ ભવ્ય પ્રાપ્ત થઈ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.નાં વિદ્યાગુરુ પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ, પંડિતવર્ય શ્રી ભગવાનદાસ હરખચંદ એવા મૂર્ધન્ય પંડિતો પ્રભુશાસનને પૂજ્યશ્રીની કૃપાથી પ્રાપ્ત થયા.

પ્રતિમા : આ મહાપુરૂષે નવનિર્માણ કરવા જીર્ણોદ્ધાર ઉપર વધુ લક્ષ્ય આપ્યું. શ્રી ગિરનારજી, ચિત્તોડ, તારંગા જેવા પ્રાચીન તીર્થોનાં સ્થાપત્યનો એવી રીતે જીર્ણોદ્ધાર કરાવ્યો કે તે તીર્થોની ઊર્જાને પૂજ્યશ્રીએ જીવંત રાખી આપણા ઉપર ઉપકાર વરસાવ્યો છે.

જન્મ : સં. ૧૯૩૦, પોષ સુદ-૧૧, વાંકાનેર
દીક્ષા : સં. ૧૯૪૯, અષાઢ સુદ-૧૧, મહેરવાડા
વડીદીક્ષા : સં. ૧૯૫૦, મહા સુદ-૪, સીમોર
ગણિપદ : સં. ૧૯૬૧, માગસર સુદ-૫, સુરત
પંન્યાસપદ : સં. ૧૯૬૨, કારતક વદ-૧૧, પાલીતાણા
આચાર્યપદ : સં. ૧૯૭૬, માગસર સુદ-૧૧, અમદાવાદ
કાળધર્મ : ૧૯૯૮, પોષ વદ-૩, એકલિંગજી (ઉદેપુર)

- સ્વહસ્તે દીક્ષા ગ્રહણ કરી જગતના જવાહીર બન્યા.
- બ્રહ્મનિષ્ઠ ગુરુદેવે અનેકને બ્રહ્મચારી-વ્રતધારી બનાવ્યા.
- અનેક રાજા-મહારાજા-નવાબને પ્રતિબોધ કર્યા.
- ૧ કરોડ સૂરિમંત્ર સાધના દ્વારા જિનશાસનની અદ્‌ભુત સેવા કરી.
- જૂનાગઢ-રાધનપુર-ચિત્તોડ જેવા અનેક સ્થળે ગુરુકુળ સ્થાપ્યા.
- સ્વસમુદાય-પરસમુદાયના અનેક મહાત્માઓને યોગોદ્વહન કરાવ્યા. પદવી પ્રદાન કરી.
- વચનસિદ્ધપુરુષનાં વચનથી સિદ્ધિ મળતી.
- ૯ સ્થાનકવાસી સંપ્રદાયનાં ૩૫ વર્ષ જેવા પર્યાયી સાધુને સંવેગીદીક્ષા આપી સત્યમાર્ગે લાવ્યા.

સદ્‌ગુરુ વચનામૃત

અધ્યાત્મ માર્ગની આધારશિલા છે : સ્વાનુભૂતિની અનન્ય ઝંખના. 'હું કોણ છું'નો જવાબ જ્યાં સુધી મુમુક્ષુને નથી મળતો, ત્યાં સુધી એ જંપીને બેસી નથી શકતો. પણ અધ્યાત્મની કેડીઓ અદીઠ છે, ગુહ્ય છે. સદ્‌ગુરુનાં ઈશારા વિના એમને જાણવી અશક્યપ્રાયઃ છે.

આપણા સદ્‌ભાગ્યે આપણે ત્યાં એવા બહુ બધા અનુભૂતિવાન મહાપુરૂષો થયા છે. જેમણે 'भव्यजनहिताय' અનુભવરસને શબ્દોમાં કંડારવાનો પ્રયત્ન કર્યો છે. પણ એ ગ્રંથો, જેમાં આ અનુભવ માર્ગનાં સંકેતો છે, મહદંશે સંસ્કૃત અને પ્રાકૃતમાં નિબદ્ધ છે.

એટલે મુમુક્ષુએ સંસ્કૃતમાં સજ્જતા કેળવવી અત્યંત આવશ્યક બની જાય છે. સંસ્કૃતમાં પારંગત થવા માટે વ્યાકરણનું અધ્યયન અનિવાર્ય છે. **કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય** ભગવંતે એના માટે જ **"શ્રી સિદ્ધહેમ વ્યાકરણ"** જેવા સાંગોપાંગ સંપૂર્ણ વ્યાકરણની રચના કરી છે.

પણ એ વ્યાકરણમાં સેંકડો નહીં પરંતુ હજારો સૂત્રોમાં મંદગતિ છાત્ર ક્યારેક અટવાઈ પણ જાય છે. અને થાકીને વ્યાકરણ ભણવાનું જ મૂકી દે. એવું ન થાય એ માટે પૂ.સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.નાં શિષ્યા પૂ.સા.શ્રી આર્યયશા મ.સા.એ ભણતી વખતે નોટ્સ બનાવી હતી. તેને છપાવવાનું આ કાર્ય વ્યાકરણ પઠન-પાઠન પરંપરાની સેવા છે. પૂર્વે પણ આવી પુસ્તકો છપાઈ છે. જેમાં નિયમો, સાધનિકાઓને ગુજરાતીમાં સરળ રીતે બતાવ્યા છે, તો'ય ભિન્ન-ભિન્ન કક્ષાનાં વિદ્યાર્થીઓ માટે ભિન્ન-ભિન્ન આયામ, ભિન્ન દૃષ્ટિથી આલેખાયેલ પુસ્તકો વધુ સહાયક બની શકે છે. પ્રભુની અનહદ કૃપાને ઝીલવા અને એમનાં શબ્દ સામ્રાજ્યમાં પ્રવેશવા માટેની ઝંખના ધરાવતા મુમુક્ષુઓ, જિજ્ઞાસુઓને આ પુસ્તક યત્કિંચિત્ પણ મદદરૂપ થાય તો પ્રકાશન સફળ છે.

સાધ્વીજી મ.સા.ની સરસ મહેનત બદલ અનુમોદના. પંડિતવર્ય શ્રી ચંદ્રકાંતભાઈ, ચિરાગભાઈ આદિને સાથ-સહકાર માટે ધન્યવાદ.

- હેમપ્રભસૂરિનાં ધર્મલાભ.

અનવદ્ય ભાષાનુ
સાધન વ્યાકરણ

વ્યાકરણ એ વ્યાકરણ છે.

વિદ્યાર્થી પ્રમાદમાં રહી જાય તો આ વ્યાકરણ વ્યાધિકરણ પણ બની શકે છે. પુરુષાર્થ કરતા થાકે એટલે આ વ્યાકરણ કોઈ પણ વ્યક્તિને વ્યાધિ કરવાવાળું બની જાય એ સ્વાભાવિક છે. પણ એ પુરાણા કાળની અપેક્ષાએ. અત્યારે તો આપણી પાસે સિદ્ધહેમલઘુવૃત્તિના પુરક સાધનો વિપુલ માત્રામાં ઉપલબ્ધ થઈ શકે છે. પણ આજથી ત્રીશ-પાંત્રીશ વર્ષ પહેલા આપણી પાસે ન્યાસ અને મધ્યમવૃત્તિ જેવા કેટલાક ગ્રંથો જ મળી શકતા હતા. તદુપરાંત ભણાવવા પણ સિદ્ધહેમના શિક્ષકો ઓછા હતા. મોટા ભાગના બ્રાહ્મણ પંડિતો જ ભણાવવાવાળા રહેતા. પરિણામે પાણીનીનું મહત્વ વારંવાર સાંભળવા મળતું. અને ઈચ્છાએ કે અનિચ્છાએ સાંભળવું પડતું. અભ્યાસ અને અનુભવનો અભાવ હોવાના કારણે તમે જવાબ પણ આપી ન શકો. છતાંય જવાબ આપવાનો પ્રયાસ તો કરવો જ હોય.

આ બધી વાતો ત્રીશ-પાંત્રીશ વરસ પહેલાની છે. હવે તો આપણે કોઈપણ અભ્યાસ કરવો હોય તો જૈન પંડિતો સુપ્રાપ્ત હોય છે. અને એ સિવાય આવા ગ્રંથોની પણ સહાય સારી મળી શકે એમ છે.

પરિણામે વ્યાકરણ આદિના અભ્યાસુઓ પણ સારી સંખ્યામાં મળતા હોય છે. એવા વિદ્યાર્થીઓને અધ્યયન કરવામાં શ્રમ ઓછો પડે એના માટે સાધ્વીજીનો પ્રયાસ અતુલ્ય છે.

જોકે એક સમય એવો પણ હતો કે જે સમયે સાધુ-સાધ્વીજી અભ્યાસ કરતા હોય અને એમની પાસે અનુવાદનું પુસતક ગુરુજીની નજરમાં આવી જાય તો શિષ્યના બાર વાગી જતા. પણ અત્યારનો સમય અલગ છે. ગુરુ પણ એ જ વિચાર કરતા હોય કે આપણા સાધુ-સાધ્વીજીને મહેનત ઓછી કેમ કરવી પડે ! આવી વિચારધારા વર્તમાનમાં વધી રહી છે.

એક વાત તો ચોક્કસ જ છે. સાધ્વીજીશ્રી પરમયશાશ્રીજીએ સ્વાધ્યાય સારો કરેલો છે. એક એક સૂત્રમાં આવતા દરેક ઉદાહરણોમાં ઉપયોગમાં આવતા દરેક સૂત્રો એમના કાર્ય સાથે બતાવેલા છે. એટલે વિદ્યાર્થીને તો સો ટકા 'તૈયાર માલ' મળી જવાનો. એમની મહેનત ઘટી જવાની એટલે વ્યાકરણ કરવાનો સમય ઓછો થાય એ પણ લાભ થશે.

ખરેખર શબ્દાનુશાસનની રચના કરીને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય અદ્‌ભુત કામ કરેલું છે. ગુજરાત અને ગુજરાતી ભાષાનું ગૌરવ તો વધારેલું જ છે, પણ સાથે સાથે જૈનશાસનનું પણ ગૌરવ વધારેલું છે.

હેમચંદ્રાચાર્યની બીજી વિશેષતા એ છે કે એમણે સાહિત્યના દરેક વિષયોનો સ્પર્શ કરેલો છે. ન્યાય વ્યાકરણ અને સાહિત્ય કોઈપણ વિષયમાં એમનું નૈપુણ્ય આપણને જોવા મળે છે. સામાન્ય રીતે એવું જોવા મળે

કે માણસ કોઈપણ એકાદ વિષયમાં નિપુણતા ધરાવતો હોય પણ અન્ય વિષયમાં એ માણસ સરેરાશ હોય પણ આમની વાત અલગ છે. એમની વાત એવી છે કે વિષયનો સ્પર્શ કરવો તો એ વિષયના વિશેષજ્ઞ બનવું જ પડે. (આ વાત એ આપણને પણ સમજાવે છે વૈયાકરણ થવું છે તો તલસ્પર્શીજ્ઞાન મેળવવું જ પડે. એ સિવાય બીજા વિષયમાં પ્રવેશ કરવાનો વિચાર જ કરવો નહીં.) એમની વાત આપણે પણ વિચારવી તો પડે જ. આનો અભ્યાસ કરવાવાળાઓના માટે આ ચેલેન્જ પણ ખરી. તમારે આનો તલસ્પર્શી અભ્યાસ કરવાનો છે. અત્યારે તો કંઈ નથી પણ પહેલા તો વ્યાકરણ પણ વાદવિવાદનો વિષય હતો. અને એના માટે આપણો બોધ પણ કેવો હોવો જોઈએ ?

શ્રી હેમચંદ્રાચાર્ય વ્યાકરણને પણ પોતાના શાસ્ત્રની માન્યતા સાથે તાલમેલ જોડેલો છે. એમણે સૂત્રોમાં 'एवं भवति' આવો પ્રયોગ કરવાનાં બદલે 'एवं स्यात्' આવો કરેલો છે. આ છે એમની સ્યાદ્વાદ પ્રિયતા. અને એટલે તો એમણે મંગલાચરણના સૂત્રોમાં सिद्धिः स्याद्वादात् આ સૂત્ર મૂક્યું. આ માત્ર સિદ્ધાંત સ્થાપન જ નથી. આના આધારે જ તો સૂત્રો કામ પણ કરે છે. જો આ સૂત્ર ના હોત તો સંજ્ઞાઓ બધી નિરર્થક બની જાત.

શ્રી હેમચંદ્રાચાર્યે ઘણા વિષયોમાં પોતાનું યોગદાન આપેલું છે, પણ એમાંનો વ્યાકરણનો વિષય અદ્ભુત કહી શકાય એવો છે આપણે સાચા અર્થમાં એનો ઉપયોગ કરીએ અને આપણી ભાષાને અનવદ્ય બનાવીએ એ જ આશા.

ગચ્છાધિપતિ રાજશેખરસૂરિ

પ્રકાશકીય નિવેદન...

શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન સમુદ્ર જેવો છે. મરજીવા બનીને ડુબકી લગાવો તો મોતી હાથમાં આવે જ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવંતની આ અનુપમ કૃતિ ઉપર આજ સુધી અનેક ટીકાઓ, વિવેચન પ્રકાશિત થયા છે અને થતાં રહેશે. આ જ આ મહાગ્રંથની શોભા પણ છે.

એ જ પાવન પરંપરામાં એક મણકો આ પ્રકાશનથી ઉમેરાઈ રહ્યો છે. ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાનાં આજ્ઞાનુવર્ત્તિની પૂ.સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પૂ.સા.શ્રી આર્યયશાશ્રીજી મ.સા.નાં પ્રશિષ્યા પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી મ.સા. એ ખૂબ જહેમત અને ખંતપૂર્વક આ બાલભોગ્ય છતાંય વિદ્વત્માન્ય વિવેચન તૈયાર કર્યું છે.

આ વિવેચન શ્રી સિદ્ધહેમના પ્રેમીજનોને અંતઃસંતોષ આપનાર બનશે. અમારી સંસ્થા આ ગ્રંથનું પ્રકાશન કરતાં ગૌરવ અનુભવે છે.

આ ગ્રંથના પ્રકાશનમાં **શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ** આચાર્ય **શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન કતારગામ-સુરત**નાં જ્ઞાનનિધિમાંથી તથા **શ્રી શાહીબાગ ગિરધરનગર શ્વે.મૂ.પૂ. જૈન સંઘ**નાં જ્ઞાનનિધિમાંથી લાભ લીધો છે. તેઓના અમે ઋણી છીએ.

લિ.
આ.શ્રી વિજય નીતિસૂરિ
જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

વિ.સં.૨૦૭૮
ચૈત્ર સુદ-૫

સંપાદકીય નિવેદન...

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય ભગવંતે શ્રી સિદ્ધરાજ જયસિંહની વિનંતીથી માત્ર એક વર્ષમાં જ સવા લાખ શ્લોક પ્રમાણ જે શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનની રચના કરી તે ખરેખર અદ્વિતીય છે. આ સમુદ્ર એવો છે કે, જેનાં પેટાળમાં અઢળક રત્નો ભર્યા છે. મરજીવા બનીને તે રત્નોને પામવાનો જે યત્કિંચિત્ પ્રયાસ થયો છે. તેનાં પરિણામ સ્વરૂપે નવમો ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. જે ખરેખર તત્ત્વત્રયીની કૃપા વિના શક્ય નથી.

આ ગ્રંથની વિવેચનયાત્રા, વિવરણની સામાન્ય વિશેષતાઓ, ધન્યવાદ, ઋણસ્વીકાર, સંદર્ભગ્રંથ સૂચિ વગેરે પ્રથમ ભાગમાં જણાવેલ છે. જેની નૂતન વાચક વર્ગે ખાસ મુલાકાત લેવી.

તથા આ ભાગનાં પરિશિષ્ટ-૧માં સેટ્, અનિટ્ની વ્યવસ્થા વિષયક સમજણ, પરિશિષ્ટ-૨માં યङ्लुबन्तમાં સૂત્રની પ્રવૃત્તિ-નિવૃત્તિની સંભાવના દર્શાવતું કોષ્ટક, પરિશિષ્ટ-૩માં વિવેચન અંતર્ગત ન્યાયનાં અર્થ તેમજ, પરિશિષ્ટ-૪માં વિવેચન અંતર્ગત વિશેષતા અને જિજ્ઞાસાનાં સંદર્ભસ્થાનો પ.પૂ.શ્રી વજ્રસેનવિજયજી

મ.સા. દ્વારા સંપાદિત બૃહદ્‌વૃત્તિ, લઘુન્યાસ ટીકાથી યુક્ત શ્રીસિદ્ધહેમશબ્દાનુશાસનમ્ પુસ્તકાનુસારે દર્શાવેલ છે. પરિશિષ્ટ-૫ અને ૬ માં અનુક્રમે અકારાદિક્રમે પ્રકરણ અંતર્ગત સૂત્રાવલિ અને ઉદાહરણાવલિ દર્શાવેલ છે.

અત્યંત સહકાર આપનાર પંડિતવર્ય શ્રી ચિરાગભાઈ, તથા પંડિતવર્ય શ્રી અક્ષયભાઈ અને શીઘ્રાતિશીઘ્ર સુંદર રીતે મુદ્રણ કરી આપનાર જય જિનેન્દ્ર ગ્રાફિક્સ (નિતીનભાઈ-જય જિનેન્દ્ર)ને ખૂબ ખૂબ ધન્યવાદ. જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો

"मिच्छा मि दुक्कडम्"

द. निरुपम-कल्प-आर्य-सौरभ शिशु
सा. परमयशाश्री

વિષયાનુક્રમ

ક્રમ	વિષય	પૃષ્ઠ ક્ર.
૧.	અકિત્-ઙિત્ પ્રત્યય પર છતાં ગુણ (૪.૩.૧,૨,૪)	૧,૬
૨.	પુસ્ અને પુ પર છતાં ગુણ (૪.૩.૩)	૪
૩.	શ્ય પ્રત્યય પર છતાં ગુણ (૪.૩.૫)	૭
૪.	કિત્ પ્રત્યય પર છતાં ગુણ (૪.૩.૬)	૭
૫.	અङ્ પ્રત્યય પર છતાં ગુણ (૪.૩.૭)	૮
૬.	પરોક્ષાનાં પ્રત્યય પર છતાં ગુણ (૪.૩.૮,૯)	૯
૭.	क्य, यङ્ અને આશીઃનાં પ્રત્યય પર છતાં ગુણ (૪.૩.૧૦)	૧૩
૮.	અવિત્ પ્રત્યય પર છતાં કિત્-ઙિત્નો લોપ થતાં ગુણ-વૃદ્ધિનો નિષેધ (૪.૩.૧૧)	૧૫
૯.	सिच्નાં લોપમાં ગુણનો નિષેધ. (૪.૩.૧૨)	૧૭
૧૦.	પંચમી વિભક્તિમાં ગુણનો નિષેધ (૪.૩.૧૩)	૧૮
૧૧.	સ્વરાદિ શિત્ પ્રત્યય પર છતાં ગુણનો નિષેધ (૪.૩.૧૪)	૧૯
૧૨.	સ્વરાદિ અપિત્-અવિત્ પ્રત્યય પર છતાં વ્-ય્ (૪.૩.૧૫)	૨૦
૧૩.	સ્વરાદિ અવિત્-શિત્ પ્રત્યય પર છતાં ય્ (૪.૩.૧૬)	૨૨
૧૪.	ञિત્ અને णિત્ સિવાયનાં પ્રત્યયો ङિદ્વત્ (૪.૩.૧૭)	૨૩
૧૫.	ઇટ્ આગમ ङિદ્વત્ (૪.૩.૧૮,૧૯)	૨૫
૧૬.	અવિત્ શિત્ પ્રત્યય ङિદ્વત્ (૪.૩.૨૦)	૨૭
૧૭.	અવિત્ પરોક્ષા કિદ્વત્ (૪.૩.૨૧,૨૨)	૨૮
૧૮.	क्त्वा પ્રત્યય કિદ્વત્ (૪.૩.૨૩,૨૪,૩૧)	૩૧,૪૬
૧૯.	क्त्वा, सन् પ્રત્યય કિદ્વત્ (૪.૩.૨૫,૩૨)	૩૬,૪૮
૨૦.	क्त-क्तवतु પ્રત્યય કિદ્વત્ (૪.૩.૨૬)	૩૯
૨૧.	क्त-क्तवतु પ્રત્યયનાં કિદ્વત્નો નિષેધ (૪.૩.૨૭,૨૮)	૪૧
૨૨.	क्त्वा પ્રત્યયનાં કિદ્વત્નો નિષેધ (૪.૩.૨૯,૩૦)	૪૪
૨૩.	सन् પ્રત્યય કિદ્વત્ (૪.૩.૩૩,૩૪)	૫૧
૨૪.	सिच् અને આશીઃનાં પ્રત્યયો કિદ્વત્ (૪.૩.૩૫ થી ૪૧)	૫૩

anukramnika

ક્રમ	વિષય	પૃષ્ઠ ક્ર.
૨૫.	ગુણ થયે છતે સમાન સ્વરની વૃદ્ધિ (૪.૩.૪૩)	૬૧
૨૬.	સ્વરાદિ પ્રત્યય પર છતાં સમાન સ્વરની વૃદ્ધિ (૪.૩.૪૩)	૬૧
૨૭.	અઙિત્ सिच् પર છતાં સમાન સ્વરની વૃદ્ધિ (૪.૩.૪૪)	૬૩
૨૮.	અનિટ્ सिच् પર છતાં સમાન સ્વરની વૃદ્ધિ (૪.૩.૪૫)	૬૫
૨૯.	સેટ્ सिच् પર છતાં સમાન સ્વરની વૃદ્ધિ (૪.૩.૪૬ થી ૪૮)	૬૭
૩૦.	સેટ્ सिच् પર છતાં સમાન સ્વરની વૃદ્ધિનો નિષેધ (૪.૩.૪૯)	૭૧
૩૧.	ञित्-णित् પ્રત્યય પર છતાં સમાન સ્વરની વૃદ્ધિ (૪.૩.૫૦ થી ૫૨)	૭૪
૩૨.	कृत् ञित् પ્રત્યય પર છતાં आનો ऐ (૪.૩.૫૩)	૭૮
૩૩.	कृत् ञित् પ્રત્યય પર છતાં વૃદ્ધિનો નિષેધ (૪.૩.૫૪,૫૫)	૭૯
૩૪.	कृत् ञित् પ્રત્યય પર છતાં વૃદ્ધિ (૪.૩.૫૬)	૮૨
૩૫.	उद्यम-उपरम નિપાતન (૪.૩.૫૭)	૮૩
૩૬.	પરોક્ષામાં णव् णित् (૪.૩.૫૮)	૮૩
૩૭.	વ્યંજનાદિ वित् પ્રત્યય પર છતાં उનો औ (૪.૩.૫૯,૬૦)	૮૫
૩૮.	दि-सि પ્રત્યય પર છતાં औનો નિષેધ (૪.૩.૬૧)	૮૮
૩૯.	વ્યંજનાદિ वित् પ્રત્યય પર છતાં ईत् (૪.૩.૬૨ થી ૬૪)	૮૯
૪૦.	दि-सि પ્રત્યય પર છતાં ईत् (૪.૩.૬૫)	૯૫
૪૧.	सिच्નો લોપ (૪.૩.૬૬ થી ૬૮)	૯૬
૪૨.	सिच्નો લોપ થતાં सन्નો आ (૪.૩.૬૯)	૧૦૧
૪૩.	सिच्નો લોપ (૪.૩.૭૦,૭૧)	૧૦૨
૪૪.	ધ્કારાદિ પ્રત્યય પર છતાં स्નો લોપ (૪.૩.૭૨)	૧૦૪
૪૫.	स्કારાદિ પ્રત્યય પર છતાં स्નો લોપ (૪.૩.૭૩)	૧૦૬
૪૬.	દન્ત્યાદિ પ્રત્યય પર છતાં सक्નો લોપ (૪.૩.૭૪)	૧૦૭
૪૭.	સ્વરાદિ પ્રત્યય પર છતાં सक्નાં अનો લોપ (૪.૩.૭૫)	૧૧૦
૪૮.	અદ્યતનીમાં आનો લોપ (૪.૩.૭૬)	૧૧૧

anukramnika

ક્રમ	વિષય	પૃષ્ઠ ક્ર.
૪૯.	સ્કારાદિ सन् વગેરે સિવાયનાં अशित् પર છતાં आનો લોપ (૪.૩.૭૭)	૧૧૨
૫૦.	दि પ્રત્યયનો લોપ (૪.૩.૭૮)	૧૧૪
૫૧.	सि પ્રત્યયનો લોપ (૪.૩.૭૯)	૧૧૬
૫૨.	अशित् પ્રત્યય પર છતાં य् પ્રત્યયનો લોપ (૪.૩.૮૦)	૧૧૮
૫૩.	अशित् પ્રત્યય પર છતાં क्य પ્રત્યયનો લોપ (૪.૩.૮૧)	૧૨૦
૫૪.	अशित् પ્રત્યય પર છતાં आનો લોપ (૪.૩.૮૨)	૧૨૨
૫૫.	અનિટ્ अशित् પ્રત્યય પર છતાં णिનો લોપ (૪.૩.૮૩)	૧૨૩
૫૬.	क्त, क्तवतु પ્રત્યય પર છતાં णिનો લોપ (૪.૩.૮૪)	૧૨૪
૫૭.	आम् વગેરે પ્રત્યય પર છતાં णिનો अय् (૪.૩.૮૫)	૧૨૫
૫૮.	यप् પ્રત્યય પર છતાં णिનો अय् (૪.૩.૮૬,૮૭)	૧૨૭
૫૯.	यप् પ્રત્યય પર છતાં મેનો मित् (૪.૩.૮૮)	૧૨૯
૬૦.	यप् પ્રત્યય પર છતાં क्षેનો क्षी (૪.૩.૮૯)	૧૩૦
૬૧.	क्षय्य-जय्य નિપાતન (૪.૩.૯૦)	૧૩૦
૬૨.	क्रय्य નિપાતન (૪.૩.૯૧)	૧૩૧
૬૩.	સ્કારાદિ પ્રત્યય પર છતાં સ્નો ત્ (૪.૩.૯૨)	૧૩૨
૬૪.	સ્વરાદિ કિત્-ઙિત્ પ્રત્યય પર છતાં દીનો दीय् (૪.૩.૯૩)	૧૩૩
૬૫.	સ્વરાદિ કિત્-ઙિત્, અશિત્, ઇટ્ વગેરે પર છતાં आનો લોપ (૪.૩.૯૪)	૧૩૫
૬૬.	કિત્-ઙિત્, આશીઃ પ્રત્યય પર છતાં आનો ए (૪.૩.૯૫,૯૬)	૧૩૭
૬૭.	यप् સિવાયનાં વ્યંજનાદિ કિત્-ઙિત્ अशित् પર છતાં आનો ई (૪.૩.૯૭,૯૮)	૧૩૮
૬૮.	यङ् પ્રત્યય પર છતાં हन्નો घ्न् (૪.૩.૯૯)	૧૪૪
૬૯.	ञित् णित् પ્રત્યય પર છતાં हन्નો घात् (૪.૩.૧૦૦)	૧૪૫
૭૦.	ञि, णव् પ્રત્યય પર છતાં हन्નો घन् (૪.૩.૧૦૧)	૧૪૬
૭૧.	अङ् પ્રત્યય પર છતાં नश्નો नेश् (૪.૩.૧૦૨)	૧૪૭
૭૨.	अङ् પ્રત્યય પર છતાં श्वि વગેરેનો श्व વગેરે (૪.૩.૧૦૩)	૧૪૭
૭૩.	शित् પ્રત્યય પર છતાં शीનો ए (૪.૩.૧૦૪)	૧૪૮

anukramnika

ક્રમ	વિષય	પૃષ્ઠ ક્ર.
૭૪.	य्कारादि कित्-ङित् प्रत्यय પર છતાં शीનો शय् (૪.૩.૧૦૫)	૧૪૯
૭૫.	य्कारादि कित्-ङित् प्रत्यय પર છતાં ऊहनું ह्रस्व (૪.૩.૧૦૬)	૧૫૦
૭૬.	य्कारादि कित्-ङित् प्रत्यय પર છતાં ईનો ह्रस्व (૪.૩.૧૦૭)	૧૫૧
૭૭.	च्वि વગેરે, य्कारादि आशीः प्रत्यय પર છતાં दीर्घ (૪.૩.૧૦૮)	૧૫૨
૭૮.	च्वि વગેરે प्रत्यय પર છતાં ऋનો री (૪.૩.૧૦૯)	૧૫૪
૭૯.	श्कारादि प्रत्यय પર છતાં ऋનો रि (૪.૩.૧૧૦)	૧૫૬
૮૦.	च्वि प्रत्यय પર છતાં અવ્યય સિવાયનાં अ વર્ણનો ई (૪.૩.૧૧૧)	૧૫૭
૮૧.	क्यन् प्रत्यय પર છતાં અવર્ણનો ई (૪.૩.૧૧૨)	૧૫૮
૮૨.	अशनाय વગેરે નિપાતન (૪.૩.૧૧૩)	૧૫૮
૮૩.	મૈથુનમાં क्यन् પર છતાં स् આગમ (૪.૩.૧૧૪)	૧૬૦
૮૪.	લૌલ્યમાં क्यन् પર છતાં स्, अस् આગમ (૪.૩.૧૧૫)	૧૬૧
૮૫.	અભ્યાસ-૧	૧૬૩
૪.૪		
૧.	अशित् प्रत्यय પર છતાં अस्-ब्रूનો भू-वच् આદેશ (૪.૪.૧)	૧૬૪
૨.	घञ् વગેરે સિવાયનાં अशित् प्रत्यय પર છતાં अज्નો वीं (૪.૪.૨,૩)	૧૬૭
૩.	अशित् प्रत्यय પર છતાં चक्ष्નો क्शांग्-ख्यांग् (૪.૪.૪,૫)	૧૬૯
૪.	अशित् प्रत्यय પર છતાં भृज्નો भर्ज् (૪.૪.૬)	૧૭૧
૫.	क्त प्रत्यय પર છતાં दा નો त्त् (૪.૪.૭,૮)	૧૭૨
૬.	त्कारादि कित् प्रत्यय પર છતાં धा સિવાયનાં दा સંજ્ઞકનો त्-दत्त् (૪.૪.૯,૧૦)	૧૭૪
૭.	त्कारादि कित् प्रत्यय પર છતાં आનો इ (૪.૪.૧૧ થી ૧૩)	૧૭૮
૮.	त्कारादि कित् प्रत्यय પર છતાં हાનો हि (૪.૪.૧૪)	૧૮૧

anukramnika

ક્રમ	વિષય	પૃષ્ઠ ક્ર.
૯.	त्कारादि कित् प्रत्यय પર છતાં धાનો हि (४.४.१५)	१८२
१०.	त्कारादि कित्, यप् प्रत्यय પર છતાં अद्નો जग्ध् (४.४.१६)	१८७
११.	सन् વગેરે प्रत्यय પર છતાં अद्નો घस्लृ (४.४.१७,१८)	१८६
१२.	પરોક્ષામાં वेનો वय् (४.४.१९)	१८९
१३.	પરોક્ષામાં शृ વગેરેનાં ऋનો ऋ (४.४.२०)	१९०
१४.	आशीः-અદ્યતનીમાં हन्નો वध (४.४.२१,२२)	१९१
१५.	અદ્યતનીમાં इण्-इक्નો गा (४.४.२३)	१९४
१६.	णि प्रत्यय પર છતાં इण्, इक्નો गमु (४.४.२४)	१९४
१७.	सन् प्रत्यय પર છતાં इङ् इण् અને इक्નો गमु (४.४.२५)	१९६
१८.	પરોક્ષામાં इङ्નો गा (४.४.२६)	१९८
१९.	णि-सन्+ङ પર છતાં इङ्નો गा (४.४.२७)	१९८
२०.	અદ્યતની-ક્રિયાતિપત્તિમાં इङ्નો गी (४.४.२८)	२०१
२१.	ह्यस्तनी વગેરે પર છતાં ધાતુની આદિમાં अट् આગમ (४.४.२९)	२०३
२२.	ह्यस्तनी વગેરે પર છતાં इण्, इक्, अस्નાં આદિ સ્વરની વૃદ્ધિ (४.४.३०)	२०५
२३.	અદ્યતની આદિ પર છતાં સ્વરાદિ ધાતુની વૃદ્ધિ (४.४.३१)	२०७
२४.	स्कारादि-त्कारादि अशित् प्रत्ययની આદિમાં इट् (४.४.३२,३८)	२०८
२५.	क्तની આદિમાં इट् (४.४.३३)	२१०
२६.	इट्નો इ દીર્ઘ (४.४.३४,३५)	२१२
२७.	सिच्, आशीःની આદિમાં इट् (४.४.३६,३७)	२१६
२८.	सन्ની આદિમાં इट् (४.४.३९,४०)	२२२
२९.	क्त्वાની આદિમાં इट् (४.४.४१,४२)	२२३
३०.	क्त, क्तवतु, क्त्वાની આદિમાં इट् (४.४.४३ थी ४५)	२२५
३१.	त्कारादि अशित्ની આદિમાં इट् (४.४.४६)	२३०
३२.	सन् प्रत्ययની આદિમાં इट् (४.४.४७,४८)	२३२
३३.	सि આદિ प्रत्ययની આદિમાં इट् (४.४.४९)	२४४

anukramnika

ક્રમ	વિષય	પૃષ્ઠ ક્ર.
૩૪.	સ્કારાદિ પ્રત્યયની આદિમાં ઇટ્ (૪.૪.૫૦,૫૧)	૨૪૫
૩૫.	સ્કારાદિ-ત્કારાદિ અશિત્ પ્રત્યયની આદિમાં ઇટ્ (૪.૪.૫૨,૫૩)	૨૫૧
૩૬.	તૃ પ્રત્યયની આદિમાં ઇટ્ (૪.૪.૫૪)	૨૫૨
૩૭.	સ્કારાદિ-ત્કારાદિ અશિત્ પ્રત્યયની આદિમાં ઇટ્નો નિષેધ (૪.૪.૫૫,૫૬)	૨૫૩
૩૮.	કિત્ પ્રત્યયની આદિમાં ઇટ્નો નિષેધ (૪.૪.૫૭,૫૮)	૨૫૬
૩૯.	સન્ની આદિમાં ઇટ્નો નિષેધ (૪.૪.૫૯,૬૦)	૨૫૮
૪૦.	ક્ત-ક્તવતુની આદિમાં ઇટ્નો નિષેધ (૪.૪.૬૧ થી ૬૪,૬૬ થી ૬૮,૭૧)	૨૫૯
૪૧.	વૃત્તં નિપાતન (૪.૪.૬૫)	૨૬૪
૪૨.	દૃઢ નિપાતન (૪.૪.૬૯)	૨૬૯
૪૩.	ક્ષુબ્ધ વગેરે નિપાતન (૪.૪.૭૦)	૨૬૯
૪૪.	ક્ત-ક્તવતુની આદિમાં વિકલ્પે ઇટ્ (૪.૪.૭૨,૭૩,૭૫,૭૬)	૨૭૪
૪૫.	દાન્તઃ વગેરે નિપાતન (૪.૪.૭૪)	૨૭૭
૪૬.	અપચિતઃ નિપાતન (૪.૪.૭૭)	૨૮૩
૪૭.	થવ્ની આદિમાં ઇટ્ (૪.૪.૭૮,૮૦)	૨૮૩
૪૮.	થવ્ની આદિમાં ઇટ્નો નિષેધ (૪.૪.૭૯)	૨૮૮
૪૯.	વ્યંજનાદિ પરોક્ષાની આદિમાં ઇટ્ (૪.૪.૮૧)	૨૯૦
૫૦.	ક્વસુની આદિમાં ઇટ્ (૪.૪.૮૩)	૨૯૫
૫૧.	સિચ્ની આદિમાં ઇટ્ (૪.૪.૮૪ થી ૮૬)	૨૯૭
૫૨.	સિ-ધ્વે, સ્વ-ધ્વમ્ની આદિમાં ઇટ્ (૪.૪.૮૭)	૩૦૦
૫૩.	યકારાદિ સિવાયનાં વ્યંજનાદિ શિત્ની આદિમાં ઇટ્ (૪.૪.૮૮)	૩૦૧
૫૪.	દિ-સિની આદિમાં ઇટ્ (૪.૪.૮૯)	૩૦૨
૫૫.	દિ-સિની આદિમાં અટ્ (૪.૪.૯૦)	૩૦૩
૫૬.	કૃની આદિમાં સ્સટ્ (૪.૪.૯૧,૯૨)	૩૦૪
૫૭.	કૃની આદિમાં સ્સટ્ (૪.૪.૯૩ થી ૯૫)	૩૦૭

anukramnika

ક્રમ	વિષય	પૃષ્ઠ ક્ર.
૫૮.	विष्किरः નિપાતન (૪.૪.૯૬)	૩૧૧
૫૯.	तुम्प्‌ની આદિમાં स्सट्‌ (૪.૪.૯૭)	૩૧૨
૬૦.	સ્વરથી પર ન્‌ આગમ (૪.૪.૯૮ થી ૧૧૦)	૩૧૩
૬૧.	સ્વરથી પર अ આગમ (૪.૪.૧૧૧,૧૧૨)	૩૨૬
૬૨.	પિત્‌કૃત્‌ પ્રત્યય પર છતાં ત્‌ આગમ (૪.૪.૧૧૩)	૩૨૯
૬૩.	आन પર છતાં મ્‌ આગમ (૪.૪.૧૧૪)	૩૩૧
૬૪.	आसीनः નિપાતન (૪.૪.૧૧૫)	૩૩૨
૬૫.	કિત્‌-ઙિત્‌ પ્રત્યય પર છતાં ऋનો इर्‌ (૪.૪.૧૧૬)	૩૩૩
૬૬.	કિત્‌-ઙિત્‌ પ્રત્યય પર છતાં ऋનો उर्‌ (૪.૪.૧૧૭)	૩૩૪
૬૭.	अङ्‌, અકિત્‌-ઙિત્‌ વ્યંજનાદિ પર છતાં शास्‌નાં आस्‌નો इस्‌ (૪.૪.૧૧૮ થી ૧૨૦)	૩૩૫
૬૮.	પુ, ય્‌ સિવાયનાં વ્યંજનાદિ પર છતાં ય્‌, વ્‌નો લોપ (૪.૪.૧૨૧)	૩૩૯
૬૯.	कृत्‌નો कीर्त्‌ આદેશ (૪.૪.૧૨૨)	૩૪૧
૭૦.	અભ્યાસ-૧	૩૪૩
૭૧.	અભ્યાસ-૨	૩૪૪
૭૨.	પરિશિષ્ટ-૧ સેટ્‌, અનિટ્‌ અને વેટ્‌ની વ્યવસ્થા.	૩૪૫
૭૩.	પરિશિષ્ટ-૨ यङ्‌लुबन्तમાં સૂત્રની પ્રવૃત્તિ નિવૃત્તિની સંભાવનાનું કોષ્ટક.	૩૫૯
૭૪.	પરિશિષ્ટ-૩ ન્યાયનાં અર્થ.	૩૬૯
૭૫.	પરિશિષ્ટ-૪ સંદર્ભસ્થાન.	૩૭૩
૭૬.	પરિશિષ્ટ-૫ અકારાદિ ક્રમે સૂત્રાવલિ.	૩૮૬
૭૭.	પરિશિષ્ટ-૬ અકારાદિ ક્રમે ઉદાહરણાવલિ.	૩૯૧

• • •

anukramnika

સંકેતસૂચિ

અ.અ.સૂ.	:	અન્વય અનુવૃત્તિ સૂત્ર
સ.	:	સમાસ
ઉદા.	:	ઉદાહરણ
પ્ર.ઉદા.	:	પ્રતિ ઉદાહરણ
વિ.	:	વિશેષતા
જિ.	:	જિજ્ઞાસા
સમા.	:	સમાધાન
શ્લો.	:	શ્લોક
પ્ર.	:	પ્રથમા વિભક્તિ
દ્વિ.	:	દ્વિતીયા વિભક્તિ
તૃ.	:	તૃતીયા વિભક્તિ
ચ.	:	ચતુર્થી વિભક્તિ
પં.	:	પંચમી વિભક્તિ
ષ.	:	ષષ્ઠી વિભક્તિ
સ.	:	સપ્તમી વિભક્તિ
સં.	:	સંબોધન
એ.વ.	:	એકવચન
દ્વિ.વ.	:	દ્વિવચન
બ.વ.	:	બહુવચન
પરસ્મૈ.	:	પરસ્મૈપદ
આત્મને.	:	આત્મનેપદ
ન્યાય.	:	ન્યાય
સં.સૌ.	:	સંગ્રહ સૌરભ. (પરિશિષ્ટ પુસ્તિકા)
મ.વૃ.	:	મધ્યમવૃત્તિ
બૃ.વૃ.	:	બૃહદ્વૃત્તિ
બૃ.ન્યા.	:	બૃહન્ન્યાસ
લ.ન્યા.	:	લઘુન્યાસ

॥ ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः ॥
॥ श्री पंचासरा पार्श्वनाथाय नमः ॥

चतुर्थेऽध्याये तृतीयः पादः

आख्यात प्रकरणम्

नामिनो गुणोऽक्ङिति ४.३.१

अ.अ.सू. : नामिनः धातोः अक्ङिति गुणः ।

अर्थ : नाम्यन्त धातुनां अन्त्य स्वरनो कित्-ङित् सिवायनां प्रत्यय पर छतां गुण थाय छे.

स. : अक्ङिति = क् च ङ् चेति क्ङौ, क्ङौ इतौ यस्य स इति क्ङित्, न क्ङित् इति अक्ङित्, तस्मिन्निति।

उदा. (१) चेता = ते એકઠું કરશે. (चिंग्ट् चयने-१२९०)

- ∴ [१]क्रियार्थो०३.३.३थी चि ने **धातु**संज्ञा.
- ∴ अनद्यतने श्व०५.३.५थी **श्वस्तनी**नी प्राप्ति.
- ∴ श्वस्तनी०३.३.१४थी ता वगेरेनी **श्वस्तनी** संज्ञा.
- ∴ शेषात्०३.३.१००थी **परस्मैपद**नी प्राप्ति.

---

१. અહીં ઉદા.ગત સાધનિકામાં '∴' નિશાનવાળાં સૂત્રો વારંવાર પુનરાવર્ત્તિત થતાં હોવાથી તેમજ પ્રસિદ્ધ અને સામાન્ય હોવાથી આખ્યાત પ્રકરણની આગામી સાધનિકામાં દર્શાવવામાં આવશે નહીં.

- ✣ नवा-ऽऽद्यानि०३.३.१९थी ता वगेरे नवने **परस्मैपद** संज्ञा.
- ✣ त्रीणि-त्रीण्य०३.३.१७थी **प्रथम** पुरुष बोधक प्रत्यय तथा,
- ✣ एक-द्वि०३.३.१८थी **એ.વ.**नी प्राप्ति थतां→चि+**ता**
- ✣ गुणोऽरेदोत् ३.३.२थी एने **गुण** संज्ञा.
  आ सूत्रथी **गुण**नी प्राप्ति.
- ✣ आसन्नः ७.४.१२०थी इनो ए→**चेता**
- ✣ तदन्तं०१.१.२०थी चेताने **पदसंज्ञा.**

प्र.ઉદા. अक्ङितीति किम्? युतः = तेओ बे मिश्रण करे छे.
(युक् मिश्रणे-१०८०)
सति ५.२.१९ वगेरेथी तस्→यु+**तस्**

- ✣ शिदवित् ४.३.२०थी तस् **ङिद्वत्** थतां गुणनो अभाव. पदसंज्ञा वगेरे→युतः।

★ आ सूत्रनी प्रवृत्ति कित्-ङित् सिवायनां प्रत्यय पर छतां थाय छे. ज्यारे अहीं तस् प्रत्यय ङित् छे. माटे आ सूत्रथी गुण थयो नहीं.

विशेषता :

(१) अहीं सूत्रमां नाम्यन्त धातुनो निर्देश कर्यो छे. तेथी **आद्यन्तवदेकस्मिन्**[1] **१/५** न्यायानुसारे इ वगेरे मात्र नामी स्वर रूप धातुओ पण नाम्यन्त तरीके सिद्ध थाय छे. अने आ सूत्रनां विषयभूत बने छे. जेमके, एता, एति।

---

१. न्यायनां अर्थ माटे परिशिष्ट-२मां जोवुं. अने विशेष अर्थ माटे सं.सौ.मां जोवुं.

(૨) यद्यपि ग्लायति, म्लायति જેવા પ્રયોગોમાં ग्लै, म्लै આદિ નામ્યન્ત ધાતુ પ્રાપ્ત થાય છે. તેથી ત્યાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થવી જોઈએ. પરંતુ ધાતુમાં ઐકારનાં વિધાનથી આ સૂત્ર દ્વારા ગુણરૂપ એકાર થતો નથી. અથવા તો 'ગુણ' એ પ્રમાણે સાન્વર્થ સંજ્ઞા જાણવી. અર્થાત્ ગુણ શબ્દનો અર્થ ઉત્કર્ષ એટલે કે વધારો થાય છે. પણ હાનિ નહીં. જ્યારે અહીં ઐનો એ થાય તો આસ્ય પ્રયત્નની દૃષ્ટિએ હાનિરૂપ કાર્ય હોવાથી તેવું થતું નથી.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્રમાં સામાન્યતયા ગુણનો નિર્દેશ કર્યો છે. પરંતુ કિત્-ઙિત્ સિવાયનાં પ્રત્યય પર છતાં જ્યારે વૃદ્ધિની પ્રાપ્તિ હશે ત્યારે પર કાર્યતયા વૃદ્ધિ જ થાય છે. જેમકે, नी+णिग्+तिव् = **नै**+अ+ति= **नाय**यति।

જિ. : **क्विबन्ता धातुत्वं नोज्झन्ति शब्दत्वं च प्रतिपद्यन्ते ૨/૪૮** ન્યાયાનુસારે કિવબન્ત પ્રયોગ ધાતુ રૂપ પણ છે. તો नीभ्याम् વગેરે પ્રયોગોમાં કિત્-ઙિત્ સિવાયનાં સિ વગેરે પ્રત્યયો પર છતાં આ સૂત્રની પ્રવૃત્તિ શા માટે થઈ નહીં ?

સમા. : કિવબન્ત ધાતુ નામાર્થથી યુક્ત હોવાથી ધાતુતયા ગૌણ વિષય છે. અને **गौण-मुख्ययोः मुख्ये कार्ये संप्रत्ययः ૧/૨૨** ન્યાયાનુસારે સામાન્યતયા કોઈપણ સૂત્રની પ્રવૃત્તિ મુખ્ય વિષયમાં જ થાય છે. પણ ગૌણ વિષયમાં નહીં. તેથી नीभ्याम् વગેરે પ્રયોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં ગુણ થતો નથી.

उ-श्नोः ४.३.२

अ.अ.सू. : धातोः उ-श्नोः अक्ङिति गुणः।

अर्थ : धातुथी પર रहेल उ अने श्नु प्रत्ययनां अन्त्य स्वरनो कित्-ङित् सिवायनां प्रत्यय પર छतां गुण थाय छे.

स. : उ-श्नोः = उश्च श्नुश्चेति उश्नु, तस्येति।

उदा. (१) तनोति = ते विस्तार करे छे. (तनूयी विस्तारे-१४१९)
सति ५.२.१९ वगेरेथी तिव्→तन्+**ति**
कृग्-तनादे०३.४.८३थी उ→तन्+**उ**+ति
आ सूत्रथी उनो गुण→त**नो**ति।

(२) सुनोति = ते स्नान करे छे. (षुंगृट् अभिषवे-१२८६)
षः सोऽष्ट्यै०२.३.९८थी **सु** धातु.
सति ५.२.१९ वगेरेथी तिव्→सु+**ति**
स्वादेः श्नुः ३.४.७५थी श्नु→सु+**नु**+ति
आ सूत्रथी गुण→सु**नो**ति।

पुस्-पौ ४.३.३

अ.अ.सू. : नामिनः धातोः पुस्-पौ गुणः।

अर्थ : नाम्यन्त धातुनां अन्त्य स्वरनो पुस् प्रत्यय अने पु आगम પર छतां गुण थाय छे.

स. : पुस्-पौ = पुस् च पुश्चेति पुस्पु, तस्मिन्निति।

उदा. (१) ऐयरुः = तेओ गया. (ऋंक् गतौ-११३५)
अनद्यतने ह्य०५.२.७ वगेरेथी अन्→ऋ+**अन्**
हवः शिति ४.१.१२थी द्वित्व→**ऋ**ऋ+अन्

ऋतोऽत् ४.१.३८थी पूर्वनां ऋनो अ→**अ**ऋ+अन्
पृ-भृ-मा०४.१.५८थी अनो इ→**इ**ऋ+अन्
द्वयुक्तजक्ष०४.२.९३थी अन्नो पुस्→**इ**ऋ+**उस्**
पूर्वस्याऽस्वे०४.१.३७थी इनो इय्→**इयृ**+उस्
स्वरादेस्तासु ४.४.३१थी इनी वृद्धि→**ऐ**यृ+उस्
आ सूत्रथी ऋनो गुण→ऐ**यरु**स्
पदसंज्ञा वगेरे→ऐयरुः।

(२) **अर्पयति** = ते मोकले छे. (ऋंक् गतौ-११३५)
प्रयोक्तृ०३.४.२०थी णिग्→ऋ+**इ**
अर्त्ति-री-व्ली०४.२.२१थी पु आगम→ऋ+**प्**+इ
आ सूत्रथी ऋनो गुण→**अर्पि**

- सति ५.२.१९ वगेरेथी तिव्→अर्पि+**ति**
- कर्त्तर्यनद्०३.४.७१थी शव्→अर्पि+**अ**+ति
- नामिनो गुणो०४.३.१थी गुण→अ**र्पे**+अ+ति
- एदैतोऽ०१.२.२३थी अय्→अ**र्पय**ति।

विशेषता :

जि. : जो अर्त्ति-री-व्ली०४.२.२१ सूत्रमां ज पुने आगम स्वरूप न दर्शावतां प्रत्यय स्वरूपे ज ग्रहण करवामां आवे तो तेनी पूर्वे ऋ वगेरे तमाम धातुनो स्वर अन्ते आवतो होवाथी नामिनो०४.३.१ सूत्र द्वारा ज गुण थवानी प्राप्ति छे. अने तेथी आ सूत्रमां पुनुं ग्रहण करवानी आवश्यकता रहेती नथी. तो तेवुं शा माटे न कर्युं ?

समा. : तमारी वात साची छे. ते रीते नामिनो गुणो०४.३.१थी गुणनी सिद्धि थई जाय छे. परंतु जो पुने प्रत्यय

માનવામાં આવે તો ધાતુનાં ગ્રહણમાં પુનું ગ્રહણ ન થતાં અરીરિપત્ અને અદીદિપત્ જેવા પ્રયોગોમાં ઉપાન્ત્યમાં સ્વરની પ્રાપ્તિ થતી નથી. અને તેથી ઉપાન્ત્યસ્યા૦૪.૨.૩૫ સૂત્રથી હ્રસ્વત્વનું કાર્ય ન થવાની આપત્તિ આવશે. તે આપત્તિનું વારણ કરવા માટે પુને આગમ સ્વરૂપે ગ્રહણ કર્યું છે.

लघोरुपान्त्यस्य ४.३.४

અ.અ.સૂ. : धातोः लघोः उपान्त्यस्य नामिनः अक्ङिति गुणः।

અર્થ : ધાતુનાં લઘુ ઉપાન્ત્ય નામી સ્વરનો કિત્-ઙિત્ પ્રત્યય પર છતાં ગુણ થાય છે.

ઉદા. भेत्ता = તે ભેદશે. (भिदृंपी विदारणे-१४७७)
અનદ્યતને શ્વ૦૫.૩.૫ વગેરેથી તા→ભિદ્+**ता**
આ સૂત્રથી ઉપાન્ત્ય ઇનો ગુણ→**भेद्**+તા
અઘોષે પ્રથમો૦૧.૩.૫૦થી દ્નો ત્→**भेत्ता**।

પ્ર.ઉદા. (૧) लघोरिति किम् ? ईहते = તે ચેષ્ટા કરે છે.
(ईहि चेष्टायाम्-८५७)
સતિ ૫.૨.૧૯ વગેરેથી તે→ઈહ+**ते**
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી શવ્→**ईहते**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ લઘુસ્વરને વિશે થાય છે. જ્યારે અહીં ગુરુ સ્વર છે. માટે આ સૂત્રથી ગુણ થયો નહીં.

(૨) उपान्त्यस्येति किम् ? भिनत्ति = તે ભેદે છે.
(भिदृंपी विदारणे-१४७७)
સતિ ૫.૨.૧૯ વગેરેથી તિવ્→ભિદ્+**ति**

रुधां स्वराच्छ्नो०३.४.८२थी श्न→भिन**द्**+ति
अघोषे प्रथमो०१.३.५०थी द्नो त्→भिन**त्ति**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપાન્ત્ય સ્વરને વિશે થાય છે. જ્યારે અહીં નામી સ્વર ઉપાન્ત્યમાં નથી. માટે આ સૂત્રથી ગુણ થયો નહીં.

मिदः श्ये ४.३.५

અ.અ.સૂ. : मिदः धातोः उपान्त्यस्य श्ये गुणः।

અર્થ : મિદ્ ધાતુનાં ઉપાન્ત્ય સ્વરનો શ્ય પ્રત્યય પર છતાં ગુણ થાય છે.

ઉદા. मेद्यति = તે સ્નિગ્ધ કરે છે. (ञिमिदाच् स्नेहने-११८०)
सति ५.२.१९ વગેરેથી तिव्→मिद्+**ति**
दिवादेः श्यः ३.४.७२थी श्य→मिद्+**य**+ति
આ સૂત્રથી इનો ગુણ→**मे**द्यति।

जागुः किति ४.३.६

અ.અ.સૂ. : जागुः धातोः किति गुणः।

અર્થ : જાગૃ ધાતુનાં અન્ત્ય સ્વરનો કિત્ પ્રત્યય પર છતાં ગુણ થાય છે.

ઉદા. जागरितः = જાગેલો. (जागृक् निद्राक्षये-१०९३)
गत्यर्था-ऽकर्मक०५.१.११थी क्त→जागृ+**त**
स्ताद्यशितो०४.४.३२थी इट्→जागृ+**इ**+त
આ સૂત્રથી ગુણ→जा**गरि**त
પ્રથમા સિ વગેરે→जागरितः।

વિશેષતા :

પૂર્વે દર્શાવેલ નામિનો गुणो०४.३.१ સૂત્રમાં कित्-ङित् પ્રત્યયનું વર્જન કર્યું હોવાથી कित् પ્રત્યય પર છતાં जागृ ધાતુમાં ગુણની પ્રાપ્તિ ન હતી. તેની પ્રાપ્તિ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો क्वसु અને कान પ્રત્યય પર છતાં ગુણનાં પ્રતિષેધને ઇચ્છે છે. તેથી તેઓનાં મતે जजागृवान्, व्यतिजजाग्राणः જેવાં પ્રયોગો થાય છે.

ऋवर्ण-दृशोऽङि ४.३.७

અ.અ.સૂ. : ऋवर्ण-दृशः धातोः अङि गुणः।

અર્થ : ऋ વર્ણાન્ત અને दृश् ધાતુનાં સ્વરનો अङ् પ્રત્યય પર છતાં ગુણ થાય છે.

સ. : ऋवर्ण-दृशः = ऋवर्णश्च दृश् चेति ऋवर्णदृश्, तस्येति।

ઉદા. (૧) **असरत्** = તે ગયો. (सृं गतौ-२५)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી દિ→सृ+**त्**
सर्त्यर्त्ते वा ૩.૪.६૧થી अङ्→सृ+**अ**+त्
આ સૂત્રથી ગુણ→**सर**त्
अड् धातोरादि०४.४.२९થી अट् આગમ→**अ**सरत्।

(૨) **अजरत्** = તે ઘરડો થયો. (जृष् जरसि-११४५)

(૩) **अदर्शत्** = તેણે જોયું. (दृशृं प्रेक्षणे-४९५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ अङ् પ્રત્યય ऋदिच्छ्व०૩.૪.૬૫ સૂત્રથી કરવો.

स्कृच्छृतोऽकि परोक्षायाम् ४.३.८

અ.અ.સૂ. : स्कृच्छृतः धातोः परोक्षायां गुणः, अकि।

અર્થ : સ્કૃ, ઋચ્છ અને ઋૃ કારાન્ત ધાતુનાં સ્વરનો પરોક્ષાનાં પ્રત્યય પર છતાં ગુણ થાય છે. જો તે ક્થી ઉપલક્ષિત क्वसु અને कान પ્રત્યય ન હોય તો.

સ. : (૧) **स्कृच्छृतः** = स्कृश्च ऋच्छ् च ऋच्चेति स्कृच्छृत्, तस्येति।
(૨) **अकि** = न विद्यते क् यस्यां सा इति अक्, तस्यामिति।

ઉદા. (૧) **सञ्चस्करुः** = તેઓએ સંસ્કાર કર્યો. (डुकृंग् करणे-८८८)
संपरेः कृगः०४.४.९१थी स्सट्→सम्+**स्**+कृ
परोक्षे ५.२.१२ વગેરેથી उस्→सम्+स्कृ+**उस्**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→सम्+**स्कृ**स्कृ+उस्
अघोषे शिटः ४.१.४५थी स्નો લોપ→सम्+कृस्कृ+उस्
ऋतोऽत् ४.१.३८थी ऋનો अ→सम्+**क**स्कृ+उस्
कङश्चञ् ४.१.४६थी क्નો च्→सम्+**च**स्कृ+उस्
આ સૂત્રથી ગુણ→सम्+चस्**करु**स्
પદસંજ્ઞા વગેરે→**सञ्च**स्करुः।

(૨) **आनर्च्छुः** = તેઓએ પ્રાપ્ત કર્યું. (ऋच्छत् इन्द्रियप्रलय०१३४२)
परोक्षे ५.२.१२ વગેરેથી उस्→ऋच्छ्+**उस्**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**ऋच्छ्**ऋच्छ्+उस्

व्यञ्जनस्या०४.१.४४थी छ्नो लोप→ऋऋछ्+उस्
ऋतोऽत् ४.१.३८थी ऋनो अ→**अ**ऋछ्+उस्
अनातो नश्चा०४.१.६९थी अनो आ अने न् आगम→
आनृछ्+उस्
आ सूत्रथी ऋनो गुण→आन**र्छु**स्
स्वरेभ्यः १.३.३०थी द्वित्व→आन**छ्र्छु**स्
अघोषे प्रथमो०१.३.५०थी छ्नो च्→आन**च्र्छु**स्
पदसंज्ञा वगेरे→आनच्र्छुः।

(૩) **तेरुः** = तेओ तर्या. (तॄ प्लवन-तरणयोः-२७)
परोक्षे ५.२.१२ वगेरेथी उस्→तॄ+**उस्**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**तॄ**तॄ+उस्
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**तृ**तॄ+उस्
ऋतोऽत् ४.१.३८थी ऋनो अ→**त**तॄ+उस्
आ सूत्रथी गुण→ततरुस्
तॄ-त्रप०४.१.२५थी अनो ए अने द्वित्वनो अभाव→
तेरुस्
पदसंज्ञा वगेरे→तेरुः।

प्र.ઉदा. अकीति किम् ? सञ्चस्कृवान् = तेणे संस्कारित कर्युं.
आ ઉदा.नी साधनिका सञ्चस्करुः प्रमाणे जाणवी. परंतु उस्ने बदले तत्र क्वसु०५.२.२थी क्वसु प्रत्यय करवो. अने आ सूत्रथी गुण न करवो.

★ आ सूत्रमां क् ईत्वाळां प्रत्यय (क्वसु)नुं वर्जन होवाथी अहीं आ सूत्रथी गुण थयो नहीं.

વિશેષતા :

સૂત્રમાં स्कृ એ પ્રમાણે स्सट् સહિતનાં कृનું ગ્રહણ કર્યું હોવાથી માત્ર कृ ધાતુનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. જેમકે, चक्रतुः, चक्रुः।

संयोगादृदर्त्तेः ४.३.९

અ.અ.સૂ. : संयोगात् ऋदर्त्तेः धातोः परोक्षायां गुणः, अकि।

અર્થ : સંયોગથી પરમાં ऋકાર હોય તેવા ऋકારાન્ત ધાતુઓ તથા ऋ ધાતુના સ્વરનો પરોક્ષાનાં પ્રત્યય પર છતાં ગુણ થાય છે. જો તે कृથી ઉપલક્ષિત્ क्वसु અને कान ન હોય તો.

સ. : ऋदर्त्तेः = ऋत् च अर्त्तिश्चेति ऋदर्त्तिः, तस्येति।

ઉદા. (૧) **सस्मरुः** = તેઓએ સ્મરણ કર્યું. (स्मृं चिन्तायाम्-१८)
परोक्षे ५.२.१२ વગેરેથી उस्→स्मृ+**उस्**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**स्मृ**स्मृ+उस्
व्यञ्जनस्या०४.१.४४थी म्નો લોપ→सृस्मृ+उस्
ऋतोऽत् ४.१.३८थी ऋનો अ→**स**स्मृ+उस्
આ સૂત્રથી ગુણ→सस्**मरु**स्
પદસંજ્ઞા વગેરે→सस्मरुः।

(૨) **आरुः** = તેઓ ગયા. (ऋंक् गतौ-११३५)
परोक्षे ५.२.१२ વગેરેથી उस्→ऋ+**उस्**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**ऋ**ऋ+उस्
ऋतोऽत् ४.१.३८थी ऋનો अ→**अ**ऋ+उस्

अस्यादेराः०४.१.६८थी अ नो आ→**आ**ऋ+उस्
आ सूत्रथी ऋ नो गुण→आ**अर**ुस्
समानानां०१.२.१थी दीर्घ→**आर**ुस्
पदसंज्ञा वगेरे→आरुः।

प्र.उदा. संयोगादिति किम् ? चक्रुः = तेओए कर्युं.

(डुकृंग् करणे-८८८)
परोक्षे ५.२.१२ वगेरेथी उस्→कृ+**उस्**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**कृ**कृ+उस्
ऋतोऽत् ४.१.३८थी ऋ नो अ→**क**कृ+उस्
कङश्चञ् ४.१.४६थी क् नो च्→**च**कृ+उस्
इवर्णादे०१.२.२१थी ऋ नो र्→च**क्रु**स्
पदसंज्ञा वगेरे→चक्रुः।

★ आ सूत्रनी प्रवृत्ति संयोगथी पर ऋकार होय तेवा ऋकारान्त धातुथी थाय छे. ज्यारे अहीं ऋ संयोगथी पर नथी. माटे आ सूत्रथी गुण थयो नहीं.

विशेषता :

(१) परोक्षानां प्रत्ययो सामान्यतया कित्-ङित् सिवायनां होवाथी गुणनी प्राप्ति हती. परंतु इन्ध्यसंयोगात्० ४.३.२१ सूत्रथी किद्वत् थतां नामिनो गुणो०४.३.१ सूत्रमां दर्शावेल अक्ङिति पद द्वारा गुणनो निषेध थतो हतो. तेथी हवे आ सूत्र द्वारा तेनो पण बाध करीने संयोगथी पर ऋकारान्त धातुनां स्वरनां गुणनी पुनः प्राप्ति करवामां आवे छे.

(૨) અહીં સૂત્રમાં તિવ્નો નિર્દેશ કર્યો છે. તેથી, **तिवाशवानुबन्धेन, निर्दिष्टं यद्गणेन च, एकस्वरनिमित्तं च, पञ्चैतानि न यङ्लुपि ૧/૧૮** ન્યાયાનુસારે આ સૂત્રની પ્રવૃત્તિનો યઙ્લુબન્તમાં નિષેધ થવો જોઈએ. પરંતુ યઙ્લુબન્તમાં દ્વિત્વાદિ કાર્યો થતાં ઋ ધાતુ અનેકસ્વરી થાય છે. અને અનેકસ્વરી ધાતુને પરોક્ષાનાં સ્થાને આમ્ આદેશ થાય છે. તે આમ્ આદેશને वेत्तेः कित् ૩.૪.૫૧ સૂત્રમાં જણાવ્યાનુસારે પરોક્ષાનું કાર્ય થતું નથી. આમ, ઋ ધાતુને યઙ્લુબન્તમાં આ સૂત્ર લાગવાની પ્રાપ્તિ જ નથી. માટે તિવ્નો નિર્દેશ ઉત્તરસૂત્ર માટે જાણવો.

જિ. : અહીં સૂત્રમાં સંયોગથી પર રહેલાં ઋકારને સ્થાની તરીકે દર્શાવ્યો છે. તેથી પૂર્વસૂત્રમાં ગ્રહણ કરેલ સ્કૃ ધાતુનું ગ્રહણ થવાનું જ હતું. તો પણ તેનો પૂર્વસૂત્રમાં નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : સ્કૃ એ સ્સટ્ આગમનાં કારણે ગુણવાળો છે. પણ સ્વાભાવિકતયા નહીં. તેથી એ સૂત્રમાં સ્કૃનાં ગ્રહણ દ્વારા અહીં જણાવે છે કે, આ સૂત્ર સ્વાભાવિક સંયોગવાળાં ધાતુઓને જ લાગશે. પણ, અન્ય આગમાદિનાં બળે સંયુક્ત થયેલાં ધાતુઓને નહીં.

क्य-यङ-ऽऽशीर्ये ૪.૩.૧૦

અ.અ.સૂ. : **संयोगात् ऋदर्त्तेः धातोः क्य-यङ-ऽऽशीर्ये गुणः।**

અર્થ : સંયોગથી પરમાં ઋકાર હોય તેવા ઋકારાન્ત અને ઋ ધાતુનાં સ્વરનો क्य, यङ् અને आशीः વિભક્તિનાં य्કારાદિ પ્રત્યય પર છતાં ગુણ થાય છે.

સ. : **क्य-यङा-ऽऽशीर्ये** = आशिषो य इति आशीर्यः, क्यश्च यङ् च आशीर्यश्चेति क्य-यङा-ऽऽशीर्यम्, तस्मिन्निति।

ઉદા. (૧) **स्मर्यते** = તેના વડે સ્મરણ કરાય છે. (स्मृं चिन्तायाम्-१८)
सति ५.२.१९ વગેરેથી તે→स्मृ+**ते**
क्यः शिति ३.४.७०થી क्य→स्मृ+**य**+ते
આ સૂત્રથી ગુણ→**स्मर्**यते।

(૨) **स्वर्यते** = તેનાં વડે અવાજ કરાય છે. (औस्वृ शब्दोपता०२१)

(૩) **अर्यते** = તેનાં વડે જવાય છે. (ऋंक् गतौ-११३५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૪) **सास्वर्यते** = તે વારંવાર અવાજ કરે છે.
व्यञ्जनादेरेक०३.४.९થી यङ्→स्वृ+**य**
सन्यङश्च ४.१.३થી द्वित्व→**स्वृ**स्वृ+य
व्यञ्जनस्या०४.१.४४થી व् નો લોપ→सृस्वृ+य
ऋतोऽत् ४.१.३८થી ऋ નો अ→**स**स्वृ+य
आ-गुणा०४.१.४८થી अ નો आ→**सा**स्वृ+य
આ સૂત્રથી ગુણ→सास्**वर्य**
તે વગેરે→सास्वर्य**ते**।

(૫) **अरार्यते** = તે વારંવાર જાય છે.
अट्यर्त्ति-सूत्रि०३.४.१०થી यङ्→ऋ+**य**
આ સૂત્રથી ગુણ→**अर्**+य
स्वरादेर्द्वि०४.१.४થી द्वित्व→अर्**यर्**य
व्यञ्जनस्या०४.१.४४થી य् નો લોપ→अर्यर्य
आ-गुणा०४.१.४८થી अ નો आ→अरार्य
તે વગેરે→अरार्य**ते**।

(૬) **स्मर्यात्** = તે સ્મરણ કરે.
આશિષ્યા૦૫.૪.૩૮ વગેરેથી क्यात्→स्मृ+**यात्**
આ સૂત્રથી ગુણ→**स्मर्यात्**।

(૭) **अर्यात्** = તે જાય.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં પણ પૂર્વસૂત્રની જેમ સ્વાભાવિક સંયોગનું ગ્રહણ છે. તેથી संस्क्रियते, संचेस्क्रियते વગેરે પ્રયોગોમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

(૨) સૂત્રમાં अर्त्तेः એ પ્રમાણે तिव् સહિત ऋ ધાતુનો નિર્દેશ હોવાથી **तिवाशवानुबन्धेन, निर्दिष्टं० १/१८** ન્યાયાનુસારે यङ्लुबन्तમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહિં. જેમકે, आरियात्।

न वृद्धिश्चाऽविति क्ङित्ल्लोपे ४.३.११

અ.અ.સૂ. : अविति क्ङित्ल्लोपे वृद्धिः च (गुणः) न।

અર્થ : અવિત્ પ્રત્યય પર છતાં कित्-ङित् પ્રત્યયનો લોપ થયે છતે વૃદ્ધિ અને ગુણ થતાં નથી.

સ. : (૧) **अविति** = न वित् इति अवित्, तस्मिन्निति।
(૨) **क्ङित्ल्लोपे** = क् च ङ् चेति क्ङौ, क्ङौ इतौ यस्य स इति क्ङित्, क्ङितो लोप इति क्ङित्ल्लोपम्, तस्मिन्निति।

ઉદા. (૧) **चेच्यः** = તે વારંવાર એકઠું કરે છે. (चिंगट् चयने-૧૨૯૦)
व्यञ्जनादेरेक०૩.૪.૯થી यङ्→चि+**य**

सन्यङ०४.१.३थी द्वित्व→**चि**चि+य
आगुणा०४.१.४८थी गुण→**चे**चि+य
दीर्घश्चि०४.३.१०८थी दीर्घ→चे**ची**+य
अच् ५.१.४९थी अच्→चेची+य+**अ**
अचि ३.४.१५थी यङ्नो लोप→चेची+अ
योऽनेक०२.१.५६थी ईनो य्→चे**च्य**
प्रथमा सि वगेरे→चेच्यः।

★ અહીં અવિત્ એવો અચ્ પ્રત્યય પર છતાં ङित् એવા यङ्नो લોપ થાય છે. માટે આ સૂત્રથી नामिनो० ४.३.१थी પ્રાપ્ત ગુણનો નિષેધ થયો છે.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં લોપ પદ દ્વારા અદર્શન માત્ર જ ગ્રહણ કરવું. અર્થાત્ અહીં ગ્રંથકારશ્રીને કોઈ વિશેષ સૂત્રથી થયેલ લોપ ક્રિયા માત્ર અભિપ્રેત નથી. પરંતુ લોપનાં કારણે અથવા ઈત્ આદિ વિધિનાં કારણે વિવક્ષિત પ્રત્યય પ્રયોગમાં દેખાતો ન હોય તે પણ ઈષ્ટ જ છે. તેથી क्विप् આદિનાં વિષયમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

અન્ય મત :

આ સૂત્રનાં વિષયમાં સૂત્રાર્થાનુસારે અવિત્ પ્રત્યય પર છતાં થયેલાં લોપનું ગ્રહણ થાય છે. તેથી दध्यन्तं प्रयुङ्क्ते इति दध्ययति જેવા પ્રયોગમાં પૂર્વે क्यन् લોપ થઈ પછી અવિત્ પ્રત્યયની ઉપસ્થિતિ થાય છે. માટે સામાન્યાર્થાનુસારે આ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં ગુણ વગેરેનો નિષેધ થતો નથી. પણ કેટલાંક વ્યાકરણકારો આવા સ્થાને પણ આ સૂત્રની પ્રવૃત્તિ

ઇચ્છે છે. તેઓનાં મતનો સંગ્રહ કરવા માટે 'અવિત્ પ્રત્યય પર છતાં કિત્-ઙિત્નો લોપ થયે છતે' એવો અર્થ ન કરતાં. 'કિત્-ઙિત્ પ્રત્યયનો લોપ થયે છતે અવિત્ પ્રત્યય પર છતાં ગુણ થતો નથી.' એવું અર્થઘટન કરવું.

भवतेः सिज्लुपि ४.३.१२

અ.અ.સૂ. : भवतेः धातोः सिज्लुपि गुणः न।

અર્થ : भू ધાતુનાં સ્વરનો सिच् પ્રત્યયનો લોપ થયે છતે ગુણ થતો નથી.

સ. : सिज्लुपि = सिचो लुप् इति सिज्लुप्, तस्मिन्निति।

ઉદા. अभूत् = તે થયો. (भू सत्तायाम्-१)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી दि→भू+**त्**
सिजद्यतन्याम् ૩.૪.૫૩થી सिच्→भू+**स्**+त
पिबैति-दा०४.૩.૬૬થી सिच्નો લોપ→भू+त्
नामिनो०४.૩.૧થી પ્રાપ્ત ગુણનો આ સૂત્રથી **નિષેધ.**
अड् धातो०४.४.२९થી अट् आगम→**अ**भूत्।

પ્ર.ઉદા. सिज्लुपीति किम्? व्यत्यभविष्ट =
તે કોઈનાં બદલે હતો.
અદ્યતની ૫.૨.૪ વગેરેથી त→व्यति+भू+**त**
सिजद्यतन्याम् ૩.૪.૫૩થી सिच्→व्यति+भू+**स्**+त
स्ताद्यशितो०४.४.૩२થી इट्→व्यति+भू+**इस्**+त
नामिनो गुणो०४.૩.૧થી गुण→व्यति+**भो**+इस्+त
ओदौतोऽ०१.२.२४થી अव्→व्यति+**भव्**+इस्+त
नाम्यन्तस्था०२.૩.૧૫થી स्નો ष्→व्यति+भवि+**ष्**+त

तवर्गस्य०१.३.६०थी त्नो ट्→व्यति+भविष्ट
अड् धातो०४.४.२९थी अट्→व्यति+**अ**भविष्ट
इवर्णादे०१.२.२१थी इनो य्→व्**यत्य**भविष्ट।

★ આ સૂત્રની પ્રવૃત્તિ सिच् પ્રત્યયનો લોપ થયો હોય તો થાય છે. જ્યારે અહીં सिच् પ્રત્યયનો લોપ થયો નથી. માટે આ સૂત્રથી ગુણનો નિષેધ થયો નહીં.

વિશેષતા :

સૂત્રમાં भवतेः એ પ્રમાણે પ્રકૃતિનો तिव् સહિત નિર્દેશ હોવાથી **तिवाशवानुबन्धेन०१/१८** ન્યાયાનુસારે यङ्लुबन्तमां આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમકે, अबोभोत्।

सूतेः पञ्चम्याम् ४.३.१३

અ.અ.સૂ. : सूतेः धातोः पञ्चम्यां गुणः न।

અર્થ : સૂ ધાતુનાં સ્વરનો પંચમી વિભક્તિનાં પ્રત્યય પર છતાં ગુણ થતો નથી.

ઉદા. सुवै = હું ઉત્પન્ન કરું. (षूङोक् प्राणिगर्भ०११०७)
પ્રૈષા-ઽનુજ્ઞા०५.४.२९ વગેરેથી ऐव्→सू+**ऐ**
नामिनो०४.३.१थी પ્રાપ્ત ગુણનો આ સૂત્રથી **નિષેધ.**
धातोरिवर्णो०२.१.५०थी ऊनो उव्→सु**वै**।

વિશેષતા :

સૂત્રમાં सूतेः એ પ્રમાણે સૂ ધાતુનો तिव् સહિત નિર્દેશ હોવાથી **तिवाशवानुबन्धेन०१/१८** ન્યાયાનુસારે यङ्लुबन्तमां આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમકે, सोषवाणि - અહીં સૂ ધાતુમાં ગુણનો નિષેધ થયો નહીં.

द्व्युक्तोपान्त्यस्य शिति स्वरे ४.३.१४

अ.अ.सू. : द्व्युक्तोपान्त्यस्य धातोः स्वरे शिति गुणः न।

अर्थ : द्वित्व पामेल धातुनां उपान्त्य स्वरनो स्वरादि शित् प्रत्यय पर छतां गुण थतो नथी.

स. : द्व्युक्तोपान्त्यस्य = द्वे उक्ते यस्य स इति द्व्युक्तः, द्व्युक्तस्य उपान्त्य इति द्व्युक्तोपान्त्यः, तस्येति।

उदा. नेनिजानि = हुं साफ करुं. (णिजृंकी शौचे च-११४१)

- पाठे धात्वादे०२.३.९७थी ण्नो न्→**निज्** धातु.
  प्रैषा-ऽनुज्ञा०५.४.२९ वगेरेथी आनिव्→निज्+**आनि**
  हवः शिति ४.१.१२थी द्वित्व→**निज्**निज्+आनि
  व्यञ्जनस्या०४.१.४४थी ज्नो लोप→निनिज्+आनि
  लघोरुपा०४.३.४थी प्राप्त गुणनो आ सूत्रथी **निषेध.**
  निजां शित्येत् ४.१.५७थी इनो ए→**ने**निजानि।

प्र.उदा. (१) उपान्त्यस्येति किम्? जुहवानि = हुं दान आपुं.
(हुंक् दाना-ऽदन०११३०)
प्रैषा-ऽनुज्ञा०५.४.२९ वगेरेथी आनिव्→हु+**आनि**
हवः शिति ४.१.१२थी द्वित्व→**हु**हु+आनि
गहोर्जः ४.१.४०थी ह्नो ज्→**जु**हु+आनि
नामिनो०४.३.१थी गुण→**जुहो**+आनि
ओदौतोऽ०१.२.२४थी अव्→**जुहवा**नि।

★ आ सूत्रथी उपान्त्य स्वरनां गुणनो निषेध थाय छे. ज्यारे अहीं स्वरमां उपान्त्य नथी. माटे आ सूत्रथी गुणनो निषेध थयो नहीं.

(૨) **शितीति किम् ? निनेज** = તેણે સાફ કર્યું.
परोक्षे ५.२.१२थी णव्→निज्+**अ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**निज्**निज्+अ
व्यञ्जनस्या०४.१.४४थी ज्नो लोप→निनिज्+अ
लघोरुपा०४.३.४थी गुण→**निने**ज।

★ આ સૂત્રની પ્રવૃત્તિ शित् પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં णव् પ્રત્યય शित् નથી. માટે આ સૂત્રથી ગુણનો નિષેધ થયો નહીં.

ह्वणोरप्विति व्यौ ४.३.१५

અ.અ.સૂ. : ह्वणोः धात्वोः अप्विति शिति व्यौ।

અર્થ : હુ અને इ ધાતુનાં સ્વરનો અનુક્રમે સ્વરાદિ अपित्, अवित् शित् પ્રત્યય પર છતાં વ્ અને य् થાય છે.

સ. : (૧) **ह्वणोः** = हुश्च इण् चेति ह्वणौ, तयोरिति।
(૨) **अप्विति** = प् च व् चेति प्वौ, प्वौ इतौ यस्य स इति प्वित्, न प्वित् इति अप्वित् तस्मिन्निति।
(૩) **व्यौ** = व् च य् चेति।

ઉદા. (૧) **जुह्वति** = તેઓ હોમ કરે છે. (हुंक् दाना-ऽद०११३०)
सति ५.२.१९ વગેરેથી अन्ति→हु+**अन्ति**
हवः शिति ४.१.१२थी हुनुं द्वित्व→**हुहु**+अन्ति
गहोर्जः ४.१.४०थी ह्नो ज्→**जु**हु+अन्ति
अन्तो नो०४.२.९४थी न्नो लोप→जुहु+अति
આ સૂત્રથી उनो व्→जुह्**व**ति।

(૨) **यन्तु** = તેઓ જાય. (इंण्क् गतौ-૧૦૭૫)
પ્રૈષા-ऽનુજ્ઞા૦૫.૪.૨૯ વગેરેથી અન્તુ→ઇ+**अन्तु**
આ સૂત્રથી ઇનો य्→**यन्तु**।

પ્ર.ઉદા. अप्वितीति किम् ?

(૧) **अजुहवुः** = તેઓએ હોમ કર્યો.

- અનદ્યતને હ્યા૦૫.૨.૭ વગેરેથી અન્→હુ+**अन्**
  દ્વ્યુક્તજક્ષ૦૪.૨.૯૩થી અન્નો પુસ્→હુ+**उस्**
  हवः शिति ૪.૧.૧૨થી દ્વિત્વ→**हुहु**+उस्
  गहोर्जः ૪.૧.૪૦થી હ્નો જ્→**जुहु**+उस्
  पुस्-पौ ૪.૩.૩થી ગુણ→**जुहो**+उस्
  ओदौतोऽ૦૧.૨.૨૪થી અવ્→**जुहवु**स्
  अड् धातो૦૪.૪.૨૯થી અટ્ આગમ→**अ**जुहवुस्
  પદસંજ્ઞા વગેરે→अजुहवुः।

(૨) **अयानि** = હું જઉં.
પ્રૈષા-ऽનુજ્ઞા૦૫.૪.૨૯ વગેરેથી આનિવ્→ઇ+**आनि**
नामिनो૦૪.૩.૧થી ગુણ→**ए**+आनि
एदैतोऽ૦૧.૨.૨૩થી અય્→**अया**नि।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અપિત્ અને અવિત્ શિત્ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં पुस् प् ઈત્વાળો અને आनिव् वित् शित् છે. માટે આ સૂત્રથી વ્-ય્ ન થતાં ગુણ થયો છે.

વિશેષતા :

(૧) આ સૂત્રથી વ્ અને ય્ આદેશ धातोरिवर्णो૦૨.૧.૫૦ અને इणः ૨.૧.૫૧ સૂત્ર દ્વારા થતાં इय् અને उव્નાં અપવાદ સ્વરૂપે જાણવો.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, इ+अन् સ્થાને સ્વરાદિ અવિત્ શિત્ પ્રત્યય પર છતાં પણ આ સૂત્ર દ્વારા य् આદેશ ન થતાં एत्यस्ते०૪.૪.૩૦થી વૃદ્ધિ જ થાય છે. કારણકે તે પર સૂત્ર હોવાથી બળવાન છે. અને આ સૂત્રનાં અપવાદ રૂપ છે.

(૩) આ સૂત્રમાં ह्विणोः એ પ્રમાણે સ્થાની દર્શક પદ અને व्-यौ એ પ્રમાણે કાર્યદર્શક પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्य-मनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

इको वा ૪.૩.૧૬

અ.અ.સૂ. : इकः धातोः स्वरादौ अप्विति शिति व्यौ वा।

અર્થ : इ ધાતુનાં સ્વરનો સ્વરાદિ અવિત્ શિત્ પ્રત્યય પર છતાં य् વિકલ્પે થાય છે.

ઉદા. (૧) अधियन्ति/अधीयन्ति = તેઓ ભણે છે. (इंक् स्मरणे-૧૦૭૪)
सति ૫.૨.૧૯ વગેરેથી अन्ति→अधि+इ+**अन्ति**
આ સૂત્રથી इ નો य्→अधि**य**न्ति
વિકલ્પે : જ્યારે य् ન થાય ત્યારે, अधि+इ+अन्ति
समानानां०૧.૨.૧થી દીર્ઘ→अ**धी**यन्ति
धातोरिवर्णो०૨.૧.૫૦થી इ નો इय्→अधि+**इय्**+अन्ति

વિશેષતા :

યદ્યપિ પૂર્વસૂત્રથી अप्विति शिति નો અધિકાર આવી રહ્યો છે. પરંતુ પિત્ પ્રત્યયો સ્વરાદિ ન સંભવતાં હોવાથી અહીં **संभवे व्यभिचारे च विशेषणमर्थवत् ૨/૫૭** ન્યાયાનુસારે अपिति નું ટીકામાં ગ્રહણ કરેલ નથી.

कुटादेर्ङिद्वदञ्णित् ४.३.१७

અ.અ.સૂ. : कुटादेः धातोः अञ्णित् ङिद्वत्।

અર્થ : કુટ્ વગેરે ધાતુથી પર રહેલ ञ્ અને ण્ ઈત્ સિવાયનાં પ્રત્યયો ङિદ્વત્ થાય છે.

સ. : (૧) **कुटादेः** = कुट् आदिर्यस्य स इति कुटादिः, तस्मादिति।
(૨) **ङिद्वत्** = ङ् इत् यस्य स इति ङित्, ङित् इव इति।
(૩) **अञ्णित्** = ञ् च ण् चेति ञ्णौ, ञ्णौ इतौ यस्य स इति ञ्णित्, न ञ्णिदिति।

ઉદા. (૧) **कुटिता** = તે કુટિલતા કરશે. (कुटत् कौटिल्ये-१४२६)
અનદ્યતને श्व०५.३.५ વગેરેથી ता→कुट्+**ता**
स्ताद्यशितो०४.४.३२થી इट् આગમ→**कुटि**ता।
આ સૂત્રથી ता **ङिद्वत्** થતાં,
लघोरुपा०४.३.४થી પ્રાપ્ત ગુણનો **अभाव**→कुटिता।

(૨) **गुता** = તે મૂત્ર કરશે. (गुंत् पुरीषोत्सर्गे-१४२७)
અનદ્યતને श्व०५.३.५ વગેરેથી ता→**गु**+ता
આ સૂત્રથી ता **ङिद्वत्** થતાં,
नामिनो०४.३.१થી પ્રાપ્ત ગુણનો **अभाव**→गुता।

પ્ર.ઉદા. अञ्णिदिति किम् ?

(૧) **उत्कोटः** = કુટિલતા કરવી.
भावा-ऽकर्त्रोः ५.३.१८થી घञ्→उद्+कुट्+**अ**
लघोरुपा०४.३.४થી गुण→उद्+**को**ट
પ્રથમા सि વગેરે→**उत्कोटः**।

(૨) **उच्चुकोट** = તેણે કુટિલતા કરી.

પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી णव्→उद्+कुट्+**अ**

द्विर्धातुः०૪.૧.૧થી દ્વિત્વ→उद्+**कुट्**कुट्+अ

व्यञ्जनस्या०૪.૧.૪૪થી ट्નો લોપ→उद्+कुकुट्+अ

कङश्चञ् ૪.૧.૪૬થી क्નો च्→उद्+**चु**कुट्+अ

लघोरुपा०૪.૩.૪થી ગુણ→उद्+चु**को**ट

तवर्गस्य०૧.૩.૬૦થી द्નો ज्→उज्चुकोट

अघोषे प्रथमो०૧.૩.૫૦થી ज्નો च्→उच्चुकोट

★ આ સૂત્રમાં ञ् અને ण् ઈત્ વાળાં પ્રત્યયનું વર્જન કરેલ હોવાથી અહીં રહેલ घञ् અને णव् પ્રત્યય ङिद्वत् ન થતાં ગુણનો નિષેધ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં ङित्वत् કાર્યનો નિર્દેશ કર્યો છે અને તે ङित्નાં નિમિત્તે જેમ ગુણનો નિષેધ થાય છે. તેમ, આત્મનેપદ કાર્યની પ્રાપ્તિ પણ થાય છે. પરંતુ અહીં कुटादिનો પણ નિર્દેશ કર્યો હોવાથી પ્રત્યાસત્તિ ન્યાય દ્વારા કુટાદિ ધાતુઓનાં સામાન્ય પ્રયોગમાં ગુણ નિષેધ રૂપે જે ङित् કાર્યની પ્રાપ્તિ થાય છે. તેનું જ ગ્રહણ કરવું. પણ સન્નત વગેરે વિશેષ પ્રયોગમાં सन्ને ङित्वत् માનીને આત્મનેપદ વગેરે કાર્યો થતાં નથી. જેમકે, चुकुटिषति।

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો लिख् ધાતુને પણ કુટાદિ ગણ અંતર્ગત માને છે. તેથી તેઓનાં મતે लिखन्ति પ્રયોગ થાય છે.

(૨) અન્ય કેટલાંક વ્યાકરણકારો कड्, स्फर् અને स्फल् ધાતુઓને કુટાદિમાં જણાવી કુટાદિ પાઠ સામર્થ્યથી જ ञित् અને णित् પ્રત્યય પર છતાં વૃદ્ધિનાં નિષેધને ઇચ્છે છે. જેમકે, कडकः, स्फरकः, स्फलकः।

विजेरिट् ४.३.१८

અ.અ.સૂ. : विजेः धातोः इट् ङिद्वत्।

અર્થ : વિજ્ ધાતુથી પર રહેલ इट् ङिद्वत् થાય છે.

ઉદા. **उद्विजिता** = તે ઉદ્વેગ પામશે.
(ओविजैति भय-चलनयोः-१४६८)
અનદ્યતને શ્વ૦૫.૩.૫ વગેરેથી ता→उद्+विज्+**ता**
स्ताद्यशितो०४.४.३२થી इट्→उद्विज्+**इ**+ता
આ સૂત્રથી इट् **ङिद्वत्** થતાં
लघोरुपा०४.३.४થી ગુણનો **અભાવ**→उद्विजिता।

પ્ર.ઉદા. **इडिति किम्? उद्वेजनम्** = ઉદ્વેગ પામવો.
अनट् ५.३.१२४થી अनट्→उद्+विज्+**अन**
लघोरुपा०४.३.४થી ગુણ→**उद्वे**जन
પ્રથમા સિ વગેરે→उद्वेज**नम्**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ इट्ને વિશે થાય છે. જ્યારે અહીં इट् આગમ થયો નથી. માટે ङिद्वत् ન થતાં ગુણનો અભાવ થયો નહીં.

વિશેષતા :

અહીં સૂત્રમાં નિરનુબંધ વિજ્ ધાતુનો નિર્દેશ કર્યો છે. તેથી સામાન્યતયા इट् પ્રાપ્ત કરનારાં તમામ વિજ્ ધાતુનું ગ્રહણ

થઈ શકે છે. તેથી यप् પ્રત્યય પર છતાં પણ इट् પ્રાપ્ત કરનારાં विजृंकी-११४२ ધાતુ પણ આ સૂત્રની પ્રવૃત્તિનાં વિષયભૂત થાય છે. પરંતુ **अदाद्य-नदाद्योनदादेरेव०२/३** ન્યાયાનુસારે માત્ર અદાદિ સિવાયનાં એવા औविजेति-१४६८ અને औविजेप्-१४८९ ધાતુનું જ ગ્રહણ થશે. પણ विजृंकी-११४२ ધાતુનું નહીં.

वोर्ण्णोः ४.३.१९

અ.અ.સૂ. : ऊर्ण्णोः धातोः इट् ङिद्वत् वा।

અર્થ : ઊર્ણ્ણુ ધાતુથી પર રહેલ इट् વિકલ્પે ङिद्वत् થાય છે.

ઉદા. (૧) प्रोर्ण्णुविता/प्रोर्ण्णविता = તે ઢાંકશે.

(ऊर्णुग्क् आच्छादने-११२३)

अनद्यतने श्व०५.३.५ વગેરેથી ता→प्र+ऊर्णु+**ता**

स्ताद्यशितो०४.३.३२थी इट्→प्र+ऊर्णु+**इ**+ता

આ સૂત્રથી इट् **ङित्वत्** થતાં,

नामिनो गुणो०४.३.१थी પ્રાપ્ત ગુણનો **અભાવ.**

धातोरिवर्णो०२.१.५०थी उनो उव्→प्र+ऊ**र्णुवि**ता

अवर्णस्ये०१.२.६थी ओ→**प्रो**र्णुविता

વિકલ્પે : જ્યારે ङित्वत् ન થાય ત્યારે,

नामिनो०४.३.१थी ગુણ→प्र+ऊ**र्णो**+इ+अ

ओदौतोऽ०१.२.२४थी अव्→प्र+ऊ**र्णवि**ता

अवर्णस्ये०१.२.६थी ओ→**प्रो**र्णविता

र्हादर्ह०१.३.३१थी द्वित्व→प्रो**र्ण्णु**विता/प्रो**र्ण्ण**विता।

शिदवित् ४.३.२०

અ.અ.સૂ. : धातोः अवित् शित् ङिद्वत्।

અર્થ : ધાતુથી પર રહેલ અવિત્-શિત્ પ્રત્યયો ङित्वत् થાય છે.

સ. : अवित् = व् इत् यस्य स इति वित्, न विदिति।

ઉદા. (૧) **इतः** = તે બે જાય છે. (इंण्क् गतौ-१०७५)
सति ५.२.१९ વગેરેથી तस्→इ+**तस्**
- આ સૂત્રથી तस् **ङित्वत्** થતાં,
- નામિનો૦૪.૩.૧થી પ્રાપ્ત ગુણનો **અભાવ.**

પદસંજ્ઞા વગેરે→इतः।

(૨) **क्रीणाति** = તે ખરીદે છે. (डुक्रींग्श् द्रव्यविनिमेये-१५०८)
सति ५.२.१९ વગેરેથી तिव्→क्री+**ति**
क्र्यादेः ३.४.७९થી श्ना→क्री+**ना**+ति
- આ સૂત્રથી श्ना **ङित्वत्** થતાં,
- નામિનો૦૪.૩.૧થી પ્રાપ્ત ગુણનો **અભાવ.**

र-षृवर्णान्नो०२.३.६३થી न्નો ण्→क्री**णा**ति।

પ્ર.ઉદા. (૧) **अविदिति किम्? एति** = તે જાય છે. (इंण्क् गतौ-१०७५)
सति ५.२.१९ વગેરેથી तिव्→इ+**ति**
नामिनो गुणो०४.३.१થી ગુણ→**ए**ति।
- ★ આ સૂત્રમાં वित् પ્રત્યયનું વર્જન હોવાથી અહીં वित् એવો तिव् પ્રત્યય આ સૂત્રથી ङित्वत् થયો નહીં.

(૨) **शिदिति किम्? चेषीष्ट** = તે એકઠું કરે.
(चिंग्ट् चयने-१२९०)
आशिष्याशीः०५.४.३८ વગેરેથી सीष्ट→चि+**सीष्ट**

नामिनो गुणो०४.३.१थी गुण→**चे**+सीष्ट
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→**चेषी**ष्ट।

★ આ સૂત્રની પ્રવૃત્તિ શિત્ પ્રત્યયને વિશે થાય છે. જ્યારે અહીં શિત્ પ્રત્યય નથી. માટે આ સૂત્રથી સીષ્ટ પ્રત્યય ઙિત્વત્ થયો નહીં.

વિશેષતા :

જિ. : च्यवन्ते જેવાં પ્રયોગોમાં अ(शव्)નો લોપ થયે છતે च्यु+अन्ते અવસ્થામાં આ સૂત્ર દ્વારા ઙિત્વત્ થયેલ अवित् शित् પ્રત્યય જ પરમાં છે. તો ત્યાં ગુણ શી રીતે થયો ?

સમા. : च्यु+अन्ते અવસ્થામાં अन्ते પ્રત્યય अवित्शित् હોવાનાં કારણે ગુણનો અભાવ થાય જ છે. પરંતુ लुगस्या० २.१.११७થી પ્રાપ્ત अનો લોપ બહિરંગ કાર્ય છે. અને ગુણ અંતરંગ કાર્ય છે. તેથી **असिद्धं बहिरङ्गमन्तरङ्गे १/२०** ન્યાયાનુસારે ગુણ રૂપ કાર્યમાં अનો લોપ असत् મનાય છે. માટે शव् પ્રત્યય સ્થાનીવત્ થતાં ગુણ થઈ શકે છે.

इन्ध्यसंयोगात् परोक्षा किद्वत् ४.३.२१

અ.અ.સૂ. : इन्ध्यसंयोगात् धातोः अवित्परोक्षा किद्वत्।

અર્થ : इन्ध् ધાતુ અને અસંયોગાન્ત ધાતુથી પર રહેલ अवित् પરોક્ષાનાં પ્રત્યયો કિદ્વત્ થાય છે.

સ. : (૧) **इन्ध्यसंयोगात्** = न विद्यते संयोगो यस्य स इति असंयोगः, इन्धिश्च असंयोगश्चेति इन्ध्यसंयोगम्, तस्मादिति।

(૨) **किद्वत्** = क् इत् यस्य स इति कित्, किदिव इति।

ઉદા. (૧) **समीधे** = તે પ્રગટ્યો. (ञिइन्धैपि दीप्तौ-૧૪૯૮)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી ए→सम्+इन्ध्+**ए**
આ સૂત્રથી ए **किद्वत्** થતાં
નો व्यञ्जनस्या०૪.૨.૪૫થી न्નો લોપ→सम्+इध्+ए
द्विर्धातुः०૪.૧.૧થી દ્વિત્વ→सम्+**इध्**इध्+ए
व्यञ्जनस्या०૪.૧.૪૪થી ध्નો લોપ→सम्+इइध्+ए
समानानां०૧.૨.૧થી દીર્ઘ→स**मी**धे।

(૨) **निन्युः** = તેઓ લઈ ગયા. (णींग् प्रापणे-૮૮૪)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી उस्→नी+**उस्**
द्विर्धातुः०૪.૧.૧થી દ્વિત્વ→**नी**नी+उस्
ह्रस्वः ૪.૧.૩૯થી હ્રસ્વ→**नि**नी+उस्
આ સૂત્રથી उस् **किद्वत्** થતાં
नामिनो०૪.૩.૧થી પ્રાપ્ત ગુણનો **અભાવ.**
योऽनेकस्वर०૨.૧.૫૬થી ईનો य्→नि**न्युस्**
૫૬સંજ્ઞા વગેરે→निन्युः।

પ્ર.ઉદા. **इन्ध्यसंयोगादिति किम्? सस्त्रंसे** = તે સરક્યો.
(स्रसूंङ् अवस्रंसने-૯૫૩)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી ए→स्त्रंस्+**ए**
द्विर्धातुः०૪.૧.૧થી દ્વિત્વ→**स्त्रंस्**स्त्रंस्+ए
व्यञ्जनस्या०૪.૧.૪૪થી અનાદિ વ્યંજનનો લોપ→ **सस्त्रंसे**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અસંયોગાન્ત ધાતુથી પર રહેલ પ્રત્યયને વિશે થાય છે. જ્યારે અહીં સંયોગાન્ત ધાતુ છે. તેથી તેનાથી પર રહેલ ए પ્રત્યય આ સૂત્રથી किद्वत् ન થતાં न्નો લોપ થયો નહીં.

વિશેષતા :

જિ. : સમીધે આદિ ઉદા.માં કિત્વત્ કાર્ય દ્વારા ગુણનો નિષેધ દર્શાવ્યો છે. જે પૂર્વસૂત્રથી અનુવૃત્ત ઙિત્વત્ કાર્યથી પણ શક્ય જ હતું. તો પણ ઙિત્વત્નો નિષેધ કરતાં કિત્વત્ કાર્યનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : તમારી વાત સાચી છે. તે રીતે સમીધે આદિ પ્રયોગોમાં ગુણ કાર્યનો નિષેધ તો થઈ જશે. પરંતુ જે યજાદિ, વચ્, સ્વપ્ ધાતુનું વ્યૃત્ કરવું છે. તે ઙિત્વત્ કાર્યથી નહીં થાય. માટે કિત્વત્નું ગ્રહણ કર્યું છે. તેમજ, જાગૃ ધાતુનાં વિષયમાં જાગુઃ કિતિ ૪.૩.૬ સૂત્રથી કિત્ પ્રત્યય પર છતાં જે ગુણ થાય છે. તેનો પણ અહીં લાભ થશે.

स्वञ्जेर्नवा ૪.૩.૨૨

અ.અ.સૂ. : स्वञ्जेः धातोः अवित् परोक्षा किद्वत् नवा ।

અર્થ : સ્વઞ્જ ધાતુથી પર રહેલાં પરોક્ષાનાં પ્રત્યયો કિત્વત્ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) सस्वजे/सस्वञ्जे = તેઓએ સંગ કર્યો. (ષ્વઞ્જિંત્ સઙ્ગે-૧૪૭૧)
પરોક્ષે ૫.૨.૧૨થી ए→स्वञ्ज्+**ए**
द्विर्धातुः૦૪.૧.૧થી દ્વિત્વ→**स्वञ्ज्**स्वञ्ज्+ए
व्यञ्जनस्या૦૪.૧.૪૪થી અનાદિ વ્યંજનનો લોપ→**स**स्वञ्ज्+ए
આ સૂત્રથી ए **किद्वत्** થતાં,
नो व्यञ्जनस्या૦૪.૨.૪૫થી न् (ञ्) નો લોપ→सस्वजे।
વિકલ્પે : જ્યારે ए કિત્વત્ ન થાય ત્યારે, सस्वञ्जे।

ज-नशो न्युपान्त्ये तादिः क्त्वा ४.३.२३

અ.અ.સૂ. : नि उपान्त्ये ज-नशः धातोः तादिः क्त्वा किद्वत् नवा।

અર્થ : ન્ ઉપાન્ત્યમાં હોય તેવા જ્કારાન્ત ધાતુઓ અને નશ્ ધાતુથી પરમાં રહેલ તકારાદિ ક્ત્વા પ્રત્યય વિકલ્પે કિત્વત્ થાય છે.

સ. : (૧) **ज-नशः** = जश्च नश् चेति ज-नश्, तस्मादिति।
(૨) **तादिः** = त आदिर्यस्य स इति।

ઉદા. (૧) **रक्त्वा/रङ्क्त्वा** = રંગીને. (रञ्जीं रागे-८९६)
प्राक्काले ५.४.४७थी क्त्वा→रञ्ज्+**त्वा**
આ સૂત્રથી ક્ત્વા **किद्वत्** થતાં,
नो व्यञ्जनस्या०४.२.४५थी न्नो लोप→रज्+त्वा
चजः क०२.१.८६थी ज्नो ग्→**रग्**+त्वा
अघोषे प्रथमो०१.३.५०थी ग्नो क्→**रक्त्वा**।
વિકલ્પે : જ્યારે ક્ત્વા કિદ્વત્ ન થાય ત્યારે,
चजः०२.१.८६थी वगेरेथी क्→रञ्**क्**+त्वा
म्नां धुड्वर्गे०१.३.३९थी ञ्नो ङ्→**रङ्**क्त्वा।

(૨) **नष्ट्वा/नंष्ट्वा** = નાશ થઈને. (नशौंच् अदर्शने-१२०२)
प्राक्काले ५.४.४७थी क्त्वा→नश्+**त्वा**
नशो धुटि ४.४.१०९थी न् आगम→नन्श्+त्वा
यज-सृज०२.१.८७थी श्नो ष्→नन्ष्+त्वा
तवर्गस्य०१.३.६०थी त्नो ट्→नन्ष्ट्वा
આ સૂત્રથી ક્ત્વા **किद्वत्** થતાં,
नो व्यञ्जनस्या०४.२.४५थी न्नो लोप→नष्ट्वा।
વિકલ્પે : જ્યારે ક્ત્વા કિદ્વત્ ન થાય ત્યારે,
शिड्ढेऽनु०१.३.४०थी न्नो अनुस्वार→**नंष्ट्वा**।

પ્ર.ઉદા. (૧) **नीति किम् ? भुक्त्वा** = ભોગવીને.

(भुजंप् पालना-ऽभ्यव०१४८७)

प्राक्काले ५.४.४७थी क्त्वा→भुज्+**त्वा**

च-जः क-गम् २.१.८६थी ज्नो ग्→भुग्+त्वा

अघोषे०१.३.५०थी ग्नो क्→भु**क्त्वा**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપાન્ત્યમાં ન્ હોય તેવા ધાતુથી થાય છે. જ્યારે અહીં ધાતુમાં ઉપાન્ત્યમાં ન્ નથી. માટે આ સૂત્રથી क्त्वा પ્રત્યય વિકલ્પે कित्वत् થયો નહીં.

(૨) **उपान्त्य इति किम् ? निक्त्वा** = સ્વચ્છ કરીને.

(णिजृंकी शौचे-११४१)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ન્ ઉપાન્ત્યમાં હોય તો થાય છે. જ્યારે અહીં ન્ ઉપાન્ત્યમાં નથી. માટે આ સૂત્રથી क्त्वा પ્રત્યય વિકલ્પે कित्वत् થયો નહીં.

(૩) **तादिरिति किम् ? विभज्य** = વિભાગ કરીને.

(भञ्जोंप् आमर्दने-१४८६)

प्राक्काले ५.४.४७थी क्त्वा→वि+भञ्ज्+**त्वा**

नो व्यञ्जन०४.२.४५थी न्नो लोप→वि+भज्+त्वा

अनञः क्त्वो०३.२.१५४थी क्त्वा नो यप्→विभ**ज्य**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ तકારાદિ क्त्वा પ્રત્યયને વિશે થાય છે. જ્યારે અહીં क्त्वा નો यप् થતાં क्त्वा પ્રત્યય तકારાદિ રહેતો નથી. માટે આ સૂત્રથી क्त्वा (यप्) પ્રત્યય વિકલ્પે कित्वत् ન થતાં નિત્ય किद्वत् થાય છે.

ऋत्-तृष-मृष-कृश-वञ्च-लुञ्च-थ-फः सेट् ४.३.२४

अ.अ.सू. : नि उपान्त्ये ऋत्-तृष्-मृष-कृश-वञ्च-लुञ्च-थ-फः धातोः सेट् क्त्वा किद्वत् नवा।

अर्थ : ऋत्, तृष्, मृष्, कृश्, वञ्च्, लुञ्च् धातु तेमज न् उपान्त्यवाळां थ् अने फ् अन्तवाळां धातुओथी पर२मां २हेल सेट् क्त्वा प्रत्यय कित्वत् विकल्पे थाय छे.

स. : (१) ऋत्-तृष-मृष-कृश-वञ्च-लुञ्च-थ-फः = ऋत् च तृषश्च मृषश्च कृशश्च वञ्चश्च लुञ्चश्च थश्च फ् चेति ऋत्-तृष-मृष-कृश-वञ्च-लुञ्च-थ-फ्, तस्मादिति।

(२) **सेट्** = सह इटा वर्त्तत इति।

उदा. (१) ऋतित्वा/अर्त्तित्वा = पीडा पामीने. (ऋत् घृणा-गति०२८७)
प्राक्काले ५.४.४७थी क्त्वा→ऋत्+**त्वा**
स्ताद्यशितो०४.४.३२थी इट्→ऋत्+**इत्वा**
आ सूत्रथी इ+क्त्वा **किद्वत्** थतां,
लघोरुपा०४.३.४५थी प्राप्त गुणनो **अभाव**→**ऋ**तित्वा
विकल्पे : ज्यारे क्त्वा कित्वत् न थाय त्यारे, ऋत्+इत्वा
लघोरुपा०४.३.४थी गुण→**अर्त्ति**त्वा।

(२) **तृषित्वा/तर्षित्वा** = तरस्यो थईने.
(जितृष्च् पिपासायाम्-१२१२)

(३) **मृषित्वा/मर्षित्वा** = सहन करीने.
(मृषीश् तितिक्षायाम्-१२८४)

(४) **कृशित्वा/कर्शित्वा** = पतलुं करीने. (कृशच् तनुत्वे-१२०७)
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी.

(૫) **वचित्वा/वञ्चित्वा** = ઠગીને. (वञ्चू गतौ-१०६)

(૬) **लुचित्वा/लुञ्चित्वा** = દૂર કરીને. (लुञ्च अपनयने-१०३)

(૭) **श्रथित्वा/श्रन्थित्वा** = મૂકીને. (श्रन्थश्-मोचन०१५४६)

(૮) **गुफित्वा/गुम्फित्वा** = ગૂંથીને. (गुम्फत् ग्रन्थने-१३८४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ रक्त्वा/रङ्क्त्वा પ્રમાણે જાણવી. પરંતુ વિકલ્પે कित्वत्नुं વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. न्युपान्त्य इत्येव→

(૧) **कोथित्वा** = હિંસા કરીને. (कुथच् पूतिभावे-११५३)
પ્રાક્કાલે ૫.૪.૪૭થી क्त्वा→कुथ्+**त्वा**
स्ताद्यशितो०४.४.७२થી इट्→कुथ्+**इत्वा**
क्त्वा ४.३.२९થી क्त्वा નાં **किद्वत्नो निषेध** થતાં,
लघोरुपा०४.३.४થી गुण→**को**थित्वा।

(૨) **रेफित्वा** = હિંસા કરીને. (रिफत् कथन-१३७६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ न् ઉપાન્ત્યવાળાં ધાતુથી પર રહેલ क्त्वा ને વિશે થાય છે. જ્યારે અહીં ધાતુમાં ઉપાન્ત્ય न् નથી. માટે આ સૂત્રથી સેટ્ क्त्वा વિકલ્પે कित्वत् થયો નહીં.

(૩) **सेडिति किम्? वक्त्वा** = જઈને. (वञ्चू गतौ-११०६)
પ્રાક્કાલે ૫.૪.૪૭થી क्त्वा→वञ्च्+**त्वा**
નો व्यञ्जनस्या०४.२.४४થી न्નો લોપ→वच्+त्वा
ऊदितो वा ४.४.४२ વિકલ્પે इट् હોવાથી અહીં इट्નો અભાવ.
चजः०२.१.८६થી च्નો क्→व**क्त्वा**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સેટ્ ક્ત્વા ને વિશે થાય છે. જ્યારે અહીં સેટ્ ક્ત્વા નથી. માટે આ સૂત્રથી ક્ત્વા વિકલ્પે કિત્વત્ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં પૂર્વસૂત્રથી ન્યુપાન્ત્યે એટલે કે 'ન્ ઉપાન્ત્યવાળાં ધાતુઓ' એ પ્રમાણે વિશેષણનો અધિકાર આવી રહ્યો છે. પરંતુ ઋત્, તૃષ્ વગેરે વ્યક્તિગત ધાતુઓનો નિર્દેશ કર્યો છે. તેથી **संभवे व्यभिचारे च विशेषणमर्थवत् ૨/૫૭** ન્યાયાનુસારે તે વિશેષણનો અન્વય આ સૂત્રમાં માત્ર થ્, ફ્ અન્તવાળાં ધાતુઓની સાથે કરવો. પણ અન્ય ધાતુઓ સાથે નહીં.

(૨) અહીં 'ન્ ઉપાન્ત્યમાં હોતે છતે' એવું ન દર્શાવતાં 'ન્ ઉપાન્ત્યવાળાં ધાતુઓ' એ પ્રમાણે વિશેષણ દર્શાવ્યું છે. તેથી ગુફિત્વા વગેરે પ્રયોગોમાં ન્નો લોપ થયે છતે પણ આ સૂત્રથી કિત્વત્ થતાં ગુણ થતો નથી. અર્થાત્ ન્નો લોપ થયે છતે પણ એ ધાતુઓ ન્ ઉપાન્ત્યવાળાં મનાય છે.

જિ. : ક્ત્વા પ્રત્યય તો સાહજિક રીતે કિત્ છે. તો તેનાં પુનઃ કિત્વત્નું વિધાન શા માટે કર્યું ?

સમા. : આગામી ક્ત્વા ૪.૩.૨૯ સૂત્ર દ્વારા સેટ્ ક્ત્વા નાં કિત્વત્નો નિષેધ કરવામાં આવે છે. તે દ્વારા ત્યારે તેનું સ્વાભાવિક કિત્પણું પણ રહેતું નથી. આ સૂત્ર નિર્દિષ્ટ ધાતુઓનાં વિષયમાં તે કિત્નાં નિષેધને દૂર કરી વિકલ્પે ગુણનિષેધ આદિ કાર્યો કરવા માટે પુનઃ નિર્દેશ છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો लुञ्च् ધાતુનાં વિષયમાં સેટ્ એવા क्त, क्तवतु પ્રત્યયમાં પણ વિકલ્પે कित्वत् ઇચ્છે છે. તેથી તેઓનાં મતે लुचितः, लुञ्चितः જેવા પ્રયોગો થાય છે.

वौ व्यञ्जनादेः सन् चाऽय्-वः ४.३.२५

અ.અ.સૂ. : वौ उपान्त्ये व्यञ्जनादेः धातोः सेट् सन् च(क्त्वा) किद्वत् नवा, अय्-वः ।

અર્થ : उ અને इ ઉપાન્ત્યમાં હોતે છતે વ્યંજનાદિ ધાતુથી પર રહેલ સેટ્ सन् અને સેટ્ क्त्वा પ્રત્યય વિકલ્પે कित्वत् થાય છે. પરંતુ જો તે વ્યંજનાદિ ધાતુને અન્તે य् અને व् ન હોય તો.

સ. (૧) **वौ** = इश्च उश्चेति वि, तस्मिन्निति।
(૨) **व्यञ्जनादेः** = व्यञ्जनमादिर्यस्य स इति व्यञ्जनादिः, तस्मादिति।
(૩) **अय्वः** = य् च व् चेति य्व्, न य्व् इति अय्व्, तस्मादिति।

ઉદા. (૧) **द्युतित्वा/द्योतित्वा** = દીપીને. (द्युति दीप्तौ-૧૩૭)
प्राक्काले ५.४.४७થી क्त्वा→द्युत्+**त्वा**
स्ताद्यशितो०४.४.३२થી इट्→द्युत्+**इत्वा**
આ સૂત્રથી **इ+त्वा किद्वत्** થતાં,
लघोरुपा०४.३.४થી પ્રાપ્ત **गुणनो अभाव**→द्युतित्वा
વિકલ્પે : જ્યારે इ+त्वा किद्वत् ન થાય ત્યારે,
लघोरुपा०४.३.४થી गुण→**द्यो**तित्वा।

(૨) **दिद्युतिषते/दिद्योतिषते** = તે દીપવાને ઇચ્છે છે.
तुमर्हादि०३.४.२१થી सन्→द्युत्+**स**

सन्यङ०४.१.३थी द्वित्व→**द्युद्युत्+स**
व्यञ्जनस्या०४.१.४४थी य्नो लोप→**दुद्युत्+स**
द्युतेरिः ४.१.४१थी उनो इ→**दिद्युत्+स**
स्ताद्यशितो०४.४.३२थी इट्→दिद्यु**ति**स
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→दिद्युति**ष**
आ सूत्रथी **इ+सन् कित्वत्** थतां,
लघोरुपा०४.३.४थी प्राप्त थतां **गुणनो अभाव.**
ते वगेरे थतां→दिद्युतिष**ते**।
विकल्पे : જ્યારે इ+सन् किद्वत् न थतां,
लघोरुपा०४.३.४थी गुण→दि**द्यो**तिषते।

(૩) **लिखित्वा/लेखित्वा** = લખીને.
(लिखत् अक्षरविन्यासे-१३३६)

(૪) **लिलिखिषति/लिलेखिषति** = તે લખવાને ઇચ્છે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) वाविति किम् ? वर्त्तित्वा = રહીને. (वृतूङ् वर्त्तने-९५५)
प्राक्काले ५.४.४७थी क्त्वा→वृत्+**त्वा**
स्ताद्यशितो०४.४.३२थी इट्→वृत्+**इ**+त्वा
लघोरुपा०४.३.४थी गुण→**वर्त्ति**त्वा।

★ આ સૂત્રની પ્રવૃત્તિ इ અને उ ઉપાન્ત્યમાં હોતે છતે થાય છે. જ્યારે અહીં ઉપાન્ત્યમાં ऋ છે. માટે આ સૂત્રથી ગુણ થયો નહીં.

(૨) **व्यञ्जनादेरिति किम् ? ओषित्वा** = બાળીને.
(उषू दाहे-५२९)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વ્યંજનાદિ ધાતુથી પર રહેલ પ્રત્યયને વિશે થાય છે. જ્યારે અહીં વ્યંજનાદિ ધાતુ નથી. માટે આ સૂત્રથી સેટ્ ક્ત્વા કિદ્વત્ થયો નહીં.

(૩) **अय्व इति किम् ? देवित्वा** = રમીને.
(दिवूच् क्रीडा-जयेच्छा-११४४)
प्राक्काले ५.४.४७થી ક્ત્વા→दिव्+**त्वा**
स्ताद्यशितो०४.४.७२થી इट्→दिव्+**इ**+त्वा
क्त्वा ४.७.२९થી ક્ત્વાનાં **किद्वतनो निषेध** થતાં,
लघोरुपा०४.७.४થી ગુણ→**देवित्वा**।

★ આ સૂત્રમાં य्કારાન્ત અને व्કારાન્ત ધાતુનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ક્ત્વા વિકલ્પે કિત્વત્ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્રમાં ઉપાન્ત્ય उ નિમિત્ત તરીકે દર્શાવ્યો છે. તેથી પૂર્વસૂત્રમાં ઉપાન્ત્ય ન્ રહિત પૂર્વસૂત્રમાં વ્યવચ્છેદ કરાયેલાં कुथ् વગેરે ધાતુનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ થઈ શકે છે. પરંતુ પૂર્વસૂત્રથી થતાં વ્યાવૃત્તિનાં બળથી જ આ સૂત્રમાં પણ તેઓનું ગ્રહણ નહીં થાય. તેથી આગામી ક્ત્વા ૪.૩.૨૯ સૂત્રથી કિત્વત્નો નિત્ય નિષેધ થાય છે. જેમકે, कोथित्वा।

(૨) યદ્યપિ સૂત્રમાં નિમિત્તતયા सन्નું ગ્રહણ કરવાથી ક્ત્વાનો અધિકાર અટકી જાય છે. પરંતુ **चकारो यस्मात्पर-स्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે પૂર્વસૂત્રમાં પ્રથમાન્ત सन्ને સજાતીય ક્ત્વાનો અધિકાર આવે છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે ક્ત્વાનો અધિકાર ઉત્તરસૂત્રમાં જતો નથી.

उति शवर्हाऽद्भ्यः क्तौ भावा-ऽऽरम्भे ४.३.२६

અ.અ.સૂ. : उति उपान्त्ये शवर्हाऽद्भ्यः धातुभ्यः भावा-ऽऽरम्भे सेटौ क्तौ किद्वत् नवा।

અર્થ : उ ઉપાન્ત્યમાં હોય તેવા शव् પ્રત્યયને યોગ્ય તેમજ અદાદિ સંબંધી ધાતુઓથી પર રહેલ ભાવ અને આરંભ અર્થમાં વિધાન કરાયેલ સેટ્ क्त-क्तवतु પ્રત્યય વિકલ્પે कित्वत् થાય છે.

સ. : (૧) **शवर्हाऽद्भ्यः** = शवमर्हन्तीति शवर्हाः, शवर्हाश्च अदश्चेति शवर्हाऽदः, तेभ्य इति।

(૨) **भावा-ऽऽरम्भे** = भावश्च आरम्भश्चेति भावा-ऽऽरम्भम् तस्मिन्निति।

ઉદા. (૧) **कुचितम्/कोचितमनेन** = આના વડે સ્પર્શાયું.
(कुच सम्पर्चन०९६१)
क्लीबे ५.३.१२३थी क्त→कुच्+**त**
स्ताद्यशितो०४.४.३२थी इट्→**कुचित**
આ સૂત્રથી इ+क्त **कित्वत्** થતાં,
लघोरुपा०४.३.४थी પ્રાપ્ત **गुणनो अभाव.**
પ્રથમા सि વગેરે→कुचित**म्**।
વિકલ્પે : જ્યારે कित्वत् ન થાય ત્યારે,
लघोरुपा०४.३.४थी गुण→**को**चित
પ્રથમા सि વગેરે→कोचितम्।

(૨) **प्रकुचितः/प्रकोचितः** = સ્પર્શેલો.

(૩) **प्रकुचितवान्/प्रकोचितवान्** = સ્પર્શ્યું.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ क्त પ્રત્યય આરમ્ભે ૫.૧.૧૦થી અને क्तवतु પ્રત્યય क्त-क्तवतू ૫.૧.૧૭૪ સૂત્રથી કરવો. તેમજ इट् નવા ભાવા० ૪.૪.૭૨ સૂત્રથી કરવી.

(૪) **रुदितम्/रोदितमेभिः** = આઓ વડે રડાયું.
(रुदृक् अश्रुविमोचने-૧૦૮૭)

(૫) **प्ररुदितः/प्ररोदितः** = રડવાનો આરંભ કરાયો.

(૬) **प्ररुदितवान्/प्ररोदितवान्** = રડેલો.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **उतीति किम् ? श्वितितमेभिः** = આઓ વડે શ્વેત થવાયું.
(श्विताङ् वर्णे-૯૪૩)
આ ઉદા.ની સાધનિકા रुचितम् પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપાન્ત્ય उवाળાં ધાતુથી પર થાય છે. જ્યારે અહીં ઉપાન્ત્યમાં उ નથી. માટે આ સૂત્રથી इट्+क्त વિકલ્પે कित्वत् થયો નહીં.

(૨) **शवर्हाऽद्भ्य इति किम् ? प्रगुधितः** = વીંટળાયેલો.
(गुधच् परिवेष्टने-૧૧૫૫)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ शव्ને યોગ્ય તેમજ અદાદિ ધાતુને વિશે જ થાય છે. જ્યારે અહીં गुध् ધાતુ श्यને યોગ્ય છે. માટે આ સૂત્રથી इट्+क्त વિકલ્પે कित्वत् થયો નહીં.

(૩) **भावा-ऽऽरम्भ इति किम् ? रुचिता** = ગમતી.
(रुचि अभिप्रीत्यां०૯૩૮)

गत्यर्था-ऽकर्मक०५.१.११थी क्त→रुच्+**त**
स्ताद्यशितो०४.४.३२थी इट्→रुच्**इ**त
आत् २.४.१८ वगेरेथी आप् वगेरे→रुचि**ता**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ભાવ અને આરંભમાં કહેવાયેલ ક્તથી થાય છે. જ્યારે અહીં કર્ત્તરિમાં ક્ત છે. માટે આ સૂત્રથી इट्+क्त વિકલ્પે કિદ્વત્ થયો નહીં.

न डीङ्-शीङ्-पूङ्-धृषि-क्ष्विदि-स्विदि-मिदः ४.३.२७

અ.અ.સૂ. : डीङ्-शीङ्-पूङ्-धृषि-क्ष्विदि-स्विदि-मिदः धातोः सेटौ क्तौ किद्वत् न।

અર્થ : ડી, શી, પૂ, ધૃષ્, ક્ષ્વિદ્, સ્વિદ્ અને મિદ્ ધાતુથી પર રહેલ સેટ્ ક્ત-ક્તવતુ કિત્વત્ થતાં નથી.

સ. : डीङ्-शीङ्-पूङ्-धृषि-क्ष्विदि-स्विदि-मिदः = डीङ् च शीङ् च पूङ् च धृषिश्च क्ष्विदिश्च स्विदिश्च मिद् चेति डीङ्-शीङ्-पूङ्-धृषि-क्ष्विदि-स्विदि-मिद्, तस्मादिति।

ઉદા. (૧) **डयितः** = ઊડેલું. (डीङ् विहायसां गतौ-५८८)
गत्यर्था-ऽकर्मक०५.१.११थी क्त→डी+**त**
स्ताद्यशितो०४.४.३२थी इट्→डी+**इ**+त
આ સૂત્રથી इ+क्तનાં **कित्वत्नो निषेध** થતાં
नामिनो०४.३.०थी गुण→**डे**+इ+त
एदैतोऽ०१.२.२३थी अय्→**डयि**त
प्रथमा सि वगेरे→डयितः।

(૨) **डयितवान्** = ઊડેલો.

(૩) **शयितः** = સૂતેલો. (शीङ्क् स्वप्ने-११०५)

(૪) **शयितवान्** = સૂતેલો.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ क्त પ્રત્યય श्लिष-शीङ्०५.१.૯થી અને क्तवतु પ્રત્યય क्त-क्तवतू ५.१.१७४થી કરવો.

(૫) **पवितः** = પવિત્ર કરેલો. (पूङ् पवने-६००)

(૬) **पवितवान्** = પવિત્ર કરેલો.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ इट् पूङ्-क्लिशि०४.४.४५ સૂત્રથી કરવી.

(૭) **प्रधर्षितः** = ઠગવું. (जिधृषाट् प्रागल्भ्ये-१३१२)

(૮) **प्रधर्षितवान्** = ઠગેલો.

(૯) **प्रक्ष्वेदितः** = મૂકેલો. (जिक्ष्विदाङ् मोचने च-९४५)

(૧૦) **प्रक्ष्वेदितवान्** = મૂકેલો.

(૧૧) **प्रस्वेदितः** = મૂકેલો. (जिष्विदाङ् मोचने च-९४६)

(૧૨) **प्रस्वेदितवान्** = મૂકેલો.

(૧૩) **प्रमेदितः** = સ્નિગ્ધ કરેલો. (जिमिदाच् स्नेहने-११८०)

(૧૪) **प्रमेदितवान्** = સ્નિગ્ધ કરેલો.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ क्त પ્રત્યય क्त-क्तवतू ५.१.१७४થી અને इट् नवा भावा० ४.४.७२થી કરવી.

પ્ર.ઉદા. **सेटावित्येव→डीनः** = ઊડેલો.
क्त-क्तवतू ५.१.१७४થી क्त→डी+**त**
डीय-श्व्यै०४.४.६१થી **इट् નો નિષેધ.**
सूयत्याद्यो०४.२.७०થી त નો न→**डीन**
પ્રથમા સિ વગેરે→डीनः।

डीनवान् = ઊડેલો.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અહીં क्तवतु પ્રત્યય કરવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સેટ્ क्त-क्तवतु ને વિશે થાય છે. જ્યારે અહીં અનિટ્ क्त-क्तवतु છે. માટે આ સૂત્રથી कित्वत्नो નિષેધ થયો નહીં.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી ગ્રહણ કરાતાં भावा-ऽऽरम्भे નાં અધિકારનું અહીં ગ્રહણ કરવું નહીં. તેથી ભાવ અને આરંભ સિવાય અન્ય પ્રયોગમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ સમાનતયા જ થાય છે.

(૨) સૂત્રમાં डीङ्-शीङ्-पूङः એ પ્રમાણે અનુબંધ સહિત ડી વગેરે ધાતુઓનો નિર્દેશ હોવાથી **तिवाशवानुबन्धेन० ૧/૧૮** ન્યાયાનુસારે यङ्लुबन्त માં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમકે, डेडियतः, शेश्यितः, पोपुवितः।

मृषः क्षान्तौ ४.३.२८

અ.અ.સૂ. : क्षान्तौ मृषः धातोः सेटौ क्तौ किद्वत् न।

અર્થ : ક્ષમા અર્થમાં વર્ત્તતાં મૃષ્ ધાતુથી પર રહેલ સેટ્ क्त-क्तवतु પ્રત્યય कित्वत् થતાં નથી.

ઉદા. (૧) **मर्षितः** = ક્ષમા કરેલો. (मृषीच् तितिक्षायाम्-૧૨૮૪)

(૨) **मर्षितवान्** = ક્ષમા કરેલો.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ कित्वत्नो નિષેધ આ સૂત્રથી કરવો.

પ્ર.ઉદા. **क्षान्ताविति किम् ? अपमृषितं वाक्यम्** = ઈર્ષ્યાવાળું વાક્ય. આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી કિત્વત્નો નિષેધ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ક્ષમા અર્થમાં વર્ત્તતાં मृष् ધાતુથી થાય છે. જ્યારે અહીં ક્ષમા અર્થ નથી. માટે આ સૂત્રથી કિત્વત્નો નિષેધ થયો નહીં.

क्त्वा ४.३.२९

અ.અ.સૂ. : **धातोः सेट् क्त्वा किद्वत् न।**

અર્થ : ધાતુથી પર રહેલ સેટ્ क्त्वा કિત્વત્ થતો નથી.

ઉદા. **देवित्वा** = જુગાર રમીને. (दिवूच् क्रीडा-जये०११४४)
આ ઉદા.ની સાધનિકા ૪.૩.૨૫માં દર્શાવેલી છે.

પ્ર.ઉદા. **सेडित्येव→कृत्वा** = કરીને. (डुकृंग् करणे-८८८)
प्राक्काले ५.४.४७થી क्त्वा→**कृत्वा**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સેટ્ क्त्वाને વિશે થાય છે. જ્યારે અહીં સેટ્ क्त्वा નથી. માટે આ સૂત્રથી કિત્વત્નો નિષેધ થયો નહીં.

स्कन्द-स्यन्दः ४.३.३०

અ.અ.સૂ. : **स्कन्द-स्यन्दः धातोः क्त्वा किद्वत् न।**

અર્થ : स्कन्द् અને स्यन्द् ધાતુથી પર રહેલ क्त्वा કિત્વત્ થતો નથી.

સ. : **स्कन्द-स्यन्दः** = स्कन्दश्च स्यन्द् चेति स्कन्दस्यन्द्, तस्मादिति।

ઉદા. (૧) **स्कन्त्वा** = જઈને. (स्कन्दृं गति-शोषणयोः-३१९)
प्राक्काले ५.४.४७થી क्त्वा→स्कन्द्+**त्वा**
अघोषे प्रथमो०१.३.५०થી द्નો त्→स्कन्त्त्वा।

(૨) **स्यन्त्वा** = ઝરીને. (स्यन्दौङ् स्रवणे-९५६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં માત્ર क्त्वा પ્રત્યયનો જ નિર્દેશ કર્યો છે. તેથી स्थानीवाऽऽवर्ण०७.४.१०९ પરિભાષાનુસારે કોઈપણ આદેશ આદેશી સમાન મનાય છે. તેથી क्त्वा પ્રત્યયનાં આદેશ यप् તે क्त्वा સ્વરૂપે જ મનાતાં આ સૂત્રનો વિષય બને છે. અને કિત્વત્ થતો નથી. જેમકે, प्रस्कन्द्य, प्रस्यन्द्य।

(૨) અહીં પૂર્વસૂત્રમાં તમામ ધાતુથી પર સેટ્ क्त्वा નો નિર્દેશ હોવાથી આ સૂત્ર માત્ર અનિટ્ क्त्वा માટે જ જાણવું. તેથી स्यन्दित्वा વગેરે પ્રયોગમાં તો પૂર્વસૂત્રની જ પ્રવૃત્તિ થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો स्कन्द् અને स्यन्द् ધાતુથી क्त्वा નાં આદેશભૂત यप्નું કિત્વ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે न्નો લોપ થઈને प्रस्कद्य, प्रस्यद्य જેવા પ્રયોગો પ્રાપ્ત થાય છે. અને આ જ વાતનો નિર્દેશ કરવા માટે પૂર્વસૂત્રમાં क्त्वा એ પ્રમાણે બે त्કારાદિવાળો પ્રયોગ દર્શાવ્યો છે. અહીં તાત્પર્ય એ છે કે, क्त्वा નાં આદેશભૂત यप् त्કારાદિ રૂપે નથી. તેથી જો અહીં त्કારાદિ क्त्वा ને ગ્રહણ કરવાનું વિધાન કરાય તો

તે यप्નો વ્યવચ્છેદ થાય છે. અને આવું કેટલાંક વ્યાકરણકારોનું માનવું પણ છે. તેનો પણ સંગ્રહ થાય તે માટે પૂર્વસૂત્રમાં બે त्કારવાળાં क्त्वાનો નિર્દેશ છે.

क्षुध-क्लिश-कुष-गुध-मृड-मृद-वद-वसः ४.३.३१

અ.અ.સૂ. : क्षुध-क्लिश-कुष-गुध-मृड-मृद-वद-वसः धातोः सेट् क्त्वा किद्वत्।

અર્થ : क्षुध्, क्लिश्, कृष्, गुध्, मृड्, मृद्, वद् અને वस् धातुथी પર રહેલ सेट् क्त्वा प्रत्यय कित्वत् થાય છે.

સ. : क्षुध-क्लिश-कुष-गुध-मृड-मृद-वद-वसः = क्षुधश्च क्लिशश्च कुषश्च गुधश्च मृडश्च मृदश्च वदश्च वस् चेति क्षुध-क्लिश-कुष-गुध-मृड-मृद-वद-वस्, तस्मादिति।

ઉદા. (૧) **क्षुधित्वा** = ભુખ્યા રહીને. (क्षुधंच् बुभुक्षायाम्-११८२)
प्राक्काले ५.४.४७थी क्त्वा→क्षुध्+**त्वा**
क्षुध-वस०४.४.४३थी इट्→**क्षुधित्वा**
આ સૂત્રથી सेट् क्त्वा **किद्वत्** થતાં,
नामिनो०४.३.१थी પ્રાપ્ત **गुणनो अभाव.**

(૨) **क्लिशित्वा** = ક્લેશ કરીને. (क्लिशिंच् उपतापे-१२७६)

(૩) **कुषित्वा** = બહાર કાઢીને. (कुषश् निष्कर्षे-१५६५)

(૪) **गुधित्वा** = વીંટળાઈને. (गुधच् परिवेष्टने-११५५)

(૫) **मृडित्वा** = સુખી કરીને. (मृडश् सुखने-१५४५)

(૬) **मृदित्वा** = મર્દન કરીને. (मृदश् क्षोदे-१५५०)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૭) **उदित्वा** = કહીને. (वद व्यक्तायां वाचि-૧૧૮)
प्राक्काले ૫.૪.૪૭થી क्त्वा→वद्+**त्वा**
स्ताद्यशितो०૪.૪.૩૨થી इट्→वद्+**इ**+त्वा
આ સૂત્રથી **इ**+**त्वा** कित्वत् થતાં,
यजादि-वचेः०૪.૧.૧૯થી ष्वृत्→**उदित्वा**।

(૮) **उषित्वा** = રહીને. (वसं निवासे-૧૧૧)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. અને नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्नो ष् કરવો.

વિશેષતા :

(૧) અહીં સૂત્ર નિર્દિષ્ટ क्षुध्, क्लिश्, कुष् અને गुध् ધાતુઓમાં સેટ્ क्त्वा वौ व्यञ्जनादेः०૪.૩.૨૫ સૂત્રથી વિકલ્પે कित्वत् થાય છે. તથા मृड् मृद्, वद् અને वस् ધાતુઓમાં क्त्वा ૪.૩.૨૯થી સેટ્ क्त्वा નાં નિત્ય कित्वत्નો નિષેધ હતો. તેથી નિત્ય कित्वत्ની પ્રાપ્તિ કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) અહીં क्त्वा ૪.૩.૨૯થી इट्નો પ્રતિષેધ કરાતાં मृड् વગેરે ધાતુઓનું ગ્રહણ કર્યું હોવાથી આ સૂત્રમાં नञ्નો અધિકાર અટકી ગયો.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો क्षुध् ધાતુથી આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છતાં નથી.

रुद-विद-मुष-ग्रह-स्वप-प्रच्छः सन् च ४.३.३२

અ.અ.સૂ. : रुद-विद-मुष-ग्रह-स्वप-प्रच्छः धातोः सन् च(क्त्वा) किद्वत्।

અર્થ : रुद्, विद्, मुष्, ग्रह, स्वप् અને प्रच्छ् धातुथी પર રહેલ सन् અને क्त्वा प्रत्यय कित्वत् थाय छे.

स. : रुद्-विद-मुष-ग्रह-स्वप-प्रच्छः = रुदश्च विदश्च मुषश्च ग्रहश्च स्वपश्च प्रच्छ् चेति रुद-विद-मुष-ग्रह-स्वप-प्रच्छ्, तस्मादिति।

ઉદા. (૧) **रुदित्वा** = રડીને. (रुदृक् अश्रुविमोचने-૧૦૮૭)
આ ઉદા.ની साधनिका पूर्वसूत्र निर्दिष्ट क्षुधित्वा प्रमाणे જાણવી. પરંતુ क्त्वा નાં कित्वत्નું विधान आ सूत्रथी કરવું.

(૨) **रुरुदिषति** = તે રડવાને ઇચ્છે છે.
तुमर्हादि०૩.૪.૨૧થી सन्→रुद्+**स**
सन्यङ०૪.૧.૩થી द्वित्व→**रुरुद्**+स
स्ताद्यशितो०૪.૪.૩૨થી इट्→रुरु**दिस**
આ सूत्रथी इ+सन् **कित्वत्** થતાં,
लघोरुपा०૪.૩.૪થી प्राप्त **गुणनो अभाव.**
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्नो ष्→रुरुदि**ष**
तिव वगेरे→रुरुदिष**ति**।
नामिनो०૪.૩.૧થી प्राप्त **गुणनो अभाव.**

(૩) **विदित्वा** = જાણીને. (विदंक् ज्ञाने-૧૦૯૯)

(૪) **विविदिषति** = તે જાણવાને ઇચ્છે છે.

(૫) **मुषित्वा** = ચોરીને. (मुषश् स्तेये-૧૫૬૩)

(૬) **मुमुषिषति** = તે ચોરવાને ઇચ્છે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૭) **गृहीत्वा** = ગ્રહણ કરીને. (ग्रहीश् उपादाने-૧૫૧૭)
प्राक्काले ૫.૪.૪૭થી क्त्वा→ग्रह्+**त्वा**
स्ताद्यशितो०૪.૪.૩૨થી इट्→ग्रह्+**इ**+त्वा
આ સૂત્રથી **क्त्वा कित्वत्** થતાં,
ग्रह-व्रश्च०૪.૧.૮૪થી र्नो ऋ→**गृह्**+इ+त्वा
गृहणोऽपरो०૪.૪.૩૪થી इट् दीर्घ→**गृहीत्वा**।

(૮) **जिघृक्षति** = તે ગ્રહણ કરવાને ઇચ્છે છે.
तुमर्हादि०૩.૪.૨૧થી सन्→ग्रह्+**स**
આ સૂત્રથી सन् **कित्वत्** થતાં,
ग्रह-व्रश्च०૪.૧.૮૪થી ष्वृत्→**गृह्**+स
सन्यङ०૪.૧.૩થી द्वित्व→**गृ**गृह्+स
ऋतोऽत् ૪.૧.૩૮થી ऋनो अ→**ग**गृह्+स
गहोर्जः ૪.૧.૪૦થી ग्नो ज्→**ज**गृह्+स
सन्यस्य ૪.૧.૫૯થી अनो इ→**जि**गृह्+स
ग्रह-गुह०૪.૪.૫૯થી **इट् नो निषेध.**
આ સૂત્રથી सन् **कित्वत्** થતાં,
गडदबादे०૨.૧.૭૭થી ग्नो घ्→जि**घृह्**+स
हो धुट्०૨.૧.૮૨થી ह्नो ढ्→जिघृ**ढ्**+स
षढोः०૨.૧.૬૨થી ढ्नो क्→जिघृ**क्**+स
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्नो ष्→जिघृ**क्ष**
तिव् વગેરે→जिघृक्ष**ति**।

(૯) **सुप्त्वा** = સૂઈને. (ञिष्वपंक् शये-१०८८)
प्राक्काले ५.४.४७थी क्त्वा→स्वप्+**त्वा**
આ સૂત્રથી **क्त्वा कित्वत्** થતાં,
स्वपेर्यङ्०४.१.८०थी व નો उ→**सु**प्त्वा।

(૧૦) **सुषुप्सति** = તે સુવાને ઇચ્છે છે.
तुमर्हादि०३.४.२१थी सन्→स्वप्+**स**
આ સૂત્રથી **सन् कित्वत्** થતાં,
स्वपेर्यङ्०४.१.८०थी ष्वृत्→**सु**प्स
सन्यङ०४.१.३थी द्वित्व→**सु**सुप्स
नाम्यन्तस्था०२.३.१५थी स् નો ष्→सु**षु**प्स
तिव् વગેરે→सुषुप्स**ति**।

(૧૧) **पृष्ट्वा** = પૂછીને. (प्रच्छंत् ज्ञीप्सा०१३४७)
प्राक्काले ५.४.४७थी क्त्वा→प्रच्छ्+**त्वा**
આ સૂત्रથી **क्त्वा कित्वत्** થતાં,
ग्रह-व्रश्च०४.१.८४थी र નો ऋ→**पृ**च्छ्+त्वा
अनुनासिके०४.१.१०८थी छ્ નો श्→पृ**श्**+त्वा
यज-सृज०२.१.८७थी श् નો ष्→पृ**ष्**+त्वा
तवर्गस्य०१.३.६०थी त् નો ट्→पृष्**ट्**वा।

(૧૨) **पिपृच्छिषति** = તે પૂછવાને ઇચ્છે છે.
આ ઉદા.ની साधनिका जिघृक्षति પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રની જેમ અહીં પણ रुद्, विद् અને मुष् ધાતુથી પર क्त्वा પ્રત્યય वौ व्यञ्जनादेः०४.३.२५थी વિકલ્પે कित्वत् થતો હતો. અને क्त्वा ४.३.२९ સૂત્રથી ग्रह् ધાતુથી પર क्त्वा પ્રત્યયનાં નિત્ય कित्वत्નો નિષેધ

થતો હતો. તેથી નિત્ય કિત્વત્‌ની પ્રાપ્તિ માટે આ સૂત્રનો નિર્દેશ જાણવો.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, स्वप्, प्रच्छ् ધાતુ અનિટ્ છે. તેથી અન્ય કોઈપણ સૂત્રથી क्त्वा નાં કિત્વત્‌નો નિષેધ પણ થતો નથી. માટે અહીં સૂત્રમાં स्वप् અને प्रच्छ् ધાતુનો નિર્દેશ માત્ર सन् પ્રત્યય માટે જ જાણવો. તેથી જ અહીં सेट् એ પ્રમાણેનો અધિકાર અટકી જાય છે.

(૩) અહીં સૂત્રમાં બીજા विद् ધાતુઓથી क्त्वा ને કિત્વત્‌નાં નિષેધનો અભાવ હોવાથી સૂત્રમાં विदंक्-૧૦૯૯નું જ ગ્રહણ થાય છે.

(૪) યદ્યપિ અહીં सन्‌નું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી અનુવૃત્ત सन्‌નો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે પ્રથમાન્ત सन्‌ને સજાતીય એવા પૂર્વસૂત્રથી क्त्वा પદનો અધિકાર આવે છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે क्त्वा નો અધિકાર ઉત્તરસૂત્રમાં જતો નથી.

नामिनोऽनिट् ૪.૩.૩૩

અ.અ.સૂ. : नामिनः धातोः अनिट् सन् किद्वत्।

અર્થ : નામ્યન્ત ધાતુથી પર રહેલ અનિટ્ सन् પ્રત્યય કિત્વત્ થાય છે.

સ. : अनिट् = न विद्यते इट् यस्मिन् स इति।

ઉદા. (૧) **चिचीषति** = તે એકઠું કરવાને ઇચ્છે છે.
(चिंग्ट् चयने-१२९०)
तुमर्हादि०३.४.२१थी सन्→चि+**स**
सन्यङ०४.१.३थी द्वित्व→**चि**चि+स
स्वर-हन०४.१.१०४थी चि दीर्घ→चि**ची**स
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→चिची**ष**
આ સૂત્રથી सन् **कित्वत्** થતાં,
नामिनो०४.३.१थी પ્રાપ્ત **गुणनो अभाव.**
तिव् વગેરે→चिचीष**ति**।

પ્र.ઉદા. **अनिडिति किम् ? शिशयिषते** = તે સુવાને ઇચ્છે છે.
(शीङ्क् स्वप्ने-११०५)
तुमर्हादि०३.४.२१थी सन्→शी+**स**
स्ताद्यशितो०४.४.३२थी इट्→शी+**इ**+स
सन्यङ०४.१.३थी द्वित्व→**शी**शी+इ+स
ह्रस्वः ४.१.४०थी ह्रस्व→**शि**शी+इ+स
नामिनो०४.३.१थी गुण→शि**शे**+इ+स
एदैतोऽ०१.२.२३थी अय्→शिश**यि**स
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→शिशयि**ष**
ते વગેરે→शिशयिष**ते**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ सन् અનિટ્ હોય તો થાય છે. જ્યારે અહીં सन् સેટ્ છે. માટે આ સૂત્રથી सन् कित्वत् થયો નહીં.

उपान्त्ये ४.३.३४

अ.अ.सू. : नामिनः उपान्त्ये धातोः अनिट् सन् किद्वत्।

अर्थ : નામી સ્વર ઉપાન્ત્યમાં હોતે છતે ધાતુથી પર રહેલ અનિટ્ સન્ કિત્વત્ થાય છે.

ઉદા. **बिभित्सति** = તે ભેદવાને ઇચ્છે છે. (भिदृंपी विदारणे-१४७७)
तुमर्हादि०३.४.२१थी सन्→भिद्+**स**
सन्यङ०४.१.३थी द्वित्व→**भि**भिद्+स
द्वितीय-तुर्ययोः०४.१.४२थी भ्नो ब्→**बि**भिद्+स
अघोषे प्रथमो०१.३.५०थी द्नो त्→बिभित्स
आ सूत्रथी सन् **कित्वत्** थतां,
लघोरुपा०४.३.४थी प्राप्त **गुणनो अभाव.**
तिव् वगेरे→बिभित्स**ति**।

सिजाशिषावात्मने ४.३.३५

अ.अ.सू. : नामिनः उपान्त्ये धातोः आत्मने अनिटौ सिजाशिषौ किद्वत्।

अर्थ : નામી સ્વર ઉપાન્ત્યમાં હોતે છતે ધાતુથી પર રહેલ આત્મનેપદનાં વિષયભૂત અનિટ્ એવો સિચ્ અને આશીઃ વિભક્તિનાં પ્રત્યયો કિત્વત્ થાય છે.

स. : सिजाशिषौ = सिच् च आशीश्चेति।

ઉદા. (१) **अभित्त** = તેણે ભેદ્યું. (भिदृंपी विदारणे-१४७७)
अद्यतनी ५.२.४ वगेरेथी त→भिद्+**त**
सिजद्यतन्याम् ३.४.५३थी सिच्→भिद्+**स्**+त

આ સૂત્રથી સિચ્ **कित्वत्** થતાં,
લઘોરુપા૦૪.૩.૪થી પ્રાપ્ત **ગુણનો અભાવ.**
ધુડ્હ્રસ્વા૦૪.૩.૭૦થી સિચ્નો લોપ→ભિદ્+ત
અઘોષે પ્રથમો૦૧.૩.૫૦થી દ્નો ત્→ભિત્ત
અડ્ ધાતો૦૪.૪.૨૯થી અટ્→**અ**ભિત્ત।

(૨) **भित्सीष्ट** = તે ભેદે.
આશિષ્યા૦૫.૪.૩૮ વગેરેથી સીષ્ટ→ભિદ્+**सीष्ट**
આ સૂત્રથી સીષ્ટ **कित्वत्** થતાં,
લઘોરુપા૦૪.૩.૪થી પ્રાપ્ત **ગુણનો અભાવ.**
અઘોષે પ્રથમો૦૧.૩.૫૦થી દ્નો ત્→ભિત્સીષ્ટ।

પ્ર.ઉદા. **आत्मने इति किम् ? अस्त्राक्षीत्** = તેણે સર્જન કર્યું.
(सृजिंच् विसर्गे-१२५५)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી દિ→સૃજ્+**त्**
સિજદ્યત૦૩.૪.૫૩થી સિચ્→સૃજ્+**स्**+ત
सः સિજસ્તે૦૪.૩.૬૫થી ઈત્→સૃજ્+સ્+**ई**+ત્
अः સૃજિ૦૪.૪.૧૧૧થી અ આગમ→સૃ**અ**જ્+સીત્
ઇવર્ણાદે૦૧.૨.૨૧થી ઋનો ર્→**स्र**જ્+સીત્
યજઃસૃજ૦૨.૧.૮૭થી જ્નો ષ્→સ્ર**ष्**+સીત્
ષ-ઢોઃ૦૨.૧.૬૨થી ષ્નો ક્→સ્ર**क्**+સીત્
નામ્યન્તસ્થા૦૨.૩.૧૫થી સ્નો ષ્→સ્રક્+**षी**ત્
વ્યઞ્જનાના૦૪.૩.૪૫થી વૃદ્ધિ→**स्रा**ક્ષીત્
અડ્ ધાતો૦૪.૪.૨૯થી અટ્→**अ**સ્રાક્ષીત્।

★ આ સૂત્રની પ્રવૃત્તિ આત્મનેપદ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં પરસ્મૈપદ પ્રત્યય હોવાથી અહીં આ સૂત્રથી સિચ્ કિત્વત્ થયો નહીં.

ऋवर्णात् ४.३.३६

અ.અ.સૂ. : ऋवर्णात् धातोः आत्मने अनिटौ सिजाशिषौ किद्वत्।

અર્થ : ऋ વર્ણાન્ત ધાતુથી પર રહેલ આત્મનેપદનાં વિષયભૂત એવો અનિટ્ સિચ્ અને આશીઃ વિભક્તિનાં પ્રત્યયો કિત્વત્ થાય છે.

ઉદા. (૧) **अकृत** = તેણે કર્યું. (डुकृंग् करणे-८८८)

(૨) **कृषीष्ट** = તે કરે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ अभित्त, भित्सीष्ट પ્રમાણે જાણવી. પરંતુ કિત્વત્નું વિધાન આ સૂત્રથી કરવું.

(૩) **अतीर्ष्ट** = તે તર્યો. (तॄ प्लवन-तरणयोः-२७)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી त→तॄ+**त**
सिजद्यतन्याम् ૩.૪.૫૩થી सिच्→तॄ+**स्**+त
આ સૂત્રથી सिच् **कित्वत्** થતાં,
ऋतां क्ङिती०४.४.११६થી इर्→**तीर्**+स्+त
नाम्यन्तस्था०२.૩.૧૫થી स्નો ष्→तीर्ष्त
तवर्गस्य०१.૩.६०થી त्નો ट्→तीर्ष्ट
अड् धातो०४.४.२९થી अट् आगम→**अ**तीर्ष्ट।

(૪) **तीर्षीष्ट** = તે તરે.
आशिष्याशीः०५.४.૩८થી सीष्ट→तॄ+**सीष्ट**
આ સૂત્રથી सिच् **कित्वत्** થતાં,
ऋतां क्ङि०४.४.११६થી ऋનો इर्→**तीर्**+सीष्ट
नाम्यन्तस्था०२.૩.૧૫થી स्નો ष्→तीर्**षी**ष्ट।

गमो वा ४.३.३७

અ.અ.સૂ. : गमः धातोः आत्मने सिजाशिषौ किद्वत् वा।

અર્થ : गम् ધાતુથી પર રહેલ આત્મનેપદનાં વિષયભૂત सिच् અને आशीः વિભક્તિનાં પ્રત્યયો વિકલ્પે कित्वत् થાય છે.

ઉદા. (૧) समगत/समगंस्त = તે મળ્યો. (गम्लृं गतौ-३९६)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી त→सम्+गम्+**त**
सिजद्यतन्याम् ૩.૪.૫૩થી सिच्→सम्+गम्+**स्**+त
આ સૂત્રથી सिच् **किद्वत्** થતાં,
यमि-रमि०४.२.५५थी म्नो लोप→सम्+**ग**+स्+त
धुड् ह्रस्वा०४.३.७०थी सिच्नो लोप→सम्+गत
अड् धातो०४.४.२९थी अट्→**सम**गत।
વિકલ્પે : જ્યારે कित्वत् ન થાય ત્યારે, सम+गम्+स्+त
शिड्ढे०१.३.४०थी अनुस्वार→**समगंस्त**।

(૨) सगंसीष्ट/संगंसीष्ट = તે મળે.
आशिष्याशीः०५.४.३८थी सीष्ट→सम्+गम्+**सीष्ट**
આ સૂત્રથી सीष्ट **कित्वत्** થતાં,
यमि-रमि०४.२.५५थी म्नो लोप→सम्+**ग**सीष्ट
तौ मु-मो०१.३.१४थी म्नो अनुस्वार→**संग**सीष्ट।
વિકલ્પે : જ્યારે सीष्ट किद्वत् ન થાય ત્યારે,
शिड्-हेऽ०१.३.४०थी अनुस्वार→**संगं**सीष्ट।

हनः सिच् ४.३.३८

अ.अ.सू. : हनः धातोः आत्मने सिच् किद्वत्।

अर्थ : हन् धातुथी पर रहेल आत्मनेपदनां विषयभूत सिच् प्रत्यय कित्वत् थाय छे.

उदा. आहत = तेणे हण्यो. (हनंक् हिंसा-गत्योः-११००)

आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी. परंतु सिच् प्रत्ययनां कित्वत्नुं विधान आ सूत्रथी करवुं.

यमः सूचने ४.३.३९

अ.अ.सू. : सूचने यमः धातोः आत्मने सिच् किद्वत्।

अर्थ : सूचन अर्थमां वर्त्ततां यम् धातुथी पर रहेल आत्मनेपदनां विषयभूत सिच् प्रत्यय कित्वत् थाय छे.

उदा. उदायत = तेणे पर दोषो प्रगट कर्या. (यमूं उपरमे-३८६)

आ उदा.नी साधनिका ४.३.३७ निर्दिष्ट समगत प्रमाणे जाणवी. परंतु सिच् नां कित्वत्नुं विधान आ सूत्रथी करवुं.

प्र.उदा. सूचन इति किम्? आयंस्त रज्जुम् =

तेणे दोरीने लांबी करी.

आ उदा.नी साधनिका ४.३.३७ निर्दिष्ट समगंस्त प्रमाणे जाणवी.

★ आ सूत्रनी प्रवृत्ति सूचन अर्थमां वर्त्ततां यम् धातुथी थाय छे. ज्यारे अहीं सूचन अर्थ नथी. माटे आ सूत्रथी सिच् कित्वत् थयो नहीं.

વિશેષતા :

અહીં સૂત્રમાં 'સૂચન' એ પ્રમાણે જે અર્થનો નિર્દેશ કર્યો છે. તેનો અર્થ 'બીજાનાં દોષોને પ્રગટ કરવું' એવો થાય છે.

वा स्वीकृतौ ४.३.४०

અ.અ.સૂ. : स्वीकृतौ यमः धातोः आत्मने सिच् किद्वत् वा।

અર્થ : સ્વીકાર અર્થમાં વર્ત્તતાં यम् ધાતુથી પર રહેલ આત્મનેપદનાં વિષયભૂત सिच् પ્રત્યય कित्वत् વિકલ્પે થાય છે.

ઉદા. उपायत/उपायंस्त अस्त्राणि = અસ્ત્રોનો સ્વીકાર કર્યો.

(यमूं उपरमे-३८६)

આ ઉદા.ની સાધનિકા ४.३.३७ નિર્દિષ્ટ उपायत/उपायंस्त પ્રમાણે જાણવી. પરંતુ सिच्ને कित्वत्નું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. स्वीकृताविति किम् ? आयंस्त पाणिम् =

તેણે હાથને લાંબો કર્યો.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્વીકાર અર્થમાં વર્ત્તતાં यम् ધાતુથી થાય છે. જ્યારે અહીં સ્વીકાર અર્થ નથી. માટે આ સૂત્રથી सिच् कित्वत् થયો નહીં.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો ઉદ્વાહ અર્થમાં જ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે उपयंसीष्ट कन्याम् જેવા પ્રયોગો જ થાય છે.

इश्च स्था-दः ४.३.४१

अ.अ.सू. : स्था-दः धातोः आत्मने सिच् किद्वत्, इः च।

अर्थ : स्था अने दा धातुथी पर रहेल आत्मनेपदनां विषयभूत सिच् प्रत्यय कित्वत् थाय छे. अने तेनां योगमां स्था अने दा संज्ञक धातुनां अन्त्यवर्णनो इ थाय छे.

स. : स्था-दः = स्थाश्च दाश्चेति स्था-द्, तस्मादिति।

उदा. (१) उपास्थित = ते उपस्थित थयो. (ष्ठां गतिनिवृत्तौ-५)
अद्यतनी ५.२.४ वगेरेथी त→उप+स्था+**त**
सिजद्यतन्याम् ३.४.५३थी सिच्→उप+स्था+**स्**+त
आ सूत्रथी सिच् कित्वत् अने आ नो इ→उप+**स्थि**+स्+त
धुड् ह्रस्वा०४.३.७०थी सिच्नो लोप→उप+स्थि+त
अड् धातो०४.४.२९थी अट् आगम→उप+**अ**स्थित
समानानां०१.२.१थी दीर्घ→उ**पा**स्थित।

(२) **आदित** = तेणे ग्रहण कर्युं. (दां दाने-७)

(३) **व्यधित** = तेणे पान कर्युं. (ट्धें पाने-२८)
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

जि. : सामान्यतया कित्वत्नुं प्रयोजन गुणनो निषेध होय छे. अहीं सूत्रमां जे इ कार्यनो निर्देश कर्यो छे. ते निर्देशनां बळथी गुणनो पण निषेध थई ज शके तेम हतो. तो अहीं किद्वत्नुं विधान शा माटे दर्शाव्युं ?

समा. : तमारी वात साची छे. परंतु अहीं इ कार्यनो निर्देश कर्यो छे. तेथी धुड्-ह्रस्वा०४.३.७० सूत्रथी सिच्नो लोप थवानी

પ્રાપ્તિ છે. અને એ सिच्નાં લોપમાં આ સૂત્ર-પ્રવૃત્તિની સાર્થકતા થઈ જાય. માટે વિધાન સામર્થ્યથી ગુણનિષેધ થઈ શકતો નથી. તે ગુણ નિષેધ કરવા માટે અહીં કિત્વત્નું વિધાન કર્યું છે.

मृजोऽस्य वृद्धिः ४.३.४२

અ.અ.સૂ. : मृजः धातोः अस्य वृद्धिः।

અર્થ : મૃજ્ ધાતુનો ગુણ થયે છતે अની વૃદ્ધિ થાય છે.

ઉદા. मार्ष्टि = તે સાફ કરે છે. (मृजौक् शुद्धौ-૧૦૯૭)
सति ૫.૨.૧૯ વગેરેથી तिव्→मृज्+**ति**
लघोरुपा०૪.૩.૪થી ગુણ→**मार्ज्**+ति
આ સૂત્રથી अની વૃદ્ધિ→**म**र्ज्+ति
यज-सृज०૨.૧.૮૭થી ज्નો ष्→मार्**ष्**+ति
तवर्गस्य०૧.૩.૬૦થી त्નો ट्→मार्**ष्टि**।

પ્ર.ઉદા. अत इति किम्? मृष्टः = તે બે સાફ કરે છે.
सति ૫.૨.૧૯ વગેરેથી तस्→मृज्**तस्**
પદસંજ્ઞા વગેરે→**मृष्टः**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ મૃજ્ ધાતુનાં અને વિશે થાય છે. જ્યારે અહીં મૃજ્ ધાતુનો ગુણ ન થયો હોવાથી મૃજ્નાં अની પ્રાપ્તિ થતી નથી. માટે આ સૂત્રથી વૃદ્ધિ પણ થતી નથી.

અન્ય મત :

કેટલાંક દ્રમિલ વગેરે વ્યાકરણકારો મૃજ્ ધાતુમાં પણ સૃજ્ વગેરે ધાતુની જેમ रत्व ઈચ્છે છે. તેથી તેઓનાં મતે म्रष्टा, म्रष्टुम् જેવા પ્રયોગો થાય છે.

ऋतः स्वरे वा ४.३.४३

अ.अ.सू. : मृजः धातोः ऋतः स्वरे वृद्धिः वा।

અર્થ : मृज् ધાતુનાં ऋની સ્વરાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે વૃદ્ધિ થાય છે.

ઉદા. **परिमार्जन्ति/परिमृजन्ति** = તેઓ સાફ કરે છે.
(मृजौक् शुद्धौ-१०९७)
सति ५.२.१९ વગેરેથી अन्ति→परि+मृज्+**अन्ति**
આ સૂત્રથી ऋની વૃદ્ધિ→परि**मार्ज**न्ति
વિકલ્પે : જ્યારે વૃદ્ધિ ન થાય ત્યારે, परि**मृज**न्ति।

પ્ર.ઉદા.(૧) **ऋत इति किम्? ममार्ज** = તેણે સાફ કર્યું.
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી णव्→मृज्+**अ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**मृज्**मृज्+अ
व्यञ्जनस्या०४.१.४४थी ज्नो लोप→मृमृज्+अ
ऋतोऽत् ४.१.३८थी ऋनो अ→**म**मृज्+अ
लघोरुपा०४.३.४थी गुण→म**मर्ज्**+अ
मृजोऽस्य०४.३.४२थी अनो आ→म**मार्ज**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ऋને વિશે થાય છે. જ્યારે અહીં ऋ નથી. માટે આ સૂત્રથી વિકલ્પે વૃદ્ધિ થઈ નહીં.

ઉદા. (૨) **स्वर इति किम्? मृज्वः** = અમે બે સાફ કરીએ છીએ.
सति ५.२.१९ વગેરેથી वस्→मृज्**वस्**
પદસંજ્ઞા વગેરે→मृज्वः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્વરાદિ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં વ્યંજનાદિ પ્રત્યય છે. માટે આ સૂત્રથી ऋની વૃદ્ધિ થઈ નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, સામાન્યથી ધાતુથી જણાવાયેલ કાર્ય ધાતુ અધિકારમાં દર્શાવાયેલાં પ્રત્યય પર છતાં જ થાય છે. માટે આ સૂત્રમાં દર્શાવેલ સ્વરાદિ પ્રત્યય પણ ધાતુ અધિકાર વિહિત તિવાદિ અંતર્ગત જ જાણવા. માટે કંસં પરિમૃજતીતિ કંસપરિમૃજ્+અસ્ એ પ્રમાણે ક્વિબન્ત પ્રયોગ **क्विबन्ता धातुत्वं नोज्झन्ति शब्दत्वं च प्रतिपद्यन्ते ૨/૪૮** ન્યાયાનુસારે ધાતુ હોવા છતાં પણ સ્વરાદિ સ્યાદિ અસ્ પ્રત્યય પર છતાં આ સૂત્રની પ્રવૃત્તિનાં વિષયભૂત બનતો નથી. અર્થાત્ તેનાં ઋકારની વૃદ્ધિ થતી નથી.

જિ. : અહીં પ્ર.ઉદા.માં મમાર્જ એ પ્રમાણે પ્રયોગ દર્શાવ્યો છે. જેમાં પહેલાં ગુણ કરી મૃજોઽસ્ય૦૪.૩.૪૨ સૂત્રથી વૃદ્ધિ કરવામાં આવી છે. પરંતુ પરસૂત્રતયા બળવાન હોવાથી વૃદ્ધિનું કાર્ય ગુણની પૂર્વે કેમ ન કર્યું ?

સમા. : વસ્તુતઃ મમાર્જ એ જેમ આ સૂત્રનાં પ્ર.ઉદા.ભૂત પ્રયોગ છે. તેમ, આ સૂત્રનાં વિકલ્પભૂત પ્રયોગ પણ છે. અહીં વૃદ્ધિનો વિકલ્પ દર્શાવ્યો છે. તે વિકલ્પનાં જ બળથી વિકલ્પપક્ષે પહેલાં ગુણ થાય પછી વૃદ્ધિ થાય છે. અન્યથા જો પૂર્વે જ વૃદ્ધિ કરવામાં આવે તો વિકલ્પપક્ષે ગુણ કરાયે છતે વૃદ્ધિનો વિકલ્પ રહેશે નહીં. અને મમર્જ, પરિમમર્જ જેવા અનિષ્ટ પ્રયોગો સિદ્ધ થવાની આપત્તિ આવશે.

सिचि परस्मै समानस्याऽङिति ४.३.४४

અ.અ.સૂ. : समानस्य धातोः अङिति सिचि परस्मै वृद्धिः ।

અર્થ : સમાન સ્વરાન્ત ધાતુથી પર રહેલ પરસ્મૈપદનાં વિષયભૂત ङित् સિવાયનો सिच् પ્રત્યય પર છતાં વૃદ્ધિ થાય છે.

સ. : अङिति = ङ् इत् यस्य स इति ङित्, न ङित् इति अङित्, तस्मिन्निति।

ઉદા. (૧) अचैषीत् = તેણે એકઠું કર્યું. (चिंग्ट् चयने-૧૨૯૦)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી દિ→चि+**त्**
सिजद्यतन्याम् ૩.૪.૫૩થી सिच्→चि+**स्**+त्
सः सिजस्ते०૪.૩.૬૫થી ईत्→चि+स्+**ई**+त्
આ સૂત્રથી इની વૃદ્ધિ→**चै**सीत्
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्નો ष्→चै**षी**त्
अड् धातो०૪.૪.૨૯થી अट्→**अ**चैषीत्।

પ્ર.ઉદા.(૧) परस्मै इति किम् ? अच्योष्ट = તે ચ્યવ્યો.
(च्युंङ् गतौ-૫૯૪)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી त→च्यु+**त**
सिजद्यतन्याम् ૩.૪.૫૩થી सिच्→च्यु+**स्**+त
नामिनो गुणो०૪.૩.૧થી गुण→**च्यो**+स्+त
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्નો ष्→च्यो+**ष्**+त
तवर्गस्य०૧.૩.૬૦થી त्નો ट्→च्योष्**ट्**
अड् धातो०૪.૪.૨૯થી अट्→**अ**च्योष्ट।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પરસ્મૈપદ પ્રત્યયનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં આત્મનેપદ પ્રત્યય હોવાથી આ સૂત્રથી સમાન સ્વરની વૃદ્ધિ થઈ નહીં.

(૨) **समानस्येति किम् ? अगवीत्** =
તેણે ગાયની જેમ આચરણ કર્યું.
गौरिवाचरीत् અર્થમાં,
कर्तुः क्विप्०૩.૪.૨૫થી क्विप्→गो+**०**
અદ્યતની ૫.૨.૪ વગેરેથી दि→गो+**त्**
सिजद्यतन्याम् ૩.૪.૫૩થી सिच्→गो+**स्**+त्
सः सिजस्ते०૪.૩.૬૫થી ईत्→गो+स्+**ई**+त्
स्ताद्यशितो०૪.૪.૩૨થી इट्→गो+**इस्**+ईत्
इट ईति ૪.૩.૭૧થી सिच्નો લોપ→गो+इ+ईत्
समानानां०૧.૨.૧થી દીર્ઘ→गो+**ई**त्
ओदौतोऽ०૧.૨.૨૪થી अव्→**गवी**त्
अड् धातो०૪.૪.૨૯થી अट् આગમ→**अ**गवीत्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સમાન સ્વરને વિશે થાય છે. જ્યારે અહીં સમાન સ્વર નથી. માટે આ સૂત્રથી વૃદ્ધિ થઈ નહીં.

(૩) **अङितीति किम् ? न्यनुवीत्** = તેણે સ્તુતિ કરી.
(णुत् स्तवने-૧૪૨૯)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી दि→नि+नु+**त्**
सिजद्यतन्याम् ૩.૪.૫૩થી सिच्→नि+नु+**स्**+त्
सः सिजस्ते०૪.૩.૬૫થી ईत्→नि+नु+स्+**ई**+त्
कुटादेर्ङिद्०૪.૩.૧૭થી सिच् **ङित्वत्** થતાં,
धातोरिवर्णो०૨.૧.૫૦થી उनो उव्→नि+**नुव्**+इस्+ईत्
इट ईति ૪.૩.૭૧થી सिच्નો લોપ→नि+**नुव्**+इ+ईत्
समानानां०૧.૨.૧થી દીર્ઘ→नि+**नुवी**त्
अड् धातो०૪.૪.૨૯થી अट् આગમ→नि+**अ**नुवीत्
इवर्णादे०૧.૨.૨૧થી इનો य्→**न्य**नुवीत्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ङित् સિવાયનાં પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં ङित् પ્રત્યય હોવાથી આ સૂત્રથી ઉની વૃદ્ધિ થઈ નહીં.

व्यञ्जनानामनिटि ४.३.४५

અ.અ.સૂ. : व्यञ्जनानां धातूनां समानस्य परस्मै अनिटि सिचि वृद्धिः।

અર્થ : વ્યંજનાન્ત ધાતુઓનાં સમાન સ્વરનો પરસ્મૈપદનાં વિષયભૂત અનિટ્ સિચ્ પ્રત્યય પર છતાં વૃદ્ધિ થાય છે.

સ. : अनिटि = न इट् विद्यते यस्य स इति अनिट्, तस्मिन्निति।

ઉદા. (૧) अराङ्क्षीत् = તેણે રંગ કર્યો. (रञ्जीं रागे-८९६)
अद्यतनी ५.२.४ વગેરેથી दि→रञ्ज्+**त्**
सिजद्यतन्याम् ३.४.५३થી सिच्→रञ्ज्+**स्**+त्
सः सिजस्ते०४.३.६५થી ईत्→रञ्ज्+स्+**ई**+त्
આ સૂત્રથી अની વૃદ્ધિ→**राञ्ज्**+स्+ई+त्
चजः कगम् २.१.८६થી ज्નો ग्→राञ्**ग्**+स्+ई+त्
अघोषे प्रथमो०१.३.५०થી ग्નો क्→**राञ्क्**+स्+ई+त्
म्नां धुड्वर्गे०१.३.३९થી ञ्નો ङ्→**राङ्क्**+सीत्
नाम्यन्तस्था०२.३.१५થી स्નો ष्→राङ्क्+**षीत्**
अड् धातो०४.४.२९થી अट्→**अ**राङ्क्षीत्।

પ્ર.ઉદા. (૧) समानस्येत्येव→उदवोढाम् = તે બંનેએ વિવાહ કર્યો. (વહીં પ્રાપણે-९९६)
અદ્યતની ५.२.४ વગેરેથી ताम्→उद्+वह्+**ताम्**
सिजद्यतन्याम् ३.४.५३થી सिच्→उद्+वह्+**स्**+ताम्

धुड् ह्रस्वा०४.३.७०थी सिच्नो लोप→उद्+वह्+ताम्
हो धुट्०२.१.८२थी ह्नो द्→उद्+**वद्**+ताम्
अघश्चतुर्थात्०२.१.७९थी त्नो ध्→उद्+वद्+**धाम्**
तवर्गस्य०१.३.६०थी ध्नो द्→उद्+वद्+**ढाम्**
सहिवहेरोच्चा०१.३.४३थी द्नो लोप अने अनो ओ→उद्+**वो**ढाम्
अड् धातो०४.४.२९थी अट्→**उद**वोढाम्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સમાન સ્વરને વિશે થાય છે. જ્યારે અહીં ઓ સ્વર હોવાથી આ સૂત્રથી વૃદ્ધિ થઈ નહીં.

(૨) **अनिटीति किम्? अतक्षीत्** = તેણે પતલું કર્યું.
(तक्षौ तनुकरणे-५७१)
अद्यतनी ५.२.४ वगेरेथी दि→तक्ष्+**त्**
सिजद्यतन्याम् ३.४.५३थी सिच्→तक्ष्+**स्**+त्
सः सिजस्ते०४.३.६५थी ईत्→तक्ष्+स्+**ई**+त्
धूगौदितः ४.४.३८थी विकल्पे इट्→तक्ष्+**इस्**+ईत्
इट ईति ४.३.७१थी सिच्नो लोप→तक्ष्+इ+ईत्
समानानां०१.२.१थी दीर्घ→**तक्षीत्**
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**तक्षीत्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અનિટ્ સિચ્ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં સેટ્ સિચ્ છે. માટે આ સૂત્રથી સમાન સ્વરની વૃદ્ધિ થઈ નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાં અનિટિ એ પ્રમાણે સપ્તમ્યન્ત નિર્દેશ હોવાથી અનંતર પૂર્વનું ગ્રહણ થવાની પ્રાપ્તિ હતી. પરંતુ **येन नाऽव्यवधानं तेन व्यवहितेऽपि स्यात् २/१३**

ન્યાયાનુસારે વ્યંજનનું વ્યવધાન ગ્રહણ થાય જ છે. તેમજ, અહીં સૂત્રમાં વ્યંજનાન્ત ધાતુનું ગ્રહણ કર્યું છે. તેથી અનિટિ એ પ્રમાણે સપ્તમ્યન્તતયા નિર્દેશ કરવામાં આવે છે. તથા, એક વ્યંજનનાં વ્યવધાનમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થશે. જેમકે, અરાङ्क्षीत्=अ+रञ्ज्+स्+ईत् આ અવસ્થામાં અનિટ્ સિચ્ પ્રત્યય અને સમાન સ્વરની વચ્ચે ङ् અને ज् એમ બે વર્ણોનું વ્યવધાન છે.

(૨) અહીં પ્ર.ઉદા.ભૂત उदवोढाम् પ્રયોગમાં उद्+अ+वह्+स्+ताम् આ અવસ્થામાં પહેલાં આ સૂત્રની વૃદ્ધિ થાય છે. અને ત્યારબાદ **एकदेशविकृतमनन्यवत् ૧/૭** ન્યાયાનુસારે सहि-वहे०૧.૩.૪૩ સૂત્રથી વૃદ્ધિ પ્રાપ્ત સ્વરનો ओ કાર થતાં उदवोढाम् પ્રયોગ થાય છે. અહીં પૂર્વે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ હોવા છતાં પણ પછી ओ કાર રૂપ સ્વર સમાન ન હોવાથી પુનઃ આ સૂત્રથી વૃદ્ધિની પ્રાપ્તિ થતી નથી. અહીં ધ્યાનમાં લેવું કે, કોઈપણ સૂત્રની પ્રવૃત્તિ માત્ર એક જ વાર થાય તેવું નથી હોતું. પરંતુ **यावत्संभवस्तावद्विधिः ૨/૫૬** ન્યાયાનુસારે યથાસંભવ અનેકવાર પણ થઈ શકે છે.

वोर्ण्णुगः सेटि ૪.૩.૪૬

અ.અ.સૂ. : ऊर्ण्णुगः धातोः सेटि सिचि परस्मै वृद्धिः वा।

અર્થ : ऊर्ण्णु ધાતુનાં સ્વરની સેટ્ સિચ્ પ્રત્યય પર છતાં પરસ્મૈપદનાં વિષયમાં વિકલ્પે વૃદ્ધિ થાય છે.

ઉદા. प्रौर्ण्णावीत्/प्रौर्ण्णवीत्/प्रौर्ण्णुवीत् = તેણે ઢાંક્યું.
(ऊर्णुग्क् आच्छादने-૧૧૨૩)

अद्यतनी ५.२.४ वगेरेथी दि→प्र+ऊर्ण्णु+**त्**
सिजद्यतन्याम् ३.४.५३थी सिच्→प्र+ऊर्ण्णु+**स्**+त्
स्ताद्यशितो०४.४.३२थी इट्→प्र+ऊर्ण्णु+**इस्**+त्
सः सिजस्ते०४.३.६५थी ईत्→प्र+ऊर्ण्णु+इस्+**ईत्**
स्वरादेस्तासु ४.४.३१थी ऊ नी वृद्धि→प्र+**औ**र्ण्णु+इस्+ईत्
इट ईति ४.३.७१थी सिच् नो लोप→प्र+और्ण्णु+इ+ईत्
समानानां०१.२.१थी दीर्घ→प्र+और्ण्णु+**ई**त्
आ सूत्रथी ऊ नी वृद्धि→प्र+औ**र्ण्णौ**+ईत्
ओदौतोऽ०१.२.२४थी आव्→प्र+औ**र्ण्णावी**त्
ऐदौत्०१.२.१२थी औ→**प्रौ**र्ण्णावीत्।
विकल्पे : જ્યારે વૃદ્ધિ ન થાય ત્યારે,
नामिनो०४.३.१थी गुण→प्रौ**र्ण्णौ**+ईत्
ओदौतोऽ०१.२.२४थी अव्→प्रौ**र्ण्णवी**त्।
विकल्पे : वोर्ण्णोः ४.३.१९थी इट् ङित्वत् थतां **गुणनो अभाव.**
धातोरिवर्णो०२.१.५०थी उ नो उव्→प्रौ**र्ण्णुवी**त्।

विशेषता :

(१) અહીં સૂત્રમાં ऊर्ण्णुगः એ પ્રમાણે અનુબંધ સહિત ऊर्ण्णु ધાતુનો નિર્દેશ હોવાથી **तिवाशवानुबन्धेन०१/१८** ન્યાયાનુસારે यङ्लुबन्तमां આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમકે, प्रौर्णोनावीत्।

(२) यद्यपि ऊर्ण्णु ધાતુથી इट् નિત્ય થતી હોવાથી સૂત્રગત सेटि પદનું અહીં પ્રયોજન રહેતું નથી. પરંતુ ઉત્તરસૂત્ર માટે सेटि નું ગ્રહણ કરેલ છે.

व्यञ्जनादेर्वोपान्त्यस्याऽतः ४.३.४७

अ.अ.सू. : व्यञ्जनादेः धातोः उपान्त्यस्य अतः सेटि सिचि परस्मै वृद्धिः वा।

अर्थ : व्यंजनादि धातुनां उपान्त्य अ नी सेट् सिच् परस्मैपदनां विषयमां वृद्धि विकल्पे थाय छे.

स. : व्यञ्जनादेः = व्यञ्जनं आदिर्यस्य स इति व्यञ्जनादिः, तस्येति।

उदा. अकाणीत्/अकणीत् = तेणे अवाज कर्यो. (कण शब्दे-२७०)

अद्यतनी ५.२.४ वगेरेथी दि→कण्+**त्**

सिजद्यतन्याम् ३.४.५३थी सिच्→कण्+**स्**+त्

स्ताद्यशितो०४.४.३२थी इट्→कण्+**इस्**+त्

सः सिजस्ते०४.३.६५थी ईत्→कण्+इ+स्+**ई**+त्

इट ईति ४.३.७१थी सिच्नो लोप→कण्+इ+ईत्

समानानां०१.२.१थी दीर्घ→कण्+**ईत्**

अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**कणीत्

आ सूत्रथी उपान्त्य अ नी विकल्पे वृद्धि→अ**का**णीत्/अ**क**णीत्।

प्र.उदा.(१) व्यञ्जनादेरिति किम्? मा भवान् अटीत् = तमे न भटको.

आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

★ आ सूत्रनी प्रवृत्ति व्यंजनादि धातुने विशे थाय छे. ज्यारे अहीं व्यंजनादि धातु नथी. माटे आ सूत्रथी विकल्पे वृद्धि थई नहीं.

(२) उपान्त्यस्येति किम्? अवधीत् = तेणे हण्यो.

(हनंक् हिंसा-गत्योः-११००)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અદ્યતન્યાં વા૦૪.૪.૨૨થી હન્નો વધ આદેશ કરવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપાન્ત્ય અને વિશે થાય છે. જ્યારે અહીં હન્નો વધ થતાં ઉપાન્ત્યમાં ધ્ છે. પણ અ નથી. માટે આ સૂત્રથી વૃદ્ધિ થઈ નહીં.

(૩) **अत इति किम्? अदेवीत्** = તેણે ક્રીડા કરી.
(दिवूच् क्रीडा-जयेच्छा०११४४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અને વિશે થાય છે. જ્યારે અહીં અ નથી. માટે આ સૂત્રથી વિકલ્પે વૃદ્ધિ થઈ નહીં.

(૪) **सेटीत्येव→अधाक्षीत्** = તેણે બાળ્યું.
(दहं भस्मीकरणे-५५२)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી दि→दह्+**त्**
सिजद्यतन्याम् ૩.૪.૫૩થી सिच्→दह्+**स्**+त्
सः सिजस्ते०४.૩.६૫થી ईत्→दह्+स्+**ई**+त्
हो धुट्०२.१.८२થી હનો द्→**दद्ध्**+स्+ई+त्
ग-ड-द-बादेः २.१.७७થી દ્નો ध्→**धद्ध्**+स्+ई+त्
षढोः क०२.१.६२થી द्धनो क्→**धक्**+स्+ई+त्
व्यञ्जनाना०४.૩.४૫થી વૃદ્ધિ→धा**क्**+सीत्
नाम्यन्तस्था०२.૩.१૫થી સ્નો ष्→धा**क्षी**त्
अड् धातो०४.४.२९થી अट्→**अ**धाक्षीत्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સેટ્ સિચ્ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં અનિટ્ સિચ્ છે. માટે આ સૂત્રથી વિકલ્પે વૃદ્ધિ થઈ નહીં.

वद-व्रज-ल्रः ४.३.४८

अ.अ.सू. : वद-व्रज-ल्रः धातोः उपान्त्यस्य अतः सेटि सिचि परस्मै वृद्धिः।

अर्थ : वद् अने व्रज् धातु तथा र् अने ल् अन्तवाळां धातुनां उपान्त्य अनो सेट् सिच् प्रत्यय पर छतां परस्मैपदनां विषयमां वृद्धि थाय छे.

स. : वद-व्रज-ल्रः = वदश्च व्रजश्च ल् च र् चेति वद-व्रज-ल्र, तस्येति।

उदा. (१) **अवादीत्** = ते बोल्यो. (वद व्यक्तायां वाचि-९९८)

(२) **अव्राजीत्** = ते गयो. (व्रज गतौ-१३७)

(३) **अज्वालीत्** = ते प्रज्वलित थयो. (ज्वल दीप्तौ-९६०)

(४) **अक्षारीत्** = ते टपक्यो. (क्षर संचलने-९७१)

आ उदा.नी साधनिका पूर्वसूत्र निर्दिष्ट अकाणीत् प्रमाणे जाणवी.

विशेषता :

सूत्र निर्दिष्ट तमाम धातुओने पूर्वसूत्रथी विकल्पे वृद्धि थवानी ज हती. तेने नित्य करवा माटे आ सूत्रनो निर्देश छे. तेथी आ सूत्र पूर्वसूत्रनां अपवादभूत जाणवुं.

न श्वि-जागृ-शस-क्षण-ह्म्येदितः ४.३.४९

अ.अ.सू. : श्वि-जागृ-शस-क्षण-ह्म्येदितः धातोः उपान्त्यस्य अतः परस्मै सेटि सिचि वृद्धिः न।

अर्थ : श्वि, जागृ, शस्, क्षण् धातु तथा ह्कारान्त, म्कारान्त अने य्कारान्त धातु तेमज ए ऐत्वाळां धातुनां स्वरनी

સેટ્ સિચ્ પ્રત્યય પર છતાં પરસ્મૈપદનાં વિષયમાં વૃદ્ધિ થતી નથી.

સ. : श्वि-जागृ-शस-क्षण-ह्म्येदितः = ए इत् यस्य स इति एदित्, श्विश्च जागृश्च शसश्च क्षणश्च ह् च म् च य् च एदित् चेति श्वि-जागृ-शस-क्षण-ह्म्येदित्, तस्येति।

ઉદા. (૧) **अश्वयीत्** = તેણે ગતિ કરી. (ट्वोश्वि गति-वृद्ध्योः९९७)
अद्यतनी ५.२.४ વગેરેથી दि→श्वि+**त्**
सिजद्यतन्याम् ३.४.५३થી सिच्→श्वि+**स्**+त्
सः सिजस्ते०४.३.६५થી ईत्→श्वि+स्+**ई**+त्
स्ताद्यशितो०४.४.३२થી इट्→श्वि+**इ**स्+ईत्
इट ईति ४.३.७१થી सिच्नो लोप→श्वि+इ+ईत्
समानानां०१.२.१થી दीर्घ→श्वि+**ई**त्
नामिनो गुणो०४.३.१થી गुण→**श्वे**+ईत्
एदैतोऽ०१.२.२३થી अय्→**श्वयी**त्
अड् धातो०४.४.२९થી अट्→**अ**श्वयीत्।

(૨) **अजागरीत्** = તે જાગ્યો. (जागृक् निद्राक्षये-१०९३)

(૩) **अशसीत्** = તેણે હિંસા કરી. (शसू हिंसायाम्-५४९)

(૪) **अक्षणीत्** = તેણે હિંસા કરી. (क्षणूग् हिंसायाम्-१५०१)

(૫) **अग्रहीत्** = તેણે ગ્રહણ કર્યું. (ग्रहीश् उपादाने-१५१७)

(૬) **अवमीत्** = તેણે વમન કર્યું. (टुवमू उद्गिरणे-९६९)

(૭) **अहयीत्** = તે ગયો. (हय क्लान्तौ गतौ च-३९७)

(૮) **अकगीत्** = તેણે કર્યું. (कगे क्रिया० सौत्र-१९८९)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઉદા. ૩ થી ૬માં ગુણ કરવો નહીં.

વિશેષતા :

(૧) **प्रकृतिग्रहणे यङ्लुबन्तस्याऽपि ग्रहणम् १/१७** ન્યાયાનુસારે શ્વિ વગેરે ધાતુનાં યઙ્લુબન્ત પ્રયોગમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ જાણવી. જેમકે, અશેશ્વયીત્। પરંતુ અનુબંધ વડે નિર્દિષ્ટ એઈત્વાળાં ધાતુઓમાં **तिवाशवानुबन्धेन०१/१८** ન્યાયાનુસારે યઙ્લુબન્તનાં પ્રયોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. જેમકે, અજાહાસીત્।

(૨) શ્વિ અને જાગૃ ધાતુમાં સિચિ પરસ્મૈ૦૪.૩.૪૪ સૂત્રથી વૃદ્ધિની અને અન્ય ધાતુઓમાં વ્યઞ્જનાદેર્વૌ૦૪.૩.૪૭થી વિકલ્પે વૃદ્ધિની પ્રાપ્તિ હતી. સેટ્ સિચ્ પર છતાં તે બંનેનો બાધ કરી વૃદ્ધિનો નિત્ય નિષેધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

જિ. : સૂત્રમાં एदितः ધાતુનો નિર્દેશ કર્યો છે. અને તેથી શ્વિ વગેરે ધાતુને પણ ધાતુપાઠમાં एदित्तया જ નિર્દેશ કરીને ગ્રહણ કરી શકાય તેમ હતું. તો પણ તેમ ન કરતાં તેઓનો પૃથક્ નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : અહીં एदितः એ પ્રમાણે અનુબંધવાળો નિર્દેશ કર્યો છે. તેથી **तिवाशवानुबन्धेन०१/१८** ન્યાયાનુસારે તેવા ધાતુઓનાં વિષયમાં યઙ્લુબન્તમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈષ્ટ છે. માટે તે ઈષ્ટ પ્રવૃત્તિ કરવા માટે અહીં શ્વિ વગેરેનો પૃથક્ નિર્દેશ કર્યો છે.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો જાગૃ ધાતુને પણ યઙ્ ઈચ્છે છે. તેથી તેઓનાં મતે યઙ્લુબન્ત જાગૃ ધાતુમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતાં अजर्जागरीत् જેવા પ્રયોગો થાય છે.

(૨) કેટલાંક વ્યાકરણકારો વ્ કારાન્ત ધાતુમાં પણ વૃદ્ધિનો નિષેધ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે अवमीत् જેવા પ્રયોગો થાય છે.

ञ्णिति ૪.૩.૫૦

અ.અ.સૂ. : ञ्णिति परे धातोः उपान्त्यस्य अतः वृद्धिः।

અર્થ : ञ् ઇત્વાળાં અને ण् ઇત્વાળાં પ્રત્યયો પર છતાં ધાતુનાં ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થાય છે.

સ. : ञ्णिति = ञ् च ण् चेति ञ्णौ, ञ्णौ इतौ यस्य स इति ञ्णित्, तस्मिन्निति।

ઉદા. (૧) पाकः = રાંધવું. (डुपचींष् पाके-૮૯૨)
भावा-ऽकर्त्रोः ૫.૩.૧૮થી घञ्→पच्+**अ**
આ સૂત્રથી વૃદ્ધિ→**पा**च्+अ
क्तेऽनिट०૪.૧.૧૧૧થી च् નો क्→पा**क**
પ્રથમા સિ વગેરે→पाकः।

(૨) **पपाच** = તેણે રાંધ્યું.
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી णव्→पच्+**अ**
द्विर्धातुः०૪.૧.૧થી દ્વિત્વ→**पच्**पच्+अ
व्यञ्जनस्याऽना०૪.૧.૪૪થી च् નો લોપ→पपच्+अ
આ સૂત્રથી अ ની વૃદ્ધિ→प**पा**च।

नामिनोऽकलि-हलेः ૪.૩.૫૧

અ.અ.સૂ. : अकलिहलेः नामिनः ञ्णिति वृद्धिः।

અર્થ : કલિ, હલિ સિવાયનાં નામ્યન્ત નામ અને નામ્યન્ત ધાતુનાં અન્ત્ય નામી સ્વરની ञित् અને णित् પ્રત્યય પર છતાં વૃદ્ધિ થાય છે.

સ. : **अकलि-हले:** = कलिश्च हलिश्चेति कलिहलि, न कलिहलि इति अकलिहलि, तस्येति।

ઉદા. (૧) **अचायि** = તેના વડે એકઠું કરાયું. (चिंगट् चयने-૧૨૯૦)
अद्यतनी ૫.૨.૪ વગેરેથી त→चि+**त**
भाव-कर्मणो: ૩.૪.૬૮થી ञिच् અને तનો લોપ→चि+**इ**
આ સૂત્રથી વૃદ્ધિ→**चै**+इ
एदैतोऽ०१.२.२૩થી आय्→**चायि**
अड् धातो०४.४.२૯થી अट् આગમ→**अ**चायि।

(૨) **कारक:** = કરનાર. (डुकृंग् करणे-૮૮૮)
णक-तृचौ ૫.૧.૪૮થી णक→कृ+**अक**
આ સૂત્રથી ऋની વૃદ્ધિ→**कार**क
પ્રથમા સિ વગેરે→कारक:।

(૩) **अपीपटत्** = પટુને કહ્યું. पटुमाख्यदिति અર્થમાં,
णिज्बहुलं०૩.૪.૪૨થી णिच्→पटु+**इ**
આ સૂત્રથી વૃદ્ધિ→**पटौ**+इ
त्रन्त्यस्वरादे: ૭.૪.૪૩થી औનો લોપ→पटि
अद्यतनी ૫.૨.૪ વગેરેથી दि→पटि+**त्**
णि-श्रि-द्रु०૩.૪.૫૮થી ङ→पटि+**अ**+त्
आद्योंऽश:०४.१.२થી દ્વિત્વ→**प**पटि+अ+त्
असमानलोपे०४.१.६૩થી **सन्वत्**ભાવ થતાં,
सन्यस्य ४.१.५૯થી અનો इ→**पि**पटि+अ+त्
लघोर्दीर्घो०४.१.६४થી દીર્ઘ→**पी**पटि+अ+त्
णेरनिटि ४.૩.૮૩થી णिज्નો લોપ→पीपटत्
अड् धातो०४.४.२૯થી अट्→**अ**पीपटत्।

પ્ર.ઉદા. कलि-हलिवर्जनं किम् ?

(૧) **अचकलत्** = કલિને કહ્યું. कलिमाख्यदिति।

(૨) **अजहलत्** = હલિને કહ્યું. हलिमाख्यदिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી વૃદ્ધિ વગેરે કાર્યો કરવાં નહીં.

★ આ સૂત્રમાં કલિ અને હલિનું વર્જન કર્યું છે. માટે અહીં આ સૂત્રથી વૃદ્ધિ થઈ નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાં કલિ-હલિ એ પ્રમાણે નામધાતુનું વર્જન કર્યું છે. તે જ જણાવે છે કે, નામધાતુનાં વિષયમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. જેમકે, पटुमाख्यदिति अपीपटत् અહીં આ સૂત્ર દ્વારા વૃદ્ધિ થયા પછી त्रन्त्यस्वरादेः ૭.૪.૪૩થી અન્ત્ય સ્વરાદિનો લોપ થતાં असमानलोपी હોવાથી असमानलोपे૦૪.૧.૬૩ સૂત્રથી सन्वत्भाव થતાં इકાર વગેરે કાર્યો થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો નામધાતુમાં આ સૂત્રથી વૃદ્ધિ ઇચ્છતાં નથી. તેથી તેઓનાં મતે અન્ત્ય ઉકારનો જ લોપ થતાં સમાનલોપી હોવાથી सन्वत्भावની પ્રાપ્તિ થતી નથી. જેમકે, अपपटत्, अललघत्।

जागुर्जि-णवि ૪.૩.૫૨

અ.અ.સૂ. : जागुः धातोः जि-णवि ञ्णिति वृद्धिः।

અર્થ : જાગૃ ધાતુનાં અન્ત્ય સ્વરની ज् ઇત્વાળાં અને ण् ઇત્વાળાં जि અને णव् પ્રત્યય જ પર છતાં વૃદ્ધિ થાય છે.

स. : ञि-णवि = ञिश्च णव् चेति ञिणव्, तस्मिन्निति।

ઉદા. (૧) अजागारि = તેનાં વડે જગાયું. (जागृक् निद्राक्षये-૧૦૯૩)
अद्यतनी ५.२.४ વગેરેથી त→जागृ+**त**
भाव-कर्मणोः ૩.૪.૬૮થી ञिच् અને त નો લોપ→जागृ+**इ**
આ સૂત્રથી વૃદ્ધિ→ज**ागारि**
अड् धातो०४.४.२९થી अट् આગમ→**अ**जागारि।

(૨) जजागार = તે જાગ્યો.
परोक्षे ५.२.१२ વગેરેથી णव्→जागृ+**अ**
आद्योंऽशः०४.१.૩થી द्वित्व→**जा**जागृ+**अ**
આ સૂત્રથી વૃદ્ધિ→जाजा**गार**
ह्रस्वः ४.१.૩૯થી હ્રસ્વ→**ज**जागार।

પ્ર.ઉદા. ञिणवीति किम्? जागरयति = તે જગાડે છે.
प्रयोक्तृ०૩.૪.૨૦થી णिग्→जागृ+**इ**
नामिनो०४.૩.१થી गुण→ज**ागरि**
तिव् વગેરે→जागर**यति**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ञि અને णव् પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં णिग् પ્રત્યય છે. માટે આ સૂત્રથી વૃદ્ધિ થઈ નહીં.

વિશેષતા :

જિ. : जागृ ધાતુનાં ऋની વૃદ્ધિ પૂર્વસૂત્રથી સિદ્ધ જ હતી. તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : અહીં પુનઃ સૂત્ર નિર્દેશ દ્વારા **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५** ન્યાયની પ્રવૃત્તિ કરવામાં આવે છે. તેથી નિયમ થાય છે કે, जागृ ધાતુમાં ऋની વૃદ્ધિ ञि અને णव् પ્રત્યય પર છતાં જ થશે. અન્ય ञ्, ण् ઇત્વાળાં પ્રત્યય પર છતાં નહીં.

आत ऐः कृञ्औ ४.३.५३

અ.અ.સૂ. : आतः धातोः ञ्णिति कृञ्औ ऐः।

અર્થ : આકારાન્ત ધાતુનાં અન્ત્ય સ્વરનો ઞ્ ઈત્વાળાં અને ણ્ ઈત્વાળાં કૃત્પ્રત્યય તથા ञ્ણિ પ્રત્યય પર છતાં ઐ થાય છે.

સ. : कृञ्औ = कृच्चासौ ञिश्चेति कृञ्ञि, तस्मिन्निति।

ઉદા. (૧) **दायः** = આપવું. (डुदांग्क् दाने-११३८)
भाव-ऽकर्त्रोः ५.३.१८थी घञ्→दा+**अ**
આ સૂત્રથી આનો ઐ→**दै**+अ
एदैतोऽ०१.२.२३थी आय्→**दाय**
પ્રથમા સિ વગેરે→दाय**ः**।

(૨) **दायकः** = આપનાર.
णक-तृचौ ५.१.४८थी णक→दा+**अक**
આ સૂત્રથી આનો ઐ→**दै**+अक
एदैतोऽ०१.२.२३थी अय्→**दाय**क
પ્રથમા સિ વગેરે→दायक**ः**।

(૩) **अदायि** = તેનાં વડે અપાયું.
અદ્યતની ५.२.४ વગેરેથી त→दा+**त**
भाव-कर्मणोः ३.४.६८थी ञिच्ने तनो लोप→दा+**इ**
આ સૂત્રથી આનો ઐ→**दै**+इ
एदैतोऽ०१.२.२३थी आय्→**दायि**
अड् धातो०४.४.२९थी अट्→**अ**दायि।

પ્ર.ઉદા. **कृदिति किम् ? ददौ** = તેણે આપ્યું.
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી णव्→दा+**अ**
द्विर्धातुः०૪.૧.૧થી દ્વિત્વ→**दा**दा+અ
ह्रस्वः ૪.૧.૩૯થી હ્રસ્વ→**द**दा+**अ**
आतो णव०૪.૨.૧૨૦થી औ→ददा+**औ**
ऐदौत्०૧.૨.૧૨થી औ→**ददौ**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ કૃત્ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં કૃત્પ્રત્યય નથી. માટે આ સૂત્રથી આ નો ઐ થયો નહીં.

न जन-बधः ૪.૩.૫૪

અ.અ.સૂ. : जन-बधः धातोः ञ्णिति कृञ्औ न।

અર્થ : જન્ અને બધ્ ધાતુનાં અન્ત્ય સ્વરની ઞ્ ઈત્વાળાં અને ણ્ ઈત્વાળાં કૃત્પ્રત્યય અને ञि પ્રત્યય પર છતાં વૃદ્ધિ થતી નથી.

સ. : जन-बधः = जनश्च बध् चेति जन-बध्, तस्येति।

ઉદા. (૧) **प्रजनः** = ઉત્પન્ન કરવું. (जनैचि प्रादुर्भावे-૧૨૬૫)
भाव-ऽकर्त्रोः ૫.૩.૧૮થી घञ्→प्र+जन्+**अ**
પૂર્વસૂત્રથી પ્રાપ્ત વૃદ્ધિનો આ સૂત્રથી **નિષેધ.**
પ્રથમા સિ વગેરે→दायः।

(૨) **जन्यः** = ઉત્પન્ન થવા યોગ્ય.
ऋवर्ण व्यञ्जनाद्०૫.૧.૧૭થી घ्यण्→जन्+**य**
પ્રથમા સિ વગેરે→जन्यः।

(૩) **अजनि** = તેનાં વડે ઉત્પન્ન થવાયું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ અદાયિ પ્રમાણે જાણવી.

(૪) **बधः** = બાંધવું. (बधि बन्धने-७४६)

(૫) **बध्यः** = બાંધવાં યોગ્ય.

(૬) **अबधि** = તેનાં વડે બંધાયું.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્ર નિર્દિષ્ટ बधः પદ દ્વારા बधि-७४६ એ પ્રમાણે ધાતુ ગ્રહણ કરાય છે. યદ્યપિ **बवयोरैक्यम्** નિયમાનુસારે हन् ધાતુનાં वध આદેશનું પણ ગ્રહણ થઈ શકે છે. પરંતુ તે अકારાન્ત હોવાથી તેમાં વૃદ્ધિની પ્રાપ્તિ જ નથી. તેથી નિષેધ કરવાનું પ્રયોજન નહીં રહે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો **यत्र शालमतीकाशः कर्णोऽवध्यत संयुगे** ઇત્યાદિ પંક્ત્યનુસારે वधिं હિંસાર્થ ધાતુપાઠમાં નહીં ગ્રહણ કરાયેલાં પણ वध् ધાતુનો સૂત્રનાં વિષય તરીકે સ્વીકાર કરે છે. તેથી તેઓનાં મતે ववाध પ્ર.ઉદા. જાણવું.

मोऽकमि-यमि-रमि-नमि-गमि-वमा-ऽऽचमः ૪.૩.૫૫

અ.અ.સૂ. : अकमि-यमि-रमि-नमि-गमि-वमा-ऽऽचमः मः धातोः ञ्णिति कृञ्ञौ वृद्धिः न।

અર્થ : कम्, यम्, रम्, नम्, गम्, वम् અને आ+चम् સિવાયનાં म्કારાન્ત ધાતુનાં સ્વરની ञ् ઇત્વાળાં અને ण् ઇત્વાળાં કૃત્પ્રત્યય તથા ञि પ્રત્યય પર છતાં વૃદ્ધિ થતી નથી.

સ. : **अकमि-यमि-रमि-नमि-गमि-वमा-ऽऽचमः** = कमिश्च यमिश्च रमिश्च नमिश्च गमिश्च वमश्च आचम् चेति कमि-यमि-रमि-नमि-गमि-वमा-ऽऽचम्, न कमि-यमि-रमि-नमि-गमि-वमा-ऽऽचम् इति अकमियमिरमिनमिगमिवमाचम्, तस्येति।

ઉદા. (૧) **शमः** = शान्त. (शमूच् उपशमे-१२३०)

(૨) **शमकः** = शांत કરનાર.

(૩) **अशमि** = તેનાં વડે શાંત થવાયું.

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર પ્રમાણે જાણવી. પરંતુ વૃદ્ધિનો નિષેધ આ સૂત્રથી કરવો.

પ્ર.ઉદા. **कम्यादिवर्जनं किम् ?**

(૧) **कामः** = ઇચ્છા. (कमूङ् कान्तौ-७८९)

(૨) **कामुकः** = ઇચ્છા કરનાર.

(૩) **अकामि** = તેનાં વડે ઇચ્છા કરાઈ.

(૪) **यामः** = અટકવું. (यमूं उपरमे-३८६)

(૫) **रामः** = રમવું. (रमिं क्रीडायाम्-९८९)

(૬) **नामः** = નમવું. (णमं प्रह्वत्वे-३८८)

(૭) **अगामि** = તેના વડે જવાયું. (गम्लृं गतौ-३९६)

(૮) **वामः** = વમન કરવું. (टुवमू उद्गिरणे-९६९)

(૯) **आचामकः** = આચમન કરનાર. (चमू अदने-३८०)

આ સૂત્રમાં कम् વગેરે ધાતુઓનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી વૃદ્ધિનો નિષેધ થયો છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો માત્ર आ+चम् ધાતુને નહીં પણ સામાન્યતયા चम् ધાતુનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ

ઇચ્છતાં નથી. અર્થાત્ વૃદ્ધિ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે चामः, विचामः વગેરે પ્રયોગો થશે.

विश्रमेर्वा ४.३.५६

અ.અ.સૂ. : विश्रमेः धातोः ञ्णिति कृञ्चौ वृद्धिः वा।

અર્થ : વિ પૂર્વક શ્રમ્ ધાતુનાં ઉપાન્ત્ય અની ञ્ ઇત્વાળાં અને ण્ ઇત્વાળાં કૃત્ પ્રત્યય અને ञि પ્રત્યય પર છતાં વૃદ્ધિ વિકલ્પે થાય છે.

સ. : विश्रमेः = विपूर्वः श्रमिरिति विश्रमिः, तस्येति।

ઉદા. (૧) विश्रामः/विश्रमः = આરામ.
(श्रमूच् खेद-तपसोः-१२३३)

(૨) **विश्रामकः/विश्रमकः** = આરામ કરનાર.

(૩) **व्यश्रामि/व्यश्रमि** = તેનાં વડે આરામ કરાયો.

★ આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી વૃદ્ધિ વિકલ્પે કરવી.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો વિ+શ્રમ્ ધાતુથી પણ વૃદ્ધિ ઇચ્છતાં જ નથી. અને કેટલાંક વ્યાકરણકારો નિત્ય વૃદ્ધિ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે અનુક્રમે विश्रमकः, विश्रामकः જેવા નિત્ય પ્રયોગો થાય છે.

(૨) કેટલાંક વ્યાકરણકારો घञ् પ્રત્યય પર છતાં જ વિકલ્પને ઇચ્છે છે. પણ અન્ય પ્રત્યય પર છતાં નહીં. તેથી તેઓનાં મતે व्यश्रामि જેવા પ્રયોગો નિત્ય થાય છે.

उद्यमोपरमौ ४.३.५७

अ.अ.सू. : उद्यमोपरमौ निपात्येते।

अर्थ : घञ् प्रत्यय પર છતાં उद् પૂર્વક यम् ધાતુ અને उप પૂર્વક रम् ધાતુનાં ઉપાન્ત્ય સ્વરની વૃદ્ધિનો અભાવ નિપાતન પામે છે.

स. : उद्यमोपरमौ = उद्यमश्च उपरमश्चेति।

ઉદા. (૧) **उद्यमः** = મહેનત. (यमूं उपरमे-३८६)

(૨) **उपरमः** = વિરામ. (रमिं क्रीडायाम्-९८९)

★ આ ઉદા.ની સાધનિકા ४.३.५४ નિર્દિષ્ટ प्रजनः પ્રમાણે જાણવી. પરંતુ વૃદ્ધિનો અભાવ આ સૂત્રથી નિપાતન કરવો.

णिद्वाऽन्त्यो णव् ४.३.५८

अ.अ.सू. : अन्त्यो णव् णित् वा न।

अर्थ : પરોક્ષાનો અન્ત્ય णव् પ્રત્યય णित् વિકલ્પે થતો નથી.

ઉદા. (૧) **अहं चिचय/चिचाय** = મેં એકઠું કર્યું. (चिंग्ट् चयने-१२९०)

પરોક્ષે ५.२.१२ વગેરેથી णव्→चि+**अ**

द्विर्धातुः०४.१.१થી દ્વિત્વ→**चि**चि+अ

આ સૂત્રથી **णित् નો અભાવ** થતાં.

नामिनो०४.३.१થી ગુણ→चि**चे**+अ

एदैतोऽ०१.२.२३થી अय्→चि**चय**।

વિકલ્પે : જ્યારે णित् થાય ત્યારે,

नामिनोऽ०४.३.५१થી વૃદ્ધિ→चि**चै**+**अ**

एदैतोऽ०१.२.२३થી आय्→चि**चाय**।

(૨) **अहं चुकुट/चुकोट** = મેં કુટિલતા કરી.
(कुटत् कौटिल्ये-१४२६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ णव् જ્યારે णित् ન થાય ત્યારે कुटादेर्ङि०४.३.१७થી णव् ङित् મનાતાં ગુણ થતો નથી.

પ્ર.ઉદા. **अन्त्य इति किम् ? स पपाच** = તેણે રાંધ્યું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અન્ત્ય णव्ને વિશે થાય છે. જ્યારે અહીં અન્ત્ય णव् નથી. માટે આ સૂત્રથી णव् પ્રત્યય વિકલ્પે णिद्वत् થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં णव् પ્રત્યયને વિકલ્પે णित् કરવાનું કાર્ય જણાવ્યું છે. અને कुटादेर्ङि०४.३.१७માં ञित् અને णित् સિવાયનાં પ્રત્યયને ङित्वत् કરવાનું વિધાન છે. તેથી આ સૂત્રથી વિકલ્પે णित् થશે ત્યારે કુટાદિ ધાતુનાં વિષયમાં कुटादेर्ङि०४.३.१७ સૂત્રથી ङित्वत् ન થતાં ગુણની પ્રાપ્તિ થશે. અને જ્યારે વિકલ્પે णित्वનો નિષેધ થશે, ત્યારે कुटादेर्ङि०४.३.१७ સૂત્રથી જ ङित्वत् થતાં ગુણ થશે નહીં. આમ, चुकुटः, चुकोटः એ પ્રમાણે ગુણરહિત, ગુણસહિત પ્રવૃત્તિ થાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્ર णव् પ્રત્યયમાં રહેલાં णित्वનો જ વિકલ્પ કરે છે. તેથી વૃદ્ધિ આદિ णित्व આશ્રિત કાર્ય વિકલ્પે થશે. પણ णव् આશ્રિત કાર્યો નહીં. જેમ કે, जजागार - અહીં नामिनोऽ०४.३.५१થી णित्व નિમિત્તક વૃદ્ધિ થતી નથી. પણ जागुर्ञिणवि

૪.૩.૫૨થી णव् નિમિત્તક વૃદ્ધિ થાય છે. માટે વૃદ્ધિ વિકલ્પે ન થતાં નિત્ય થાય છે.

उत और्विति व्यञ्जनेऽद्वेः ४.३.५९

અ.અ.સૂ. : अद्वेः उतः धातोः व्यञ्जने विति औः ।

અર્થ : દ્વિત્વ નહીં પામેલાં ઉકારાન્ત ધાતુનાં અન્ત્ય સ્વરનો વ્યંજનાદિ વિત્ પ્રત્યય પર છતાં औ થાય છે.

સ. : अद्वेः = न द्विरिति अद्विः, तस्येति।

ઉદા. (૧) **यौति**=તે મિશ્રણ કરે છે. (युक् मिश्रणे-१०८०)
सति ५.२.१९ વગેરેથી तिव्→यु+**ति**
આ સૂત્રથી उનો औ→**यौ**ति ।

પ્ર.ઉદા. (૧) उत इति किम् ? एति = તે જાય છે. (इंण्क् गतौ-१०७५)
सति ५.२.१९ વગેરેથી तिव्→इ+**ति**
नामिनो गुणो०४.३.१થી ગુણ→**ए**ति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉકારાન્ત ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં इકારાન્ત ધાતુ છે. માટે આ સૂત્રથી અહીં औ થયો નહીં.

(૨) **धातोरित्येव→सुनोति** = તે સ્નાન કરે છે.
(षुंग्ट् अभिषवे-१२८७)
सति ५.२.१९ વગેરેથી तिव्→सु+**ति**
स्वादेः श्नुः ३.४.७५થી श्नु→सु+**नु**+**ति**
उ-श्नोः ४.३.३થી उનો ગુણ→सु**नो**ति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધાતુનાં અન્ત્ય उને વિશે થાય છે. જ્યારે અહીં तिव्ની અનંતર પૂર્વે પ્રત્યયનો उ છે. માટે આ સૂત્રથી उનો औ થયો નહીં.

(૩) **वितीति किम् ? रुतः** = તેઓ બે અવાજ કરે છે.
(रुंक् शब्दे-१०८५)
सति ५.२.१९ વગેરેથી तस्→रु+**तस्**
પદસંજ્ઞા વગેરે→रुतः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ वित् પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં अवित् પ્રત્યય (तस्) પરમાં છે. માટે उનો औ થયો નહીં.

(૪) **व्यञ्जन इति किम् ? स्तवानि** = હું સ્તવના કરું.
(ष्टुगुंक् स्तुतौ-११२४)
પ્રૈષા-ऽનુજ્ઞા०५.४.२९ વગેરેથી आनिव्→स्तु+**आनि**
नामिनो०४.३.१थी ગુણ→**स्तो**+आनि
ओदौतोऽ०१.२.२४थी अव्→**स्तवा**नि।

★ આ સૂત્રની પ્રવૃત્તિ વ્યંજનાદિ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં વ્યંજનાદિ પ્રત્યય નથી. માટે આ સૂત્રથી उનો औ થયો નહીં.

(૫) **अद्वेरिति किम् ? जुहोति** = તે હોમ કરે છે.
(हुंक् दाना-ऽदनयोः-११३०)
सति ५.२.१९ વગેરેથી तिव्→हु+**ति**
हवः शिति ४.२.१२थी द्वित्व→**हुहु**+ति
गहोर्जः ४.१.४०थी ह्नो ज्→**जुहु**+ति
नामिनो०४.३.१थी ગુણ→**जुहो**ति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ દ્વિત્વ નહીં પામેલાં ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં દ્વિત્વ પામેલ ધાતુ છે. માટે આ સૂત્રથી उનો औ થયો નહીં.

વિશેષતા :

અહીં સૂત્રમાં નિમિત્તતયા તિવ્ પ્રત્યયનો નિર્દેશ કર્યો છે. અને પંચમી તૃ.પુ. એ.વ.નો તુવ્ પ્રત્યય પણ વિત્ છે. તેનાં સ્થાને થતો તાતઙ્ પ્રત્યય ઙિત્ હોવાથી સ્થાનીવત્ મનાતો નથી. અર્થાત્ તુવ્ પ્રત્યયની જેમ વિત્ મનાતો નથી. તેથી ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં औ આદેશ પણ થતો નથી. જેમકે, युतात्।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો यङ्लुबन्तમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે નોનૌતિ પ્રયોગ થાય છે. જ્યારે સ્વમતે સૂત્રમાં નિર્નિમિત્તતયા અદ્વિત્વનું ગ્રહણ કર્યું હોવાથી यङ्लुबन्तમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. તેવું જણાય છે.

वोण्णोः ૪.૩.૬૦

અ.અ.સૂ. : अद्वेः ऊण्णोः धातोः व्यञ्जने विति औः वा।

અર્થ : દ્વિત્વ નહીં પામેલાં ઊર્ણ્ણુ ધાતુનાં અન્ત્ય સ્વરનો વ્યંજનાદિ વિત્ પ્રત્યય પર છતાં औ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) प्रोण्णौति/प्रोण्णोति = તે ઢાંકે છે.

(ऊर्णुग्क् आच्छादने-૧૧૨૩)

सति ૫.૨.૧૯ વગેરેથી તિવ્→પ્ર+ઊર્ણ્ણુ+**તિ**

अवर्णस्ये૦૧.૨.૬થી ઓ→**પ્રો**ર્ણ્ણુ+તિ

આ સૂત્રથી ઉનો औ→પ્રો**ર્ણ્ણૌ**તિ।

વિકલ્પે : જ્યારે औ ન થાય ત્યારે,

नामिनो૦૪.૩.૧થી ગુણ→પ્રો**ર્ણ્ણો**તિ।

પ્ર.ઉદા. **अद्वेरित्येव→प्रोण्णोंनोति** = તે વારંવાર ઢાંકે છે.
अट्यर्त्ति०૩.૪.૧૦થી यङ्→प्र+ऊर्ण्णु+**य**
स्वरादेर्द्वि०૪.૧.૩થી द्वित्व→प्र+ऊ**र्ण्णु**नु+य
आ-गुणा०૪.૧.૪૮થી गुण→प्र+ऊ**र्णो**नु+य
बहुलं०૩.૪.૧૪થી यङ्नो लोप→प्र+ऊर्ण्णोनु
तिव् વગેરે→**प्रो**र्ण्णो**नोति**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ દ્વિત્વ નહીં પામેલાં ऊर्ण्णु ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં દ્વિત્વ પામેલ ऊर्ण्णु ધાતુ છે. માટે આ સૂત્રથી औ થયો નહીં.

વિશેષતા :

પૂર્વસૂત્રથી वित् પ્રત્યય પર છતાં નિત્ય औ થવાનો જ હતો. તેને વિકલ્પે કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો यङ्लुबन्तમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે प्रोर्णोनौति પ્રયોગ થાય છે.

न दि-स्योः ૪.૩.૬૧

અ.અ.સૂ. : ऊर्ण्णोः धातोः दि-स्योः औः न।

અર્થ : ऊर्ण्णु ધાતુનાં ऊનો दिव् અને सिव् પ્રત્યય પર છતાં औ થતો નથી.

સ. : दिस्योः = दिश्च सिश्चेति दिसी, तयोरिति।

ઉદા. (૧) **प्रौर्ण्णोत्** = તેણે ઢાંક્યું. (ऊर्णुग्क् आच्छादने-૧૧૨૩)
अनद्यतने ह्यो०૫.૨.૭ વગેરેથી दिव्→प्र+ऊर्ण्णु+**त्**
स्वरादेस्तासु ૪.૪.૩૧થી ऊનો औ→**प्रौ**र्ण्णु+त्

वोर्ण्णोः ४.३.६० प्राप्त औ नो आ सूत्रथी **निषेध.**
नामिनो०४.३.१थी गुण→प्रौ**र्ण्णो**त्।

(२) **प्रौर्ण्णोः** = तें ढांक्युं.
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी. परंतु दिव् नां स्थाने सिव् करवो.

विशेषता :

(१) आ सूत्रनुं कार्य पूर्वसूत्रनी साथे ज जणावी शकाय तेम हतुं. छतां पण पृथक् निर्देश कर्यो छे. तेथी वोर्ण्णोः ४.३.६१ सूत्रनी साथे उत और्विति ४.३.५९ सूत्रथी थतां नित्य औत्व कार्यनो पण निषेध करे छे.

(२) आ सूत्रमां ग्रहण करेल दिनां साहचर्यथी सि पण ह्यस्तनी विभक्तिनो ज ग्रहण करवो.

तृहः श्नादीत् ४.३.६२

अ.अ.सू. : तृहः धातोः श्नात् व्यञ्जनादौ विति ईत्।

अर्थ : तृह् धातुथी पर रहेल श्न प्रत्ययनी परमां व्यंजनादि वित् प्रत्यय पर छतां ईत् थाय छे.

उदा. तृणेढि = ते हिंसा करे छे. (तृहप् हिंसायाम्-१४९५)
सति ५.२.१९ वगेरेथी तिव्→तृह्+**ति**
रुधां स्वरा०३.४.८२थी श्न→तृ**न**ह्+ति
आ सूत्रथी श्नथी परमां ईत्→तुन**ई**ह्+ति
अवर्णस्ये०१.२.६थी ए→तृ**ने**ह्+ति
र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→**तृणे**ह्+ति

हो-धुट्०२.१.८थी ह्नो द्→तृणेद्+ति
अधश्चतुर्थात्०२.१.७९थी त्नो ध्→तृणेद्+**धि**
तवर्गस्य०१.३.६०थी ध्नो द्→तृणेद्+**ढि**
ढस्तट्ठे १.३.४२थी द्नो लोप→तृणेढि।

विशेषता :

(१) અહીં व्यञ्जनादौ विति એ પ્રમાણે व्यञ्जनादि પદ પ્રત્યયનાં વિશેષણભૂત છે. તેથી આ સૂત્રથી થતું કાર્ય પણ પ્રત્યયાશ્રિત કહેવાય છે. વર્ણાશ્રિત નહીં. માટે **प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते ३/९** ન્યાયાનુસારે દિ પ્રત્યયનો લોપ થયે છતે પણ આ સૂત્રનું કાર્ય થાય છે. જેમકે, अतृणेट् - અહીં अतृनह्+दि અવસ્થામાં व्यञ्जनादेः सश्च दः ४.३.७८ સૂત્ર દ્વારા દિનો લોપ થવા છતાં પણ આ સૂત્રનાં કાર્યભૂત ઈ આદેશ થાય છે.

(२) અહીં સૂત્રમાં વ્યંજનાદિ પ્રત્યયનો નિર્દેશ કર્યો છે. તેથી **आद्यन्तवदेकस्मिन् १/५** ન્યાયાનુસારે દિ વગેરે માત્ર વ્યંજનરૂપ પ્રત્યયો પણ વ્યંજનાદિ રૂપે સિદ્ધ થાય છે. અને આ સૂત્રનાં વિષયભૂત બને છે. જેમકે, अतृणेट्।

(૩) આ સૂત્રમાં હ્રસ્વ ઇનો નિર્દેશ કર્યો હોત તો પણ श्न+इ મળીને ए થતાં બધા પ્રયોગો સિદ્ધ થવાનાં જ હતાં. તો પણ દીર્ઘ ઈનો નિર્દેશ કર્યો તે ઉત્તરસૂત્ર માટે જાણવો.

ब्रूतः परादिः ४.३.६३

अ.अ.सू. : ब्रूतः धातोः व्यञ्जने विति परादिः ईत्।

अर्थ : ब्रू धातुनां ऊथी पर व्यंजनादि वित् प्रत्यय पर छतां पर (प्रत्यय) आदिवाळो ईत् थाय छे.

स. : परादिः = परस्य आदिरिति।

उदा. ब्रवीति = ते बोले छे. (ब्रूंग्क् व्यक्तायां वाचि-११२५)
सति ५.२.१९ वगेरेथी तिव्→ब्रू+**ति**
आ सूत्रथी ईत्→ब्रू+**ई**+ति
नामिनो गुणो०४.३.१थी गुण→**ब्रो**+ई+ति
ओदौतोऽ०१.२.२४थी अव्→**ब्रवी**ति।

प्र.उदा. ऊत इति किम्? आत्थ = तुं बोले छे.
सति ५.२.१९ वगेरेथी सिव्→ब्रू+**सि**
ब्रूगानां पञ्चा०४.२.११८थी आह् अने सि नो थव्→**आह्+थ**
नहाहोर्ध०२.१.८५थी ह् नो त्→आत्थ।

★ आ सूत्रनी प्रवृत्ति ऊथी पर थाय छे. ज्यारे अहीं ऊ नथी. माटे आ सूत्रथी ईत् थयो नहीं.

विशेषता :

अहीं सूत्रमां परादिः એ प्रमाणे कार्यરૂप ईने पर अवयव રૂप જણાવ્યું છે. અને તે પર અવયવરૂપ પ્રત્યયનો અવયવ હોવાથી शित् मनाय छे. तेथी, ब्रवीति प्रयोगमां वच् आदेश थतो नथी. यद्यपि अहीं पण तेटलुं ज मात्र ईष्ट होत तो परादिः એ प्रमाणे पद न कहेतां ब्रूतः शित् એवो सूत्र निर्देश थई शकत. परंतु जो परादिः नो निर्देश करवामां न आवे तो ते पर अवयवभूत न थतां तिव् वगेरे प्रत्यय

૫૨ છતાં વિત્ પણ મનાતો નથી. તેથી બ્રવીતિ વગેરે પ્રયોગોમાં ગુણનો નિષેધ થવાની આપત્તિ આવે છે. તેમજ, જો બ્રૂતઃ શ્વિદિત્ તેવું સૂત્ર કરવા દ્વારા તે ઈને શિત્-વિત્ કરવામાં આવે તો જંગમીતિ, જાજ્ઞેતિ જેવા પ્રયોગોમાં ગમિષદ્ય૰ ૪.૨.૧૦૬ જા-જ્ઞા-જન૰ ૪.૨.૧૦૪ સૂત્રથી છ્ અને જા આદેશ થવાની આપત્તિ આવે. તે આપત્તિનું નિવારણ કરવા માટે બ્રૂતઃ પરાદિઃ એ પ્રમાણે સૂત્ર જણાવ્યું છે.

यङ्-तु-रु-स्तोर्बहुलम् ૪.૩.૬૪

અ.અ.સૂ. : अद्वेः यङ्-तु-रु-स्तोः धातोः व्यञ्जने विति परादिः ईत् बहुलम्।

અર્થ : યઙ્લુબન્ત ધાતુ તથા દ્વિત્વ નહીં પામેલાં તુ, રુ અને સ્તુ ધાતુથી પરમાં વ્યંજનાદિ વિત્ પ્રત્યય પર છતાં પર આદિવાળી ઈત્ બહુલતાએ થાય છે.

સ. : यङ्-तु-रु-स्तोः = यङ् च तुश्च रुश्च स्तुश्चेति यङ-तु-रु-स्तु, तस्मादिति।

ઉદા. (૧) बोभवीति/बोभोति = તે વારંવાર થાય છે.
(भू सत्तायाम्-१)
व्यञ्जनादेरेक०૩.૪.૯થી यङ्→भू+**य**
सन्यङ०૪.૧.૩થી દ્વિત્વ→**भू**भू+य
ह्रस्वः ૪.૧.૩૯થી હ્રસ્વ→**भु**भू+य
द्वितीय-तुर्ययोः०૪.૧.૪૨થી भ्नो ब्→**बु**भू+य
आ-गुणा०૪.૧.૪૮થી ओ→**बो**भूय
बहुलं०૩.૪.૧૪થી यङ्नो लोप→बोभू
सति ૫.૨.૧૯ વગેરેથી तिव्→बोभू+**ति**
नामिनो०૪.૩.૧થી ગુણ→बो**भो**+ति

आ सूत्रथी ईत् आगम→बोभो+**ई**+ति
ओदौतोऽ०१.२.२४थी अव्→बो**भवी**ति
જ્યારે ઈત્ ન થાય ત્યારે, बोभोति।

(२) **वर्वर्त्ति** = તે વારંવાર વર્ત્તે છે. (वृतूङ् वर्त्तने-९५५)
व्यञ्जनादेरेक०३.४.९थी यङ्→वृत्+**य**
सन्यङ०४.१.३थी द्वित्व→**वृ**वृत्+य
ऋतोऽत् ४.१.३८थी ऋनो अ→**व**वृत्+य
बहुलं०३.४.१४थी यङ्नो लोप→ववृत्
रि-रौ च०४.१.५६थी र् आगम→व**र्वृ**त्
तिव् वगेरे→**वर्विर्त्ति**।

★ बहुलम्नां કારણે અહીં આ સૂત્રથી ईत् आगम થયો નહીં.

(३) **तवीति/तौति** = તે જાય છે. (तुंक् वृत्ति-हिंसा०१०७९)
सति ५.२.१९ वगेरेथी तिव्→तु+**ति**
आ सूत्रथी विકલ્પે ई आगम→तु+**ई**+ति
नामिनो०४.३.१थी गुण→**तो**+ई+ति
ओदौतोऽ०१.२.२४थी अव्→**तवी**ति।
વિકલ્પે : જ્યારે ईत् आगम न थाय त्यारे,
उत और्विति०४.३.५९थी उनो औ→**तौ**ति।

(४) **रवीति/रौति** = તે અવાજ કરે છે. (रुंक् शब्दे-१०८५)

(५) **स्तवीति/स्तौति** = તે સ્તુતિ કરે છે. (ष्टुंग्क् स्तुतौ-११२४)

प्र.ઉદા. अद्वेरित्येव→

(१) **तुतोथ** = તું ગયો.
परोक्षे ५.२.१२ वगेरेथी थव्→तु+**थ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**तु**तु+थ
नामिनो०४.३.१थी गुण→तु**तो**थ।

(૨) **तुष्टोथ** = તેં સ્તુતિ કરી.
આ ઉદા.ની સાધનિકા तुतोथ પ્રમાણે જાણવી. પરંતુ नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्नो ष् કરવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ દ્વિત્વ નહીં પામેલ ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં દ્વિત્વ પામેલ ધાતુ છે. માટે આ સૂત્રથી ईत् થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાં बहुलम्નો અધિકાર હોવાથી શિષ્ટ પ્રયોગાનુસારે આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, न दिस्योः ૪.૩.૬૧ સૂત્રમાં अद्वेः અધિકારનો નિર્દેશ કર્યો નથી. પરંતુ **अपेक्षा-तोऽधिकारः ૧/૧૨** ન્યાયાનુસારે આ સૂત્રમાં તેની અનુવૃત્તિ આવે છે. તેથી તુતોથ, તુષ્ટોથ ઇત્યાદિ પ્રયોગોમાં વ્યંજનાદિ વિત્ પ્રત્યય પર હોવા છતાં પણ ધાતુ દ્વિત્વ થયે છતે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

(૩) અહીં સૂત્રમાં યઙ્પ્રત્યયનો નિર્દેશ કર્યો છે. તેથી યઙન્તનું ગ્રહણ થવું જોઈએ. પરંતુ યઙન્ત પ્રયોગો આત્મનેપદમાં જ વપરાતાં હોવાથી નિમિત્તભૂત વ્યંજનાદિ વિત્ પ્રત્યયની પ્રાપ્તિ થતી નથી. તેથી યઙન્તમાં આ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં તેમાં ઉદા. પણ દર્શાવાયાં નથી. તથા, યઙન્તનાં નિર્દેશથી યઙ્લુબન્ત નું પણ ગ્રહણ થઈ જાય છે. અને તેમાં જ યઙ્નાં ગ્રહણની સાર્થકતા જાણવી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો वावदीति, लालपीति, रोरवीति જેવાં પ્રયોગમાં નિત્ય ई અને बोभोति, बोभवीति; सोषोति, सोषवीति;

चर्कर्त्ति, चर्करीति જેવાં પ્રયોગમાં વિકલ્પે ई માને છે. તથા वर्वर्त्ति, वर्वर्ष्टि જેવાં પ્રયોગમાં ई ઇચ્છતાં નથી.

सः सिजस्तेर्दिस्योः ४.३.६५

અ.અ.સૂ. : सः सिजस्तेः धातोः दि-स्योः परादिः ईत्।

અર્થ : સ્કારાન્ત सिच् પ્રત્યયાન્ત અને अस् ધાતુથી પરમાં दि અને सि પ્રત્યય પર છતાં પરાદિ ईत् થાય છે.

સ. : (૧) **सिजस्तेः** = सिच् च अस्तिश्चेति सिजस्तिः, तस्मादिति।

(૨) **दिस्योः** = दिश्च सिश्चेति दिसी, तयोरिति।

ઉદા. (૧) **अकार्षीत्** = તેણે કર્યું. (डुकृंग् करणे-८८८)

(૨) **अकार्षीः** = તેં કર્યું.
આ ઉદા.ની સાધનિકા ૪.૩.૪૪ નિર્દિષ્ટ अचैषीत् પ્રમાણે જાણવી.

(૩) **आसीत्** = તે હતો. (असक् भुवि-११०२)
अनद्यतने ह्य०५.२.७ વગેરેથી दिव्→अस्+**त्**
एत्यस्ते०४.४.३०થી अ ની વૃદ્ધિ→**आ**स्+त्
આ સૂત્રથી ईत्→आ**सी**त्।

(૪) **आसीः** = તું હતો.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. स इति किम्? अदात् = તેણે આપ્યું. (डुदांग्क् दाने-११३८)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી दि→दा+**त्**
सिजद्यतन्याम् ३.४.५३થી सिच्→दा+**स्**+त्
पिबैति-दा-भू०४.३.६६થી सिच्નો લોપ→दात्
अड् धातो०४.४.२९થી अट्→**अ**दात्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સકારાન્ત સિચ્ પ્રત્યયાન્ત ધાતુથી થાય છે. જ્યારે અહીં સકારાન્ત સિચ્ નથી. માટે આ સૂત્રથી ઈત્ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં ઈ કાર્ય પર અવયવભૂત બનતાં પ્રત્યયરૂપ બને છે. તેથી આસીત્, આસીઃ વગેરે પ્રયોગોમાં ધાતુ તો વ્યંજનાન્ત જ કહેવાતાં વ્યઞ્જનાદેઃ સઞ્ચ દઃ ૪.૩.૭૮ સૂત્રથી દ્નો લોપ થવાની પ્રાપ્તિ છે. પરંતુ અહીં સૂત્રમાં દિ-સ્યોઃ એ પ્રમાણે દિવ્ અને સિવ્નો નિર્દેશ કર્યો છે. તે નિર્દેશનાં સામર્થ્યથી જ તે સૂત્રની પ્રવૃત્તિ ન થતાં પ્રત્યયનો લોપ થશે નહીં.

(૨) અહીં સૂત્રમાં અસ્ ધાતુનો પૃથક્ નિર્દેશ કર્યો છે. તેમજ, અદ્યતનીમાં તેનો भू આદેશ થતો હોવાથી તેનાં આસીત્, આસીઃ પ્રયોગો હ્યસ્તન ભૂતકાળ સંબંધી જ જાણવા.

पिबैति-दा-भू-स्थः सिचो लुप् परस्मै न चेट् ४.३.६६

અ.અ.સૂ. : पिबैति-दा-भू-स्थः धातोः सिचः परस्मै लुप्, न च इट्।

અર્થ : પા, इ, દા સંજ્ઞક, भू અને સ્થા ધાતુથી પરમાં રહેલ સિચ્ પ્રત્યયનો પરસ્મૈપદનાં વિષયમાં લોપ થાય છે. અને તે લોપનાં યોગમાં ઇટ્ આગમ થતો નથી.

સ. : पिबैति-दा-भू-स्थः = पिबश्च एतिश्च दाश्च भूश्च स्थाश्चेति पिबैतिदाभूस्थ्, तस्मादिति ।

ઉદા. (૧) **अपात्** = તેણે પીધું. (पां पाने-૨)

(૨) **अगात्** = તે ગયો. (इंण्क् गतौ-૧૦૭૫)

(૩) **अध्यगात्** = તે પામ્યો. (इंक् स्मरणे-૧૦૭૪)

(૪) **अदात्** = તેણે આપ્યું. (दां दाने-૭)

(૫) **अधात्** = તેણે ધારણ કર્યું. (डुधांग्क् धारणे-૧૧૩૯)

(૬) **अभूत्** = તે થયો. (भू सत्तायाम्-૧)

(૭) **अस्थात्** = તે રહ્યો. (ष्ठां गतिनिवृत्तौ-૫)

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ अदात् પ્રમાણે જાણવી. અને ઉદા.(૨) અને (૩)માં इणिको० ૪.૪.૨૩થી इ ધાતુનો गा આદેશ કરવો.

પ્ર.ઉદા. **परस्मै इति किम् ? अपासत पयांसि** =

તેઓ વડે દૂધ પીવાયું.

अद्यतनी ૫.૨.૪ વગેરેથી अन्त→पा+**अन्त**

सिजद्यतन्याम् ૩.૪.૫૩થી सिच्→पा+**स्**+अन्त

अनतोऽन्तो०૪.૨.૧૧૪થી अन्त्નો अत्→पा**सत**

अड् धातो०૪.૪.૨૯થી अट् આગમ→**अ**पासत।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પરસ્મૈપદનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં પરસ્મૈપદનાં પ્રત્યયો નથી. માટે આ સૂત્રથી सिच्નો લોપ થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાં पिब એ પ્રમાણે शव् સહિત पा ધાતુનો નિર્દેશ હોવાથી पां-૨ ધાતુમાં જ આ સૂત્રની પ્રવૃત્તિ થશે. પણ અદાદિ पांक्-૧૦૬૭ અને भ्वादि पैं-૪૭ ધાતુ આ સૂત્રનાં વિષયભૂત બનશે નહીં.

(૨) સૂત્રમાં भूનું ગ્રહણ હોવાથી अस् ધાતુનાં भू આદેશનું પણ ગ્રહણ થાય છે.

(૩) સૂત્રમાં एति એ પ્રમાણે નિરનુબંધ इ ધાતુનો નિર્દેશ હોવાથી **निरनुबन्धग्रहणे सामान्येन ૨/૫** ન્યાયાનુસારે ઇંણ્ક્-૧૦૭૫, ઇંક્-૧૦૭૪ આ બંને ધાતુમાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

(૪) આ સૂત્રમાં सिच्નો લોપ કર્યો છે. આ વિધિ પર હોવાથી તેનાં દ્વારા પૂર્વ જણાવેલ ईत् કાર્યનો બાધ થાય છે. તેથી જ્યારે सिच् પ્રત્યયનો લોપ થશે ત્યારે सः सिजस्ते० ૪.૩.૬૫ સૂત્રથી ई પણ થશે નહીં. જેમકે, अस्थात्।

(૫) અહીં સૂત્રમાં लुक् એ પ્રમાણે ન જણાવતાં लुप्નો નિર્દેશ કર્યો છે. તેથી, लुप्य्वृल्लेनद् ૭.૪.૧૧૨ પરિભાષાનુસારે સ્થાનીવત્ભાવ મનાશે નહીં. માટે बोभोत् જેવા પ્રયોગોમાં सिचि परस्मै०૪.૩.૪૪ સૂત્રથી વૃદ્ધિ થશે નહીં.

ट्धे-घ्रा-शा-च्छा-सो वा ૪.૩.૬૭

અ.અ.સૂ. : ट्धे-घ्रा-शा-च्छा-सः धातोः सिचः परस्मै लुब् वा, न च इट्।

અર્થ : धे, घ्रा, शा, छा અને सो ધાતુથી પર રહેલાં सिच् પ્રત્યયનો પરસ્મૈપદમાં વિકલ્પે લોપ થાય છે. અને તે લોપનાં યોગમાં इट् થતો નથી.

સ. : ट्धे-घ्रा-शा-च्छा-सः = ट्धेश्च घ्राश्च शाश्च छाश्च साश्चेति ट्धेघ्राशाच्छास्, तस्मादिति।

ઉદા. (૧) **अधात्/अधासीत्** = તેણે પીધું. (ट्धेँ पाने-२८)

(૨) **अघ्रात्/अघ्रासीत्** = તેણે સુંઘ્યું. (घ्रां गन्धोपादाने-३)

(૩) **अशात्/अशासीत्** = તેણે પાતળું કર્યું.
(शोंच् तक्षणे-११४७)

(૪) **अच्छात्/अच्छासीत्** = તેણે કાપ્યું. (छोंच् छेदने-११४९)

(૫) **असात्/असासीत्** = તે નાશ પામ્યો.
(षोंच् अन्तकर्मणि-११५०)

★ આ ઉદા.ની સાધનિકા ४.३.६५ નિર્દિષ્ટ अदात् અને ४.३.४४ નિર્દિષ્ટ अचैषीत् પ્રમાણે જાણવી. પરંતુ સિચ્નો લોપ આ સૂત્રથી વિકલ્પે કરવો.

વિશેષતા :

અહીં ट्धे ધાતુથી પૂર્વસૂત્ર દ્વારા નિત્ય સિચ્નાં લોપની પ્રાપ્તિ હતી. અને અન્ય ધાતુથી સિચ્નો લોપ પ્રાપ્ત ન હતો. પ્રાપ્ત અને અપ્રાપ્તનો વિકલ્પ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

तन्भ्यो वा त-थासि न्-णोश्च ४.३.६८

અ.અ.સૂ. : तन्भ्यः धातुभ्यः सिचः त-थासि लुप् वा, न्-णोः च लुप्, न च इट्।

અર્થ : तन् વગેરે ધાતુથી પર રહેલ સિચ્ પ્રત્યયનો त અને थास् પ્રત્યય પર છતાં વિકલ્પે લોપ થાય છે. તથા તે લોપનાં યોગમાં न् અને ण्નો લોપ થાય છે. તેમજ इट् થતી નથી.

સ. : (૧) **त-थासि** = तश्च थास् चेति त-थास्, तस्मिन्निति।

(૨) **न्-णोः** = न् च ण् चेति न्णौ, तयोरिति।

ઉદા. (૧) **अतत/अतनिष्ट** = તેણે વિસ્તાર્યું. (તનૂયી વિસ્તારે-૧૪૯૯)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી ત→તન્+**त**
સિજદ્યતન્યામ્ ૩.૪.૫૩થી સિચ્→તન્+**સ્**+ત
આ સૂત્રથી સિચ્ અને ન્નો લોપ તથા ઇટ્નો નિષેધ→તત
અડ્ ધાતો૦૪.૪.૨૯થી અટ્ આગમ→**અ**તત।
વિકલ્પે : જ્યારે સ્ વગેરેનો લોપ ન થાય ત્યારે,
સ્તાદ્યશિતો૦૪.૪.૩૨થી ઇટ્→**તનિ**+સ્ત
નામ્યન્તસ્થા૦૨.૩.૧૫થી સ્નો ષ્→તનિ+**ષ્**+ત
તવર્ગસ્ય૦૧.૩.૬૦થી ત્નો ટ્→તનિષ્ટ
અડ્ ધાતો૦૪.૪.૨૯થી અટ્→**અ**તનિષ્ટ।

(૨) **अतथाः/अतनिष्ठाः** = તેં વિસ્તાર્યું.
(૩) **असत/असनिष्ट** = તેણે આપ્યું. (षोंच् अन्तकर्मणि-૧૧૫૦)
(૪) **असथाः/असनिष्ठाः** = તેં આપ્યું.

વિશેષતા :

અહીં સૂત્રમાં થાસ્ પ્રત્યયનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો परस्मै નો અધિકાર અટકી જાય છે. તથા, થાસ્નાં સાહચર્યથી ત પ્રત્યય પણ આત્મનેપદ સંબંધી જ જાણવો. તેથી, અતનિષ્ટ यूयम् જેવા સ્થાને આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો ક્ષણ્ વગેરે ધાતુને ણ્ ઉપદેશવાળો અર્થાત્ સ્વાભાવિક ણ્ અન્તવાળો જ માને છે. પણ ન્નાં આદેશભૂત નહીં. તેઓનાં મતનો સંગ્રહ કરવા માટે સૂત્રમાં ણકારનું ગ્રહણ કર્યું છે. અન્યથા સ્વમતે તો લાક્ષણિકતયા ન્કારનાં ગ્રહણથી જ ણ્કારનું ગ્રહણ પણ સિદ્ધ છે.

सनस्तत्राऽऽवा ४.३.६९

अ.अ.सू. : सनः धातोः तत्र आ वा।

અર્થ : सन् ધાતુથી પરમાં तत्र = सिच् પ્રત્યય અને न्નો લોપ થયે છતે ધાતુનાં સ્વરનો આ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **असात/असत** = તેણે આપ્યું. (षणूयी दाने-૧૫૦૦)

(૨) **असाथाः/असथाः** = તેં આપ્યું.

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ असत વગેરે પ્રમાણે જાણવી. અને આ સૂત્રથી ધાતુનાં સ્વરનો આ વિકલ્પે કરવો.

પ્ર.ઉદા. **तत्रेति किम् ? असनिष्ट** = તેણે આપ્યું.

આ ઉદા.ની સાધનિકા ૪.૩.૬૮માં દર્શાવેલ अतनिष्ट પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ सिच् પ્રત્યય અને न्નો લોપ થયે છતે થાય છે. જ્યારે અહીં લોપ થયેલ નથી. માટે આ સૂત્રથી अનો आ થયો નહીં.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો આ સૂત્રની પ્રવૃત્તિ માનતાં નથી. તેથી તેઓનાં મતે अक्षतः પ્રયોગ જ થાય છે. તો વળી અન્ય કેટલાંક નિત્ય માને છે. તેથી તેઓનાં મતે अक्षातः પ્રયોગ જ સિદ્ધ થશે.

धुड्-ह्रस्वाल्लुगनिटस्त-थोः ४.३.७०

अ.अ.सू. : धुड्-ह्रस्वात् धातोः अनिटः सिचः त-थोः लुप्।

અર્થ : ધુટ્ વ્યંજનાન્ત અને હ્રસ્વ સ્વરાન્ત ધાતુથી પર રહેલ અનિટ્ સિચ્ પ્રત્યયનો તકારાદિ અને થકારાદિ પ્રત્યય પર છતાં લોપ થાય છે.

સ. : (૧) धुड्-ह्रस्वात् = धुट् च ह्रस्वश्चेति धुड्ह्रस्वः, तस्मादिति।

(૨) **तथोः** = तश्च थ् चेति तथौ, तयोरिति।

ઉદા. (૧) अभित्त = તેણે ભેદ્યું. (भिदृंपी विदारणे-१४७७)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી त→भिद्+**त**
सिजद्यतन्याम् ૩.૪.૫૩થી सिच्→भिद्+**स्**+त
આ સૂત્રથી सिच्નો લોપ→भिद्+त
अघोषे प्रथमो०१.૩.૫૦થી द्નો त्→**भित्त**
अड् धातो०४.४.२९થી अट्→**अ**भित्त।

(૨) **अभित्थाः** = તેં ભેદ્યું.

(૩) **अकृत** = તેણે કર્યું. (डुकृंग् करणे-८८८)

(૪) **अकृथाः** = તેં કર્યું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. अनिट इति किम्? व्यद्योतिष्ट = તે પ્રકાશિત થયો. (द्युति दीप्तौ-९३७)
આ ઉદા.ની સાધનિકા ૪.૩.૬૮ નિર્દિષ્ટ अतनिष्ट પ્રમાણે જાણવી. પરંતુ लघोरुपा०४.૩.૪થી ગુણ કરવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અનિટ્ સિચ્ પ્રત્યયને વિશે થાય છે. જ્યારે અહીં સિચ્ પ્રત્યય અનિટ્ નથી. માટે આ સૂત્રથી सिच्નો લોપ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં પૂર્વસૂત્રથી लुप्નો અધિકાર આવી જ રહ્યો છે. તો પણ આ સૂત્રથી પુનઃ लुक्નું ગ્રહણ કર્યું છે. તે लुप्यय्व्वृल्लेनद् ૭.૪.૧૧૨ પરિભાષાનુસારે लुक् થયેલ सिच्નો સ્થાનીવત્ભાવ ગ્રહણ કરવા માટે છે. તેથી अवाचम् વગેરે પ્રયોગોમાં આ સૂત્રથી सिच्નો લોપ થયાં પછી પણ व्यञ्जनादेर्वो०૪.૩.૪૭ સૂત્રથી सिच् નિમિત્તક વૃદ્ધિ થાય છે. આ વાત लुक्નાં અધિકારવાળાં આગામી સૂત્રમાં પણ જાણવી.

(૨) અહીં तन्थ्यो वा०૪.૩.૬૮ સૂત્રમાં त-थासिનું ગ્રહણ હોવાથી અહીં એનો અધિકાર આવતો જ હતો. તો પણ સૂત્રમાં પુનઃ तथोःનું ગ્રહણ કર્યું છે. તે વ્યાપ્તિ માટે છે. અને તે વ્યાપ્તિ દ્વારા સાહચર્ય ન્યાયનું ગ્રહણ થશે નહીં. તેથી અહીં આત્મનેપદનાં પ્રત્યયનું ગ્રહણ ન કરતાં તમામ तકારાદિ અને थકારાદિ પ્રત્યયનું ગ્રહણ થાય છે.

(૩) સૂત્રમાં तथोः એ પ્રમાણે દ્વિવચન અને धुड्ह्रस्वात् એ પ્રમાણે એકવચનનો નિર્દેશ છે. આમ, વચનભેદ થવાથી તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થતી નથી.

इट ईति ૪.૩.૭૧

અ.અ.સૂ. : इटः सिचः ईति लुक्।

અર્થ : इट્થી પર રહેલ सिच् પ્રત્યયનો ईत् પર છતાં લોપ થાય છે.

ઉદા. **अलावीत्** = તેણે કાપ્યું. (लूग्श् छेदने-१२९०)
આ ઉદા.ની સાધનિકા ૪.૩.૪૪ નિર્દિષ્ટ ન્યનુવીત્ પ્રમાણે જાણવી. પરંતુ અહીં તે સૂત્રથી વૃદ્ધિ કરવી.

પ્ર.ઉદા.(૧) **इट इति किम् ? अकार्षीत्** = તેણે કર્યું. (डुकृंग् करणे-८८८)
આ ઉદા.ની સાધનિકા ૪.૩.૪૪ નિર્દિષ્ટ અચૈષીત્ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ इट્થી પર રહેલ सिच्ને વિશે થાય છે. જ્યારે અહીં इट् નથી. માટે આ સૂત્રથી सिच्નો લોપ થયો નહીં.

(૨) **ईतीति किम् ? अभणिषम्** = હું બોલ્યો. (भण शब्दे-२६४)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી अम्→भण्+**अम्**
सिजद्यतन्याम् ૩.૪.૫૩થી सिच्→भण्+**स्**+अम्
स्ताद्यशितो०૪.૪.૩૨થી इट्→भ**णि**+स्+अम्
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्નો ष्→भणि**ष**म्
अड् धातो०૪.૪.૨૯થી अट्→**अ**भणिषम्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ इट् પર છતાં થાય છે. જ્યારે અહીં इट् પરમાં નથી. માટે આ સૂત્રથી सिच्નો લોપ થયો નહીં.

सो धि वा ૪.૩.૭૨

અ.અ.સૂ. : **धातोः धि सः लुप् वा।**

અર્થ : ધાતુથી પર રહેલાં ધકારાદિ પ્રત્યય પર છતાં પૂર્વનાં સ્નો વિકલ્પે લોપ થાય છે.

ઉદા. (૧) **चकाधि/चकाद्धि** = તું પ્રકાશિત થા.(चकासृक् दीप्तौ-૧૦૯૪)
પ્રૈષા-ऽનુજ્ઞા૦૫.૪.૨૯થી हि→चकास्+**हि**
हु-धुटो૦૪.૨.૮૩થી हिનો धि→चकास्+**धि**
આ સૂત્રથી વિકલ્પે સ્નો લોપ→चका**धि**
વિકલ્પે : જ્યારે સ્નો લોપ ન થાય ત્યારે,
तृतीयस्तृतीय०૧.૩.૪૯થી સ્નો द्→चका**द्धि**।

(૨) **अलविध्वम्/अलविड्ढ्वम्** = તમે કાપ્યું.
(लूगृश् छेदने-૧૫૧૯)
अद्यतनी ૫.૨.૪ વગેરેથી ध्वम्→लू+**ध्वम्**
सिजद्यतन्याम् ૩.૪.૫૩થી सिच्→लू+**स्**+ध्वम्
स्ताद्यशितो૦૪.૪.૩૨થી इट्→लू+**इस्**+ध्वम्
नामिनो गुणो૦૪.૩.૧થી ગુણ→**लो**+इस्+ध्वम्
ओदौतोऽ૦૧.૨.૨૪થી अव्→**लवि**+स्+ध्वम्
अड् धातो૦૪.૪.૨૯થી अट्→**अ**लवि+स्+ध्वम्
આ સૂત્રથી સ્નો લોપ→अलवि+ध्वम्
વિકલ્પે : જ્યારે લોપ ન થાય ત્યારે,
नाम्यन्तस्था૦૨.૩.૧૫થી સ્નો ष्→अलवि**ष्**+ध्वम्
तृतीयस्तृतीय०૧.૩.૪૯થી ष्નો ड्→अलवि**ड्**+ध्वम्
तवर्गस्य०૧.૩.૬૦થી ध्નો द्ध्→अलविड्**द्ध्**वम्।

વિશેષતા :

પૂર્વસૂત્રથી सिच्નો અધિકાર આવતો જ હતો. તથાપિ સૂત્રમાં સ્કારનું ગ્રહણ કર્યું છે. તે જણાવે છે કે, અહીં સામાન્ય સ્કારમાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. તેથી આ સૂત્ર દ્વારા ધાતુનાં સ્કારનો પણ લોપ થાય છે. જેમકે, चकाधि।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો આ સૂત્રની પ્રવૃત્તિ વિકલ્પે ઇચ્છતાં નથી. વળી અન્ય વ્યાકરણકારો सिच्નો જ નિત્ય લોપ ઇચ્છે છે.

अस्तेः सि हस्त्वेति ४.३.७३

અ.અ.સૂ. : अस्तेः धातोः सि लुप्, एति तु हः ।

અર્થ : अस् ધાતુનાં स्નો सकारादि પ્રત્યય પર છતાં લોપ થાય છે. પરંતુ ए પ્રત્યય પર છતાં स्નો ह् થાય છે.

ઉદા. (૧) **असि** = તું છે. (असक् भुवि-११०२)
सति ५.२.१९ વગેરેથી सिव्→अस्+**सि**
આ સૂત્રથી स्નો લોપ→असि।

(૨) **व्यतिहे** = તેને બદલે તું છે.
सति ५.२.१९ વગેરેથી से→व्यति+अस्+**से**
श्नाऽस्त्योऽ४.२.९०થી अનો લોપ→व्यति+स्+से
આ સૂત્રથી स्નો લોપ→व्यतिसे।

(૩) **व्यतिहे** = તેને બદલે હું છું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અહીં ए પ્રત્યય થતાં स्નો ह् કરવો.

(૪) **भावयामहे** = મેં ઉત્પન્ન કર્યું. (भू सत्तायाम्-१)
प्रयोक्तृ०३.४.२०થી णिग्→भू+**इ**
नामिनोऽ०४.३.५१થી वृद्धि→**भौ**+इ
ओदौतोऽ०१.२.२४થી आव्→**भावि**
परोक्षे ५.२.१२ વગેરેથી ए→भावि+**ए**

धातोरनेकस्वरा०३.४.४६थी आम्→भावि+**आम्+अस्+ए**
आमन्ताल्वा०४.३.८५थी णिग्नो अय्→भा**वया**म्+अस्+ए
द्विर्धातुः०४.१.१थी द्वित्व→भावयाम्+**अस्**अस्+ए
व्यञ्जनस्याऽ०४.१.४४थी स्नो लोप→भावयाम्+अअस्+ए
अस्यादेराः०४.१.६८थी अनो आ→भावयाम्+**आ**अस्+ए
समानानां०१.२.१थी दीर्घ→भावया**मा**से
आ सूत्रथी स्नो ह्→भावयामा**हे**।

વિશેષતા :

(૧) અહીં વ્યતિસે જેવા ઉદા.માં અસ્ ધાતુનાં અકાર અને સ્કારનો લોપ થઈ જાય છે. તેથી ઉપસર્ગસહિત માત્ર પ્રત્યય પદસંજ્ઞક થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારોનાં મતે પરોક્ષાનો એકાર પ્રત્યય આ સૂત્રમાં નિમિત્તભૂત બનતો નથી. તેથી તેઓનાં મતે ભાવયામાસે જેવા પ્રયોગો જ થાય છે.

दुह-दिह-लिह-गुहो दन्त्याऽत्मने वा सकः ४.३.७४

અ.અ.સૂ. : दुह-दिह-लिह-गुहः धातोः सकः दन्त्याऽत्मने लुप् वा।

અર્થ : દુહ, દિહ, લિહ્ અને ગુહ્ ધાતુથી પર રહેલ સક્ પ્રત્યયનો દન્ત્યાદિવાળાં આત્મનેપદ પ્રત્યય પર છતાં વિકલ્પે લોપ થાય છે.

સ. : (૧) दुह-दिह-लिह-गुहः = दुहश्च दिहश्च लिहश्च गुहश्चेति दुहदिहलिहगुह, तस्मादिति।

(२) **दन्त्याऽत्मने** = दन्त्यं च तद् आत्मनेपदं चेति (सूत्रत्वात् ङि लोपः।)

ઉદા. (१) **अदुग्ध/अधुक्षत** = તેણે દોહ્યું. (दुहींक् क्षरणे-११२७)
अद्यतनी ५.२.४ वगेरेथी त→दुह्+**त**
ह-शिटो नाम्यु०३.४.५५थी सक्→दुह्+**स**+त
आ सूत्रथी सक्नो लोप→दुह्+त
भ्वादेर्दादि०२.१.६३थी ह्नो घ्→दुघ्+त
अधश्चतुर्थात्०२.१.७९थी त्नो ध्→दुघ्+**ध**
तृतीयस्तृतीय०१.३.४९थी घ्नो ग्→दुग्ध
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**दुग्ध।
विकल्पे : જ્યારે सक्नो लोप न थाय त्यारे,
ग-ड-द-बादेः०२.१.७७थी द्नो ध्→अधुघ्+स+त
अघोषे प्रथमो०१.३.५०थी घ्नो क्→अधुक्+स+त
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→अधुक्षत।

(२) **अदिग्ध/अधिक्षत** = તે ચોંટ્યું. (दिहींक् लेपे-११२८)
આ ઉદા.ની साधनिका पूर्वप्रमाणे જાણવી.

(३) **अलीढाः/अलिक्षथाः** = તેં ચાટ્યું.
(लिहींक् आस्वादने-११२९)
अद्यतनी ५.२.४ वगेरेथी थास्→लिह्+**थास्**
ह-शिटो नाम्यु०३.४.५५थी सक्→लिह+**स**+थास्
आ सूत्रथी सक्नो लोप→लिह्+थास्
हो धुट्०२.१.८२थी ह्नो ढ्→लि**ढ्**+थास्
अधश्चतुर्थात्०२.१.७९थी थ्नो ध्→लिढ्+**धास्**
तवर्गस्य०१.३.६०थी ध्नो ढ्→लिढ्+**ढास्**

ढस्ङे १.३.४२थी ढ्नो लोप, पूर्वनो स्वर दीर्घ→ **ली**ढास्

अड् धातो०४.४.२९थी अट्→**अ**लीढास्

पदसंज्ञा वगेरे→अलीढाः।

विकल्पे : જ્યારે सक्नो लोप न थाय त्यारे,

हो धुट्०२.१.८२थी ह्नो ढ्→अ+लि**ढ्**+स+थास्

षढोः०२.१.६२थी ढ्नो क्→अ+लि**क्**+स+थास्

नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→अलि**क्ष**थास्

पदसंज्ञा वगेरे→अलिक्षथाः।

(४) **न्यगुह्वहि/न्यघुक्षावहि** = અમે બેએ ગૂઢ રાખ્યું. (गुहौग् संवरणे-९३५)

अद्यतनी ५.२.४ वगेरेथी वहि→नि+गुह्+**वहि**

ह-शिटो नाम्यु०३.४.५५थी सक्→नि+गुह्+**स**+वहि

आ सूत्रथी सक्नो लोप→नि+गुह्वहि

अड् धातो०४.४.२९थी अट्→नि+**अ**गुह्वहि

इवर्णादेरस्वे०१.२.२१थी इनो य्→**न्य**गुह्वहि।

विकल्पे : જ્યારે सक्नो लोप न थाय त्यारे,

हो धुट्०२.१.८२थी ह्नो ढ्→नि+गु**द्**+स+वहि

ग-ड-द-बादेः०२.१.७७थी ग्नो घ्→नि+घु**द्**+स+वहि

षढोः क०२.१.६२थी ढ्नो क्→नि+घु**क्**+स+वहि

नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→नि+घु**क्ष**वहि

मव्यस्याः ४.२.११३थी दीर्घ→नि+घु**क्षा**वहि

अड् धातो०४.४.२९थी अट्→नि+**अ**घुक्षावहि

इवर्णादे०१.२.२१थी इनो य्→**न्य**घुक्षावहि।

પ્ર.ઉદા. **दन्त्येति किम् ? अधुक्षामहि** = અમે દોહ્યું.
(दुहींक् क्षरणे-११२७)
આ ઉદા.ની સાધનિકા न्यघुक्षावहि પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ દન્ત્ય વર્ણવાળો પ્રત્યય આદિમાં હોય તો થાય છે. જ્યારે અહીં મહિ પ્રત્યય છે. માટે આ સૂત્રથી વિકલ્પે सक्નો લોપ થયો નહીં.

स्वरेऽतः ४.३.७५

અ.અ.સૂ. : सकः अतः स्वरे लुप्।

અર્થ : सक् પ્રત્યયનાં अનો સ્વરાદિ પ્રત્યય પર છતાં લોપ થાય છે.

ઉદા. अधुक्षाताम् = તે બે વ્યક્તિએ દોહ્યું. (दुहींक् क्षरणे-११२७)
अद्यतनी ५.२.४ વગેરેથી आताम्→दुह्+**आताम्**
ह-शिटो नाम्यु०३.४.५५थी सक्→दुह्+**स**+आताम्
हो धुट्०२.१.८२थी ह्નો ढ्→**दुढ्**+स+आताम्
ग-ड-द-बादेः०२.१.७७थी द्નો ध्→**धुढ्**+स+आताम्
षढोः क०२.१.६२थी ढ्નો क्→**धुक्**+स+आताम्
नाम्यन्तस्था०२.३.१५थी स्નો ष्→धुक्+**ष**+आताम्
આ સૂત્રથી अનો લોપ→धुक्ष्+आताम्
अड् धातो०४.४.२९थी अट् આગમ→**अ**धुक्षाताम्।

વિશેષતા :

અહીં अधुक्षन्त વગેરે પ્રયોગમાં આ સૂત્રથી થતાં अકારનાં લોપનો સ્થાનીવત્ ભાવ થાય છે. તેથી, अधुक्षन्त જેવા પ્રયોગોમાં अનો લોપ થયા પછી પણ अनतोऽन्तो०४.२.११४ દ્વારા अन्त्નો अत् આદેશ થતો નથી.

दरिद्रोऽद्यतन्यां वा ४.३.७६

अ.अ.सू. : दरिद्रः धातोः अद्यतन्यां लुप् वा।

અર્થ : દરિદ્રા ધાતુનાં આ નો અદ્યતનીનાં વિષયમાં લોપ વિકલ્પે થાય છે.

ઉદા. अदरिद्रीत्/अदरिद्रासीत् = તે દરિદ્ર થયો.

(दरिद्रांक् दुर्गतौ-१०९२)

अद्यतनी ५.२.४ વગેરેથી दि→दरिद्रा+**त्**

सिजद्यतन्याम् ३.४.५३थी सिच्→दरिद्रा+**स्**+त्

सः सिजस्ते०४.३.६५थी ईत्→दरिद्रा+स्+**ईत्**

स्ताद्यशितो०४.४.३२थी इट्→दरिद्रा+**इस्**+ईत्

इट ईति ४.३.७१थी स् नो लोप→दरिद्रा+ईत्

આ સૂત્રથી આ નો લોપ→दरिद्रीत्

अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**दरिद्रीत्।

विकल्पे : જ્યારે આ નો લોપ ન થાય ત્યારે,

यमि-रमि०४.४.८६थी इट् અને स् આગમ→अदरिद्रा+**स्**+**इ**+सीत्

इट ईति ४.३.७१थी सिच् नो लोप→अदरिद्रासीत्।

विशेषता :

અહીં ટીકામાં વિષયે એ પ્રમાણે વિષય વ્યાખ્યાન કર્યું છે. અર્થાત્ 'અદ્યતનીનાં વિષયમાં' એવો અર્થ પ્રગટ થાય છે. અને પ્રત્યય લાગતાં પહેલાં જ વિષયની પ્રાપ્તિ થતી હોવાથી यमि-रमि-नमि०४.४.८६ સૂત્ર દ્વારા થતાં इट् અને स् આગમની પૂર્વે જ આ સૂત્રનું કાર્ય થાય છે. અને વિકલ્પપક્ષે इट् અને स् આગમ થાય છે. અન્યથા **आदेशादागमः १/५०** ન્યાયાનુસારે આ સૂત્ર નિર્દિષ્ટ लुप् આદેશની પૂર્વે इट् અને स् આગમ થતાં વિકલ્પે પ્રયોગ થાય નહીં. તથા, એ જ પ્રમાણે ભાવે અને

કર્મણિમાં પણ ઞિટ્ અને ઞિચ્ પ્રત્યય પર છતાં આત ऐः०४.३.५३ સૂત્રથી ऐકાર થાય તે પહેલાં જ આ સૂત્રથી લોપ થાય છે. અને વિકલ્પે એ સૂત્રનું પણ કાર્ય પ્રાપ્ત થાય છે.

अशित्यस्सन्-णकञ्-णकाऽनटि ४.३.७७

અ.અ.સૂ. : अस्सन्-णकञ्-णकाऽनटि अशिति दरिद्रः धातोः आः लुप्।

અર્થ : સકારાદિ સન્ પ્રત્યય, णकच्, णक અને अनट् પ્રત્યય સિવાયનાં અન્ય अशित् પ્રત્યયનાં વિષયમાં दरिद्रा ધાતુનાં આનો લોપ થાય છે.

સ. : (૧) अशिति = श् इत् येषां ते इति शित्, न शित् इति अशित्, तस्मिन्निति।

(૨) **अस्सन्-णकञ्-णकाऽनटि** = सकारादिः सन् इति स्सन्, स्सन् च णकच् च णकश्च अनट् चेति स्सन्-णकञ्-णका-ऽनट्, न स्सन्-णकञ्-णकाऽनट्, अस्सन्-णकच्-णका-ऽनट्, तस्मिन्निति।

ઉદા. दुर्दरिद्रम् = દુઃખદાયક દારિદ્રય. (दरिद्रांक् दुर्गतौ-१०९२)
दुःस्वीषतः०५.३.१३९થી खल्→दुर+दरिद्रा+**अ**
આ સૂત્રથી આનો લોપ→दुर्दरिद्र
પ્રથમા सि વગેરે→दुर्दरि**द्रम्**।

પ્ર.ઉદા.(૧) अशितीति किम्? दरिद्राति = તે દુઃખી થાય છે.
सति ५.२.१९ વગેરેથી तिव्→दरिद्रा**ति**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ शित् સિવાયનાં પ્રત્યયનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં शित् પ્રત્યય છે. માટે આ સૂત્રથી આનો લોપ થયો નહીં.

(२) **सन्नादिवर्जनं किम् ?**

(a) **दिदरिद्रासति** = તે દુઃખી થવાને ઇચ્છે છે.
तुमर्हादि०३.४.२१थी सन्→दरिद्रा+**स**
सन्यङ०४.१.३थी द्वित्व→**द**दरिद्रा+स
सन्यस्य ४.१.५९थी अनो इ→**दि**दरिद्रास
तिव् वगेरे→दिदरिद्रास**ति**।

(b) **दरिद्रायको याति** = દરિદ્ર થવાને જાય છે.
क्रियायां क्रिया०५.३.१३थी णकच्→दरिद्रा+**अक**
आतः ऐः०४.३.५३थी आनो ऐ→दरि**द्रै**+अक
एदैतोऽ०१.२.२३थी आय्→दरि**द्राय**क
प्रथमा सि वगेरे→दरिद्रायकः।

(c) **दरिद्रायकः** = દરિદ્ર.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ णक-तृचौ ५.१.४८थी णक प्रत्यय કરવો.

(d) **दरिद्राणम्** = દરિદ્ર થવું તે.
अनट् ५.३.११४थी अनट्→दरिद्रा+**अन**
र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→दरिद्रा+**अण**
प्रथमा सि वगेरे→दरि**द्राणम्**।

★ આ સૂત્રમાં सन् આદિ પ્રત્યયનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી આનો લોપ થયો નહીં.

विशेषता :

અહીં સૂત્રમાં ...णकच्णकानटि એ પ્રમાણે જે સપ્તમીનો નિર્દેશ કર્યો છે તે વિષય સપ્તમી જાણવી. પરંતુ નિમિત્ત સપ્તમી નહીં. તેથી दरिद्रातीति दरिद्रा એવા પ્રયોગમાં अच् પ્રત્યયની જ પ્રાપ્તિ થાય છે. પણ आકારાન્ત ધાતુને લાગતાં

तन्-व्यधीण्०५.१.७४थी थतो ण प्रत्यय थतो नथी. तेमज, दुर्दरिद्रम् जेवां स्थाने पण आकारान्त प्रकृतिनो बाध थतां शासू-युधि०५.३.१४१थी थतो अन प्रत्यय पण थतो नथी. तथा, दरिद्रः वगेरे प्रयोगमां दरिद्र+घञ् अवस्थामां पूर्व आनो लोप थयो होवाथी आत ऐः०४.३.५३थी आनो ऐ थशे नहीं.

अन्य मत :

केटलांक व्याकरणकारो दरिद्रा धातुमां अनिट् क्वसु प्रत्यय पर छतां आनो लोप ईच्छतां नथी. अने तेओनां मते आवा निर्देशनां सामर्थ्यथी ज इट् अने परोक्षानो आम् पण थशे नहीं. तेथी, दिदरिद्रावान् जेवा प्रयोगो थाय छे.

व्यञ्जनाद् देः सश्च दः ४.३.७८

अ.अ.सू. : व्यञ्जनात् धातोः देः लुप्, सः च दः।

अर्थ : व्यंजनान्त धातुथी पर रहेल दि प्रत्ययनो लोप थाय छे. अने यथासंभव धातुनां स्नो द् थाय छे.

उदा. (१) सोऽचकात् = ते प्रकाशित थयो. (चकासृक् दीप्तौ-१०९४)
अनद्यतने ह्य०५.२.७ वगेरेथी दिव्→चकास्+**त्**
आ सूत्रथी द्नो लोप→चकास्
अने स्नो द्→चका**द्**
विरामे वा १.३.५१थी द्नो त्→चका**त्**
अड् धातो०४.४.२९थी अट्→**अ**चकात्।

(२) **अजागः** = ते जाग्यो. (जागृक् निद्राक्षये-१०९३)
अनद्यतने ह्य०५.२.७ वगेरेथी दिव्→जागृ+**त्**

नामिनो०४.३.१थी गुण→जागर्+त्
आ सूत्रथी दिनो लोप→जागर्
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**जागर्
पदसंज्ञा वगेरे→अजागः।

(३) **अबिभः** = तेणे पोषण कर्युं. (टुडुभृंग्क् पोषणे०११४०)
अनद्यतने०५.२.७ वगेरेथी दिव्→भृ+**त्**
हवः शिति ४.१.१२थी द्वित्व→**भृ**भृ+त्
ऋतोऽत् ४.१.३८थी ऋनो अ→**भ**भृ+त्
द्वितीय-तुर्ययोः०४.१.४२थी भ्नो ब्→**ब**भृ+त्
पृ-भृ-मा०४.१.५८थी अनो इ→**बि**भृ+त्
नामिनो गुणो०४.३.१थी गुण→बि**भर्**+त्
आ सूत्रथी दिव्नो लोप→बिभर्
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**बिभर्
पदसंज्ञा वगेरे→अबिभः।

(४) **अन्वशात्** = तेणे अनुशासन कर्युं.
(शासूक् अनुशिष्टौ-१०९५)
अनद्यतने०५.२.७थी दिव्→अनु+शास्+**त्**
आ सूत्रथी दिव्नो लोप अने स्नो द्→अनु+शाद्
अड् धातो०४.४.२९थी अट् आगम→अनु+**अ**शाद्
इवर्णादे०१.२.२१थी उनो व्→अन्**व**शाद्
विरामे वा १.३.५१थी द्नो त्→अन्वशात्।

प्र.उदा. **व्यञ्जनादिति किम्? अयात्** = ते गयो.
(यांक् प्रापणे-१०६२)
अनद्यतने०५.२.७थी दिव्→या+**त्**
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**यात्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ વ્યંજનાન્ત ધાતુથી થાય છે. જ્યારે અહીં વ્યંજનાન્ત ધાતુ નથી. માટે આ સૂત્રથી દિવ્નો લોપ થયો નહીં.

વિશેષતા :

અહીં अब्रवीद् જેવાં કેટલાંક પ્રયોગોમાં ब्रूतः परादिः ४.३.९३ સૂત્રથી પર અવયવભૂત ई થાય છે. તે પ્રત્યયનાં જ અવયવભૂત હોવાથી અને ब्रू ધાતુનાં ગુણ, अव् આદેશ રૂપ કાર્ય થતાં વ્યંજનાન્ત પણ હોવાથી આ સૂત્રથી ईत् સહિત પ્રત્યયનો લોપ થવાની પ્રાપ્તિ છે. પરંતુ તે ईत् આગમ દિ પ્રત્યયનાં નિમિત્તે પ્રાપ્ત થયો છે. તેથી **सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य** ૧/૩૦ ન્યાયાનુસારે આ સૂત્રથી દિનો લોપ થશે નહીં.

सेः स्-द्-धां च रुर्वा ४.३.७९

અ.અ.સૂ. : व्यञ्जनात् धातोः सेः लुप्, स्-द्धां च रुः वा।

અર્થ : વ્યંજનાન્ત ધાતુથી પર રહેલાં सि પ્રત્યયનો લોપ થાય છે. અને યથાસંભવ ધાતુનાં અન્ત્ય स्, द् અને ध्નો વિકલ્પે रु થાય છે.

સ. : स्-द्धाम् = स् च द् च ध् चेति स्द्ध्, तेषामिति।

ઉદા. (૧) अचकाः/अचकात् त्वम् = તું પ્રકાશિત થયો.
(चकासृक् दीप्तौ-૧૦૯૪)
अनद्यतने०५.२.७थी सिव्→चकास्+**स्**
આ સૂત્રથી सिव्નો લોપ→चकास्
અને स्નો रु→चकार्

अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**चकार्
पदसंज्ञा वगेरे→अचकाः।
विकल्पे : જ્યારે स्नो रु न थाय त्यारे,
धृटस्तृतीयः२.१.७६थी स्नो द्→अचका**द्**
विरामे०१.३.५१थी द्नो त्→अचका**त्**।

(२) **अभिनः/अभिनत् त्वम्** = તેં ભેદ્યું.
(भिदृंपी विदारणे-१४७७)
अनद्यतने०५.२.७थी सिव्→भिद्+**स्**
रुधां स्वराच्छ०३.४.८२थी श्न→**भिनद्**+स्
આ સૂત્રથી सिव्नो लोप→भिनद्
આ સૂત્રથી द्नो रु→भिन**र्**
पदसंज्ञा वगेरे→भिनः
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**भिनः।
विकल्पे : જ્યારે द्नो रु न थाय त्यारे,
विरामे वा १.३.५१थी द्नो त्→अभिन**त्**।

(३) **अरुणः/अरुणत् त्वम्** = તેં રોક્યું. (रुधृंपी आवरणे-१४७३)
આ ઉદા.ની साधनिका पूर्वप्रमाणे જાણવી. પરંતુ र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण् કરવો.

વિશેષતા :

(१) પૂર્વસૂત્રમાં ह्यस्तनीनां दिव् प्रत्यय निमित्तक प्रवृत्ति બતાવી છે, તેથી प्रत्यासत्ति न्यायानुसारे આ સૂત્રમાં પણ ह्यस्तनीनां सिव्नुं જ ગ્રહણ થશે. પણ અન્ય વિભક્તિનું નહીં. તેથી भिनत्सि જેવાં પ્રયોગોમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

જિ. : સામાન્યતયા સો રુઃ ૨.૧.૭૨ સૂત્રથી સ્કાર નિમિત્તે રુ આવી જ જાય છે. તો પણ અહીં સૂત્રમાં દ્, ધ્કાર સાથે સ્નું પણ ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : જો તે પ્રમાણે રુત્વની પ્રાપ્તિ કરવામાં આવે તો વિકલ્પની પ્રાપ્તિ થશે નહીં અને નિત્ય રુત્વ થવાની આપત્તિ આવશે. તેમજ, અહીં વિકલ્પનાં નિર્દેશ-સામર્થ્યથી સો રુઃ ૨.૧.૭૨ સૂત્રથી થતાં રુનો બાધ કરવામાં આવે છે. તેથી, હવે, વિકલ્પપક્ષે ધુટસ્તૃતીયઃ ૨.૧.૭૬થી સ્નો દ્ થાય છે. જેમકે, अचकात्त्वम्।

योऽशिति ૪.૩.૮૦

અ.અ.સૂ. : व्यञ्जनात् धातोः यः अशिति लुप्।

અર્થ : વ્યંજનાન્ત ધાતુથી પર રહેલાં ય્નો अशित् પ્રત્યય પર છતાં લોપ થાય છે.

સ. : अशिति = श् इत् येषां ते इति शित्, न शित् इति अशित्, तस्मिन्निति।

ઉદા. जङ्गमिता = તે કુટિલ રીતે જશે. (गम्लृं गतौ-३९६)
गत्यर्थात्०૩.૪.૧૧થી यङ्→गम्+**य**
सन्यङ०૪.૧.૩થી દ્વિત્વ→**ग**गम्+य
गहोर्जः ૪.૧.૪૦થી ग्नो ज्→**ज**गम्य
मुरतोऽनुना०૪.૧.૫૧થી મુ આગમ→ज**म्**गम्य
तौ मु-मो०૧.૩.૧૪થી म्नो ङ्→जङ्**ग**म्य
अनद्यतने०૫.૩.૫ વગેરેથી ता→जङ्गम्य+**ता**

स्ताद्यशितो०४.४.३२थी इट्→जङ्गम्+य+**इ**+ता
अतः ४.३.८२थी अनो लोप→जङ्गम्+**य्**+इ+ता
आ सूत्रथी य्नो लोप→जङ्गमिता।

प्र.उदा.(१) **व्यञ्जनादित्येव→लोलूयिता** = તે વારંવાર કાપશે.
(लूग्श् छेदने-१५१९)
व्यञ्जनादेरेक०३.४.९थी यङ्→लू+**य**
सन्यङ०४.१.३थी द्वित्व→**लू**लू+य
आ-गुणा०४.१.४८थी ऊनो गुण→**लो**लूय
अनद्यतने श्व०५.३.५थी ता→लोलूय+**ता**
स्ताद्यशितो०४.४.३२थी इट्→लोलूय+**इ**+ता
अतः ४.३.८२थी अनो लोप→लोलूयिता।

★ આ સૂત્રની પ્રવૃત્તિ વ્યંજનાન્ત ધાતુથી થાય છે. જ્યારે અહીં વ્યંજનાન્ત ધાતુ નથી. માટે આ સૂત્રથી य्नो लोप थयो नहीं.

(२) **अशितीति किम्? बेभिद्यते** = તે વારંવાર ભેદે છે.
(भिदृंपी विदारणे-१४७७)
व्यञ्जनादे०३.४.९थी यङ्→भिद्+**य**
सन्यङ०४.१.३थी द्वित्व→**भि**भिद्+य
आ-गुणा०४.१.४८थी गुण→**भे**भिद्+य
द्वितीय-तुर्ययोः०४.१.४२थी भ्नो ब्→**बे**भिद्य
ते वगेरे→बेभिद्य**ते**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ अशित् પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં शित् પ્રત્યય પરમાં છે. માટે આ સૂત્રથી य्नो लोप थयो नहीं.

વિશેષતા :

અહીં ધાતુનાં વિશેષણતયા व्यञ्जनात् પદનું ગ્રહણ કરવામાં આવ્યું છે. તે માત્ર પ્રતિપદોક્ત જ નહીં, પરંતુ લાક્ષણિક પણ ગ્રહણ થાય છે. અર્થાત્ અન્ય કોઈ લોપાદિ કાર્યથી પણ જો ધાતુ વ્યંજનાન્ત થતો હશે તો પણ આ સૂત્રની પ્રવૃત્તિ થશે. જેમકે, સોસૂચિતા, શાશયિતા અહીં સૂચ્ ધાતુથી णिच्નો લોપ થયે છતે અને शय् આદેશમાં अનો લોપ થયે છતે વ્યંજનાન્તપણું પ્રાપ્ત થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો લાક્ષણિક એટલે કે કોઈ કાર્યથી થયેલાં વ્યંજનાન્ત ધાતુથી यनો લોપ ઇચ્છતાં નથી. જેમકે, સોસૂચ્યિતા, શાશય્યિતા તેઓનાં મતનો સંગ્રહ કરવા માટે વ્યંજનાન્ત धातोः विहितस्य એ પ્રમાણે अशितिનું વિશેષણ જાણવું.

क्यो वा ४.३.८१

અ.અ.સૂ. : व्यञ्जनात् धातोः क्यः अशिति लुप् वा।

અર્થ : વ્યંજનાન્ત ધાતુથી પર રહેલ क्य પ્રત્યયનો अशित् પ્રત્યય પર છતાં લોપ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) समिधिष्यति/समिध्यिष्यति = તે લાકડા વિશેષની ઇચ્છા કરશે. समिधमिच्छतीति અર્થમાં,

अमाव्ययात्०૩.૪.૨૩થી क्यन्→समिध्+**य**

भविष्यन्ती ૫.૩.૪થી स्यति→समिध्य+**स्यति**

स्ताद्यशितो०૪.૪.૩૨થી इट्→समिध्य+**इ**+स्यति

नाम्यन्तस्था०२.३.१५थी स्‌नो ष्‌→समिध्य+इ+**ष्यति**
अतः ४.३.८२थी अनो लोप→समिध्यिष्यति
आ सूत्रथी यनो विकल्पे लोप→समिधिष्यति/समिध्यिष्यति।

(२) **दृषदिष्यते/दृषद्यिष्यते** = તે પથ્થર જેવું આચરણ કરે છે.
दृषदिवाचरतीति અર્થમાં,
क्यङ् ३.४.२६थी क्यङ्→दृषद्+**य**
આગળની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં क्य એ પ્રમાણે નિરનુબંધ નિર્દેશ હોવાથી **निरनुबन्धग्रहणे सामान्येन २/५** ન્યાયાનુસારે क्यन्, क्यङ् અને क्यङ्ष् ત્રણે પ્રત્યયનું ગ્રહણ થાય છે. પરંતુ क्यङ्ष् પ્રત્યય વ્યંજનાન્ત ધાતુથી સિદ્ધ થતો નથી.

(૨) અહીં સૂત્રમાં क्यः એ પ્રમાણે વ્યંજનાન્ત क्य् પદની ષષ્ઠી વિભક્તિ દર્શાવી છે. તેથી क्यનાં અનો લોપ થયે છતે આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. અન્યથા જો આ સૂત્રથી જ અકાર સહિત क्यનો લોપ કરવામાં આવે તો તે क्यનો લોપ અકારનાં લોપનાં અપવાદભૂત જણાય, અને સ્થાનીવદ્‌ભાવ પામે છે. તેથી, સમિધિષ્યતિ વગેરે સ્થાને ગુણ વગેરે થવાની આપત્તિ આવે.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો આ સૂત્રથી यक् પ્રત્યયનો લોપ પણ વિકલ્પે ઇચ્છે છે. અને તેઓનાં મતનો સંગ્રહ કરવા માટે અહીં क् સહિત य्‌નો क्य्‌નો નિર્દેશ કરવામાં આવ્યો છે. તેથી તેઓનાં મતે ભિષજિતા, ભિષજ્યિતા એમ વિકલ્પ પ્રયોગો સિદ્ધ થાય છે.

(૨) કેટલાંક વ્યાકરણકારો शिष्य इवाचरिता इति शिषिता, शिष्यिता એ પ્રમાણે પ્રયોગમાં પ્રકૃતિનાં य्नो લોપ ઇચ્છે છે.

अतः ४.३.८२

અ.અ.સૂ. : अतः धातोः अशिति लुप्।

અર્થ : અકારાન્ત ધાતુથી વિધાન કરાયેલાં અશિત્ પ્રત્યય પર છતાં ધાતુનાં અનો લોપ થાય છે.

ઉદા. कथयति = તે કહે છે. (कथण् वाक्यप्रबन्धे-૧૮૮૦)
चुरादिभ्यो०૩.૪.૧૭થી णिच्→कथ+**इ**
આ સૂત્રથી અનો લોપ→कथि
तिव् વગેરે થતાં→**कथय**ति।

પ્ર.ઉદા. विहितविशेषणं किम् ? गतः = ગયેલો. (गम्लृं गतौ-૩૯૬)
क्त-क्तवतू ५.१.१७४થી क्त→गम्+**त**
यमि-रमि०४.२.५५થી म्નો લોપ→गत
प्रथमा सि વગેરે→गतः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અકારાન્ત ધાતુથી વિધાન કરાયેલાં અશિત્ પ્રત્યય પર છતાં થાય છે, જ્યારે અહીં વ્યંજનાન્ત ધાતુથી અશિત્ પ્રત્યયનું વિધાન છે. માટે આ સૂત્રથી અનો લોપ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રગત ટીકામાં अतः એ પ્રમાણે विहिते પદનું વિશેષણ છે. માટે અકારાન્ત ધાતુથી કરાયેલાં એવાં અશિત્ પ્રત્યયની પ્રાપ્તિ પણ છે. તેથી गतः, गतवान्

ઇત્યાદિ પ્રયોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. અહીં ત પ્રત્યય અકારથી પર કરાયેલો નથી. પણ તે પ્રત્યય લાગતાં અન્ત્ય વર્ણનો લોપ થવાથી गम् ધાતુ અકારાન્ત થાય છે.

(૨) અહીં લોપનો નિર્દેશ કર્યો હોવાથી તથા અશિતિ એ પ્રમાણે વિષય સપ્તમી હોવાથી क्यन् પ્રત્યય પર છતાં दीर्घमवो०૪.૩.૧૦૮ સૂત્રનો આ સૂત્રનાં વિષયમાં બાધ કરાય છે. જેમકે, मगध्यति।

णेरनिटि ૪.૩.૮૩

અ.અ.સૂ. : अनिटि अशिति णेः लुप्।

અર્થ : અનિટ્ એવા અશિત્ પ્રત્યય પર છતાં णि પ્રત્યયનો લોપ થાય છે.

ઉદા. (૧) अततक्षत् = તેણે પતલું કરાવ્યું. (तक्षौ तनूकरणे-૫૭૧)
પ્રયોક્તૃ०૩.૪.૨૦થી णिग्→तक्ष्+**इ**
અદ્યતની ૫.૨.૪ વગેરેથી दि→तक्षि+**त्**
णि-श्रि-द्रु०૩.૪.૫૮થી ङ→तक्ष्+इ+**अ**+त्
द्विर्धातुः०૪.૧.૧થી દ્વિત્વ→**तक्ष्**तक्ष्+इ+अ+त्
व्यञ्जनस्या०૪.૧.૪૪થી क्ष નો લોપ→ततक्ष्+इ+अ+त्
આ સૂત્રથી णिग् નો લોપ→ततक्षत्
अड् धातो०૪.૪.૨૯થી अट् આગમ→**अ**ततक्षत्।

(૨) **चेतनः** = આત્મા. (चितुण् स्मृत्याम्-૧૬૪૫)
चुरादिभ्यो०૩.૪.૧૭થી णिच्→चित्+**इ**
लघोरुपा०૪.૩.૪થી ગુણ→**चे**त्+इ

इङितो०५.२.४४थी अन→चेति+**अन**
आ सूत्रथी णिच्नो लोप→चेतन
प्रथमा सि वगेरे→चेतनः।

प्र.ઉદા. अनिटीति किम् ? कारयिता = તે કરાવશે. (डुकृंग् करणे-८८८)
प्रयोक्तृ०३.४.२०थी णिग्→कृ+**इ**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**कारि**
अनद्यतने श्व०५.३.५थी ता→कारि+**ता**
स्ताद्यशितो०४.४.३२थी इट्→कारि+**इ**+ता
गुण वगेरे→**कारयि**ता।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અનિટ્ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં સેટ્ પ્રત્યય છે માટે આ સૂત્રથી णिग्નો લોપ થયો નહીં

વિશેષતા :

(૧) આ સૂત્રથી णिનો લોપ થાય છે. તેથી णि નિમિત્તક એવા इय्, य्, गुण, वृद्धि, दीर्घत्व, आगम વગેરે કાર્યનો બાધ થાય છે.

(૨) સૂત્રમાં अनिटि એ પ્રમાણે વિષય સપ્તમીનો નિર્દેશ હોવાથી चेतनः જેવા પ્રયોગમાં આ સૂત્રથી પૂર્વે જ णिનો લોપ થતાં इङितो व्यञ्जना०५.२.४४थी अन પ્રત્યય સિદ્ધ થાય છે. અન્યથા णिનાં લોપની પૂર્વે ધાતુ અનેકસ્વરી હોવાથી निन्द-हिंस०५.२.६८ સૂત્રથી णकની જ પ્રાપ્તિ હતી.

सेट् क्तयोः ४.३.८४

અ.અ.સૂ. : सेट् क्तयोः णेः लुप्।

અર્થ : સેટ્ क्त અને क्तवतु પ્રત્યય પર છતાં णि પ્રત્યયનો લોપ થાય છે.

स. : **सेट्क्तयोः** = सेटौ च तौ क्तौ चेति सेट्क्तौ, तयोरिति।

उदा. (१) **कारितः** = કરાવેલું. (डुकृंग् करणे-८८८)
प्रयोक्तृ०३.४.२०थी णिग्→कृ+**इ**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**कारि**
क्त-क्तवतू ५.१.१७४थी क्त→कारि**त**
स्ताद्यशितो०४.४.३२थी इट्→कारि+**इ**+त
आ सूत्रथी णि नो लोप→कारित
प्रथमा सि वगेरे→कारितः।

(२) **गणितवान्** = ગણનારો. (गणण् सङ्ख्याने-१८७४)
चुरादिभ्यो०३.४.१७थी णिच्→गण्+**इ**
क्त-क्तवतू ५.१.१७४थी क्तवतु→गणि+**तवत्**
આગળની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

आमन्ताऽऽल्वाऽऽय्येत्नावय् ४.३.८५

अ.अ.सू. : **आमन्ताऽऽल्वाऽऽय्येत्नौ णेः अय्।**

अर्थ : आम्, अन्त, आलु, आय्य અને इत्नु प्रत्यय પર છતાં णि नो अय् आदेश थाय छे.

स. : **आमन्ताऽऽल्वाऽऽयेत्नौ** = आम् च अन्तश्च आलुश्च आय्यश्च इत्नुश्चेति आमन्ताऽऽल्वायेत्नु, तस्मिन्निति।

उदा. (१) **कारयाञ्चकार** = તેણે કરાવ્યું. (डुकृंग् करणे-८८८)
पूर्वप्रमाणे णिग् वगेरे→**कारि**
परोक्षे ५.२.१२ वगेरेथी णव्→कारि+**अ**
धातोरनेकस्वरा०३.४.४६थी आम्+कृ→कारि+**आम्+कृ+अ**
आ सूत्रथी णिग् नो अय्→कार**याम्**+कृ+अ

द्विर्धातुः०४.१.१थी द्वित्व→कारयाम्+**कृ**कृ+अ
ऋतोऽत् ४.१.३८थी ऋनो अ→कारयाम्+**क**कृ+अ
कङश्चञ् ४.१.४६थी क्नो च्→कारयाम्+**च**कृ+अ
नामिनोऽ०४.३.५१थी वृद्धि→कारयाम्+च**कार**
तौ मु-मो०१.३.१४थी अनुस्वा२→कारयाञ्चकार।

(२) **गण्डयन्तः** = घेंटो.
प्रयोक्तृ०३.४.२०थी णिग्→गण्ड्+**इ**
तृजिभू०उणादि.२२१थी अन्त→गण्ड्+इ+**अन्त**
आ सूत्रथी णिग्नो अय्→गण्**डय**न्त
प्रथमा सि वगेरे→गण्डयन्तः।

(३) **स्पृहयालुः** = स्पृहावाळो. (स्पृहण् ईप्सायाम्-१९२८)
चुरादिभ्यो०३.४.१७थी णिच्→स्पृह्+**इ**
शीङः०५.२.३७थी आलु→स्पृह्+इ+**आलु**
आ सूत्रथी णिच्नो अय्→स्पृह**या**लु
प्रथमा सि वगेरे→स्पृहयालुः।

(४) **महयाय्यः** = अश्वमेध यज्ञ. (महण् पूजायाम्-१९२५)
चुरादिभ्यो०३.४.१७थी णिच्→मह्+**इ**
श्रुदक्षि०उणादि३७३थी आय्य→मह्+**आय्य**
आ सूत्रथी णिनो अय्→मह**या**य्य
प्रथमा सि वगेरे→महयाय्यः।

(५) **स्तनयित्नुः** = मेघ. (स्तनण् गर्जे-१८८५)
चुरादिभ्यो०३.४.१७थी णिच्→स्तन्+**इ**
ह्रषि-पुषि०उणादि७९७थी इत्नु→स्तनि+**इत्नु**
आ सूत्रथी इनो अय्→स्तन**यि**त्नु
प्रथमा सि वगेरे→स्तनयित्नुः।

વિશેષતા :

આ સૂત્રનું કાર્ય णेरनिटि ४.३.८३થી થતાં लुक्નાં અપવાદ સ્વરૂપે જાણવું.

लघोर्यपि ४.३.८६

અ.અ.સૂ. : लघोः णेः यपि अय्।

અર્થ : લઘુ વર્ણથી પર રહેલાં णि પ્રત્યયનો यप् પ્રત્યય પર છતાં अय् આદેશ થાય છે.

ઉદા. प्रशमय्य = શાંત કરીને. (शमूच् उपशमे-१२३०)

प्रयोक्तृ०३.४.२०થી णिग्→प्र+शम्+**इ**

ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→**प्रशा**मि

प्राक्काले ५.४.४७થી क्त्वा→प्रशामि+**त्वा**

अनञः क्त्वो०३.२.१५४થી क्त्वा નો यप्→प्रशामि+**य**

આ સૂત્રથી णि નો अय्→प्रशा**मय्य**

अमोऽकम्य०४.२.२६થી હ્રસ્વ→**प्रश**मय्य।

વિશેષતા :

અહીં સૂત્રમાં लघोः એ પ્રમાણે લઘુ સ્વરથી પર રહેલાં णिग्નો નિર્દેશ કર્યો છે. પરંતુ પ્રશમય્ય વગેરે પ્રયોગોમાં प्र+शम्+इ+य અવસ્થામાં अतः ४.३.८२થી अનો લોપ થયા બાદ વ્યંજનથી પર णि સંભવે છે. પણ લઘુસ્વરથી પર णि સંભવતો નથી. તેથી આ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં સૂત્ર વ્યર્થ જવાની આપત્તિ આવે. પરંતુ **येनऽनाव्यवधानं तेन व्यवहितेऽपि स्यात् २/१३** ન્યાયાનુસારે અહીં વર્ણનાં વ્યવધાન આશ્રય કરાય છે. માટે આ સૂત્રની પ્રવૃત્તિ વર્ણનાં વ્યવધાનપૂર્વક જ કરાય છે.

यद्यपि अहीं अतः ४.३.८२थी थतां अ नां लोपने **भूतपूर्वकस्तद्वदुपचारः १/८** न्यायानुसारे स्थानीत्वेन मानीने अव्यवहित कार्य पण संभवतुं हतुं. परंतु सूत्रकारश्रीए अतः ४.३.८२नो निर्देश न करतां लघोः पदनो निर्देश कर्यो छे. ते ज जणावे छे के, **भूतपूर्वक०१/८** न्यायनो आश्रय न करवो. पण **येन नाऽव्यवधानं०२/१३** न्यायानुसारे वर्ण व्यवधानपूर्वक प्रवृत्ति करवी.

वाऽऽप्नोः ४.३.८७

अ.अ.सू. : आप्नोः णेः यपि अय् वा।

अर्थ : आप् धातुथी पर रहेलां णि प्रत्ययनो यप् प्रत्यय पर छतां अय् विकल्पे थाय छे.

उदा. (१) प्रापय्य/प्राप्य = प्राप्त करावीने. (आप्लृंट् व्याप्तौ-१३०७)
प्रयोक्तृ०३.४.२०थी णिग्→प्र+आप्+**इ**
प्राक्काले ५.४.४७थी क्त्वा→प्रापि+**त्वा**
अनञः०३.२.१५४थी क्त्वा नो यप्→प्रापि+**य**
आ सूत्रथी णिग् नो अय्→**प्रापय्य**
विकल्पे : ज्यारे आ सूत्रथी अय् न थाय त्यारे.
णेरनिटि ४.३.८३थी णिग् नो लोप→प्राप्य।

प्र.उदा. आप्नोरिति किम्? अध्याप्य = भणावीने.
(इंङ्क् अध्ययने-११०४)
पूर्वप्रमाणे णिग् वगेरे→अध्**यापि**
प्राक्काले ५.४.४७थी क्त्वा→अध्यापि+**त्वा**
अनञः क्त्वो०३.२.१५४थी क्त्वा नो यप्→अध्यापि+**य**

णेरनिटि ४.३.८३थी णिग्नो लोप→अध्याप्य
प्रथमा सि वगेरे→अध्याप्य।
आ सूत्रनी प्रवृत्ति स्वादि गण संबंधी आप् धातुने विशे थाय छे. ज्यारे अहीं इ धातु छे. माटे आ सूत्रथी अय् आदेश थयो नहीं.

विशेषता :

अहीं सूत्रमां आप्नोः એ प्रमाणे श्नु प्रत्यय सहित आप् धातुनो निर्देश कर्यो छे. तेथी अन्य आप्लृंण्-१९७२ धातुनो व्यवच्छेद थाय छे. तेमज, णौ क्री०४.२.१० सूत्रथी इङ् धातुनो आ आदेश थई पु आगम उमेराया बाद प्राप्त थतां आप् धातुनो पण व्यवच्छेद थाय छे.

अन्य मत :

केटलांक व्याकरणकारो आप्लृंण्-१९७२ धातुथी पण आ सूत्रनी प्रवृत्ति ईच्छे छे.

मेङो वा मित् ४.३.८८

अ.अ.सू. : मेङः धातोः यपि मित् वा।

अर्थ : मे धातुनो यप् प्रत्यय पर छतां मित् आदेश विकल्पे थाय छे.

उदा. अपमित्य/अपमाय = બદલે આપીને. (मेङ् प्रतिदाने-६०३)
निमील्या०५.४.४६थी क्त्वा→अप+मे+**त्वा**
अनञः क्त्वो०३.२.१५४थी यप्→अप+मे+**य**
आ सूत्रथी मेनो मित्→अप**मित्य**
विकल्पे : ज्यारे आ सूत्रथी मित् न थाय त्यारे,
आत् सन्ध्य०४.२.१थी एनो आ→अप**माय**।

क्षेः क्षी ४.३.८९

अ.अ.सू. : क्षेः धातोः यपि क्षी।

अर्थ : क्षि धातुनो यप् प्रत्यय પર છતાં क्षी આદેશ થાય છે.

ઉદા. **प्रक्षीय** = નષ્ટ થઈને. (क्षिं क्षये-१०)
प्राक्काले ५.४.४७थी क्त्वा→प्र+क्षि+**त्वा**
अनञः क्त्वो०३.२.१५४थी यप्→प्र+क्षि+**य**
આ સૂત્રથી क्षी આદેશ→**प्रक्षीय**।

विशेषता :

સૂત્રમાં क्षेः એ પ્રમાણે ષષ્ઠ્યન્ત क्षि નો નિર્દેશ હોવાથી **निरनुबन्धग्रहणे सामान्येन २/५** ન્યાયાનુસારે क्षित्-१३३१ માં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. અને **निरनुबन्धग्रहणे न सानुबन्धकस्य १/३२** ન્યાયાનુસારે क्षिष्श्-१५४१ ધાતુમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો प्रक्षित्य એવા પ્રયોગને પણ સ્વીકારે છે.

क्षय्य-जय्यौ शक्तौ ४.३.९०

अ.अ.सू. : क्षय्य-जय्यौ शक्तौ।

अर्थ : क्षि અને जि ધાતુનાં અન્ત્ય इનો શક્તિ અર્થ ગમ્યમાન હોય તો य પ્રત્યય પર છતાં अय् આદેશ નિપાતન પામે છે.

स. : क्षय्य-जय्यौ = क्षय्यश्च जय्यश्चेति।

ઉદા. (૧) **क्षय्यो व्याधिः** = નાશ કરી શકાય એવો રોગ. (क्षिं क्षये-૧૦)
य एच्चातः ૫.૧.૨૮થી य→क्षि+**य**
આ સૂત્રથી इનો अय्→**क्षय्य**
પ્રથમા સિ વગેરે→क्षय्यः।

(૨) **जय्यः शत्रुः** = જીતી શકાય એવો શત્રુ. (जिं अभिभवे-૮)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. शक्ताविति किम्?

(૧) **क्षेयं पापम्** = ક્ષય કરવા યોગ્ય પાપ.
शक्तार्हे०૫.૪.૩૫થી य→क्षि+**य**
नामिनो गुणो०૪.૩.૧થી गुण→**क्षे**य
પ્રથમા સિ વગેરે→क्षे**यम्**।

(૨) **जेयम्** = જીતવા યોગ્ય.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ શક્તિ અર્થની ગમ્યમાનતામાં થાય છે. જ્યારે અહીં શક્તિ અર્થ નથી. માટે આ સૂત્રથી इનો अय् થયો નહીં.

क्रय्यः क्रयार्थे ૪.૩.૯૧

અ.અ.સૂ. : क्रय्यः क्रयार्थे।

અર્થ : क्री ધાતુનાં इનો य પ્રત્યય પર છતાં अय् નિપાતન થાય છે. જો 'ખરીદવા માટે વસ્તુ પ્રસારિત કરેલી' એવો અર્થ જણાતો હોય તો.

ઉદા. **क्रय्यो गौः** = ખરીદવા માટે બજારમાં મૂકેલો બળદ.
(डुक्रींग्श् विनिमेये-૧૫૦૮)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ईનો अय् આ સૂત્રથી કરવો.

પ્ર.ઉદા. **क्रयार्थ इति किम्? क्रेयं ते धान्यं न चास्ति प्रसारितम्** = તારું ધાન્ય ખરીદવા યોગ્ય છે પણ બજારમાં મૂકાયેલ નથી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ક્રયાર્થ ગમ્યમાન હોય તો થાય છે. જ્યારે અહીં ક્રયાર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી ईનો अय् થયો નહીં.

सस्तः सि ४.३.९२

અ.અ.સૂ. : सः धातोः अशिति सि तः।

અર્થ : સકારાન્ત ધાતુનાં સ્નો સકારાદિ અશિત્ પ્રત્યયનાં વિષયમાં त् થાય છે.

ઉદા. **वत्स्यति** = તે રહેશે. (वसं निवासे-૧૯૧)
ભવિષ્યન્તી ૫.૩.૪થી स्यति→वस्+**स्यति**
આ સૂત્રથી સ્નો त्→वत्स्यति।

પ્ર.ઉદા.(૧) **स इति किम्? यक्षीष्ट** = તે યજ્ઞ કરે.
(यजीं देवपूजा०૧૧૧)
आशीष्याशी०૫.૪.૩૮થી सीष्ट→यज्+**सीष्ट**
यजसृज०૨.૧.૮૭થી ज्નો ष्→**यषी**+सीष्ट
ष-ढोः०૨.૧.૬૨થી ष्નો क्→**यक्**+सीष्ट
नाम्यन्तस्था०૨.૩.૧૫થી સ્નો ष्→**यक्षीष्ट**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સકારાન્ત ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં સકારાન્ત ધાતુ નથી. માટે આ સૂત્રથી સ્નો त् થયો નહીં.

(૨) **सीति किम् ? वसिषीष्ट** = તે રહે. (वसं निवासे-૧૧૧૧)
आशीष्याशी०૫.૪.૩૮થી सीष्ट→वस्+**सीष्ट**
स्ताद्यशितो०૪.૪.૩૨થી इट्→**वसि**+सीष्ट
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्नो ष्→वसि**षी**ष्ट।

★ આ સૂત્રની પ્રવૃત્તિ सકારાદિ अशित् પ્રત્યયનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં सકારાદિ अशित् પ્રત્યય નથી. માટે આ સૂત્રથી स्नो त् થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાં सि એ પ્રમાણે વિષય સપ્તમીનો નિર્દેશ જાણવો, પણ પરસપ્તમીનો નહીં, તેથી अवात्ताम्, अवात्त જેવા પ્રયોગમાં सिच्નાં વિષયમાં सिच् પ્રત્યય થયાં પહેલાં જ આ સૂત્રથી त्કારાન્ત આદેશ થાય છે.

(૨) યદ્યપિ અહીં सिच्નાં લોપને સ્થાનીવદ્ભાવ માનીને પણ કાર્ય થઈ શકે છે. પરંતુ આ સૂત્રથી જે स्नो त् કરવાનું વિધાન છે તે વર્ણવિધિ છે. અને સ્થાનીવા-ऽऽवર્ણવિધૌ ૭.૪.૧૦૯માં જણાવાયેલ અવર્ણવિધૌ પદથી વર્ણવિધિમાં સ્થાનીવત્ભાવ મનાતો નથી.

दीय् दीङः क्ङिति स्वरे ૪.૩.૯૩

અ.અ.સૂ. : दीङः धातोः क्ङिति अशिति स्वरे दीय्।

અર્થ : દી ધાતુનો ङित्-ङित् अशित् સ્વરાદિ પ્રત્યય પર છતાં दीय् આદેશ થાય છે.

સ. : क्ङिति = क् च ङ् चेति क्ङौ, क्ङौ इतौ यस्य स इति क्ङित्, तस्मिन्निति।

ઉદા. **उपदीदीये** = હું નજીકમાં નષ્ટ થયો. (दीङ्च् क्षये-१२४४)
परोक्षे ५.२.१२थी ए→उप+दी+**ए**
इन्ध्य०४.३.२१थी ए **कित्वत्**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→उप+**दी**दी+ए
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→उप+**दि**दी+ए
આ સૂત્રથી दीय् આદેશ→उपदि**दीये**।

प्र.ઉદા.(१) **क्ङितीति किम् ? उपदानम्** = નાશ.
अनट् ५.३.१२४थी अनट्→उप+दी+**अन**
यबक्ङिति ४.२.७थी ई નો आ→उप**दान**
प्रथमा सि વગેરે→उपदान**म्**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ कित्-ङित् પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં कित्-ङित् પ્રત્યય નથી. માટે આ સૂત્રથી दीय् આદેશ થયો નહીં.

(२) **स्वर इति किम् ? उपदेदीयते** = તે વારંવાર નાશ પામે છે.
व्यञ्जनादेरेक०३.४.९थी यङ्→उप+दी+**य**
सन्यङ०४.१.३थी द्वित्व→उप+**दी**दी+य
आ-गुणा०४.१.४८थी ગુણ→उप**देदीय**
ते વગેરે→उपदेदीय**ते**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્વરાદિ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં સ્વરાદિ પ્રત્યય નથી. માટે આ સૂત્રથી दीय् આદેશ થયો નહીં.

વિશેષતા :

(१) અહીં સૂત્રનાં નિમિત્ત તરીકે સ્વરાદિ कित्-ङित् પ્રત્યય ગ્રહણ કર્યા છે. જે માત્ર પરોક્ષાનાં જ સંભવે છે. તો પણ

क्ङिति स्वरे नां स्थाने परोक्षायाम् पदनुं ग्रहण न करतां जे क्ङिति स्वरे पदनुं ग्रहण कर्युं छे ते उत्तरसूत्र माटे छे.

(२) सूत्रमां दीङः એ प्रमाणे अनुबंध सहित दी धातुनो निर्देश होवाथी **तिवाशवानुबन्धेन०१/१८** न्यायानुसारे यङ्लुबन्तमां आ सूत्रनी प्रवृत्ति थती नथी. जेमके, उपदेधितः

इडेत्-पुसि चाऽऽतो लुक् ४.३.९४

अ.अ.सू. : इडेत्पुसि च (क्ङिति अशिति स्वरे) आतः धातोः लुक्।

अर्थ : इट् आगम, ए, पुस् प्रत्यय तथा अशित् कित्-ङित् स्वरादि प्रत्यय पर छतां आकारान्त धातुनां आनो लोप थाय छे.

स. : इडेत्पुसि = इट् च एत् च पुस् चेति इडेत्पुस्, तस्मिन्निति।

उदा. (१) पपुः = तेओए पीधुं. (पां पाने-२)
परोक्षे ५.२.१२ वगेरेथी उस्→पा+**उस्**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**पा**पा+उस्
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**प**पा+उस्
आ सूत्रथी आनो लोप→**पपुस्**
पदसंज्ञा वगेरे→पपुः।

(२) **अदधत्** = तेणे पान कर्युं. (ट्धें पाने-२८)
आत्०४.२.१थी **धा** धातु
अद्यतनी ५.२.४ वगेरेथी दि→धा+**त्**
ट्धे-श्वे०३.४.५९थी ङ→धा+**अ**+**त्**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**धा**धा+अ+त्

ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**ध**धा+अ+त्
द्वितीय-तुर्ययोः०४.१.४२थी ध्नो द्→**द**धा+अ+त्
आ सूत्रथी आनो लोप→दधत्
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**दधत्।

(૩) **पपिथ** = तें पीधुं. (पां पाने-२)
परोक्षे ५.२.१२ वगेरेथी थव्→पा+**थ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**पा**पा+थ
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**प**पा+थ
स्क्रसृ०४.४.८१थी इट्→पपा+**इ**+थ
आ सूत्रथी आनो लोप→**पपिथ**।

(४) **व्यतिरे** = बीजानां बदले हुं आपुं छुं. (रांक् दाने-१०६९)
सति ५.२.१९ वगेरेथी ए→व्यति+रा+**ए**
आ सूत्रथी आनो लोप→**व्यतिरे**।

(५) **अदुः** = तेओए आप्युं. (दां दाने-७)
अद्यतनी ५.२.४ वगेरेथी अन्→दा+**अन्**
सिजद्यतन्याम् ३.४.५३थी सिच्→दा+**स्**+अन्
सिज्-विदो०४.२.९२थी अन्नो पुस्→दा+स्+**उस्**
पिबैति-दा०४.३.६६थी सिच्नो लोप→दा+उस्
आ सूत्रथी आनो लोप→दुस्
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**दुस्
पदसंज्ञा वगेरे→अदुः।

विशेषता :

(१) सूत्रमां इडेत्पुसि पद द्वारा जे इट्, एकार अने पुस्नुं निमित्ततया ग्रहण कर्युं छे. ते अकित्-ङित् अने स्वरादि

कित्-ङित् शित् स्वरादि प्रत्यय माटे जाणवुं. अन्यथा स्वरादि कित्-ङित् अशित्नां पूर्व अधिकारथी ज ग्रहण थतुं होवाथी तेनां विषयवाळां इडादि पर छतां पण सूत्रप्रवृत्ति थवानी ज हती. अहीं ध्यानमां लेवुं के, कित्-ङित् अशित् व्यंजनादि प्रत्ययो इडादि सहित संभवतां ज न होवाथी अहीं तेनो निर्देश कर्यो नथी.

(२) यद्यपि अहीं इडेत्पुसिनो अधिकार ग्रहण कर्यो होवाथी पूर्वसूत्रथी अनुवृत्त क्ङिति अशिति स्वरेनो अधिकार अटकी जवो जोईए. परंतु सूत्रगत चकार द्वारा **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति २/६१** न्यायानुसारे सप्तम्यन्त इडेत्पुसि सदृश पूर्वसूत्रथी सप्तम्यन्त क्ङिति अशिति स्वरेनो अधिकार आवे छे. तेमज, **चानुकृष्टं नाऽनुवर्त्तते २/६२** न्यायानुसारे ए अधिकार उत्तर-सूत्रमां जतो नथी.

संयोगादेर्वाऽऽशिष्येः ४.३.९५

अ.अ.सू. : संयोगादेः आतः धातोः क्ङिति आशिषि एः वा।

अर्थ : संयोग आदिवाळां आकारान्त धातुनां आनो कित्-ङित् आशीः विभक्तिनां प्रत्यय पर छतां ए विकल्पे थाय छे.

स. : संयोगाऽऽदेः = संयोग आदिर्यस्य स इति संयोगादिः, तस्येति।

उदा. ग्लेयात्/ग्लायात् = ते ग्लानि पामे. (ग्लैं हर्षक्षये-३१)
आत् सन्ध्य०४.२.१थी ऐनो आ→**ग्ला**
आशिष्याशीः०५.४.३८ वगेरेथी क्यात्→ग्ला+**यात्**

આ સૂત્રથી આ નો ए→**ग्लेयात्**।

विकल्पे : જ્યારે આ નો ए ન થાય ત્યારે, **ग्लायात्**।

પ્ર.ઉદા.(૧) **संयोगादेरिति किम् ? यायात्** = તે જાય.
(यांक् प्रापणे-૧૦૬૨)
आशिष्याशी:૦૫.૪.૩૮ વગેરેથી क्यात्→ग्ला+**यात्**

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંયોગ આદિવાળાં ધાતુથી થાય છે. જ્યારે અહીં સંયોગ આદિવાળો ધાતુ નથી. માટે આ સૂત્રથી આ નો લોપ થયો નહીં.

(૨) **ङिन्तीत्येव→ग्लासीष्ट** = તે ગ્લાનિ પામે.
आत् सन्ध्य०૪.૨.૧થી ऐ નો आ→**ग्ला**
आशिष्याशी:૦૫.૪.૩૮થી सीष्ट→ग्ला+**सीष्ट**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ કિત્-ઙિત્ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં કિત્-ઙિત્ પ્રત્યય નથી. માટે આ સૂત્રથી આ નો ए થયો નહીં.

વિશેષતા :

અહીં સૂત્રમાં સંયોગ આદિવાળાં ધાતુનો નિર્દેશ છે. અને અપચ્છા જેવા ધાતુમાં લાક્ષણિક સંયોગવાળો આદિવર્ણ હોવાથી **लक्षण-प्रतिपदोक्तयो: प्रतिपदोक्तस्यैव ૧/૧૫** ન્યાયાનુસારે સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

गा-पा-स्था-सा-दा-मा-हाक: ૪.૩.૯૬

અ.અ.સૂ. : गा-पा-स्था-सा-दा-मा-हाक: धातो: ङिति आशिषि ए:।

અર્થ : ગા, પા, સ્થા, સા, દા, મા અને હા ધાતુનાં આ નો આશી: વિભક્તિનાં કિત્-ઙિત્ પ્રત્યય પર છતાં ए થાય છે.

સ. : गा-पा-स्था-सा-दा-मा-हाकः = गाश्च पाश्च स्थाश्च साश्च दाश्च माश्च हाक् चेति। गा-पा-स्था-सा-दा-मा-हाक्, तस्येति।

ઉદા. (૧) **गेयात्** = તે ગાય. (गैं शब्दे-३७)

(૨) **पेयात्** = તે પીએ. (पां पाने-२)

(૩) **स्थेयात्** = તે ઊભો રહે. (ष्ठां गतिनिवृत्तौ-५)

(૪) **अवसेयात्** = તે ક્ષય કરે. (सैं क्षये-४४)

(૫) **देयात्** = તે આપે. (दां दाने-७)

(૬) **धेयात्** = તે ધારણ કરે. (डुधांग्क् धारणे-११३९)

(૭) **मेयात्** = તે માપે. (मांक् माने-१०७३)

(૮) **हेयात्** = તે ત્યાગ કરે. (ओहांक् त्यागे-११३१)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ધાતુનાં આ નો એ આ સૂત્રથી કરવો.

વિશેષતા :

(૧) અહીં गा અને स्था ની મધ્યમાં पा ધાતુનો નિર્દેશ હોવાથી भ्वादि સંબંધી पां-२ અને पैं-४७ આ બંને ધાતુનું ગ્રહણ થાય છે. તથા સૂત્રગત सा પદથી षोंच्-११५० અને सैं-४४ ધાતુનું, અને दा પદથી दा સંજ્ઞક છ ધાતુનું ગ્રહણ થાય છે.

(૨) અહીં સૂત્રગત मा પદ દ્વારા मांक्-१०७३, माङ्-११३७ અને मेङ्-६०३ એ પ્રમાણે ત્રણે ધાતુનું ગ્રહણ થાય છે. પરંતુ माङ्-११३७, मेङ्-६०३ ધાતુ માત્ર આત્મનેપદી જ હોવાથી તેઓ આશીઃમાં कित्-ङित् પ્રત્યયનાં વિષયભૂત બનતાં નથી. તેથી અહીં માત્ર मांक्-१०७३ ધાતુનું જ ગ્રહણ કરવું. પણ અન્ય ધાતુઓનું ઉત્તરસૂત્રમાં ગ્રહણ કરવું.

(૩) અહીં સૂત્રમાં નિમિત્તતયા કિત્-ઙિત્ પ્રત્યયનું ગ્રહણ કર્યું છે. પરંતુ આશીઃમાં કિત્ પ્રત્યય સંભવે છે. પણ ઙિત્ નહીં. તેમજ, તે કિત્ પ્રત્યય પણ પરસ્મૈપદનાં જ સંભવે છે. તેથી આ સૂત્રનો વિષય પણ પરસ્મૈપદ જ જાણવો.

(૪) સૂત્રમાં '...हाकः' એ પ્રમાણે અનુબંધ સહિત હા ધાતુનો નિર્દેશ હોવાથી **तिवाशवानुबन्धेन०१/१८** ન્યાયાનુસારે યઙ્લુબન્તનાં વિષયમાં હા ધાતુમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. જેમકે, जाहायात्।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો પૈં-૪૭, સૈં-૪૪ ધાતુ લાક્ષણિક હોવાથી તેમાં આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છતાં નથી.

ई व्यञ्जनेऽयपि ४.३.९७

અ.અ.સૂ. : गा-पा-स्था-सा-दा-मा-हाकः धातोः अयपि अशिति व्यञ्जने क्ङिति ईः ।

અર્થ : ગા, પા, સ્થા, સા, દા, મા અને હા ધાતુનાં આનો યપ્ સિવાયનાં અશિત્ વ્યંજનાદિ કિત્-ઙિત્ પ્રત્યય પર છતાં ઈ થાય છે.

સ. : अयपि = न यप् इति अयप्, तस्मिन्निति।

ઉદા. (૧) गीयते = તેનાં વડે ગવાય છે. (गै शब्दे-३७)
सति ५.२.१९ વગેરેથી તે→गा+**ते**
क्यः शिति ३.४.७०થી क्य→गा+**य**+**ते**
આ સૂત્રથી આનો ઈ→**गी**यते।

(૨) **जेगीयते** = વારંવાર ગાય છે.
व्यञ्जनादेरेक०૩.૪.૯થી यङ्→गा+**य**
આ સૂત્રથી આ નો ઈ→**गी**+य
सन्यङ०૪.૧.૩થી દ્વિત્વ→**गी**गीय
ह्रस्वः ૪.૧.૩૯થી હ્રસ્વ→**गि**गीय
गहोर्जः ૪.૧.૪૦થી ज्→**जि**गीय
आ-गुणा०૪.૧.૪૮થી ગુણ→**जे**गीय
તે વગેરે→जेगीयते।

(૩) **पीयते** = પીવાય છે. (पां पाने-૨)

(૪) **स्थीयते** = ઊભા રહેવાય છે. (ष्ठां गतिनिवृत्तौ-૫)

(૫) **सीयते** = ક્ષય કરાય છે. (सैं क्षये-૪૪)

(૬) **दीयते** = અપાય છે. (दां दाने-૭)

(૭) **धीयते** = ધારણ કરાય છે. (डुधांग्क् धारणे-૧૧૩૯)

(૮) **मीयते** = મપાય છે. (मांक् माने-૧૦૭૩)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૯) **हीनः** = ત્યાગ કરેલું. (ओहांक् त्यागे-૧૧૩૧)
क्त-क्तवतू ૫.૧.૧૭૪થી क्त→हा+**त**
આ સૂત્રથી આ નો ઈ→**ही**+त
सूयत्या०૪.૨.૭૦થી त નો न→हीन**न**
પ્રથમા સિ વગેરે→हीनः।

પ્ર.ઉદા.(૧) **व्यञ्जन इति किम्? तस्थुः** = તેઓ ઊભા રહ્યા.
(ष्ठां गतिनिवृत्तौ-૫)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી उस्→स्था+**उस्**
द्विर्धातुः०૪.૧.૧થી દ્વિત્વ→**स्था**स्था+उस्
अघोषे शिटः ૪.૧.૪૫થી स् નો લોપ→**था**स्था+उस्

ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**थस्था**+उस्
द्वितीय-तुर्ययोः०४.१.४२थी थ्नो त्→**तस्था**+उस्
इडेत्पुसि०४.३.९४थी आनो लोप→तस्थुस्
पदसंज्ञा वगेरे→तस्थुः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ વ્યંજનાદિ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં વ્યંજનાદિ પ્રત્યય નથી. માટે આ સૂત્રથી આનો ઈ થયો નહીં.

(૨) **अयपीति किम् ? प्रगाय** = ગાઈને.
आत् सन्ध्य०४.२.१थी एनो आ→प्र+**गा**
प्राक्काले ५.४.४७थी त्वा→प्र+गा+**त्वा**
अनञः क्त्वो०३.२.१५४थी क्त्वानो यप्→प्र**गाय**।

★ આ સૂત્રમાં यप् પ્રત્યયનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી આનો ઈ થયો નહીં.

વિશેષતા :

જિ. : પૂર્વે इडेत्पुसि०४.३.९४ સૂત્રથી સ્વરાદિ કિત્-ઙિત્ અશિત્ પ્રત્યય પર છતાં લોપનો નિર્દેશ કર્યો છે. તેથી અહીં यप् સિવાયનાં કિત્-ઙિત્ અવિત્ પ્રત્યય વ્યંજનાદિ જ ગ્રહણ થવાનાં હતાં. તો પણ સૂત્રમાં વ્યઞ્જને પદનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : જો અહીં વ્યઞ્જને પદનું ગ્રહણ ન કરવામાં આવે તો इडेत्पुसि०४.३.९४ સૂત્રમાં નિર્દિષ્ટ કિત્-ઙિત્ સ્વરાદિ અશિત્ પ્રત્યય સિવાયનાં તમામ પ્રત્યય પર છતાં આ સૂત્રની પ્રવૃત્તિ થવાની આપત્તિ આવે. તેથી, गा વગેરે ધાતુઓથી પર क्विप्નો લોપ થયે છતે સ્થાનીવત્ભાવ માનીને સંપૂર્ણ इत् પ્રત્યય પર છતાં પણ અન્ત્યનો इ

થવાની આપત્તિ આવે જે ઇષ્ટ નથી. તેનું વારણ કરવા માટે અહીં વ્યઞ્જને પદનું ગ્રહણ છે. તેથી અહીં વ્યઞ્જને પદનું ગ્રહણ કરવા દ્વારા સાક્ષાત્ વ્યંજનાદિ પ્રત્યય પર છતાં જ આ સૂત્રની પ્રવૃત્તિ થશે. પણ ક્વિપ્ પ્રત્યય પર છતાં નહીં. જેમકે, શંસ્થા।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો ગાઙ્ ધાતુથી આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છતાં નથી. જેમકે, गायते।

કેટલાંક વ્યાકરણકારો માંક્ ધાતુથી આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છતાં નથી. જેમકે, मायते।

घ्रा-ध्मोर्यङि ४.३.९८

અ.અ.સૂ. : घ्रा-ध्मोः धात्वोः यङि ईः।

અર્થ : ઘ્રા અને ધ્મા ધાતુનાં આ નો યઙ્ પ્રત્યય પર છતાં ઈ થાય છે.

સ. : घ्रा-ध्मोः = घ्राश्च ध्माश्चेति घ्राध्मौ, तयोरिति।

ઉદા. (૧) जेघ्रीयते = તે વારંવાર સૂંઘે છે. (घ्रां गन्धोपादाने-३)
व्यञ्जनादेरेक०३.४.८थी यङ्→घ्रा+**य**
આ સૂત્રથી આ નો ઈ→**घ्री**+य
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**घ्रीघ्री**+य
व्यञ्जनस्या०४.१.४४थी र् નો લોપ→घीघ्री+य
द्वितीय-तुर्ययोः०४.१.४२थी घ् નો ग्→**गी**घ्री+य
ह्रस्वः ४.१.३८थी ह्रस्व→**गि**घ्रीय
गहोर्जः ४.१.४०थी ग् નો ज्→**जि**घ्रीय

आ-गुणा०४.१.४८थी गुण→**जेघ्री**य
ते वगेरे→जेघ्रीय**ते**।

(२) **देध्मीयते** = તે વારંવાર તપાવે છે. (ध्मां शब्दाऽग्नि०४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(१) કેટલાંક વ્યાકરણકારો यङ्लुबन्तમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે जेघ्रीतः જેવા પ્રયોગો થાય છે. જ્યારે સ્વમતે 'यङ् પ્રત્યય પર છતાં' એ પ્રમાણેનાં વિધાનથી જ यङ्लुबन्तમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

हनो घ्नीर्वधे ४.३.९९

અ.અ.સૂ. : वधे हनः धातोः यङि घ्नीः।

અર્થ : વધ અર્થમાં વર્ત્તતાં हन् ધાતુનો यङ् પ્રત્યય પર છતાં घ्नी આદેશ થાય છે.

ઉદા. जेघ्नीयते = તે વારંવાર હિંસા કરે છે.
(हनंक् हिंसा-गत्योः-११००)
આ ઉદા.ની સાધનિકા जेघ्रीयते પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી घ्नी આદેશ કરવો.

પ્ર.ઉદા. वध इति किम्? गतौ-जङ्घन्यते =
તે કુટિલ રીતે જાય છે.
गत्यर्थात्०३.४.१०थी यङ्→हन्+**य**
सन्यङ०४.१.३थी द्वित्व→**ह**हन्+य
गहोर्जः ४.१.४०थी ज्→**ज**हन्+य

मुरतोऽनु०४.१.५०थी मु आगम→**जम्**हन्+य
अङे हि०४.१.३४थी ह्नो घ्→जम्**घ्न्**य
तौ मु-मो०१.३.१४थी म्नो ङ्→**जङ्घ्न्**य
ते वगेरे→जङ्घन्य**ते**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ વધ અર્થક हन् ધાતુથી થાય છે. જ્યારે અહીં हन् ધાતુ વધ અર્થક નથી માટે આ સૂત્રથી घ्नी આદેશ થયો નહીં.

વિશેષતા :

(૧) યદ્યપિ યङ્ પ્રત્યયાન્ત પ્રયોગમાં હ્રસ્વ घ્નિનો નિર્દેશ કર્યો હોત તો પણ दीर्घश्चि०४.३.१०८ દીર્ઘ થવાનો હતો. પરંતુ યङ્લુબન્તમાં આ સૂત્રની પ્રવૃત્તિ કરી जेघ्नीतः વગેરે પ્રયોગની સિદ્ધિ માટે દીર્ઘ घ्नीનો નિર્દેશ કરેલ છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો આ સૂત્રથી घ्नी આદેશ વિકલ્પે ઈચ્છે છે. તથા, અન્ય કેટલાંક વ્યાકરણકારો યङ્લુબન્તમાં આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છતાં નથી. તેથી તેઓનાં મતે जंघतः જેવા પ્રયોગો થાય છે.

ञ्णिति घात् ४.३.१००

અ.અ.સૂ. : ञ्णिति हनः धातोः घात्।

અર્થ : ञ् ઈત્વાળાં અને ण् ઈત્વાળાં પ્રત્યયો પર છતાં हन् ધાતુનો घात् આદેશ થાય છે.

સ. : ञ्णिति = ञ् च ण् चेति ञ्णौ, ञ्णौ इतौ यस्य स इति ञ्णित्, तस्मिन्निति।

ઉદા. (૧) घातः = હણવું. (हनंक् हिंसा-गत्योः-११००)
भावा-ऽकर्त्रोः ५.३.१८थी घञ्→हन्+**अ**

આ સૂત્રથી ઘાત્→**घात**
પ્રથમા સિ વગેરે→घातः।

(૨) **घातयति** = તે હણાવે છે.
પ્રયોક્તૃ૦૩.૪.૨૦થી ણિગ્→હન્+**इ**
આ સૂત્રથી ઘાત્→**घाति**
તિવ્ વગેરે→ઘાત**यति**।

ञि-णवि घन् ૪.૩.૧૦૧

અ.અ.સૂ. : ञि-णवि हनः धातोः घन्।

અર્થ : ञि અને णव् પ્રત્યય પર છતાં हन् ધાતુનો घन् આદેશ થયા છે.

સ. : ञिणवि = ञिश्च णव् चेति ञि-णव्, तस्मिन्निति।

ઉદા. (૧) **अघानि** = તેનાં વડે મરાયું. (हनंक् हिंसा-गत्योः-૧૧૦૦)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી त→हन्+**त**
भाव-कर्मणोः ૩.૪.૬૮થી ञिच् અને तનો લોપ→हन्+**ञि**
આ સૂત્રથી घन्→**घन्**+इ
ञ्णिति ૪.૩.૫૦થી વૃદ્ધિ→**घा**नि
अड् धातो૦૪.૪.૨૯થી अट् આગમ→**अ**घानि।

(૨) **जघान** = તેણે માર્યો.
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી णव्→हन्+**अ**
આ સૂત્રથી घन्→**घन्**+इ
द्विर्धातुः૦૪.૧.૧થી દ્વિત્વ→**घन्**घन्+अ
व्यञ्जनस्या૦૪.૧.૪૪થી न्નો લોપ→घघन्+अ
द्वितीय-तुर्ययोः૦૪.૧.૪૨થી घ્નો ग्→**ग**घन्+अ

गहोर्जः ४.१.४०थी ग्नो ज्→**जघन्**+अ
ञ्णिति ४.३.५०थी वृद्धि→**जघान**।

नशेर्नेश् वाऽङि ४.३.१०२

अ.अ.सू. : नशेः धातोः अङि नेश् वा।

अर्थ : नश् धातुनो अङ् प्रत्यय पर छतां नेश् आदेश विकल्पे थाय छे.

उदा. अनेशत्/अनशत् = नष्ट थयो. (नशौंच् अदर्शने-१२०२)
अद्यतनी ५.२.४ वगेरेथी दि→नश्+**त्**
लृदिद्०३.४.६४थी अङ्→नश्+**अ**+त्
आ सूत्रथी नेश् आदेश→**नेश**त्
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**नेशत्
विकल्पे : ज्यारे आ सूत्रथी नेश् न थाय त्यारे, अनशत्।

श्वयत्यसू-वच-पतः श्वा-ऽऽस्थ-वोच-पप्तम् ४.३.१०३

अ.अ.सू. : श्वयत्यसू-वच-पतः धातोः अङि श्वा-ऽऽस्थ-वोच-पप्तम्।

अर्थ : श्वि, अस्, वच् अने पत् धातुनो अनुक्रमे अङ् प्रत्यय पर छतां श्व, आस्थ्, वोच् अने पप्त् आदेश थाय छे.

स. : (१) श्वयत्यसू-वच-पतः = श्वयतिश्च असूश्च वचश्च पत् चेति श्वयत्यसूवचपत् तस्येति।

(२) श्वा-ऽस्थ-वोच-पप्तम् = श्वश्च आस्थश्च वोचश्च पप्त् चेति।

उदा. (१) अश्वत् = गयो. (ट्वोश्वि गति-वृद्ध्योः ९९७)
अद्यतनी ५.२.४ वगेरेथी दि→श्वि+**त्**

ऋदिच्छ्व०૩.૪.૬૫થી અङ्→श्वि+**अ**+त्
આ સૂત્રથી श्व्→**श्वत्**
અङ् धातो०૪.૪.૨૯થી અट् આગમ→**अश्वत्**।

(૨) **आस्थत्** = તેણે ફેંક્યું. (असूच् क्षेपणे-૧૨૨૧)
(૩) **अवोचत्** = તેણે કહ્યું. (वचंक् भाषणे-૧૦૯૬)
(૪) **अपप्तत्** = તે પડ્યો. (पत्लृ गतौ-૯૬૨)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ अङ् પ્રત્યય અનુક્રમે शास्त्यसू०૩.૪.૬૦, शास्त्यसू०૩.૪.૬૦, लृदिद्-द्यूतादि०૩.૪.૬૪ સૂત્રથી કરવા.

વિશેષતા :

સૂત્રમાં श्वयति એ પ્રમાણે तिव् પ્રત્યય સહિત श्वि ધાતુનો નિર્દેશ હોવાથી **तिवाशवानुबन्धेन०૧/૧૮** ન્યાયાનુસારે यङ्लुबन्त માં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. જેમકે, अशेश्वियत्, अशोशुवत्।

शीङः एः शिति ૪.૩.૧૦૪

અ.અ.સૂ. : शीङः धातोः शिति एः।

અર્થ : શી ધાતુનાં અન્ત્ય ઈનો शित् પ્રત્યય પર છતાં ए થાય છે.

ઉદા. **शेते** = તે ઊંઘે છે. (शीङ्क् स्वप्ने-૧૧૦૫)
સતિ ૫.૨.૧૯ વગેરેથી તે→शी+**ते**
આ સૂત્રથી ઈનો ए→**शे**ते।

વિશેષતા :

સૂત્રમાં शीङः એ પ્રમાણે ङ् અનુબંધ સહિત શી ધાતુનો નિર્દેશ હોવાથી **तिवाशवानुबन्धेन०૧/૧૮** ન્યાયાનુસારે यङ्लुबन्त માં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. જેમકે, शेशीतः, शेश्यति।

क्ङिति यि शय् ४.३.१०५

અ.અ.સૂ. : शीङः धातोः यि क्ङिति शय्।

અર્થ : शी ધાતુનો य्કારાદિ कित्-ङित् પ્રત્યય પર છતાં शय् આદેશ થાય છે.

ઉદા. (૧) शय्यते = ઊંઘાય છે. (शीङ्क् स्वप्ने-૧૦૦૫)
सति ૫.૨.૧૯ વગેરેથી ते→शी+**ते**
क्यः शिति ૩.૪.૭૦થી क्य→शी+**य**+ते
આ સૂત્રથી शय्→**शय्**यते।

(૨) शाशय्यते = તે વારંવાર ઊંઘે છે.
व्यञ्जनादेरेक०૩.૪.૯થી यङ्→शी+**य**
આ સૂત્રથી शय्→**शय्**+य
सन्यङ०૪.૧.૩થી द्वित्व→**श**शय्+य
आ-गुणा०૪.૧.૪૮થી आ→**शा**शय्य
તે વગેરે→शाशय्**यते**।

પ્ર.ઉદા. क्ङितीति किम् ? शेयम् = ઊંઘવું.
य एच्चातः ૫.૧.૨૮થી य→**शी**+य
અને ईનો ए→**शे**य
પ્રથમા सि વગેરે→**शेयम्**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ कित्-ङित् પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં कित्-ङित् પ્રત્યય નથી. માટે આ સૂત્રથી शय् આદેશ થયો નહીં.

उपसर्गादूहो ह्रस्वः ४.३.१०६

અ.અ.સૂ. : उपसर्गात् ऊहः धातोः यि क्ङिति ह्रस्वः।

અર્થ : ઉપસર્ગથી પર રહેલાં ऊह् ધાતુનાં ऊનો य्કારાદિ कित् ङित् પ્રત્યય પર છતાં હ્રસ્વાદેશ થાય છે.

ઉદા. (૧) **समुह्यते** = ભેગા થવાય છે. (ऊहि तर्के-८७०)
सति ५.२.१९ વગેરેથી ते→सम्+ऊह्+**ते**
क्यः शिति ३.४.७०થી क्य→सम्+ऊह्यते
આ સૂત્રથી હ્રસ્વ→स**मु**ह्यते।

પ્ર.ઉદા.(૧) **उपसर्गादिति किम् ? ऊह्यते** = તર્ક કરાય છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રની પ્રવૃત્તિ કરવી નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપસર્ગથી પર રહેલ ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં ઉપસર્ગ નથી. માટે આ સૂત્રથી હ્રસ્વ થયો નહીં.

(૨) **यीत्येव→समूहितम्** = ભેગા થયેલ.
क्त-क्तवतू ५.१.१७४થી क्त→सम्+ऊह्+**त**
स्ताद्यशितो०४.४.३२થી इट्→सम्+ऊ**हित**
પ્રથમા सि વગેરે→समूहि**तम्**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ યકારાદિ કિત્-ઙિત્ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં કિત્-ઙિત્ પ્રત્યય યકારાદિ નથી માટે આ સૂત્રથી હ્રસ્વાદેશ થયો નહીં.

★ **ऊ ऊह प्रश्लेष इति किम् ?**

(૧) **आ ऊह्यते→ओह्यते** = તર્ક કરાય છે.

(૨) **समोह्यते** = ભેગા થવાય છે.

★ આ સૂત્રમાં ऊ ऊह् એ પ્રમાણે સંધિ વિચ્છેદ હોવાથી ઊકાર રહિત ओह्यते જેવા પ્રયોગમાં આ સૂત્રથી હ્રસ્વ થયો નહીં.

आशिषीणः ४.३.१०७

अ.अ.सू. : उपसर्गात् ईणः धातोः यि क्ङिति आशिषि ह्रस्वः ।

अर्थ : ઉપસર્ગથી પર રહેલાં ઈ ધાતુનાં ઈનો આશીઃ વિભક્તિનાં યકારાદિ કિત્-ઙિત્ પ્રત્યય પર છતાં હ્રસ્વાદેશ થાય છે.

ઉદા. उदियात् = તે ઉદય પામે. (इंण्क् गतौ-१०७५)
આશિષ્યા૦૫.૪.૩૭થી क्यात्→उद्+इ+**यात्**
दीर्घमवो૩૦૪.૩.૧૦૮થી इ दीर्घ→उद्+**ई**+यात्
આ સૂત્રથી હ્રસ્વ→**उदियात्**।

પ્ર.ઉદા.(૧) ई इण प्रश्लेषः किम् ? आ ईयात्→एयात् = તે જાય.
समेयात् = તે સારી રીતે જાય.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં ઈ ईण् એ પ્રમાણે સંધિ વિચ્છેદ હોવાથી ઈકાર રહિત ઉપરોક્ત પ્રયોગમાં આ સૂત્રથી હ્રસ્વ થયો નહીં.

વિશેષતા :

(૧) ઉત્તરસૂત્રથી યકારાદિ આશીઃ પ્રત્યય પર છતાં દીર્ઘત્વનો નિર્દેશ કર્યો છે. પરંતુ આ સૂત્ર માત્ર इ ધાતુ માટે જ નિર્દિષ્ટ હોવાથી વિશેષસૂત્રતયા इ ધાતુનાં વિષયમાં આ સૂત્રથી હ્રસ્વ જાણવો.

(૨) અહીં प्रति+इ+यात् = प्रतीयात् જેવાં પ્રયોગોમાં સમાનાનાં૦ ૧.૨.૧થી દીર્ઘ આદેશ થયા બાદ **संहितैकपदे नित्या, नित्या धातूपसर्गयोः । नित्या समासे वाक्ये तु, सा विवक्षामपेक्षते ॥** નિયમાનુસારે ધાતુ અને ઉપસર્ગ વચ્ચે સંધિ વિચ્છેદ ન થતો હોવાથી ઉપસર્ગથી પર इ ધાતુ પ્રાપ્ત થતો નથી. તેથી આ સૂત્રથી હ્રસ્વ થશે નહીં.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો प्रति+इ+यात् સ્થાને પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે प्रतियात् જેવાં પ્રયોગો થાય છે.

(૨) કેટલાંક વ્યાકરણકારો इंक्-૧૦૭૪ ધાતુથી પણ સમાનનો સ્વર દીર્ઘ થયે છતે આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. જેમકે, अधियात्।

दीर्घश्च्वि-यङ्-यक्-क्येषु च ४.३.१०८

અ.અ.સૂ. : च्वि-यङ्-यक्-क्येषु च (यि आशिषि क्ङिति) दीर्घः।

અર્થ : च्वि, यङ्, यक्, क्य પ્રત્યય તેમજ आशीः વિભક્તિનાં कित्-ङित् પ્રત્યય પર છતાં પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે.

સ. : च्वि-यङ्-यक्-क्येषु = च्विश्च यङ् च यक् च क्यश्चेति च्वि-यङ्-यक्-क्याः तेष्विति।

ઉદા. (૧) **शुचीकरोति** = અપવિત્રને પવિત્ર કરે છે.
अशुचिं शुचि करोतीति અર્થમાં,
कृभ्वस्ति०७.२.१२६થી च्वि→शुचि+०+**करोति**
આ સૂત્રથી इ દીર્ઘ→शु**ची**करोति।

(૨) **तोष्टूयते** = તે વારંવાર સ્તુતિ કરે છે.
(ष्टुंग्क् स्तुतौ-११२४)
व्यञ्जनादेरेक०३.४.९થી यङ्→स्तु+**य**
सन्यङ०४.१.३થી द्वित्व→**स्तु**स्तु+य
अघोषे शिटः ४.१.४५થી स्नो लोप→**तु**स्तु+य
आ-गुणा०४.१.४८થી गुण→**तो**स्तु+य

नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→तोष्तु+य
तवर्गस्य०१.३.६०थी त्नो ट्→तोष्टु+य
आ सूत्रथी दीर्घ→तोष्टू य
ते वगेरे→तोष्टूयते।

(३) **मन्तूयति** = ते रोष करे छे. (मन्तु शेषवैमनस्य०१९९६)
धातोः कण्ड्वादे०३.४.८थी यक्→मन्तु+**य**
आ सूत्रथी दीर्घ→**मन्तूय**
तिव् वगेरे→मन्तूय**ति**।

(४) **दधीयति** = ते दहींने ईच्छे छे. दधि इच्छतीति अर्थमां,
अमाव्ययात्०३.४.२२थी क्यन्→दधि+**य**
आ सूत्रथी दीर्घ→**दधीय**
तिव् वगेरे→दधी**यति**।

(५) **भृशायते** = जे घणुं नथी ते घणुं थाय छे.
अभृशो भृशो भवतीति अर्थमां,
च्व्यर्थे०३.४.२९थी क्यङ्→भृश+**य**
आ सूत्रथी दीर्घ→**भृशाय**
ते वगेरे→भृशाय**ते**।

(६) **लोहितायति** = जे लाल नथी ते लाल थाय छे.
अलोहितो लोहितो भवतीति अर्थमां,
डाच्-लोहिता०३.४.३०थी क्यङ्ष्→लोहित+**य**
आ सूत्रथी दीर्घ→लोहि**ताय**
तिव् वगेरे→लोहितायति।

(७) **स्तूयते** = स्तवाय छे. (ष्टुंग्क् स्तुतौ-११२४)
सति ५.२.१९ वगेरेथी ते→स्तु+**ते**

क्यः शिति ૩.૪.૭૦થી क्य→स्तु**यते**
આ સૂત્રથી દીર્ઘ→स्तू**यते**।

(૮) **ईयात्** = તે જાય. (इंण्क् गतौ-૧૦૭૫)
आशिष्या०૫.૪.૩૮ વગેરેથી क्यात्→इ+**यात्**
આ સૂત્રથી દીર્ઘ→**ई**यात्।

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં क्येषु એ પ્રમાણે બ.વ.નો નિર્દેશ કર્યો છે. તેથી સૂત્ર નિર્દિષ્ટ क्य પદ દ્વારા क्य-क्यन् એ પ્રમાણે તમામ क्य આદિવાળાં પ્રત્યયનું ગ્રહણ થાય છે. અન્યથા क्य એ પ્રમાણે क् એક જ અનુબંધનો નિર્દેશ હોવાથી **एकानुबन्धग्रहणे न द्व्यनुबन्धकस्य ૧/૩૩** ન્યાયાનુસારે માત્ર क्यः शिति ૩.૪.૭૦થી થતાં क्यનું જ ગ્રહણ થાત.

(૨) અહીં સામાન્યતયા क्रियार्थो०૩.૩.૩ સૂત્રથી તમામ આખ્યાત પ્રકરણમાં विभक्ति परिणामतया धातोः પદની અનુવૃત્તિ આવે છે. તેથી આ સૂત્રની પ્રવૃત્તિ પણ ધાતુથી પર જ સંભવિત હતી. પરંતુ સૂત્રમાં च्वि અને क्यन् વગેરે પ્રત્યયનું ગ્રહણ કર્યું છે, તે ગ્રહણનાં બળથી अधातुः થી પર પણ આ સૂત્રની પ્રવૃત્તિ થશે.

ऋतो री ૪.૩.૧૦૯

અ.અ.સૂ. : च्वि-यङ्-यक्-क्येषु च ऋतः री।

અર્થ : च्वि, यङ्, यक् અને क्य પ્રત્યય પર છતાં ऋકારાન્ત પ્રકૃતિનાં ऋનો री થાય છે.

ઉદા. (૧) **पित्रीस्यात्** = પિતા ન હોય તે પિતા થાય.
અપિતા પિતા સ્યાદિતિ અર્થમાં,
કૃભ્વસ્તિ૦૭.૨.૧૨૬થી ચ્વિ→પિતૃ+**०**+**स्यात्**
આ સૂત્રથી ઋનો રી→પિ**त्री**स्यात્।

(૨) **चेक्रीयते** = તે વારંવાર કરે છે. (डुकृंग् करणे-८८८)
વ્યઞ્જનાદેરેક૦૩.૪.૯થી યઙ્→કૃ+**य**
આ સૂત્રથી ઋનો રી→**क्री**य
સન્યઙ૦૪.૧.૩થી દ્વિત્વ→**क्री**क्री+य
વ્યઞ્જનસ્યા૦૪.૧.૪૪થી ર્નો લોપ→કીક્રી+ય
કડશ્ચઞ્ ૪.૧.૪૬થી ક્નો ચ્→**ची**क्रीय
આ-ગુણા૦૪.૧.૪૮થી ગુણ→**चे**क्रीय
તે વગેરે→चेक्रीय**ते**।

(૩) **मात्रीयते** = માતા જેવું આચરણ કરે છે.
मातुः इव आचरतीति અર્થમાં,
क्यङ् ૩.૪.૨૬થી क्यङ्→मातृ+**य**
આ સૂત્રથી ઋનો રી→मात्री**य**
તે વગેરે→मात्री**यते**।

(૪) **पित्रीयते** = પિતા જેવું આચરણ કરે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **ऋत इति किम् ? चेकीर्यते** = તે વારંવાર ફેંકે છે.
(कृत् विक्षेपे-१३३४)
વ્યઞ્જનાદેરેક૦૩.૪.૯થી યઙ્→કૃ+**य**
ऋतां क्ङि૦૪.૪.૧૧૬થી ઇર્→**की**र्य
પૂર્વ પ્રમાણે દ્વિત્વ વગેરે થતાં→**चे**कीर्य**ते**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ऋકારને વિશે થાય છે. જ્યારે અહીં દીર્ઘ ॠ છે. માટે આ સૂત્રથી री થયો નહીં.

रिः श-क्या-ऽऽशीर्ये ૪.૩.૧૧૦

અ.અ.સૂ. : ऋतः धातोः शक्याऽऽशीर्ये रिः।

અર્થ : ऋકારાન્ત ધાતુનાં ऋનો श, क्य અને आशीः વિભક્તિનાં यકારાદિ પ્રત્યય પર છતાં ऋનો रि થાય છે.

સ. : श-क्या-ऽऽशीर्ये = आशिषो य इति आशीर्यः, शश्च क्यश्च आशीर्यश्चेति शक्याशीर्यम्, तस्मिन्निति।

ઉદા. (૧) **व्याप्रियते** = તે વ્યાપાર કરે છે. (पृङ्त् व्यायामे-૧૪૬૫)
सति ૫.૨.૧૯ વગેરેથી તે→व्या+पृ+**ते**
तुदादेः०૩.૪.૮૧થી श→व्या+पृ+**अ**+ते
આ સૂત્રથી ऋનો रि→व्याप्रि+अ+ते
धातोरिवर्णो०૨.૧.૫૦થી इનો इय्→व्याप्रि**यते**।

(૨) **क्रियते** = તેનાં વડે કરાય છે. (डुकृंग् करणे-૮૮૮)
सति ૫.૨.૧૯ વગેરેથી તે→कृ+**ते**
क्यः शिति ૩.૪.૭૦થી क्य→कृ+**य**+ते
આ સૂત્રથી ऋનો रि→क्रियते।

(૩) **ह्रियात्** = તે હરણ કરે. (हृंग् हरणे-૮૮૫)
आशिष्या०૫.૩.૩૮થી क्यात्→हृ+**यात्**
આ સૂત્રથી ऋનો रि→ह्रियात्।

વિશેષતા :

અહીં व्याप्रियते ઉદા.માં ऋतो रीः ૪.૩.૧૦૩ સૂત્ર દ્વારા દીર્ઘ रीની પ્રાપ્તિ હતી. પરંતુ વિશેષ સૂત્રતયા श, क्य અને

यकारादि आशीः प्रत्यय પર છતાં આ સૂત્રથી હ્રસ્વ रि થાય છે. પણ દીર્ઘ નહીં.

ईश्च्वाववर्णस्याऽनव्ययस्य ४.३.१११

અ.અ.સૂ. : अनव्ययस्य अवर्णस्य च्वौ ईः।

અર્થ : અવ્યય સિવાયનાં અવર્ણાન્ત નામોનાં અન્ત્ય અવર્ણનો च्वि પ્રત્યય પર છતાં ई આદેશ થાય છે.

સ. : अनव्ययस्य = न अव्ययमिति अनव्ययम्, तस्येति।

ઉદા. (૧) **शुक्लीस्यात्** = શુકલ નથી તે શુકલ થાય છે.
अशुक्लः शुक्लः स्यादिति અર્થમાં,
कृभ्वस्ति०७.२.१२६થી च्वि→शुक्ल+०+**स्यात्**
આ સૂત્રથી अનો ई→शुक्ल**ी**स्यात्।

(૨) **मालीस्यात्** = જે માળા નથી તે માળા થાય છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **अनव्ययस्येति किम्? दिवाभूता रात्रिः** =
રાત્રિ દિવસ જેવી થઈ.
अदिवा दिवा भूतेति અર્થમાં,
कृभ्वस्ति०७.२.१२६થી च्वि→दिवा+०+**भूता**

★ આ સૂત્રની પ્રવૃત્તિ અવ્યય સિવાયનાં નામોને વિશે થાય છે. જ્યારે અહીં અવ્યય છે. માટે આ સૂત્રથી आનો ई થયો નહીં.

વિશેષતા :

અહીં दीर्घमवो०४.३.१०८ સૂત્રથી દીર્ઘ થવાની પ્રાપ્તિ હતી. પરંતુ અવ્યય સિવાયનાં अવર્ણાન્ત પ્રકૃતિનો હ્રસ્વ इકાર આદેશ

થાય છે. માટે આ સૂત્ર दीर्घश्चिच्व०४.३.१०८નાં અપવાદ સ્વરૂપે જાણવો. આ વાત આગામી સૂત્રમાં પણ જાણવી.

क्यनि ४.३.११२

અ.અ.સૂ. : अवर्णस्य क्यनि ईः।

અર્થ : અવર્ણાન્ત નામનાં અન્ત્ય અવર્ણનો क्यन् પ્રત્યય પર છતાં ई થાય છે.

ઉદા. (૧) पुत्रीयति = તે પુત્રને ઇચ્છે છે.
પુત્રમિચ્છતીતિ અર્થમાં,
अमाव्ययात्०૩.૪.૨૧થી क्यन्→पुत्र+**य**
આ સૂત્રથી अનો ई→**पुत्रीय**
तिव् વગેરે→पुत्रीय**ति**।

(૨) **मालीयति** = તે માળાને ઇચ્છે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ માત્ર क्यनिનો અધિકાર ઉત્તરસૂત્રમાં લઈ જવા માટે જાણવો.

क्षुत्-तृड्-गर्धेऽशनायोदन्य-धनायम् ४.३.११३

અ.અ.સૂ. : क्षुत्-तृड्-गर्धे अशनायोदन्य-धनायम्।

અર્થ : ક્ષુધા, તૃષા અને આસક્તિ અર્થ જણાતે છતે અનુક્રમે अशनाय, उदन्य અને धनाय એ પ્રમાણે क्यन् અન્તવાળાં નિપાતન પામે છે.

સ. : (૧) **क्षुत्-तृड्-गर्धे** = क्षुच्च, तृट् च, गर्धश्चेति क्षुत्-तृड्-गर्धम्, तस्मिन्निति।

(૨) **अशनायोदन्य-धनायम्** = अशनायश्च उदन्यश्च धनायश्चेति।

ઉદા. (૧) **अशनायति** = ભૂખથી ભોજનને ઇચ્છે છે.
अशनमिच्छतीति અર્થમાં,
अमाव्ययात्०૩.૪.૨૩થી क्यन्→अशन+**य**
આ સૂત્રથી अ નો आ→अश**नाय**
तिव् વગેરે→अशनाय**ति**।

(૨) **उदन्यति** = તૃષાથી પાણીને ઇચ્છે છે.
उदकमिच्छतीति અર્થમાં,
अमाव्ययात्०૩.૪.૨૩થી क्यन्→उदक+**य**
આ સૂત્રથી उदन् આદેશ નિપાતન→**उदन्य**
तिव् વગેરે→उदन्य**ति**।

(૩) **धनायति** = આસક્તિથી ધનને ઇચ્છે છે. धनमिच्छतीति
આ ઉદા.ની સાધનિકા अशनायति પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **क्षुदादाविति किम्?**

(૧) **अशनीयति दातुम्** = આપવા માટે ભોજનને ઇચ્છે છે.

(૨) **उदकीयति दातुम्** = આપવા માટે પાણીને ઇચ્છે છે.

(૩) **धनीयति दातुम्** = આપવા માટે ધનને ઇચ્છે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ पुत्रीयति પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ક્ષુધા વગેરે અર્થની ગમ્યમાનતામાં થાય છે. જ્યારે અહીં ક્ષુધા આદિ અર્થ નથી. માટે આ સૂત્રથી નિપાતન થયું નહીં.

वृषाऽश्वान् मैथुने स्सोऽन्तः ४.३.११४

अ.अ.सू. : मैथुने वृषाऽश्वात् क्यनि स्सः अन्तः।

અર્થ : મૈથુન અર્થમાં વર્ત્તતાં વૃષ અને અશ્વ નામને અન્તે क्यन् પ્રત્યય પર છતાં सકારાદિ स् આગમ થાય છે.

स. : वृषाऽश्वात् = वृषश्च अश्वश्चेति वृषाश्वम्, तस्मादिति।

ઉદા. (૧) **वृषस्यति गौः** = ગાય બળદને ઇચ્છે છે.
गौः મૈથુનાય વૃષમિચ્છતીતિ અર્થમાં,
अमाव्ययात्०૩.૪.૨૩થી क्यन्→वृष+**य**
આ સૂત્રથી स्स् આગમ→वृष**स्य**
तिव् વગેરે→वृषस्य**ति**।

(૨) **अश्वस्यति वडवा** = ઘોડી ઘોડાને ઇચ્છે છે.
वडवा मैथुनाय अश्वमिच्छतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. मैथुन इति किम्?

(૧) **वृषीयति ब्राह्मणी** = બ્રાહ્મણી બળદને ઇચ્છે છે.

(૨) **अश्वीयति ब्राह्मणी** = બ્રાહ્મણી ઘોડાને ઇચ્છે છે.
આ ઉદા.ની સાધનિકા ૪.૩.૧૧૨ નિર્દિષ્ટ पुत्रीयति પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ મૈથુન અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં મૈથુન અર્થ નથી. માટે આ સૂત્રથી स् આગમ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રગત વૃષ અને અશ્વ શબ્દ મૈથુન અર્થમાં વર્ત્તે છે. 'વૃષ અને અશ્વ સંબંધી મૈથુનની ઇચ્છા' એ સૂત્ર નિર્દિષ્ટ

અર્થનો અભિપ્રાય જાણવો. જે અન્ય મનુષ્યાદિમાં પણ હોઈ શકે. તેથી सा क्षीरकण्ठकं वत्सं वृषस्यन्ती न लज्जिता = તેણી ક્ષીર કંઠમાં છે જેને એવા વાછરડા સંબંધી મૈથુનની ઇચ્છા કરતી છતી (મનુષ્યની સ્ત્રી) પણ લજ્જા પામતી નથી. એવા પણ પ્રયોગો દેખાય છે.

(૨) અહીં સૂત્રમાં स्स् એ પ્રમાણે स् કારનો નિર્દેશ કર્યો છે તે વિશેષતા જણાવવા માટે છે. અહીં વિશેષ એ છે કે, નીચેનાં સૂત્રગત ઉદા.માં नाम्यन्तस्था०૨.૩.૧૫ સૂત્રથી દન્ત્ય સ્નો મૂર્ધન્ય ષ્ થવાની પ્રાપ્તિ છે. પરંતુ સામાન્યતયા दधिस्यति, मधुस्यति એવા પ્રયોગો જ પ્રસિદ્ધ હોવાથી અહીં नाम्यन्तस्था०૨.૩.૧૫ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

अस् च लौल्ये ૪.૩.૧૧૫

અ.અ.સૂ. : लौल्ये क्यनि अस् च(स्सः)।

અર્થ : લૌલ્ય અર્થ જણાતે છતે क्यन् પ્રત્યય પર છતાં નામને અન્તે अस् અને स् આગમ થાય છે.

ઉદા. (૧) दधिस्यति/दध्यस्यति = તે દહીંને (ખાવા માટે) ઈચ્છે છે.
दधि भक्षितुमिच्छतीति
अमाव्ययात्०૩.૪.૨૩થી क्यन्→दधि+**य**
આ સૂત્રથી स् અને अस् આગમ→दधि**स्य**/दधि+**अस्**+य
इवर्णादे०૧.૨.૨૧થી इનો य्→दधिस्य/द**ध्य**स्य
तिव् વગેરે→दधि**स्यति**/दध्य**स्यति**।

પ્ર.ઉદા. लौल्य इति किम् ? क्षीरीयति दातुम् =
આપવા માટે દૂધને ઈચ્છે છે.
આ ઉદા.ની સાધનિકા ૪.૩.૧૧૨ નિર્દિષ્ટ पुत्रीयति પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ લૌલ્ય અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં લૌલ્ય અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી સ્ અને અસ્ આગમ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં જે અસ્ કાર્ય દર્શાવ્યું છે તે વિશેષતયા અકારાન્ત સિવાયનાં પદ માટે જાણવું. કારણકે અકારાન્ત પદમાં તો લુગસ્યાદે૦૨.૧.૧૧૩થી પૂર્વ અનો લોપ જ થતો હોવાથી માત્ર સ્ આગમથી પણ કાર્ય સિદ્ધિ થવાની જ હતી. અને માટે જ આ સૂત્ર વિષયક અકારાન્ત પદોમાં એક જ પ્રયોગ સિદ્ધ થશે. પણ અન્ય નામોની જેમ બે પ્રયોગ નહીં. જેમકે, ક્ષીરસ્યતિ, લવણસ્યતિ।

(૨) અહીં બૃ.વૃ.માં સૂત્રગત દધિસ્યતિ ઉદા.નાં વિગ્રહ-વાક્યમાં દધિ ભક્ષિતુમિચ્છતીતિ દધિસ્યતિ એ પ્રમાણે નિર્દેશ કર્યો છે. ત્યાં **અનિત્યો ણિચ્ચુરાદીનામ્ ૨/૪૦** ન્યાયાનુસારે ભક્ષ્ ધાતુને ણિચ્ની અનિત્યતા જાણવી. અન્યથા ભક્ષયિતુમિચ્છતિ એ પ્રમાણે નિર્દેશ થવો સંભવે છે.

અન્ય મત :

(૩) કેટલાંક વ્યાકરણકારો અકારાન્ત પદોમાં પણ અસ્ આગમ કર્યા બાદ લુગસ્યાદે૦૨.૧.૧૧૩થી લોપની પ્રવૃત્તિ ઇચ્છતાં નથી. તેથી તેઓનાં મતે ક્ષીરાસ્યતિ, લવણાસ્યતિ જેવા પ્રયોગો પણ સિદ્ધ થાય છે. પરંતુ તે બહુજન સંમત નથી.

અભ્યાસ-૧

૫૦ માર્ક્સ

પ્ર.૧. નીચેનાં સૂત્રોનાં અર્થ જણાવો. ૧૦

(૧) ૪.૩.૧૫ (૨) ૪.૩.૨૬ (૩) ૪.૩.૧૧
(૪) ૪.૩.૫૯ (૫) ૪.૩.૭૫ (૬) ૪.૩.૯૨
(૭) ૪.૩.૧૧૧ (૮) ૪.૩.૧૧૫ (૯) ૪.૩.૯૫
(૧૦) ૪.૩.૯૬

પ્ર.૨. નીચેનાં ન્યાયોની સમજૂતી વિવેચનગત ઉદા. દ્વારા સમજાવો. ૧૫

(૧) आद्यन्तवदे० (૨) तिवाशबानुबन्धेन० (૩) धातोः स्वरुप०
(૪) निरनुबन्धग्रहणे न० (૫) आदेशादागमः

પ્ર.૩. નીચેનાં ધાતુઓમાં ગુણ અને વૃદ્ધિ કયા સૂત્રથી થાય છે તે જણાવો. ૧૦

(૧) कृ (૨) मृज् (૩) स्वृ (૪) विज्+इट् (૫) जागृ

પ્ર.૪. નીચેનાં ધાતુઓની કઈ અવસ્થામાં કયા પ્રત્યયો કિત્‌વત્ કે ઙિત્‌વત્ થાય છે તે જણાવો. ૧૦

(૧) प्रच्छ् (૨) भिद् (૩) कृ (૪) धे (૫) गुफ्
(૬) यम् (૭) मिद् (૮) ऊर्ण्णु (૯) स्वञ्ज् (૧૦) रुद्

પ્ર.૫. નીચેનાં પ્રશ્નોનાં ઉત્તર આપો. ૫

(૧) इश्चस्था०૪.૩.૪૧ સૂત્રમાં કિત્‌વત્‌નું વિધાન શા માટે કર્યું ?
(૨) धुड्हृस्वा०૪.૩.૭૦ સૂત્રમાં लुक्‌નું પુનઃ ગ્રહણ શા માટે કર્યું ?
(૩) ब्रूतः परादिः ૪.૩.૫૩ સૂત્રનો ब्रूतः शित् એ પ્રમાણે સૂત્રનિર્દેશ ન કરતાં परादिः એ પ્રમાણે શા માટે કહ્યું ?
(૪) नामिनोऽ०૪.૩.૫૧ સૂત્રમાં कलि-हलि પદ દ્વારા વર્જન શા માટે કર્યું ?
(૫) स्कृच्छृतो०૪.૩.૮ સૂત્રમાં स्कृનું પૃથક્ ગ્રહણ શા માટે કર્યું ?

• • •

॥ ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः ॥
॥ श्री पंचासरा पार्श्वनाथाय नमः ॥

चतुर्थेऽध्याये चतुर्थः पादः

अस्ति-ब्रुवो र्भू-वचावशिति ४.४.१

अ.अ.सू. : अस्ति-ब्रूवोः धात्वोः अशिति भू-वचौ।

अर्थ : अस् अने ब्रू धातुनो अशित् प्रत्ययनां विषयमां अनुक्रमे भू अने वच् आदेश थाय छे.

स. : (१) **अस्ति-ब्रूवोः**=अस्तिश्च ब्रूश्चेति अस्तिब्रुवौ, तयोरिति।
(२) **भू-वचौ**=भूश्च वच् चेति।
(३) **अशिति**=श् इत् यस्य स इति शित्, न शित् इति अशित्, तस्मिन्निति।

उदा. (१) भव्यम्=थवा योग्य. (असक् भुवि-११०२)
आ सूत्रथी अस्नो भू आदेश→**भू**
य एच्चातः ५.१.२८थी य→भू+**य**
नामिनो गुणो०४.३.१थी गुण→**भो**+य
व्यक्ये १.२.२५थी अव्→**भव्य**
प्रथमा सि वगेरे→भव्य**म्**।

(૨) **अवोचत्**=તે બોલ્યો. (ब्रूंग्क् व्यक्तायां वाचि-११२५)
આ સૂત્રથી બ્રૂનો વચ્ આદેશ→**वच्**
અદ્યતની ૫.૨.૪ વગેરેથી દિ→વચ્+**ત્**
શાસ્ત્યસૂ૦૩.૪.૬૦થી અઙ્→વચ્+**અ**+ત્
શ્વયત્યસૂ૦૪.૩.૧૦૩થી વોચ્→**વોચ**ત્
અડ્ ધાતો૦૪.૪.૨૯થી અટ્→**અ**વોચત્।

પ્ર.ઉદા. अशितीति किम् ?

(૧) **स्यात्**=તે થાય.
વિધિ-નિમન્ત્રણા૦૫.૪.૨૮ વગેરેથી યાત્→અસ્+**યાત્**
શ્નાસ્ત્યો૦૪.૨.૯૦થી અનો લોપ→સ્યાત્।

(૨) **ब्रूते**=તે બોલે છે.
સતિ ૫.૨.૧૯ વગેરેથી તે→**ब्रूते**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ अशित् પ્રત્યયનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં शित् પ્રત્યયનો વિષય છે. માટે આ સૂત્રથી भू અને वच् આદેશ થયો નહીં.

વિશેષતા :

(૧) બ્રૂ ધાતુનો ધાતુપાઠમાં બ્રૂંગ્ક્-૧૧૨૫ એ પ્રમાણે અનુસ્વાર ઈત્ સહિત નિર્દેશ હોવાથી एकस्वरादनु૦૪.૪.૫૬ સૂત્ર દ્વારા બ્રૂ ધાતુથી ઇટ્ આગમનો નિષેધ થાય છે. અને स्थानीवाऽऽवर्ण० ૭.૪.૧૦૯ પરિભાષાનુસારે વચ્ આદેશ પણ બ્રૂ સ્વરૂપે મનાતાં તેનાથી પર પણ ઇટ્ આગમ થશે નહીં. જેમકે, वक्ष्यति।

(૨) આ સૂત્રમાં अशिति એ પ્રમાણે વિષય સપ્તમીનો નિર્દેશ જાણવો. પણ નિમિત્ત સપ્તમીનો નહીં. તેથી

પ્રત્યય લાગતાં પૂર્વે જ માત્ર વિષય નિર્દેશ થતાં જ આ સૂત્રથી અસ્ અને બ્રૂ ધાતુનો અનુક્રમે भू અને वच् આદેશ થઈ જાય છે. અને અસ્ ધાતુનો भू આદેશ સ્વરાન્ત હોવાથી य एच्चातः ૫.૧.૨૮થી य પ્રત્યય થાય છે. અને બ્રૂ ધાતુનો वच् આદેશ વ્યંજનાન્ત હોવાથી ऋवर्ण-व्यञ्जनात्०૫.૧.૧૭થી ण्यण् પ્રત્યય થાય છે. જેમકે, भव्यम्, वाच्यम्।

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, धातोरनेकस्वरा०૩.૪.૪૬ સૂત્રમાં कृ, भू અને अस् એ પ્રમાણે भू ધાતુથી अस्નું પૃથક્ વિધાન કર્યું છે. તેથી चकासामास=चकास्+आम्+अस् અવસ્થામાં આ સૂત્રથી अस्નો भू આદેશ થશે નહીં. અન્યથા તે સૂત્રમાં कृ-भू એમ બે જ ધાતુનો નિર્દેશ કર્યો હોત.

(૪) સૂત્રમાં अस्ति એ પ્રમાણે अस् ધાતુનો નિર્દેશ હોવાથી દિવાદિ असूच्-૧૨૨૧ અને ભ્વાદિ असी-૯૩૨ આ બે ધાતુનો નિષેધ થાય છે. અને અદાદિ સંબંધી असक्-૧૧૦૨નું જ ગ્રહણ થાય છે.

(૫) સૂત્રમાં अस्ति-ब्रुवोः અને भू-वचौ એ પ્રમાણે કાર્યાદર્શક પદ અને કાર્યદર્શક પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

જિ. : ધાતુપાઠમાં भू અને वच् ધાતુનો પૃથક્ નિર્દેશ છે. તેથી, अभूत्, अवोचत् જેવાં પ્રયોગો તે ધાતુઓથી સિદ્ધ જ હતાં. તો પણ આ સૂત્રનો પૃથક્ નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ અશિત્ પ્રત્યય પર છતાં અસ્ અને બ્રૂ ધાતુનાં પ્રયોગની નિવૃત્તિ માટે તથા બ્રૂ ધાતુની જેમ અશિત્ પ્રત્યયનાં વિષયમાં વચ્ ધાતુનો પ્રયોગ ફલવાન કર્તા હોતે છતે આત્મનેપદી કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

अघञ्क्यबलच्यजेर्वीं ४.४.२

અ.અ.સૂ. : अघञ्क्यबलचि अशिति अजेः धातोः वीं।

અર્થ : ઘઞ્, ક્યપ્, અલ્ અને અચ્ સિવાયનાં અશિત્ પ્રત્યયનાં વિષયમાં અજ્ ધાતુનો વીં આદેશ થાય છે.

સ. : अघञ्क्यबलचि=घञ् च क्यप् च अल् च अच् चेति घञ्क्यबलच्, न घञ्क्यबलचेति अघञ्क्यबलच्, तस्मिन्निति।

ઉદા. (૧) प्रवेयम्=ફેંકવાં યોગ્ય. (अज क्षेपणे गतौ च-૧૩૯)
घ्यण्નાં વિષયમાં આ સૂત્રથી અજ્નો વીં→प्र+**वी**
य एच्चातः ૫.૧.૨૮થી य→प्र+वी+**य**
नामिनो०૪.૩.૧થી ગુણ→**प्रवेय**
प्रथमा सि વગેરે→**प्रवेयम्**।

પ્ર.ઉદા. अघञ्क्यबलचीति किम् ?

(૧) **समाजः**=લોકોનો સમુદાય.
भावा-ऽकर्त्रो ૫.૩.૧૮થી घञ्→सम्+अज्+**अ**
ञ्णिति ૪.૩.૫૦થી વૃદ્ધિ→**समा**ज
प्रथमा सि વગેરે→समाजः।

(૨) **समज्या**=સમાજ, સભા.
समज०૫.૩.૯૯થી क्यप्→सम्+अज्+**य**

आत् २.४.१८थी आप्→समज्य+**आ**
प्रथमा सि वगेरे→समज्या।

(૩) **उदजः**=પશુઓનો સમુદાય.
समुदो०५.૩.૩०थी अल्→उद्+अज्+**अ**
प्रथमा सि वगेरे→उदजः।

(૪) **अजः**=પશુ.
अच् ५.१.४९थी अच्→अज्+**अ**
प्रथमा सि वगेरे→अजः।

★ આ સૂત્રમાં घञ् વગેરે પ્રત્યયોનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી वीं આદેશ થયો નહીં.

વિશેષતા :

यद्यपि अज् धातु स्वरादि होवाथी यङ् प्रत्ययनी प्राप्ति न हती. परंतु सूत्रमां अशित् प्रत्ययनां विषयमां ए प्रमाणे विषय सप्तमीनो निर्देश होवाथी यङ् प्रत्ययनी पूर्वे ज वीं आदेश थतां आदेशभूत वीं धातु यङ् प्रायोग्य निमित्तवान् व्यंजनादि एकस्वरी प्राप्त थाय छे. तेथी यङ् प्रत्ययान्त वेवीयते प्रयोग सिद्ध थाय छे.

त्रने वा ४.४.३

अ.अ.सू. : त्रने अजेः धातोः वीं।

अर्थ : तृ अने अन प्रत्ययनां विषयमां अज् धातुनो वीं आदेश थाय छे.

स. : त्रने=तृश्च अनश्चेति त्रनः, तस्मिन्निति।

उदा. (१) प्रवेता/प्राजिता=सारथि. (अज क्षेपणे गतौ च-१३९)
णक-तृचौ ५.१.४८थी तृच्→प्र+अज्+**तृ**

આ સૂત્રથી અજ્નો વીં→પ્ર+**વી**+તૃ
નામિનો ગુણો૦૪.૩.૧થી ગુણ→પ્ર**વે**તૃ
પ્રથમા સિ વગેરે→પ્રવે**તા**।
વિકલ્પે : જ્યારે વીં ન થાય ત્યારે, પ્રાજિતા।

(૨) **પ્રવયણઃ/પ્રાજનો દણ્ડઃ**=દંડ.
કરણાઽઽધારે ૫.૩.૧૨૯થી અનટ્→પ્ર+અજ્+**અન**
આ સૂત્રથી અજ્નો વીં→પ્ર+**વી**+અન
નામિનો૦૪.૩.૧થી ગુણ→પ્ર+**વે**+અન
એદૈતોઽ૦૧.૨.૨૩થી અય્→પ્ર+**વયન**
ર-ષૃવર્ણાન્નો૦૨.૩.૬૩થી ન્નો ણ્→પ્રવય**ણ**
પ્રથમા સિ વગેરે→પ્રવયણઃ।
વિકલ્પે : જ્યારે વીં ન થાય ત્યારે, પ્રાજનઃ।

વિશેષતા :

કેટલાંક વ્યાકરણકારો અન પ્રત્યય અને ય્કાર સિવાયનાં વ્યંજનાદિ પ્રત્યયમાં આ સૂત્રની પ્રવૃત્તિ વિકલ્પે ઈચ્છે છે. તેથી તેઓનાં મતે પ્રવેષ્યતિ, પ્રાજિષ્યતિ જેવાં પ્રયોગો પણ થાય છે.

चक्षो वाचि क्शांग्-ख्यांग् ૪.૪.૪

અ.અ.સૂ. : वाचि चक्षः धातोः अशिति क्शांग्-ख्यांग्।

અર્થ : બોલવું અર્થમાં વર્તતાં ચક્ષ્ ધાતુનો અશિત્ પ્રત્યયનાં વિષયમાં ક્શાંગ્ અને ખ્યાંગ્ આદેશ થાય છે.

સ. : क्शांग्-ख्यांग्=क्शांग् च ख्यांग् चेति।

ઉદા. (૧) आक्शास्यति/आक्शास्यते=તે બોલશે.
(चक्षिक् व्यक्तायां वाचि-૧૧૨૨)

स्यतेनां विषयमां आ सूत्रथी वक्षांग्→आ+**वक्षा**
भविष्यन्ती ५.३.४ वगेरेथी स्यति/स्यते→आ+वक्षा+**स्यति/स्यते**
तेमज, आवक्षास्यति/आवक्षास्यते।
तेवी ज रीते ज्यारे ख्यांग् थाय त्यारे, **आख्यास्यति/आख्यास्यते**।

(२) **आवक्षेयम्**=कहेवा योग्य.
य प्रत्ययनां विषयमां आ सूत्रथी वक्षा→आ+**वक्षा**
य एच्चातः ५.१.२८थी य अने आनो ए→आवक्षेय
प्रथमा सि वगेरे→आवक्षे**यम्**।
तेवी ज रीते, ज्यारे ख्यांग् थाय त्यारे, आ**ख्येयम्**।

प्र.उदा. वाचीति किम् ? बोधे-विचक्षणः=जाणकार.
नन्द्यादिभ्यो०५.१.५२थी अन→वि+चक्ष्+**अन**
र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→विचक्ष**ण**
प्रथमा सि वगेरे→विचक्षणः।

★ आ सूत्रनी प्रवृत्ति बोलवुं अर्थमां वर्तता चक्ष् धातुथी थाय छे. ज्यारे अहीं बोध अर्थमां वर्ततो चक्ष् धातु छे. माटे आ सूत्रथी वक्षांग्, ख्यांग् आदेश थयो नहीं.

विशेषता :

आ सूत्रनां कार्यभूत वक्षांग्, ख्यांग् ए प्रमाणे आदेशमां अनुस्वार ईत् इट्नां निषेध माटे छे. अने ग्कार फलवान कर्त्तामां आत्मनेपद करवा माटे छे. तेथी स्थानीवाऽवर्ण०७.४.१०९ परिभाषानुसारे चक्ष्नी जेम वक्षा अने ख्या आदेशथी नित्य आत्मनेपद प्रत्यय अने इट् आगम थशे नहीं.

नवा परोक्षायाम् ४.४.५

अ.अ.सू. : वाचि चक्षः धातोः परोक्षायां क्शांग्-ख्यांग् नवा।

અર્થ : બોલવું અર્થમાં વર્ત્તતાં चक्ष् ધાતુનો क्शा અને ख्या આદેશ પરોક્ષાનાં વિષયમાં વિકલ્પે થાય છે.

ઉદા. **आचक्शौ/आचख्यौ/आचचक्षे**=તેણે કહ્યું.

(चक्षिक् व्यक्तायां०११२२)

परोक्षे ५.२.१२ વગેરેથી णव्→आ+चक्ष्+**अ**

આ સૂત્રથી क्शा→आ+**क्शा**+अ

द्विर्धातु०४.१.१थी द्वित्व→आ+**क्शा**क्शा+अ

ह्रस्वः ४.१.३९थी ह्रस्व→आ+**क्श**क्शा+अ

व्यञ्जनस्या०४.१.४४थी श्नो लोप→आ+कक्शा+अ

कङश्चञ् ४.१.४६थी क्नो च्→आ+**च**क्शा+अ

आतो णव०४.२.१२०थी णव्नो औ→आच**क्शौ**।

अथवा, જ્યારે ख्या આદેશ થાય ત્યારે, आ+**ख्या**+अ

द्वित्व વગેરે પૂર્વ પ્રમાણે→आ**च**ख्यौ।

विकल्पे : જ્યારે આદેશ ન થાય ત્યારે, चक्ष्+**ए**

द्विर्धातु०४.१.१थी द्वित्व→आ+**चक्ष्**चक्ष्+ए

व्यञ्जनस्या०४.१.४४थी क्षनो लोप→आचचक्षे।

भृज्जो भर्ज् ४.४.६

अ.अ.सू. : भृज्जः धातोः अशिति भर्ज् नवा।

અર્થ : भ्रस्ज् ધાતુનો अशित् પ્રત્યયનાં વિષયમાં भर्ज् આદેશ વિકલ્પે થાય છે.

ઉદા. **भर्ष्टा/भ्रष्टा**=તે ભુંજશે. (भ्रस्जींत् पाके-१३१६)

अनद्यतने०५.३.५थी ता→भ्रस्ज्+**ता**

આ સૂત્રથી ભર્જ્→**भर्ज्**+ता
यज-सृज०२.१.८७थी ज्नो ष्→**भर्ष्**+ता
तवर्गस्य०१.३.६०थी त्नो ट्→**भर्ष्टा**।
વિકલ્પે : જ્યારે ભર્જ્ન થાય ત્યારે, भ्रस्ज्+ता
संयोगस्यादौ०२.१.८८थी स्नो लोप→भ्रज्+ता
ष् વગેરે થતાં→**भ्रष्टा**।

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, भृज्यात् વગેરે अशित् कित् પ્રત્યયાન્ત પ્રયોગમાં ભર્જ્ આદેશ થયા બાદ स्थानीवा०७.४.१०९ પરિભાષાનુસારે ભર્જ્ને भ्रस्ज् સ્વરૂપે માનીને ग्रह-व्रश्च०४.१.८४ સૂત્રની પ્રવૃત્તિ થશે. અને તેથી પૂર્વનાં સ્વરસહિત र्(अर्) વર્ણનો व्वृत्(ऋ) થાય છે.

(૨) સૂત્રમાં भृज्जः એ પ્રમાણે લુપ્ત तिव् પ્રત્યયાન્ત નિર્દેશ હોવાથી **तिवाशवानुबन्धेन० १/१८** ન્યાયાનુસારે यङ्लुबन्तમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમકે, बरीभृजीति।

प्राद् दागस्त आरम्भे क्ते ४.४.७

અ.અ.સૂ. : आरम्भे प्राद् दागः धातोः क्ते तः नवा।

અર્થ : આરંભ અર્થમાં વર્તતાં પ્ર ઉપસર્ગથી પર રહેલ दा ધાતુનો क्त પ્રત્યય પર છતાં त् આદેશ વિકલ્પે થાય છે.

ઉદા. प्रत्तः/प्रदत्तः=તેણે દાન આપવાનો આરંભ કર્યો.
(डुदांग्क् दाने-११३८)
आरम्भे ५.१.१०थी क्त→प्र+दा+**त**
આ સૂત્રથી दानो त्→प्र+**त्त्**+त

धुटो धुटि०१.३.४८थी त्नो लोप→प्रत्त
प्रथमा सि वगेरे→प्रत्तः।
विकल्पे : જ્યારે त्त न थाय त्यारे, प्र+दा+त
दत् ४.४.१०थी दत्→**प्रदत्त**
प्रथमा सि वगेरे→प्रदत्तः।

प्र.ઉદા. प्रादिति किम् ? परीत्तम्=દાન આપવાની શરૂઆત કરી.
आरम्भे ५.१.१०थी क्त→परि+दा+**त**
स्वरादुपस०४.४.९थी दानो त्→परि+**त्त्**+त
धुटो धुटि०१.३.४८थी न्तनो लोप→**परित्त**
दस्ति ३.२.८८थी इ दीर्घ→**परीत्त**
प्रथमा सि वगेरे→**परीत्तम्**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્ર ઉપસર્ગથી પર થાય છે. જ્યારે અહીં परि ઉપસર્ગ છે. માટે આ સૂત્રથી વિકલ્પે त्त आदेश थयो नहीं.

विशेषता :

સૂત્રમાં त्त એ પ્રમાણે બે तકારનો નિર્દેશ હોવાથી સંપૂર્ણ ધાતુનો આદેશ થાય છે. અન્યથા षष्ठ्यान्त्य०७.४.१०९ પરિભાષાનુસારે અન્ત્ય વર્ણનો જ त् थात. અને अકાર ઉચ્ચારણ માટે છે.

नि-वि-स्वन्ववात् ४.४.८

અ.અ.સૂ. : नि-वि-स्वन्ववात् दागः धातोः क्ते त्तः नवा।

અર્થ : નિ, વિ, સુ, અનુ અને અવ ઉપસર્ગથી પર રહેલ दा ધાતુનો क्त પ્રત્યય પર છતાં त्त આદેશ વિકલ્પે થાય છે.

સ. : नि-वि-स्वन्ववात्=निश्च विश्च सुश्च अनुश्च अवश्चेति नि-वि-स्वन्ववम्, तस्मादिति।

ઉદા. (૧) **नीत्तम्/निदत्तम्**=નિરંતર આપેલું. (डुदांग्क् दाने-૧૧૩૮)

(૨) **वीत्तम्/विदत्तम्**=વિશેષ આપેલું.

(૩) **सूत्तम्/सुदत्तम्**=સારી રીતે આપેલું.

(૪) **अनूत्तम्/अनुदत्तम्**=પછી આપેલું.

(૫) **अवत्तम्/अवदत्तम्**=આપેલું.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ त्त् આદેશ આ સૂત્રથી કરવો. અને ૧ થી ૪ ઉદા.માં दस्ति ૩.૨.૮૮થી સ્વર દીર્ઘ કરવો.

વિશેષતા :

યદ્યપિ ઉત્તરસૂત્રમાં સ્વરાન્ત ઉપસર્ગથી પર દા ધાતુનાં त् આદેશની નિત્ય પ્રાપ્તિ હતી. પરંતુ નિ વગેરે ઉપસર્ગથી પર વિકલ્પે કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો सु ઉપસર્ગથી પર દા ધાતુનો त्त् આદેશ ઈચ્છતાં નથી. તેથી તેઓનાં મતે सुदत्तम् પ્રયોગ જ થાય છે.

(૨) કેટલાંક વ્યાકરણકારો આ સૂત્રની પ્રવૃત્તિ પણ આરંભ અર્થમાં જ ઈચ્છે છે. તેમનાં મતનો સંગ્રહ કરવા માટે પૂર્વસૂત્રથી આરમ્ભેની અનુવૃત્તિ પણ લેવી.

स्वरादुपसर्गाद् दस्ति कित्यधः ४.४.९

અ.અ.સૂ. : स्वरात् उपसर्गात् अधः दः ति किति त्तः।

અર્થ : સ્વરાન્ત ઉપસર્ગથી પર રહેલ ધા સિવાયનાં દા સંજ્ઞક ધાતુનો તકારાદિ કિત્ પ્રત્યય પર છતાં નિત્ય त्त् આદેશ થાય છે.

स. : अधः=न धा इति अध्, तस्येति।

ઉદા. (૧) **प्रत्तः**=આપેલું. (डुदांग्क् दाने-११३८)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→प्र+दा+**त**
આ સૂત્રથી દાનો त्→**प्रत्त्**+त
પ્રથમા સિ વગેરે→प्रत्तः।

(૨) **परित्त्रिमम्**=દાનથી થયેલું.
ड्वित०५.३.८४थी त्रिमक्→परि+दा+**त्रिम**
આ સૂત્રથી દાનો त्→परित्त्रिम्
પ્રથમા સિ વગેરે→परित्त्रि**मम्**।

પ્ર.ઉદા. (૧) **उपसर्गादिति किम् ? दधि दत्तम्**=દહીં આપ્યું.
આ ઉદા.ની સાધનિકા ૪.૪.૭માં નિર્દિષ્ટ प्रदत्तम् પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપસર્ગથી પર રહેલ દા ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં નામથી પર દા ધાતુ છે. માટે આ સૂત્રથી त्त् આદેશ થયો નહીં.

(૨) **स्वरादिति किम् ? निर्दत्तम्**=આપ્યું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્વરાન્ત ઉપસર્ગથી પર રહેલ દા સંજ્ઞક ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં निर् ઉપસર્ગથી પર દા ધાતુ છે. માટે આ સૂત્રથી त्त् આદેશ થયો નહીં.

(૩) **द इति किम् ? प्रदाता व्रीहयः**=લણેલાં ચોખા.
(दांव्क् लवने-१०७०)

★ આ સૂત્રની પ્રવૃત્તિ દા સંજ્ઞક ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં દા સંજ્ઞક ધાતુ નથી. માટે આ સૂત્રથી त्त् આદેશ થયો નહીં.

(૪) **तीति किम् ? प्रदाय**=આપીને.
प्राक्काले ૫.૪.૪૭થી क्त्वा→प्र+दा+**त्वा**
अनञः क्त्वो०૩.૨.૧૫૪થી त्वानो यप्→प्रदा**य**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ તકારાદિ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં તકારાદિ પ્રત્યય નથી. માટે આ સૂત્રથી त्त् આદેશ થયો નહીં.

(૫) **अध इति किम् ? निधीतः**=પીધેલો.
क्त-क्तवतू ૫.૧.૧૭૪થી क्त→नि+धे+**त**
आत् सन्ध्य०૪.૨.૧થી એનો आ→नि+**धा**+त
ई व्यञ्जने०૪.૩.૯૭થી આનો ई→नि**धी**त
પ્રથમા સિ વગેરે→निधीतः।

★ આ સૂત્રમાં धा સ્વરૂપનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી त्त् આદેશ થયો નહીં.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો તેથી નવાનો અધિકાર અટકી ગયો.

(૨) અહીં આગામી दो-सो-मा०૪.૪.૧૧ સૂત્ર દ્વારા દો ધાતુનાં અન્ત્યસ્વરનાં इत्वની પ્રાપ્તિ હતી. પરંતુ આ સૂત્રમાં 'ઉપસર્ગથી પર' એ પ્રમાણે વિશેષ વિધાન હોવાથી **सर्वत्रापि विशेषेण सामान्यं बाधते न तु सामान्येन विशेषः** ૩/૬ ન્યાયાનુસારે આ સૂત્રની જ પ્રવૃત્તિ થશે. પણ આગામી સૂત્રથી इ થશે નહીં. જેમકે, अवत्तिः, अवत्तवान्

दत् ४.४.१०

अ.अ.सू. : अधः दः धातोः ति किति दत्।

अर्थ : धा सिवायनां दा संज्ञक धातुनो तकाराદि कित् प्रत्यय પર છતાં दत् આદેશ થાય છે.

ઉદા. (१) **दत्तः**=આપેલ. (डुदांग्क् दाने-११३८)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→दा+**त**
આ સૂત્રથી दानो दत्→**दत्त**
પ્રથમા સિ વગેરે→दत्तः।

(२) **दत्तिः**=આપવું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ स्त्रियां०५.३.९१थी क्ति પ્રત્યય કરવો.

પ્ર.ઉદા. अध इत्येव→धीतः=પીધું. (ट्धें पाने-२८)
आत् सन्ध्य०४.२.१थी आ→**धा**
क्त-क्तवतू ५.१.१७४थी क्त→धा+**त**
ई व्यञ्जने०४.३.९७थी आनो ई→**धीत**
પ્રથમા સિ વગેરે→धीतः।

★ આ સૂત્રમાં धा ધાતુનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી त्त् આદેશ થયો નહીં.

વિશેષતા :

અહીં दा સંજ્ઞક એવા दो ધાતુનાં વિષયમાં સ્પર્દ્ધે ७.४.११९ પરિભાષાનુસારે બળવાન એવું પર સૂત્ર પ્રવર્તે છે. તેથી આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

दो-सो-मा-स्थ इः ४.४.११

स. : आदितः = આ इत् यस्य स इति आदित्, तस्मादिति।

ઉદા. (૧) मिन्नः = સ્નિગ્ધ કરાયું. (ञिमिदाच् स्नेहने-११८०)
ક્ત-ક્તવતૂ ૫.૧.૧૭૪થી ક્ત→मिद्+**त**
આ સૂત્રથી ઇટ્‌નો **નિષેધ.**
रदादमूर्च्छ०४.२.६९થી द् અને तનો न→**मिन्न**
પ્રથમા સિ વગેરે→मिन्नः।

(૨) **मिन्नवान्** = સ્નિગ્ધ કર્યું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ક્તવતુ પ્રત્યય લગાડવો.

नवा भावा-ऽऽरम्भे ४.४.७२

अ.अ.सू. : आदितः धातोः भावा-ऽऽरम्भे क्तयोः आदेः इट् न नवा।

અર્થ : આ ઈત્‌વાળાં ધાતુઓથી પર રહેલ ભાવ અને આરંભ અર્થમાં વર્ત્તતાં ક્ત અને ક્તવતુ પ્રત્યયની આદિમાં ઇટ્ વિકલ્પે થતો નથી.

स. : भावा-ऽऽरम्भे = भावश्च आरम्भश्चेति भावा-ऽऽरम्भम्, तस्मिन्निति।

ઉદા. (૧) मिन्नम्/मेदितम् = સ્નિગ્ધ કરાયું. (ञिमिदाच् स्नेहने-११८०)
मिन्नम्‌ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

विकल्पे : આ સૂત્રથી નિષેધ ન થાય ત્યારે, मिद्+त
स्ताद्यशितो०४.४.३२થી इट्→मिद्+**इ**+त
न डीङ्-शीङ्०४.३.२७થી સેટ્ क्तનાં किद्वत्નો **નિષેધ.**
लघोरुपा०४.३.४થી ગુણ→**मे**दित
પ્રથમા સિ વગેરે→मेदि**तम्**।

(૨) **प्रमिन्नः/प्रमेदितः** = સ્નિગ્ધ કર્યું.

(૩) **प्रमिन्नवान्/प्रमेदितवान्** = સ્નિગ્ધ કર્યું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) आदितः ४.४.७१ સૂત્રથી નિત્ય इट्નો પ્રતિષેધ થતો હતો. તેને વિકલ્પે કરવા અહીં આ સૂત્રનો નિર્દેશ છે.

જિ. : પૂર્વસૂત્રથી આ ઇત્વાળાં ધાતુથી પર कर्त्तरि વગેરે તમામ અર્થમાં क्त-क्तवतु પ્રત્યયની આદિમાં इट्નો નિષેધ દર્શાવ્યો છે. અને આ સૂત્રથી ભાવે અને આરંભ અર્થમાં એ જ સ્થાની, નિમિત્ત આદિ ગ્રહણ કરીને વિકલ્પે इट्નો નિર્દેશ કર્યો છે. તો आदितो नवा भावाऽऽरम्भे એ પ્રમાણે બંને સૂત્રનો ભેગો જ નિર્દેશ શા માટે ન કર્યો ?

સમા. : વસ્તુતઃ અહીં ભાવ અને આરંભ અર્થમાં જ વિકલ્પે इट्નો નિર્દેશ થતાં वेटोऽपतः ४.४.६२ સૂત્રથી નિત્ય इट्નો નિષેધ થવાની આપત્તિ આવે તથા, અન્ય कर्त्तरि-कर्मणिમાં इट्નો નિષેધ ઇષ્ટ હોવાથી સૂત્રનો भावारम्भे અંશ પણ વ્યર્થ જાય. તેથી તે અંશ વ્યર્થ ન જાય તે માટે ભાવ અને આરંભ અર્થમાં વિકલ્પે इट् કરી અન્યત્ર पारिशेष्यन्यायथी कर्त्तरि-कर्मणि અર્થમાં નિત્ય इट्નો પ્રતિષેધ થવાની પ્રાપ્તિ આવે. જે યોગ્ય જ છે. પરંતુ

वेटोऽपतः ४.४.६२ सूत्रमां दर्शावेल **यदुपाधेर्विभाषा तदुपाधेः प्रतिषेधः ३/१** न्यायानुसारे विकल्पनां विषयमां भाव अने आरंभ अर्थमां ज प्रतिषेध थई शके. पण कर्त्तरि-कर्मणि अर्थमां नहीं. जे ईष्ट नथी. माटे आ न्यायनुं ज्ञापन करीने वेटोऽपतः ४.४.६२ सूत्रनी प्रवृत्ति न थाय ते माटे ज अहीं भिन्न-भिन्न सूत्रनो निर्देश करवामां आव्यो छे. तेथी हवे वेटोऽपतः ४.४.६२ सूत्र द्वारा पण आ सूत्रनां विषयमां इट्नो निषेध थशे नहीं. पण विकल्पे इट् थशे. आ वात आगामी शकः कर्मणि ४.४.७३ वगेरे क्त-क्तवतु प्रत्यय पर छतां विकल्पे इट् करनारां तमाम सूत्रमां जाणवी.

शकः कर्मणि ४.४.७३

अ.अ.सू. : शकः धातोः कर्मणि क्तयोः आदेः इट् न नवा।

अर्थ : शक् धातुथी पर रहेल कर्ममां विधान करायेल क्त-क्तवतु प्रत्ययनी आदिमां इट् आगम विकल्पे थतो नथी.

उदा. शक्तः/शकितो घटः कर्तुम् = तेनां वडे घट करवा माटे शक्य छे. (शक्लृंट् शक्तौ-१३००)

क्त-क्तवतू ५.१.१७४थी क्त→शक्+**त**

आ सूत्रथी विकल्पे इट्नो निषेध→शक्त/शकित

प्रथमा सि वगेरे→शक्तः/शकितः।

विशेषता :

अहीं सूत्रमां कर्मणि पद द्वारा निमित्ततया कर्म अर्थनो निर्देश कर्यो छे. परंतु क्तवतु प्रत्यय कर्मणि अर्थमां थतो ज नथी. तेथी उदा.गत प्रयोगो क्तवतु प्रत्ययान्त दर्शाव्यां नथी.

णौ दान्त-शान्त-पूर्ण-दस्त-स्पष्ट-च्छन्न-ज्ञप्तम् ४.४.७४

અ.અ.સૂ. : णौ दान्त-शान्त-पूर्ण-दस्त-स्पष्ट-च्छन्न-ज्ञप्तम् नवा।

અર્થ : णि પ્રત્યય પર છતાં दान्त, शान्त, पूर्ण, दस्त, स्पष्ट, छन्न અને ज्ञप्त એ પ્રમાણે क्त પ્રત્યયાન્ત પ્રયોગો વિકલ્પે નિપાતન પામે છે.

સ. : दान्त-शान्त-पूर्ण-दस्त-स्पष्ट-च्छन्न-ज्ञप्तम् = दान्तश्च शान्तश्च पूर्णश्च दस्तश्च स्पष्टश्च छन्नश्च ज्ञप्तश्चेति।

ઉદા. (૧) **दान्तः/दमितः** = દમન કરાયેલો. (दमूच् उपशमे-१२३१)
प्रयोक्तृ०३.४.२०थी णिग्→दम्+**इ**
मोऽकम्य०४.३.५५थी **वृद्धिनो** निषेध.
क्त-क्तवतू ५.१.१७४थी क्त→दमि+**त**
आ सूत्रथी **इट् नो निषेध. अने णिग् नो लोप निपातन.**
दम्+त
अहन्पञ्चम्०४.१.१०७थी अनो दीर्घ→**दाम्त**
म्नां धुड्वर्गे०१.३.३९थी म्नो न्→**दान्त**
प्रथमा सि वगेरे→दान्तः।
विकल्पे : જ્યારે નિપાતન ન થાય ત્યારે, दम्+त
स्ताद्यशितो०४.४.३२थी इट्→दम्+**इ**+त
सेट्क्तयोः ४.३.८४थी णिग्नो लोप→दमित
प्रथमा सि वगेरे→दमितः।

(૨) **शान्तः/शमितः** = શાંત કરાયેલો. (शमूच् उपशमे-१२३०)

(૩) **पूर्ण/पूरितः** = પૂર્ણ કરાયેલો. (पूरैचि आप्यायने-१२६८)
प्रयोक्तृ०३.४.२०थी णिग्→पूर्+**इ**
क्त-क्तवतू ५.१.१७४थी क्त→पूरि+**त**

આ સૂત્રથી इट्નો નિષેધ અને णिग्નો લોપ→पूर्+त
रदादमूर्च्छ०४.२.६९થી तનો न→**पूर्न**
र-षृवर्णान्नो०२.३.६३થી न्નો ण्→**पूर्ण**
પ્રથમા સિ વગેરે→पूर्णः।
વિકલ્પે : જ્યારે નિપાતન ન થાય ત્યારે, पूरितः।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૪) **दस्तः/दासितः** = અપાવ્યું. (दासृग् दाने-९३३)
પ્રયોક્તૃ०३.४.२०થી णिग्→दास्+**इ**
क्त-क्तवतू ५.१.१७४થી क्त→दासि+**त**
આ સૂત્રથી इट्નો અભાવ, णिग्નો લોપ, ઉપાન્ત્ય आનો अ→**दस्त**
પ્રથમા સિ વગેરે→दस्तः।
વિકલ્પે : જ્યારે નિપાતન ન થાય ત્યારે, दासितः।

(૫) **स्पष्टः/स्पाशितः** = ભેટાયેલ.
(स्पशिण् ग्रहण-श्लेषणयोः-१८४२)
પ્રયોક્તૃ०३.४.२०થી णिग्→स्पश्+**इ**
ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→**स्पा**शि
क्त-क्तवतू ५.१.१७४થી क्त→स्पाशि+**त**
આ સૂત્રથી इट्નો અભાવ, णिग्નો લોપ, ઉપાન્ત્ય आનો अ→**स्पश्**+त
यजसृज०२.१.८७થી श्નો ष्→स्प**ष्**+त
तवर्गस्य०१.३.६०થી तનો ट→स्पष्**ट**
પ્રથમા સિ વગેરે→स्पष्टः।
વિકલ્પે : જ્યારે નિપાતન ન થાય ત્યારે, स्पाशितः।

(૬) **छन्नः/छादितः** = ઢંકાયેલ. (छदण् संवरणे-१६५५)
प्रयोक्तृ०३.४.२०थी णिग्→छद्+**इ**
ञ्णिति ४.३.५०थी वृद्धि→**छा**दि
क्त-क्तवतू ५.१.१७४थी क्त→छादि+**त**
आ सूत्रथी इट्नो अभाव, णिग्नो लोप, उपान्त्य आनो अ→**छद्**+त
रदादमूर्च्छ०४.२.६९थी द् अने त्नो न्→**छन्न**
प्रथमा सि वगेरे→छन्नः।
विकल्पे : જ્યારે નિપાતન ન થાય ત્યારે, छादितः।

(૭) **ज्ञप्तः/ज्ञापितः** = જણાવાયેલ. (ज्ञांश् अवबोधने-१५४०)
प्रयोक्तृ०३.४.२०थी णिग्→ज्ञा+**इ**
अर्त्ति-री०४.२.२१थी पु आगम→**ज्ञापि**
क्त-वगेरे दस्तः प्रमाणे थतां→ज्ञप्तः/ज्ञापितः।

श्वस-जप-वम-रुष-त्वर-संघुषा-ऽऽस्वना-ऽमः ४.४.७५

अ.अ.सू. : श्वस-जप-वम-रुष-त्वर-संघुषा-ऽऽस्वना-ऽमः धातोः क्तयोः आदेः इट् न नवा।

अर्थ : श्वस्, जप्, वम्, रुष्, त्वर्, सम्+घुष्, आ+स्वन् अने अम् धातुथी પર રહેલ क्त-क्तवतु प्रत्ययनी आदिमां विकल्पे इट् आगम थतो नथी.

स. : श्वस-जप-वम-रुष-त्वर-संघुषा-ऽऽस्वना-ऽमः = श्वसश्च जपश्च वमश्च रुषश्च त्वरश्च संघुषश्च आस्वनश्च अम् चेति। श्वसज-पवमरुषत्वरसंघुषास्वनाऽम्, तस्मादिति।

उदा. (१) श्वस्तः/श्वसितः = શ્વાસ લેવાયો. (श्वसक् प्राणने-१०९०)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→श्वस्+**त**

આ સૂત્રથી વિકલ્પે ઇટ્નો નિષેધ→**श्वस्त/श्वसित**
પ્રથમા સિ વગેરે→श्वस्तः/श्वसितः।

(૨) **विश्वस्तवान्/विश्वसितवान्** = શ્વાસ લીધો.

(૩) **जप्तः/जपितः** = જાપ કરાયો. (जप मानसे व्यक्ते०३३८)

(૪) **जप्तवान्/जपितवान्** = જાપ કર્યો.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૫) **वान्तः/वमितः** = વમન કરાયું. (टुवमू उद्गिरणे-९६९)

(૬) **वान्तवान्/वमितवान्** = વમન કર્યું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ अहन्० ४.१.१०७ સૂત્રથી ધાતુનો ઉપાન્ત્ય अ દીર્ઘ કરવો.

(૭) **रुष्टः/रुषितः** = ક્રોધ કરાયો. (रुषच् रोषे-१२१५)

(૮) **रुष्टवान्/रुषितवान्** = ક્રોધ કર્યો.
આ ઉદા.ની સાધનિકા ઉદા.૧ પ્રમાણે જાણવી.

(૯) **तूर्णः/त्वरितः** = ઉતાવળ કરાઈ. (त्वित्वरिष् सम्भ्रमे-१०१०)
ज्ञानेच्छा०५.२.९२થી क्त→त्वर्+**त**
मव्यवि-श्रिवि०४.१.१०९થી ऊट्→**तूर्**+त
रदादमूर्च्छ०४.२.६९થી तનો न→**तूर्न**
र-षृवर्णान्नो०२.३.६३થી न्નો ण्→**तूर्ण**
પ્રથમા સિ વગેરે→तूर्णः।
વિકલ્પે : જ્યારે ઇટ્ થાય ત્યારે, त्वरितः।

(૧૦) **तूर्णवान्/त्वरितवान्** = ઉતાવળ કરી.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૧૧) **संघुष्टौ/संघुषितौ दम्यौ** =
દમન કરવા યોગ્ય બે વાછરડાં. (घुषृ शब्दे-४९७)

(૧૨) **संघुष्टवान्/संघुषितवान्** = ઘોષણા કરાઈ.
આ ઉદા.ની સાધનિકા ઉદા.૭ પ્રમાણે જાણવી.

(૧૩) **आस्वान्तः/आस्वनितः** = અવાજ કરાયો.
(સ્વન શબ્દે-૩૨૭)

(૧૪) **आस्वान्तवान्/आस्वनितवान्** = અવાજ કર્યો.

(૧૫) **अभ्यान्तः/अभ्यमितः** = સામે જવાયું. (અમ ગતૌ-૩૯૨)

(૧૬) **अभ्यान्तवान्/अभ्यमितवान्** = સામે ગયો.
આ ઉદા.ની સાધનિકા ઉદા.૫ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં રુષ્ ધાતુથી પર સહલુભેચ્છ૦૪.૪.૪૬ સૂત્ર દ્વારા ત્કારાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે ઇટ્ની પ્રાપ્તિ હતી. તેથી વેટોઽપતઃ ૪.૪.૬૨ સૂત્રથી ક્ત-ક્તવતુ ની આદિમાં ઇટ્નો નિષેધ થતો હતો. તેનો બાધ કરી વિકલ્પે ઇટ્ની પ્રાપ્તિ માટે આ સૂત્રમાં રુષ્ ધાતુનો નિર્દેશ છે.

(૨) સૂત્રનિર્દિષ્ટ સમ્+ઘુષ્ ધાતુથી પર ઘુષેરવિ૦૪.૪.૬૮થી અને આ+સ્વન્ ધાતુથી પર ક્ષુબ્ધ-વિરિબ્ધ૦૪.૪.૭૦ સૂત્રથી નિત્ય ઇટ્નો નિષેધ હતો. પરંતુ સ્પર્દ્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે અવિશબ્દન અને મન અર્થમાં પણ આ સૂત્રથી વિકલ્પે ઇટ્ થશે. પણ પૂર્વસૂત્રથી ઇટ્નો નિષેધ થશે નહીં. જેમકે, સંઘુષિતા, સંઘુષ્ટા રજ્જુઃ, આસ્વાન્તમ્, આસ્વનિતં મનઃ।

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો વિ અને આઙ્ ઉપસર્ગ પૂર્વક જ શ્વસ્ ધાતુથી પર ઇટ્ વિકલ્પે ઇચ્છે છે. તેથી તેઓનાં મતે શ્વસિતઃ, વિશ્વસ્તઃ, વિશ્વસિતઃ જેવાં પ્રયોગો થાય છે.

(૨) કેટલાંક વ્યાકરણકારો પ્ર, આઙ્ અને વિ ઉપસર્ગપૂર્વક શ્વસ્ ધાતુથી ઇટ્નો નિત્ય નિષેધ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે પ્રશ્વસ્તઃ, આશ્વસ્તઃ પ્રયોગ થાય છે.

(૩) કેટલાંક વ્યાકરણકારો વિકલ્પે ઇટ્નો નિષેધ માત્ર કર્ત્તરિમાં જ ઇચ્છે છે. પરંતુ ભાવ અને અધિકરણમાં તો નિત્ય ઇટ્ માને છે. જેમકે, શ્વસિતમ્, નિશ્વસિતમ્।

(૪) કેટલાંક વ્યાકરણકારો જપ્ અને વમ્ ધાતુથી નિત્ય નિષેધ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે જપ્તઃ, જપ્તવાન્ પ્રયોગો થાય છે.

हृषेः केश-लोम-विस्मय-प्रतिघाते ४.४.७६

અ.અ.સૂ. : केश-लोम-विस्मय-प्रतिघाते हृषेः धातोः क्तयोः आदेः इट् न नवा।

અર્થ : કેશ, લોમ, વિસ્મય અને પ્રતિઘાત અર્થમાં વર્ત્તતાં હૃષ્ ધાતુથી પર ક્ત-ક્તવતુ પ્રત્યયની આદિમાં ઇટ્ આગમ વિકલ્પે થતો નથી.

સ. : केश-लोम-विस्मय-प्रतिघाते = केशाश्च लोमानि च विस्मयश्च प्रतिघातश्चेति केशलोमविस्मयप्रतिघातम्, तस्मिन्निति।

ઉદા. (૧) हृष्टाः/हृषिताः केशाः = સારા દીપ્તિવાળાં વાળ.
(हृषू अलीके-५३५)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→हृष्+**त**
આ સૂત્રથી ઇટ્નો વિકલ્પે નિષેધ. हृ**ष्**+त/हृ**षित**
तवर्गस्य०१.३.६०थी त्नो ट्→हृ**ष्ट** हृषित
પ્રથમા जस् વગેરે→हृष्टाः/हृषिताः।

(૨) **हृष्टं/हृषितं लोमभिः** = રોમ વડે હર્ષ વ્યક્ત કરાયો.
(૩) **हृष्टो/हृषितश्चैत्रः** = ચૈત્ર વિસ્મય પામ્યો.
(૪) **हृष्टाः/हृषिताः दन्ताः** = તૂટેલાં દાંત.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

अपचितः ४.४.७७

અ.અ.સૂ. : अपचितः ।

અર્થ : क्त પ્રત્યયાન્ત अप પૂર્વક चाय् ધાતુથી क्त પ્રત્યયની પૂર્વે इट्નો અભાવ અને चाय्નો चि વિકલ્પે નિપાતન થાય છે.

ઉદા. अपचितः/अपचायितः = પૂજાયેલો.
(चायृग् पूजानिशामनयोः-९१७)
क्त-क्तवतू ५.१.१७४થી क्त→अप+चाय्+**त**
આ સૂત્રથી इट्નો અભાવ અને चाय्નો चि→अप**चित**
પ્રથમા सि વગેરે→अपचितः।
વિકલ્પે : જ્યારે નિપાતન ન થાય ત્યારે, अपचायितः।

सृजि-दृशि-स्कृ-स्वरा-ऽत्वतस्तृज्नित्याऽनिटस्थवः ४.४.७८

અ.અ.સૂ. : स्तृज्नित्यानिटः सृजि-दृशि-स्कृ-स्वरा-ऽत्वतः धातोः थवः आदेः इट् न नवा ।

અર્થ : सृज्, दृश्, स्कृ ધાતુથી તથા तृच् પ્રત્યય પર છતાં નિત્ય અનિટ્ એવા સ્વરાન્ત અને અકાર વાળાં ધાતુથી વિધાન કરાયેલ थव् પ્રત્યયની પૂર્વે વિકલ્પે इट् થતો નથી.

સ. : (૧) **सृजि-दृशि-स्वृ-स्वराऽत्वतः** = अतु विद्यते येषां ते इति अत्वतः, सृजिश्च दृशिश्च स्कृश्च स्वरश्च अत्वतश्चेति सृजिदृशिस्कृस्वरात्वत्, तस्मादिति।

(૨) **तृज्नित्याऽनिटः** = नित्यमनिट् इति नित्यानिट् तृचि नित्यानिट् इति तृज्नित्यानिट्, तस्मादिति।

ઉદા. (૧) **सस्रष्ठ/ससर्जिथ** = તેં સર્જન કર્યું. (सृजंत् विसर्गे-૧૩૪૯)
परोक्षे ५.२.१२ वगेरेथी थव्→सृज्+**थ**
आ सूत्रथी **इट्** नो निषेध.
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**सृज्**सृज्+थ
व्यञ्जनस्या०४.१.४४थी ज् नो लोप→सृसृज्+थ
ऋतोऽत् ४.१.३८थी ऋ नो अ→**स**सृज्+थ
अः सृजि०४.४.१११थी अ आगम→ससृ**अ**ज्+थ
इवर्णादे०१.२.२१थी ऋ नो र्→स**स्र**ज्+थ
यज-सृज०२.१.८७थी ज् नो ष्→सस्र**ष्**+**थ**
तवर्गस्य०१.३.६०थी थ् नो ठ्→सस्र**ष्ठ**।
विकल्पे : જ્યારે इट् थाय त्यारे, ससृज्+थ
स्क्रसृ-वृ०४.४.८१थी इट्→ससृज्+**इथ**
लघोरुपा०४.३.४थी गुण→स**सर्जि**थ।

(૨) **दद्रष्ठ/ददर्शिथ** = તેં જોયું. (दृशृं प्रेक्षणे-४९५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૩) **सञ्चस्कर्थ/सञ्चस्करिथ** = તેં સંસ્કાર કર્યો.
(डुकृंग् करणे-८८८)
संपरेः कृगः ४.४.९१थी स्सट्→सम्+**स्**+कृ
परोक्षे ५.२.१२ वगेरेथी थव्→सम्+स्कृ+**थ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→सम्+**स्कृ**स्कृ+**थ**

अघोषे शिटः ४.१.४५थी स्‌नो लोप→सम्+कृस्कृ+**थ**
ऋतोऽत् ४.१.३८थी ऋनो अ→सम्+**क**स्कृ+**थ**
कङश्चञ् ४.१.४६थी क्‌नो च्→सम्+**च**स्कृ+थ
नामिनो गुणो०४.३.१थी गुण→सम्+चस्**कर्**+थ
तौ मु-मो०१.३.१४थी म्‌नो ञ्→सञ्चस्कर्+थ
स्कसृ०४.४.८१थी प्राप्त **इट्**नो आ सूत्रथी विकल्पे निषेध→सञ्च**स्कर्थ**/सञ्च**स्करि**थ।

(४) **ययाथ/ययिथ** = तुं गयो. (यांक् प्रापणे-१०६२)
परोक्षे ५.२.१९ वगेरेथी थव्→या+**थ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**या**या+थ
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**य**या+थ
स्कसृ०४.४.८१थी प्राप्त **इट्**नो आ सूत्रथी **निषेध**→ ययाथ।
विकल्पे : ज्यारे इट् थाय त्यारे, यया+**इ**थ
इडेत्पुसि०४.३.९४थी आनो लोप→ययिथ।

(५) **पपक्थ/पेचिथ** = तें रांध्युं. (डुपचींष् पाके-८९२)
परोक्षे ५.२.१२ वगेरेथी थव्→पच्+**थ**
पूर्वप्रमाणे द्वित्व वगेरे→**प**पच्+थ
चजः०२.१.८६थी च्‌नो क्→पप**क्थ**।
आ सूत्रथी इट्‌नो **निषेध.**
विकल्पे : ज्यारे इट् थाय त्यारे, पच्+इथ
अनादेशादे०४.१.२४थी अनो ए→**पे**चिथ।

प्र.उदा.(१) तृज्‌नित्यानिट इति किम् ?

(a) **ररन्धिथ** = तें रांध्युं. (रधौच् हिंसा-११८८)
परोक्षे ५.२.१२ वगेरेथी थव्→रध्+**थ**

स्क्रसृ-वृ०४.४.८१थी इट्→रध्+**इथ**
रध इटि ४.४.१०१थी न् आगम→**रन्ध्**+इथ
पूर्वप्रमाणे द्वित्व वगेरे→**र**रन्धिथ।

(b) **शिश्रयिथ** = तें सेवा करी. (श्रिग् सेवायाम्-८८३)
परोक्षे ५.२.१२ वगेरेथी थव्→श्रि+**थ**
स्क्रसृ-वृ०४.४.८१थी इट्→श्रि+**इथ**
पूर्वप्रमाणे द्वित्व वगेरे→**शि**श्रि+थ
नामिनो गुणो०४.३.१थी गुण→शि**श्रे**+थ
एदैतोऽ०१.२.२३थी अय्→शि**श्रयि**थ।

★ आ सूत्रनी प्रवृत्ति तृच् प्रत्यय पर छतां अनिट् होय एवा धातुथी थाय छे. ज्यारे अहीं तृच् प्रत्ययनी आदिमां आ बंने धातुथी पर अनुक्रमे धूगौदितः ४.४.३८ अने स्ताद्यशितो०४.४.३२थी इट्नी प्राप्ति छे. माटे आ सूत्रथी विकल्पे इट्नो निषेध थयो नहीं.

(२) **विहितविशेषणं किम् ? चकर्षिथ** = तें खेड्युं.
(कृषं विलेखने-५०६)
परोक्षे ५.२.१२ वगेरेथी थव्→कृष्+**थ**
स्क्रसृ-वृ०४.४.८१थी इट्→कृष्+**इथ**
पूर्वप्रमाणे द्वित्व वगेरे→**च**कृष्+इथ
नामिनो गुणो०४.३.१थी गुण→च**कर्षि**थ।

★ आ सूत्रनी प्रवृत्ति अकार वाळा धातुथी विहित थव् प्रत्यय पर छतां थाय छे. ज्यारे ऋकारवाळां धातुथी विहित थव् छे. अकार तो गुण थया बाद आवेल छे. माटे आ सूत्रथी विकल्पे इट्नो निषेध थयो नहीं.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં અકાર વાળાં ધાતુનો નિર્દેશ કર્યો છે. અને અદ્ ધાતુનો घस्लृ सनद्यतनी०४.४.१७ સૂત્રથી થતો घस्लृ આદેશ તથા, वेग् ધાતુનો वेर्वय् ४.४.१९ સૂત્રથી થતો वय् આદેશનું અનુક્રમે सन्-अद्यतनी-घञ्-अच्-अल् અને પરોક્ષામાં જ વિધાન છે. માટે તેનાથી પર तृच् પ્રત્યયની પ્રાપ્તિ રહેતી નથી. અને આ સૂત્રની પણ પ્રવૃત્તિ ન થતી હોવાથી નિત્ય इट् જ થાય છે. જેમકે, जघसिथ, उवयिथ।
તેમજ घस्लृं-५४४ ધાતુનો પરોક્ષામાં પ્રાયિક જ પ્રયોગ થાય છે.

(૨) અહીં स्क्रसृ-वृ०४.४.८१ સૂત્રથી સૂત્ર નિર્દિષ્ટ सृज् વગેરે ધાતુથી પર थव्ની આદિમાં નિત્ય इट्ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી વિકલ્પે इट् કરવા માટે આ સૂત્રનો નિર્દેશ જાણવો.

જિ. : સૂત્રમાં સ્થાની તરીકે સ્વરાન્ત ધાતુનું ગ્રહણ કર્યું છે. તેથી स्कृ ધાતુનું ગ્રહણ થઈ જ જવાનું હતું. તો સૂત્રમાં તેનું પૃથક્ ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : આગામી ऋतः ४.४.७९ સૂત્રથી થતું વિધાન વિશેષ હોવાથી સ્વરાન્તતયા નિર્દિષ્ટ ઋકારાન્ત ધાતુને આ સૂત્રથી થતી પ્રવૃત્તિનો નિષેધ થતો હતો. પરંતુ स्कृ ધાતુથી તેનો બાધ કરી આ સૂત્રની જ પ્રવૃત્તિ થાય તે માટે स्कृનું પૃથક્ ગ્રહણ કરેલ છે.

ऋतः ४.४.७९

अ.अ.सू. : तृज्नित्यानिटः ऋतः धातोः थवः आदेः इट् न।

अर्थ : तृच् प्रत्यय પર છતાં નિત્ય અનિટ્ એવા ઋકારાન્ત ધાતુથી વિધાન કરાયેલ થવ્ પ્રત્યયની આદિમાં इट् આગમ થતો નથી.

ઉદા. जहर्थ = તેં હરણ કર્યું. (हृंग् हरणे-८८५)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી થવ્→હ્ર+**થ**
આ સૂત્રથી इट्નો **નિષેધ.**
પૂર્વપ્રમાણે દ્વિત્વ વગેરે→**જહ્ર**+થ
નામિનો ગુણો૦૪.૩.૧થી ગુણ→જહર્**થ**।

પ્ર.ઉદા. तृज्नित्यानिट इत्येव→सस्वरिथ = તેં અવાજ કર્યો.
(औस्वृ शब्दोपताप०२१)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી થવ્→સ્વૃ+**થ**
स्क्रसृ-वृ०४.४.८१થી इट्→સ્વૃ+**ઇથ**
પૂર્વપ્રમાણે દ્વિત્વ વગેરે→**સસ્**વૃ+ઇથ
નામિનો ગુણો૦૪.૩.૧થી ગુણ→સસ્**વરિ**થ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ તૃચ્ પ્રત્યય પર છતાં અનિટ્ હોય તેવા ધાતુથી થાય છે. જ્યારે અહીં સ્વૃ ધાતુથી પર તૃચ્ની આદિમાં धूगौदितः ४.४.३८ સૂત્રથી इट् આગમ થાય છે. માટે આ સૂત્રથી इट्નો નિષેધ થયો નહીં.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો, તેથી નવાનો અધિકાર અટકી ગયો.

(૨) जागृ ધાતુ ऋકારાન્ત હોવા છતાં પણ અનેકસ્વરી હોવાથી પૂર્વસૂત્ર દ્વારા પ્રાપ્ત વિકલ્પિત इट्નો આ સૂત્રથી નિષેધ થતો નથી. જેમકે, जजागरिथ।

(૩) પૂર્વસૂત્રથી સ્વરાન્ત તરીકે ऋકારાન્ત ધાતુથી વિકલ્પે इट्નો નિષેધ હતો. તેનો બાધ કરી આ સૂત્ર દ્વારા નિત્ય નિષેધ કરવામાં આવે છે. માટે આ સૂત્ર પૂર્વસૂત્રનાં અપવાદ સ્વરૂપે જાણવું.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો तृच् પ્રત્યય પર છતાં અનિટ્ ન હોય તેવાં ધાતુથી પણ આ સૂત્ર દ્વારા इट् આગમનો નિષેધ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે सस्वर्थ પ્રયોગ થાય છે.

ऋ-वृ-व्येऽद इट् ४.४.८०

અ.અ.સૂ. : ऋ-वृ-व्येऽदः धातोः थवः आदेः इट्।

અર્થ : ऋ, वृ, व्ये અને अद् ધાતુથી પર રહેલાં थव् પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે.

સ. : ऋ-वृ-व्येऽदः = ऋश्च वृश्च व्येश्च अद् चेति ऋवृव्येऽद्, तस्मादिति।

ઉદા. (૧) आरिथ = તે ગયો. (ऋंक् गतौ-૧૧૩૫)
परोक्षे ५.२.१२ વગેરેથી थव्→ऋ+**थ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**ऋ**ऋ+थ
ऋतोऽत् ४.१.३८थी अ→**अ**ऋ+थ
આ સૂત્રથી इट्→अऋ+**इथ**
नामिनो०४.३.१थी गुण→अ**अर्**+इथ
अस्यादेराः०४.१.६८थी आ→**आ**रिथ।

(૨) **ववरिथ** = तुं वर्यो. (वृग्ट् वरणे-१२९४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ सस्वरिथ પ્રમાણે જાણવી.

(૩) **संविव्ययिथ** = तें ढांक्युं. (व्येंग् संवरणे-९९३)
આ ઉદા.ની સાધનિકા ववरिथ પ્રમાણે જાણવી. પરંતુ પૂર્વનાં વિનાં इનો ज्या-व्ये०४.१.७१થી इ કરવો.

(૪) **आदिथ** = तें ખાધું. (अदंक् भक्षणे-१०५९)
આ ઉદા.ની સાધનિકા आरिथ પ્રમાણે જાણવી. પરંતુ ગુણ કરવો નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં પુનઃ इट्નું ગ્રહણ કર્યું, તેથી નિષેધનો અધિકાર અટકી ગયો.

(૨) અહીં थव् પ્રત્યયની આદિમાં ऋ ધાતુથી પર ऋतः ४.४.७९થી અને वृ ધાતુનું स्क्रसृ०४.४.८१માં વર્જન કરેલું હોવાથી इट्નો નિષેધ થતો હતો. તથા व्ये અને अद् ધાતુથી પર सृजिदृशि०४.४.७९ સૂત્રથી વિકલ્પે इट्ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી નિત્ય इट् કરવા માટે આ સૂત્રનો નિર્દેશ જાણવો.

स्क्रसृ-वृ-भृ-स्तु-द्रु-श्रु-स्त्रोर्व्यञ्जनादेः परोक्षायाः ४.४.८१

અ.અ.સૂ. : स्क्रसृ-वृ-भृ-स्तु-द्रु-श्रु-स्त्रः धातोः परोक्षायाः व्यञ्जनादेः आदेः इट्।

અર્થ : स्कृ ધાતુ, તેમજ सृ, वृ, भृ, स्तु, द्रु, श्रु અને सृ ધાતુ સિવાયનાં અન્ય ધાતુથી પર પરોક્ષાનાં વ્યંજનાદિ પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે.

સ. : (૧) **स्क्रसृ-वृ-भृ-स्तु-द्रु-श्रु-स्रः** = सृश्च वृश्च भृश्च स्तुश्च द्रुश्च श्रुश्च स्रुश्चेति सृवृभृस्तुद्रुश्रुस्रु न सृवृभृस्तुद्रुश्रुस्रु, इति असृवृभृस्तुद्रुश्रुस्रु, स्कृश्च असृवृ-भृ-स्तु-द्रु-श्रु-स्रु इति स्क्रसृवृभृस्तुद्रुश्रुस्रु, तस्मादिति।

(૨) **व्यञ्जनादेः** = व्यञ्जनमादिर्यस्य स इति व्यञ्जनादिः, तस्येति।

ઉદા. (૧) **संचस्करिव** = અમે બે જણાએ સંસ્કાર કર્યા.
(डुकृंग् करणे-८८८)

(૨) **ददिव** = અમે બે જણાએ આપ્યું.
આ ઉદા.ની સાધનિકા ૪.૪.૭૮માં દર્શાવેલ संचस्करिथ અને યથિથ પ્રમાણે જાણવી. પરંતુ પ્રત્યય વ કરવો અને इट् આગમ આ સૂત્રથી કરવો.

(૩) **चिच्यिवहे** = અમે બે જણાએ ભેગું કર્યું.
(चिंग्ट् चयने-१२९०)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી वहे→चि+**वहे**
द्विर्धातुः०૪.૧.૧થી દ્વિત્વ→**चि**चि+वहे
આ સૂત્રથી इट् આગમ→चिचि+**इ**वहे
योऽनेक०૨.૧.૫૬થી इ નો य्→चिच्**यि**वहे।

પ્ર.ઉદા.(૧) **स्क्रिति किम्? चकृव** = અમે બંનેએ કર્યું.
(डुकृंग् करणे-८८८)
આ ઉદા.ની સાધનિકા ૪.૪.૭૯ નિર્દિષ્ટ જહર્થ પ્રમાણે જાણવી. પરંતુ પ્રત્યય વ કરવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ स्सट् આગમવાળાં कृ ધાતુથી થાય છે. જ્યારે અહીં स्सट् આગમ થયેલ નથી. માટે આ સૂત્રથી इट् આગમ થયો નહીં.

(२) **स्त्रादिवर्जनं किम् ?**

(a) **ससृव** = અમે બંને ગયા. (सृं गतौ-२५)

(b) **ववृव** = અમે બંને વર્યા. (वृग्ट् वरणे-१२९४)

(c) **ववृवहे** = અમે બંને વર્યા. (वृग्ट् वरणे-१२९४)

(d) **बभर्थ** = તેં પોષણ કર્યું. (टुडुभृंग्क् पोषणे-११४०)
આ ઉદા.ની સાધનિકા ચકૃવ પ્રમાણે જાણવી.

(d) **तुष्टोथ** = તેં સ્તુતિ કરી. (ष्टुंग्क् स्तुतौ-११२४)
परोक्षे ५.२.१२ વગેરેથી थव्→स्तु+**थ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**स्तुस्तु**+थ
अघोषे शिटः ४.१.४५थी स्नो लोप→तुस्**तो**+थ
नामिनो गुणो०४.३.१थी गुण→तुस्**तो**+थ
नाम्यन्तस्था०२.३.१५ વગેરેથી ष् વગેરે→तुष्**टो**थ।

(३) **दुद्रोथ** = તું ગયો. (द्रुं गतौ-१३)

(४) **शुश्रोथ** = તું ટપક્યો. (श्रुंट् श्रवणे-१२९६)

(५) **सुस्रोथ** = તું ગયો. (स्रुं गतौ-१५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં सृ વગેરે ધાતુઓનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી इट् આગમ થયો નહીં.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્ર थव् પ્રત્યયની આદિમાં इट् આગમ કરવાનું મુખ્ય સૂત્ર છે. તેથી આ સૂત્રથી પ્રાપ્ત પ્રયોગમાં જ પૂર્વ કે આગામી સૂત્રથી વિકલ્પ કે નિષેધ થઈ શકે છે. પરંતુ આ સૂત્રમાં स्तु વગેરે ધાતુનો નિષેધ હોવાથી सृजिदृशि०४.४.७९ સૂત્રથી પણ थव्ની આદિમાં વિકલ્પે इट्

થશે નહીં. તેમજ, वृ ધાતુથી પર स्ताद्यशितो० ४.४.३२થી પણ इट् આગમ થશે નહીં.

घसेकस्वराऽऽतः क्वसोः ४.४.८२

અ.અ.સૂ. : घसेऽकस्वराऽऽतः धातोः परोक्षायाः क्वसोः आदेः इट्।

અર્થ : घस् ધાતુ, એકસ્વરી ધાતુ અને आકારાન્ત ધાતુથી પર રહેલ પરોક્ષાનાં क्वसु પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે.

સ. : घसेकस्वराऽऽतः = एकः स्वरो यस्य स इति एकस्वरः, घस् च एकस्वरश्च आच्चेति घसेकस्वराऽत्, तस्मादिति।

ઉદા. (૧) जक्षिवान् = ખાધું. (घस्लृं अदने-५४४)
तत्र क्वसु०५.२.२थी क्वसु→घस्+**वस्**
આ સૂત્રથી इट्→घस्+**इ**वस्
द्वित्व વગેરે→**ज**घस्+इवस्
गमहन०४.२.४४थी अनो લોપ→जघ्**स्**+इवस्
अघोषे०१.३.५०थी घ्नो क्→जक्**स्**+इवस्
नाम्यन्तस्था०२.३.१५थी ष्→जक्षि**वस्**
પ્રથમા સિ વગેરે→जक्षि**वान्**।

(૨) **आदिवान्** = ખાધું. (अदंक् भक्षणे-१०५९)
આ ઉદા.ની સાધનિકા ४.४.८० નિર્દિષ્ટ आदिथ પ્રમાણે જાણવી. પરંતુ क्वसु પ્રત્યય લગાડવો. અને इट् આગમ આ સૂત્રથી કરવો.

(૩) **ययिवान्** = ગયો. (यांक् प्रापणे-१०६२)
આ ઉદા.ની સાધનિકા ૪.૪.૮૧ નિર્દિષ્ટ ययिथ પ્રમાણે જાણવી. પરંતુ ક્વસુ પ્રત્યય લગાડવો. અને इट् આગમ આ સૂત્રથી કરવો.

પ્ર.ઉદા. **परोक्षाया इत्येव→विद्वान्** = વિદ્વાન. (विदंक् ज्ञाने-१०९९)
વા વેત્તેઃ૦૫.૨.૨૨થી વર્તમાનામાં ક્વસુ→વિદ્+**वस्**
પ્રથમા સિ વગેરે→વિદ્વાન્।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પરોક્ષાનો ક્વસુ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં પરોક્ષાનો ક્વસુ નથી. માટે આ સૂત્રથી इट् આગમ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રગત ટીકામાં વિહિત-વિશેષણમ્નો નિર્દેશ નથી. અર્થાત્ 'घस्, એકસ્વરવાળાં અને आકારાન્ત ધાતુથી પર રહેલાં' એ પ્રમાણે પરત્વ નિમિત્તનું ગ્રહણ છે. તેથી ઊચિવાન્, આદિવાન્ જેવાં પ્રયોગોમાં उच्/आद्+ક્વસુ એવી અવસ્થામાં દ્વિત્વ, દીર્ઘત્વ, ષ્વૃત્ આદિ થયા પછી પણ એકસ્વરત્વ પ્રાપ્ત થતાં આ સૂત્રની પ્રવૃત્તિ જાણવી. એ પ્રમાણે ईयिवान् વગેરે પ્રયોગોમાં વિચારણા કરવી.
તથા, તે જ પ્રમાણે દ્વિત્વાદિ વિધિ કર્યા બાદ જે ધાતુ અનેકસ્વરી થાય તે આ સૂત્રનો વિષય બનતો નથી. અને માટે જ અહીં મૂળથી એકસ્વરી દેખાતાં घस् ધાતુ અને आકારાન્ત ધાતુનું પૃથક્ ગ્રહણ કર્યું છે.

જિ. : આ સૂત્રમાં ક્વસુ પ્રત્યય પર છતાં કાર્યનું વિધાન છે. અને तत्र क्वसु०५.२.२ સૂત્રથી ક્વસુ પ્રત્યયમાં પરોક્ષાનો

વ્યયદેશ થાય છે. તેથી પૂર્વસૂત્રથી इट् આગમ સિદ્ધ જ હતો તો શા માટે આ સૂત્રનો નિર્દેશ કર્યો ?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, ઘસ્, એકસ્વરી અને आકારાન્ત ધાતુઓથી પર જ क्वसु પ્રત્યયની આદિમાં इट् થશે. અન્ય ધાતુઓથી પર પૂર્વસૂત્રથી પણ इट् થશે નહીં.

गम-हन-विद्लृ-विश-दृशो वा ४.४.८३

અ.અ.સૂ. : गम-हन-विद्लृ-विश-दृशः धातोः परोक्षायाः क्वसोः आदेः इट् वा।

અર્થ : गम्, हन्, विद्, विश् અને दृश् ધાતુથી પર રહેલ પરોક્ષાનાં क्वसु પ્રત્યયની આદિમાં इट् આગમ વિકલ્પે થાય છે.

સ. : गम-हन-विदलृ-विश-दृशः = गमश्च हनश्च विद्लृश्च विशश्च दृश् चेति गमहनविदलृविशदृश्, तस्मादिति।

ઉદા. (૧) जग्मिवान्/जगन्वान् = તે ગયો. (गम्लृं गतौ-३९६)
तत्र क्वसु०५.२.२ વગેરેથી क्वसु→गम्+**वस्**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**गम्**गम्+वस्
व्यञ्जनस्या०४.१.४४थी म्નો લોપ→गगम्+वस्
गहोर्जः ४.१.४०थी ग्નો ज्→**ज**गम्+वस्
આ સૂત્રથી इट्→जगम्+**इ**वस्
गम-हन०४.२.४४थी अનો લોપ→जग्मिवस्
પ્રથમા સિ વગેરે→जग्मिवान्
વિકલ્પે : જ્યારે इट् ન થાય ત્યારે, जगम्+वस्
मो नो म्वो०२.१.६७थी म्નો न्→जगन्वस्
પ્રથમા સિ વગેરે→जगन्वान्।

(૨) **जघ्निवान्/जघन्वान्** = તેણે હણ્યો.
(हन्क् हिंसा-गत्योः-११००)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અङ હિ०४.२.३४થી ધાતુનાં હ્નો घ् કરવો.

(૩) **विविदिवान्/विविद्वान्** = તેણે પ્રાપ્ત કર્યું.
(विद्लृंती लाभे-१३२२)

(૪) **विविशिवान्/विविश्वान्** = તેણે પ્રવેશ કર્યો.
(विशंत् प्रवेशने-१४१५)

(૫) **ददृशिवान्/ददृश्वान्** = તેણે જોયું. (दृशृं प्रेक्षणे-४९५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઉપાન્ત્ય अનો લોપ કરવો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાં विद्लृ એ પ્રમાણે लृકાર સહિત विद् ધાતુનો નિર્દેશ હોવાથી જ્ઞાનાર્થક विद् ધાતુમાં આ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં विविद्वान् પ્રયોગ જ થાય છે. તેમજ, સત્તા અર્થક, વિચારણા અર્થક विद् ધાતુ આત્મનેપદી હોવાથી क्वसु પ્રત્યય થતો જ નથી. માટે આ સૂત્રનો વિષય લાભાર્થક विद्लृंती-१३२२ ધાતુ જ જાણવો.

(૨) યદ્યપિ लृકારનાં ગ્રહણ વિનાં પણ તુદાદિ સંબંધી विश् ધાતુનાં સાહચર્યથી તુદાદિ સંબંધી લાભાર્થક विद्નું જ ગ્રહણ થાત. પરંતુ विश्ની જેમ हन्નાં સાહચર્યથી અદાદિ विद्નાં ગ્રહણની પણ સંભાવના હતી. માટે लृકારનું ગ્રહણ કરેલ છે.

सिचोऽञ्जेः ४.४.८४

અ.અ.સૂ. : अञ्जेः धातोः सिचः आदेः इट्।

અર્થ : અञ્જ્ ધાતુથી પર રહેલ સિચ્ પ્રત્યયની આદિમાં इટ્ આગમ થાય છે.

ઉદા. आञ्जीत् = તે ગયો. (अञ्जौप् व्यक्तिम्रक्षण-१४८८)
આ ઉદા.ની સાધનિકા ૪.૪.૩૧ નિર્દિષ્ટ आटीत् પ્રમાણે જાણવી. પરંતુ इट् આગમ સૂત્રથી કરવો.

વિશેષતા :

સૂત્રનિર્દિષ્ટ अञ्જ્ ધાતુ औ ઈત્વાળો હોવાથી धूગૌદિતः ૪.૪.૩૮ સૂત્રથી વિકલ્પે इટ્ની પ્રાપ્તિ હતી. તેને નિત્ય કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

धूग्-सुस्तोः परस्मै ४.४.८५

અ.અ.સૂ. : धूग्-सुस्तोः धातोः परस्मैपदे सिचः आदेः इट्।

અર્થ : ધૂ, સુ અને સ્તુ ધાતુથી પર રહેલ પરસ્મૈપદ વિષયક સિચ્ પ્રત્યયની આદિમાં इટ્ આગમ થાય છે.

સ. : धूग्-सुस्तोः = धूग् च सुश्च स्तुश्चेति धूग-सु-स्तु, तस्मादिति।

ઉદા. (૧) अधावीत् = તેણે કંપાવ્યું. (धूगट् कम्पने-१५२०)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી दि→धू+**त्**
सिजद्यतन्याम् ૩.૪.૫૩થી सिच्→धू+**स्**+त्
આ સૂત્રથી इट्→धू+**इस्**+त्
सः सिजस्ते०૪.૩.૬૫થી ईत्→धू+इस्+**ईत्**
इट ईति ૪.૩.૭૧થી सिच्નો લોપ→धू+ईत्

सिचि परस्मै०४.३.४४थी वृद्धि→**धौ**+ईत्
ओदौतोऽ०१.२.२४थी आव्→**धावी**त्
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**धावीत्।

(२) **असावीत्** = तेणे दुःख आप्युं. (षुंगृट् अभिषवे-१२८६)

(३) **अस्तावीत्** = तेणे स्तुति करी. (ष्टुंगृक् स्तुतौ-११२४)
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

प्र.उदा. परस्मै इति किम्? अधोष्ट = तेणे कंपाव्युं.
(धूगृट् कम्पने-१५२०)
आ उदा.नी साधनिका ४.४.५२मां दर्शावेल प्रास्नोष्ट प्रमाणे जाणवी.

★ आ सूत्रनी प्रवृत्ति परस्मैपदविषयक सिच् पर छतां थाय छे. ज्यारे अहीं सिच् परस्मैपदविषयक नथी. माटे आ सूत्रथी इट् आगम थयो नहीं.

विशेषता :

सूत्र निर्दिष्ट धू धातुने धूगौदितः ४.४.३८ सूत्रथी विकल्पे इट्नी प्राप्ति हती. तथा सु अने स्तु धातुथी पर एकस्वरादनु० ४.४.५६ सूत्रथी इट्नो निषेध हतो. तेनो बाध करी नित्य इट् करवा माटे आ सूत्रनो निर्देश छे.

यमि-रमि-नम्यातः सोऽन्तश्च ४.४.८६

अ.अ.सू. : यमि-रमि-नम्यातः धातोः परस्मै सिचः आदेः इट्, सः अन्तः च।

अर्थ : यम्, रम्, नम् अने आकारान्त धातुथी पर रहेल परस्मैपद विषयक सिच् प्रत्ययनी आदिमां इट् आगम थाय छे. अने धातुने अन्ते स् आगम थाय छे.

સ. : **यमि-रमि-नम्यातः** = यमिश्च रमिश्च नमिश्च आच्चेति यमि-रमिनम्यात्, तस्मादिति।

ઉદા. (૧) **अयंसीत्** = તે અટક્યો. (यमूं उपरमे-३८६)
अद्यतनी ५.२.४ વગેરેથી दि→यम्+**त्**
सिजद्यतन्याम् ३.४.५३થી सिच्→यम्+**स्**+त्
આ સૂત્રથી इट् આગમ અને અન્તે स्→यम्**स्**+**इ**स्+त्
सः सिजस्ते०४.३.६५થી ईत् આગમ→यम्स्+इस्+**ईत्**
इट ईति ४.३.७१થી सिच्નો લોપ→यम्स्+इ+ईत्
समानानां०१.२.१થી દીર્ઘ→यम्स्+**ई**त्
शिड्-हे०१.३.५०થી અનુસ્વાર→**यं**सीत्
अड् धातो०४.४.२९થી अट्→**अ**यंसीत्।

(૨) **व्यरंसीत्** = તે અટક્યો. (रमिं क्रीडायाम्-९८९)

(૩) **अनंसीत्** = તે નમ્યો. (णमं प्रह्वत्वे-३८८)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૪) **अयासिष्टाम्** = તે બે ગયા. (यांक् प्रापणे-१०६२)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી ताम्→या+**ताम्**
सिजद्यतन्याम् ३.४.५३થી सिच्→या+**स्**+ताम्
આ સૂત્રથી इट् અને स् આગમ→या**स्**+**इ**स्+ताम्
नाम्यन्तस्था०२.३.१५થી स्નો ष्→यासि**ष्**+ताम्
तवर्गस्य०१.३.६०થી त्નો ट्→यासिष्**टा**म्
अड् धातो०४.४.२९થી अट्→**अ**यासिष्टाम्।

વિશેષતા :

(૧) અહીં दि-सि પ્રત્યય ૫૨ છતાં सः सिजस्ते ४.३.६५થી ईत् આગમ થવાનો હતો. અને અન્ય પ્રત્યયની પૂર્વે તો તેની અપેક્ષા જ રહેતી નથી. તેથી આ સૂત્રમાં इट् વિધિનો નિર્દેશ આવશ્યક ન હતો. પરંતુ વ્યઞ્જનાના૦

૪.૩.૪૫ સૂત્રથી વૃદ્ધિની પણ પ્રાપ્તિ હતી. તેથી તે વૃદ્ધિનો બાધ કરવા માટે અહીં सिच् ની આદિમાં इट् વિધિનો નિર્દેશ કર્યો છે. અન્યથા अयांसीत् જેવા અનિષ્ટ પ્રયોગોની પ્રાપ્તિ થાત.

ईशीडः से-ध्वे-स्व-ध्वमोः ४.४.८७

અ.અ.સૂ. : ईशीडः धातोः से-ध्वे-स्व-ध्वमोः आदेः इट्।

અર્થ : ईश् અને ईड् ધાતુથી પર રહેલ વર્તમાનાનાં से અને ध्वे તથા પંચમીનાં स्व અને ध्वम् પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે.

સ. : (૧) **ईशीडः** = ईश् च ईड् चेति ईशीड्, तस्मादिति।

(૨) **से-ध्वे-स्व-ध्वमोः** = सेश्च ध्वेश्चेति सेध्वे, स्वश्च ध्वम् चेति स्वध्वम्, सेध्वेश्च स्वध्वम् चेति सेध्वे-स्वध्वमौ, तयोरिति।

ઉદા. (૧) **ईशिषे** = તું સ્વામી થાય છે. (ईशिक् ऐश्वर्ये-१११६)
सति ५.२.१९ વગેરેથી से→ईश्+**से**
આ સૂત્રથી इट्→**ईशि**+से
नाम्यन्तस्था०२.३.१५થી स्नो ष्→ईशि**षे**।

(૨) **ईशिध्वे** = તમે સ્વામી થાઓ છો.

(૩) **ईशिष्व** = તું સ્વામી થા.

(૪) **ईशिध्वम्** = તમે સ્વામી થાવ.

(૫) **ईडिषे** = તું સ્તુતિ કરે છે. (ईडिक् स्तुतौ-१११४)

(૬) **ईडिध्वे** = તમે સ્તુતિ કરો છો.

(૭) **ईडिष्व** = તું સ્તુતિ કર.

(૮) **ईडिध्वम्** = તમે સ્તુતિ કરો.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઉદા. ૩,૪ અને ૭,૮માં પ્રૈષા-ઽનુજ્ઞા૦૫.૪.૨૯ સૂત્રથી પંચમીનાં પ્રત્યયો કરવા.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં સે-ધ્વે અને સ્વ-ધ્વમ્ એ પ્રમાણે બે સમુદાયની અપેક્ષાએ દ્વિવચન છે. તેથી તે બંને સમુદાયમાં **साहचर्यात्०१/६** ન્યાયની પ્રવૃત્તિ થતાં સે અને સ્વનાં સાહચર્યથી ધ્વે અને ધ્વમ્ પણ અનુક્રમે વર્ત્તમાના અને પંચમી વિભક્તિનાં ગ્રહણ થાય છે. પણ હ્યસ્તનીનાં નહીં.

(૨) ઈશ્ અને ઈડ્ ધાતુમાં ગુરુ નામી સ્વર આદિમાં હોવાથી પરોક્ષાનાં પ્રત્યય પર છતાં गुरुनाम्यादे०૩.૪.૪૮ સૂત્રથી આમ્‌ની પ્રાપ્તિ છે. માટે પરોક્ષાનાં સે અને ધ્વે એમ બંને પ્રત્યય ધાતુથી અનંતર પર સંભવતા ન હોવાથી અહીં વર્ત્તમાનાનાં જ સે અને ધ્વેનું ગ્રહણ કરવું.

(૩) સૂત્રગત સે-ધ્વે-સ્વ-ધ્વમોઃ એ પ્રમાણે દ્વિવચન ઈશીડઃ એ પ્રમાણે એકવચન દ્વારા તે બંને ધાતુ અને બંને પ્રત્યયનાં સમુદાય વચ્ચે અનુક્રમની પ્રાપ્તિનો નિષેધ કરેલ છે.

रुत्पञ्चकाच्छिदयः ૪.૪.૮૮

અ.અ.સૂ. : रुत्पञ्चकात् धातोः अयः शित् आदेः इट्।

અર્થ : રુદ્ વગેરે પાંચ (रुद्, स्वप्, अन्, श्वस् અને जक्ष्) ધાતુઓથી પર રહેલ य्‌કારાદિ પ્રત્યય સિવાયનાં વ્યંજનાદિ शित् પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે.

સ. : (૧) रुत्पञ्चकात् = रुदां पञ्चकमिति रुत्पञ्चकम्, तस्मादिति।

(૨) **शिदयः** = श इत् यस्य स इति शित्, न य् इति अय्, शिच्चासौ अय् चेति शिदय्, तस्येति।

ઉદા. (૧) **रोदिति** = તું રડે છે. (रुदृक् अश्रुविमोचने-૧૦૮૭)
सति ૫.૨.૧૯ વગેરેથી तिव्→रुद्+**ति**
આ સૂત્રથી इट्→रुद्+**इति**
लघोरुपा०૪.૩.૪થી ગુણ→**रो**दिति।

(૨) **स्वपिति** = તે ઊંઘે છે. (ञिष्वपंक् शये-૧૦૮૮)

(૩) **प्राणिति** = તે જીવે છે. (अन प्राणने-૧૦૮૯)

(૪) **श्वसिति** = તે શ્વાસ લે છે. (श्वसक् प्राणने-૧૦૯૦)

(૫) **जक्षिति** = તે ખાય છે. (जक्षक् भक्षहसनयोः-૧૦૯૧)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ગુણ કરવો નહીં.

પ્ર.ઉદા.(૧) **अयिति किम् ? रुद्यात्** = તે રડે.
विधि-निमन्त्रणा०૫.૪.૨૮થી यात्→रुद्यात्

★ આ સૂત્રમાં य्कारादि પ્રત્યયનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી इट् આગમ થયો નહીં.

(૨) **शित इति किम् ? रोत्स्यति** = તે રડશે.
भविष्यन्ती ૫.૨.૪ વગેરેથી स्यति→रुद्+**स्यति**
नामिनो गुणो०૪.૩.૧થી ગુણ→**रोत्स्यति**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ शित् પ્રત્યયની આદિમાં થાય છે. જ્યારે અહીં अशित् પ્રત્યય છે. માટે આ સૂત્રથી इट् આગમ થયો નહીં.

दिस्योरीट् ૪.૪.૮૯

અ.અ.સૂ. : **रुत्पञ्चकात् धातोः दिस्योः शितः आदेः ईट्।**

અર્થ : રુદ્ વગેરે પાંચ ધાતુઓથી પર રહેલ शित् એવા दि અને सि પ્રત્યયની આદિમાં ईट् આગમ થાય છે.

સ. : **दिस्योः** = दिश्च सिश्चेति दिसी, तयोरिति।

ઉદા. (૧) **अरोदीत्** = તે રડ્યો. (रुदृक् अश्रुविमोचने-૧૦૮૭)
अनद्यतने ह्य०५.२.७ વગેરેથી दिव्→रुद्+**त्**
આ સૂત્રથી ईट्→रुद्+**ई**+त्
नामिनो गुणो०४.३.१થી गुण→रो**दी**त्
अड् धातो०४.४.२९થી अट्→**अ**रोदीत्।

(૨) **अरोदीः** = તું રડ્યો.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ दिव्ને સ્થાને सिव् પ્રત્યય કરવો.

વિશેષતા :

સૂત્રગત दिનાં સાહચર્યથી सि પ્રત્યય પણ હ્યસ્તની સંબંધી જ લેવો. તેથી, વર્ત્તમાના સંબંધી सि પ્રત્યય પર છતાં પૂર્વનાં સૂત્રથી જ इट् થશે. જેમકે, रोदिषि।

अदश्चाऽट् ४.४.९०

અ.અ.સૂ. : अदः च (रुत्पञ्चकात्) धातोः शितः दि-स्योः आदेः अट्।

અર્થ : अद् ધાતુ તેમજ रुद् વગેરે પાંચ ધાતુઓથી પર રહેલ शित् સંબંધી दि અને सि પ્રત્યયની આદિમાં अट् આગમ થાય છે.

ઉદા. (૧) **आदत्** = તેણે ખાધું. (अदंक् भक्षणे-૧૦૫૯)
अनद्यतने ह्य०५.२.७ વગેરેથી दिव्→अद्+**त्**
स्वरादेस्तासु ४.४.३१થી वृद्धि→**आ**द्+त्
આ સૂત્રથી दिની આદિમાં अट्→**आ**दत्।

(૨) **आदः** = તેં ખાધું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ दिव्‌નાં સ્થાને सिव् પ્રત્યય કરવો.

(૩) **अरोदत्** = તે રડ્યો. (रुदृक् अश्रुविमोचने-૧૦૮૭)

(૪) **अरोदः** = તું રડ્યો.
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ अरोदीत् પ્રમાણે જાણવી. પરંતુ અહીં આ સૂત્રથી अट् આગમ કરવો.

વિશેષતા :

(૧) યદ્યપિ આ સૂત્રમાં अदः નું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો रुत्पञ्चकात्‌નો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે પંચમ્યન્ત अदः ને સજાતીય, પૂર્વસૂત્રમાં રહેલ रुत्पञ्चकात्‌નો અધિકાર ગ્રહણ કરવામાં આવે છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે આ અધિકાર ઉત્તરસૂત્રમાં જતો નથી.

(૨) યદ્યપિ આ સૂત્રથી થતાં अट् આગમથી પૂર્વસૂત્રથી रुद् વગેરે પાંચ ધાતુઓમાં થતાં ईट् આગમનો બાધ થવો જોઈએ. પરંતુ તેમ કરવાથી પૂર્વસૂત્ર વ્યર્થ જવાની આપત્તિ આવે. માટે रुद् વગેરે પાંચ ધાતુઓથી ईट् અને अट् બંને આગમ થશે.

संपरेः कृगः स्सट् ૪.૪.૯૧

અ.અ.સૂ. : संपरेः कृगः धातोः आदेः स्सट्।

અર્થ : सम् અને परि ઉપસર્ગથી પર રહેલ कृ ધાતુની આદિમાં स्सट् આગમ થાય છે.

સ. : **संपरेः** = सम् च परिश्चेति संपरि, तस्मादिति।

ઉદા. (૧) **संस्करोति कन्याम्** = કન્યાને સંસ્કારિત કરે છે.
(डुकृंग् करणे-८८८)
આ સૂત્રથી સ્સટ્→सम्+**स्**+कृ
सति ५.२.१९ વગેરેથી तिव्→सम्+स्+कृ+**ति**
तौ मु-मो०१.३.१४થી અનુસ્વાર→**सं**स्कृ+ति
कृग्-तनादे०३.४.७९થી उ→संस्कृ+**उ**+ति
उ-श्नोः ४.३.२થી उનો ગુણ→संस्कृ+**ओ**+ति
नामिनो०४.३.१થી ગુણ→संस्**करो**ति।

(૨) **परिष्करोति** = તે પરિષ્કાર કરે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. અને असोङ-सिवू०२.३.४८થી स्નો ष् કરવો.

વિશેષતા :

(૧) સૂત્રમાં સ્સટ્ એ પ્રમાણે બે સ્કારનો નિર્દેશ नाम्यन्त-स्था०२.३.१५ સૂત્રથી समचिस्करत् જેવાં સ્થાને ष्નો નિષેધ કરવા માટે છે. અને ट्कार स्सटि समः १.३.१२ સૂત્રમાં અન્ય स પ્રત્યયથી સ્સટ્ને પૃથક્ કરવા માટે જાણવો.

(૨) અહીં સૂત્રમાં सम् અને परि ઉપસર્ગથી પર ધાતુની આદિમાં સ્સટ્ આગમનો નિર્દેશ છે. અને **पूर्वं धातुरुपसर्गेण सम्बध्यते पश्चात्साधनेन** એ નિયમાનુસારે અહીં પહેલાં ધાતુ અને ઉપસર્ગનો સંબંધ થશે. અને પછી દ્વિત્વ, अट् આગમ રૂપ સાધન કાર્ય થશે.

તેથી આ સૂત્રથી થતો સ્સટ્ આગમ પણ દ્વિત્વ અને અટ્ આગમની પૂર્વે જ થાય છે. માટે संस्चक्रार જેવાં અનિષ્ટ પ્રયોગ ન થતાં संचस्कार જેવા પ્રયોગો સિદ્ધ થાય છે.

उपाद् भूषा-समवाय-प्रतियत्न-विकार-वाक्या-ऽध्याहारे ४.४.९२

અ.અ.સૂ. : उपात् भूषा-समवाय-प्रतियत्न-विकार-वाक्या-ऽध्याहारे कृगः धातोः आदेः स्सट्।

અર્થ : उप ઉપસર્ગથી પર રહેલ ભૂષા, સમવાય, પ્રતિયત્ન, વિકાર, વાક્ય અને અધ્યાહાર અર્થમાં વર્ત્તતાં कृ ધાતુની આદિમાં स्सट् આગમ થાય છે.

સ. : भूषा-समवाय-प्रतियत्न-विकार-वाक्य-ऽध्याहारे = भूषा च समवायश्च प्रतियत्नश्च विकारश्च वाक्यश्च अध्याहारश्चेति भूषा-समवाय-प्रतियत्न-विकार-वाक्याऽध्याहारम्, तस्मिन्निति।

ઉદા. (૧) कन्यामुपस्करोति = કન્યાને શણગારે છે.
(डुकृंग् करणे-८८८)
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ संस्करोति પ્રમાણે જાણવી. પરંતુ स्सट् આગમ આ સૂત્રથી કરવો.

(૨) **तत्र नः उपस्कृतम्** = ત્યાં અમારો સમુદાય છે.
આ સૂત્રથી स्सट्→उप+**स्**+कृ
क्त-क्तवतू ५.१.१७४થી क्त→उपस्कृत
પ્રથમા सि વગેરે→उपस्कृत**म्**।

(૩) **एधोदकमुपस्कुरुते** =
લાકડાં અને પાણીને સંસ્કારિત કરે છે.

આ સૂત્રથી સ્સટ્→उप+**स्**+कृ
તે વગેરે થતાં→उपस्कु**रुते**।

(૪) **उपस्कृतं भुङ्क्ते** = વઘાર કરેલું ખાય છે.
આ ઉદા.ની સાધનિકા ઉદા.૨ પ્રમાણે જાણવી.

(૫) **सोपस्कारं सूत्रम्** = વાક્યનાં અધ્યાહારવાળું સૂત્ર.
પૂર્વપ્રમાણે સ્સટ્→उप**स्कृ**
भावा-ऽकर्त्रोः ૫.૩.૧૮થી घञ्→उपस्कृ+**अ**
नामिनोऽ०४.૩.૫૧થી વૃદ્ધિ→उपस्**कार**
પ્રથમા સિ વગેરે→उपस्का**रम्**।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો ભૂષા અને સમવાય અર્થમાં જ સ્સટ્ આગમ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે परिकृतम् જેવા પ્રયોગોમાં સ્સટ્ આગમ થતો નથી.

किरो लवने ૪.૪.૯૩

અ.અ.સૂ. : उपात् किरः धातोः आदेः स्सट्, लवने।

અર્થ : उप ઉપસર્ગથી પર રહેલ कृ ધાતુની આદિમાં સ્સટ્ આગમ થાય છે. જો લવન વિષયક અર્થ હોય તો.

ઉદા. (૧) **उपस्कीर्य मद्रका लुनन्ति** = મદ્ર દેશનાં લોકો ફેંકી-ફેંકીને લણે છે. (कृत् विक्षेपे-૧૩૩૪)
આ સૂત્રથી સ્સટ્→उप+**स्**+कृ
प्राक्काले ૫.૪.૪૭થી क्त्वा→उपस्कृ+**त्वा**
अनञः क्त्वो०૩.૨.૧૫૪થી क्त्वा નો यप्→उपस्कृ+**य**
ऋतां क्ङिती०૪.૪.૧૧૬થી ऋ નો इर्→उपस्**किर्य**

प्रथमा सि वगेरे→उपस्**कर्य**
भ्वादेर्नामिनो०२.१.६७थी इ दीर्घ→उपस्**कीर्य**।

प्र.ઉદા. **लवन इति किम्? उपकिरति पुष्पम्** = તે પુષ્પને ફેંકે છે.
सति ५.२.१९ वगेरेथी तिव्→उप+कृ+**ति**
तुदादेः शः ३.४.८१थी श→उप+कृ+**अ**+ति
ऋतां क्ङि०४.४.११६थी इर्→उप**किर**ति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ લવન વિષયક અર્થ હોય તો થાય છે. જ્યારે અહીં લવન વિષયક અર્થ નથી. માટે આ સૂત્રથી સ્સટ્ આગમ થયો નહીં.

प्रतेश्च वधे ४.४.९४

અ.અ.સૂ. : **प्रतेः च(उपात्) किरः धातोः आदेः स्सट्, वधे।**

અર્થ : પ્રતિ અને उप ઉપસર્ગથી પર રહેલ कृ ધાતુની આદિમાં સ્સટ્ આગમ થાય છે. જો હિંસા અર્થ અથવા હિંસાનો વિષય જણાતો હોય તો.

ઉદા. (૧) **प्रतिस्कीर्णम् ह वृषल ते भूयात्** = હે વૃષલ ! તને હિંસા સંબંધી વિક્ષેપ થાઓ. (कृत् विक्षेपे-१३३४)
આ સૂત્રથી સ્સટ્→प्रति+**स्**+कृ
क्त-क्तवतू ५.१.१७४थी क्त→प्रतिस्कृ+**त**
ऋतां क्ङिती०४.४.११६थी ऋनो इर्→प्रति**स्किर्**+त
भ्वादेर्नामिनो०२.१.६७थी दीर्घ→प्रतिस्**कीर्**+त
रदादमूर्च्छे०४.२.६९थी तनो न→प्रतिस्कीर्+**न**
र-षृवर्णान्नो०२.३.६७थी न्नो ण्→प्रतिस्की**र्णम्**।

(૨) **उपस्कीर्णम् ह वृषल ते भूयात्** =
હે વૃષલ ! તને હિંસા સંબંધી વિક્ષેપ થાઓ.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૩) **प्रतिचस्करे नखैः** = તેણે નખો વડે ચીરી નાખ્યો.
આ સૂત્રથી સ્સટ્→प्रति+**स्कृ**
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી ए→प्रतिस्कृ+**ए**
द्विर्धातुः०૪.૧.૧થી દ્વિત્વ→प्रति**स्कृ**स्कृ+ए
अघोषे शिटः ૪.૧.૪૫થી સ્નો લોપ→प्रति**कृ**स्कृ+ए
ह्रस्वः ૪.૧.૩૯થી હ્રસ્વ→प्रति**कृ**स्कृ+ए
ऋतोऽत् ૪.૧.૩૮થી ઋનો અ→प्रति**क**स्कृ+ए
कडश्चञ् ૪.૧.૪૬થી ક્નો ચ્→प्रति**च**स्कृ+ए
स्कृच्छृतो०૪.૩.૮થી ઋનો ગુણ→प्रतिचस्**करे**।

પ્ર.ઉદા. **वध इति किम् ? प्रतिकीर्णम् बीजम्** = બીજ નાંખ્યું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ હિંસાનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં હિંસાનો વિષય ન હોવાથી અહીં આ સૂત્રથી સ્સટ્ આગમ થયો નહીં.

વિશેષતા :

(૧) યદ્યપિ સૂત્રમાં प्रतेः પદનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી અનુવૃત્ત उपात्નો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે પંચમ્યન્ત प्रतेः ને સજાતીય પૂર્વસૂત્રમાં રહેલ उपात् અધિકારનું ગ્રહણ થાય છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે उपात्નો અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

अपाच्चतुष्पात्-पक्षि-शुनि-हृष्टा-ऽन्ना-ऽऽश्रयार्थे ४.४.९५

અ.અ.સૂ. : अपात् किरः धातोः आदेः हृष्टा-ऽन्ना-ऽऽश्रयार्थे चतुष्पात्-पक्षि-शुनि स्सट्।

અર્થ : अप ઉપસર્ગથી પર રહેલ कृ ધાતુની આદિમાં હૃષ્ટ, અન્નાર્થી અને આશ્રયાર્થી અર્થમાં અનુક્રમે ચતુષ્પાદ, પક્ષી અને કૂતરો કર્ત્તા હોય તો स्सट् આગમ થાય છે.

સ. : (૧) चतुष्पात्-पक्षि-शुनि = चतुष्पाच्च पक्षी च श्वा चेति चतुष्पात्पक्षिश्वा, तस्मिन्निति।

(૨) **हृष्टा-ऽन्ना-ऽऽश्रयार्थे** = अन्नं च आश्रयश्चेति अन्नाश्रयौ, अन्ना-ऽऽश्रयौ अर्थौ यस्य स इति अन्ना-ऽऽश्रयार्थौ, हृष्टश्च अन्ना-ऽऽश्रयार्थौ इति हृष्टाऽन्ना-ऽऽश्रयार्थम्, तस्मिन्निति।

ઉદા. (૧) अपस्किरते गौः हृष्टः = હર્ષિત થયેલો બળદ માટી ખોદીને ઉછાળે છે. આ સૂત્રથી स्सट्→अपस्कृ
सति ५.२.१९ વગેરેથી ते→अपस्कृ+**ते**
तुदादेः शः ३.४.८१થી श→अपस्कृ+**अ**+ते
ऋृतां क्ङिः०४.४.११६થી इर्→अपस्**किर**ते।

(૨) **अपस्किरते कुक्कुटो भक्ष्यार्थी** =
કુકડો અન્ન માટે માટી વિખેરે છે.

(૩) **अपस्किरते श्वा आश्रयार्थी** =
કૂતરો આશ્રય માટે માટી ઊડાડે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં चतुष्पात्-पक्षिशुनि એ પ્રમાણે કર્ત્તાદર્શક પદ અને हृष्टा-ऽऽन्ना-ऽऽश्रयार्थे એ પ્રમાણે નિમિત્તદર્શક પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथा-सङ्ख्यमनुदेश०१/१०** ન્યાયાનુસારે અહીં અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

(૨) સૂત્રગત અર્થે પદનો **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ३/१५** ન્યાયાનુસારે દ્વન્દ્વ સમાસગત અન્ન અને આશ્રય એમ બંને સાથે અન્વય કરવો.

वौ विष्किरो वा ४.४.९६

અ.અ.સૂ. : विष्किरः वौ वा।

અર્થ : પક્ષી અર્થ વાચ્ય હોતે છતે વિ ઉપસર્ગથી પર રહેલાં वृ ધાતુની આદિમાં સ્સટ્ આગમ વિકલ્પે નિપાતન પામે છે.

ઉદા. विष्किरः/विकिरः = પક્ષી. (कृत् विक्षेपे-१३३४)

મૂલવિભૂજા ०५.१.१४४થી क→वि+कृ+**अ**

આ સૂત્રથી સ્સટ્ આગમ→वि**स्**कृ+अ

असोढः०२.३.४८થી स्નો ष्→वि**ष्**कृ+अ

ऋतां क्ङि०४.४.११६થી ऋનો इर्→वि**ष्किर**

પ્રથમા સિ વગેરે→विष्किरः।

વિકલ્પે : જ્યારે સ્સટ્ ન થાય ત્યારે, विकिरः।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો પક્ષી અર્થ સિવાયનાં અર્થમાં विकिरः પ્રયોગ પણ માનતાં નથી.

प्रात् तुम्पतेर्गवि ४.४.९७

अ.अ.सू. : प्रात् तुम्पतेः धातोः आदेः गवि स्सट्।

अर्थ : प्र उपसर्गथी पर रहेल तुम्प् धातुनी आदिमां गाय कर्त्ता होते छते स्सट् आगम थाय छे.

उदा. प्रस्तुम्पति गौः = બળદ મારે છે. (तुम्प् हिंसायाम्-३४४)

आ सूत्रथी स्सट्→**प्रस्तुम्प्**

सति ५.२.१९ वगेरेथी तिव्→प्रस्तुम्प्+**ति**

कर्त्तर्यनद्०३.४.७१थी शव्→प्रस्तुम्**प**ति।

प्र.उदा. गवीति किम्? प्रस्तुम्पति तरुः =

ઝાડ જમીન ફાડીને ઊગે છે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી સ્સટ્ આગમ ન કરવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ગાય કર્ત્તા હોતે છતે થાય છે. જ્યારે અહીં ઝાડ કર્ત્તા છે. માટે આ સૂત્રથી સ્સટ્ આગમ થયો નહીં.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો गौ अभिधेय होते छते જ विशेषणतया नाम રૂપનાં विषयમાં આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેઓનાં મતે प्रस्तुम्पति गौः જેવા પ્રયોગ થાય છે.

(૨) કેટલાંક વ્યાકરણકારો प्रात्तुम्पतेः कपिः એ પ્રમાણે સૂત્ર બનાવે છે. તેથી, प्रास्तुम्प પ્રયોગમાં कप् પ્રત્યયને ઈચ્છે છે. તેથી તેઓનાં મતે प्रस्तुम्पतिः वत्सो मातरम् જેવા પ્રયોગ થાય છે.

उदितः स्वरान्नोऽन्तः ४.४.९८

અ.અ.સૂ. : उदितः धातोः स्वरात् नः अन्तः।

અર્થ : उ ઇત્વાળાં ધાતુનો સ્વરથી પર અન્તે ન્ આગમ થાય છે.

સ. : उदितः = उत् इत् यस्य स इति उदित्, तस्मादिति।

ઉદા. (૧) **नन्दति** = તે સમૃદ્ધ થાય છે. (टुनदु समृद्धौ-३१२)
આ સૂત્રથી ન્ આગમ→नन्द्
सति ५.२.१९ વગેરેથી तिव्→नन्द्+**ति**
कर्त्तर्यनद्०३.४.७१થી शव्→**नन्दति**।

(૨) **कुण्डा** = પાર્વતી. (कुडुङ् दाहे-६९०)
આ સૂત્રથી ન્ આગમ→कुन्ड्
म्नां धुड्वर्गे०१.३.३९થી ન્નો ण्→कु**ण्ड्**
क्तेटो गुरो०५.३.१०६થી अ→कुण्**ड**
आप् વગેરે→कुण्**डा**।

વિશેષતા :

આ સૂત્રની પ્રવૃત્તિ નિર્નિમિત્તક દર્શાવી હોવાથી ઉપદેશ અવસ્થામાં જ આ સૂત્રથી ન્ આગમ થાય છે. તેથી ધાતુ ગુરુ વ્યંજનાન્ત બનવાનાં કારણે કુણ્ડા જેવા પ્રયોગોમાં क्तेटो गुरो०५.३.१०६થી अ પ્રત્યય થાય છે.

मुचादि-तृफ-दृफ-गुफ-शुभोभः शे ४.४.९९

अ.अ.सू. : मुचादि-तृफ-दृफ-गुफ-शुभोभः धातोः स्वरात् शे नः अन्तः ।

अर्थ : मुच् वगेरे धातुओ तेमज तृफ्, दृफ्, गुफ्, शुभ् अने उभ् धातुनां स्वरथी पर, श प्रत्यय पर छतां अन्ते न् आगम थाय छे.

स. : (१) मुचादि-तृफ-दृफ-गुफ-शुभोभः = मुच् आदिर्येषां ते इति मुचादयः, मुचादयश्च तृफश्च दृफश्च गुफश्च शुभश्च उभ् चेति मुचादि-तृफ-दृफ-गुफ-शुभोभ्, तस्येति ।

उदा. (१) मुञ्चति = ते मूके छे. (मुच्लृंती मोक्षणे-१३२०)
सति ५.२.१९ वगेरेथी तिव्→मुच्+**ति**
तुदादेः शः ३.४.११थी श→मुच्+**अ**+ति
आ सूत्रथी न् आगम→मुन्च्+अ+ति
म्नां धुड्वर्गे०१.३.३९थी न् नो ञ्→मुञ्चति ।

(२) **पिंशति**=ते पीसे छे. (पिंशत् अवयवे०१३२७)

(३) **तृम्फति**=ते तृप्त थाय छे.
(तृफत्-तृप्तौ०१३७७) (तृम्फत् तृप्तौ १३७८)

(४) **दृम्फति**=ते क्लेश करे छे.
(दृफत् उत्क्लेशे-१३८१) (दृम्फत् उत्क्लेशे-१३८२)

(५) **गुम्फति**=ते गूंथे छे.
(गुफत ग्रन्थने-१३८३) (गुम्फत् ग्रन्थने-१३८४)

(६) **शुम्भति**=ते शोभे छे.
(शुभत् शोभार्थे-१३८७) (शुम्भत् शोभार्थे-१३८८)

(૭) **उम्भति**=તે પૂર્ણ કરે છે.

(उभत् पूरणे-१३८५) (उम्भत् पूरणे-१३८६)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. અને तृम्फ् વગેરે ધાતુઓમાં નો વ્યઞ્જન૦૪.૨.૪૫થી ન્નો લોપ કરવો.

વિશેષતા :

(૧) **मुचादि गण** :- ધાતુપાઠમાં ૧૩૨૦થી ૧૩૨૭ સુધીનાં ધાતુઓ.

જિ. : ધાતુપાઠમાં ન્કાર સહિત અને ન્કાર રહિત એ પ્રમાણે બંને तृम्फ् વગેરે ધાતુઓનો ઉલ્લેખ છે. તો આ સૂત્રથી શ પર છતાં न् આગમનું વિધાન શા માટે કર્યું ?

સમા. : ધાતુપાઠ નિર્દિષ્ટ ન્કાર સહિતનાં तृम्फ् ધાતુમાં શ પર છતાં નો વ્યઞ્જન૦૪.૨.૪૫થી ન્નો લોપ થાય છે. માટે तृम्फति પ્રયોગની પ્રાપ્તિ ન રહેતાં तृफ् વગેરેથી न् આગમનું વિધાન છે. તેથી આ સૂત્રનાં વિધાન સામર્થ્યથી જ न् આગમવાળાં तृफ् વગેરે ધાતુઓમાં ન્નો લોપ થશે નહીં. અને तृम्फति જેવા પ્રયોગો સિદ્ધ થશે.

जभः स्वरे ४.४.१००

અ.અ.સૂ. : जभः धातोः स्वरात् स्वरे नः अन्तः ।

અર્થ : जभ् ધાતુનાં સ્વરથી પરમાં સ્વરાદિ પ્રત્યય પર છતાં અન્તે न् આગમ થાય છે.

ઉદા. जम्भः = બગાસું ખાનાર. (जभूङ् गात्र०७८२)

अच् ५.१.४९થી अच्→जभ्+**अ**

આ સૂત્રથી न् આગમ→जन्भ्+अ

म्नां धुड्वर्गे०१.३.३९थी न् नो म्→**जम्भ**
प्रथमा सि वगेरे→**जम्भः** ।

रध इटि तु परोक्षायामेव ४.४.१०१

अ.अ.सू. : रधः धातोः स्वरात् स्वरे नः अन्तः, इटि तु परोक्षायामेव ।

अर्थ : रध् धातुनां स्वरथी पर स्वरादि प्रत्यय पर छतां न् आगम थाय छे. परंतु इट् आदिवाळां प्रत्यय पर छतां तो परोक्षामां ज थाय छे.

उदा. (१) **रन्धः** = रांधनार. (रधौच् हिंसा०११८८)
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी. परंतु न् आगम आ सूत्रथी ज करवो.

(२) **ररन्धिवः** = अमे बेओ रांध्युं.
आ उदा.नी साधनिका ४.४.७८मां दर्शावेल ररन्थिथ प्रमाणे जाणवी. परंतु अहीं व प्रत्यय करवो.

प्र.उदा. (१) **परोक्षायामेवेति किम् ? रधिता** = ते रांधशे.
अनद्यतने श्व०५.३.५थी ता→रध्+**ता**
स्ताद्यशितो०४.४.३२थी इट् आगम→**रधिता**

★ आ सूत्रनी प्रवृत्ति इट् पर छतां परोक्षामां ज थाय छे. ज्यारे अहीं श्वस्तनी विभक्ति छे. माटे आ सूत्रथी न् आगम थयो नहीं.

विशेषता :

जि. : पूर्वसूत्रथी आवतां स्वरेनां अधिकारथी ज इट्नुं ग्रहण थतां न् आगम सिद्ध ज छे. तो पण सूत्रमां इटि तु परोक्षायामेवनो निर्देश शा माटे कर्यो ?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, रघ् ધાતુથી પર પરોક્ષામાં જ इट् પર છતાં न् આગમ થશે. અન્ય પ્રત્યય પર છતાં નહીં. જેમ કે, રધિતા ।
તે જ નિયમનું જ્ઞાપન કરવા માટે જ સૂત્રમાં એવકારનું ગ્રહણ છે.

रभोऽपरोक्षाशवि ४.४.१०२

અ.અ.સૂ. : रभः धातोः स्वरात् अपरोक्षाशवि स्वरे नः अन्तः ।

અર્થ : रभ् ધાતુનાં સ્વરથી પર, પરોક્ષા અને शव् પ્રત્યય સિવાયનાં સ્વરાદિ પ્રત્યય પર છતાં न् આગમ થાય છે.

સ. : (૧) **अपरोक्षाशवि** = परोक्षा च शव् चेति परोक्षाशव्, न परोक्षाशव् इति अपरोक्षाशव्, तस्मिन्निति ।

ઉદા. (૧) **आरम्भः** = शરૂआत. (रभि राभस्ये-७८५)
भावा-ऽकर्त्रोः ५.३.१८थी घञ्→आ+रभ्+**अ**
આ સૂત્રથી न् આગમ→आ+रन्भ्+**अ**
म्नां धुड्वर्गे०१.३.३९थी न्નો म्→आरम्भ
પ્રથમા सि વગેરે→आरम्भः ।

પ્ર.ઉદા. अपरोक्षाशवीति किम् ?

(૧) **आरेभे**=તેણે આરંભ કર્યો.
परोक्षे ५.२.१२ વગેરેથી ए→आ+रभ्+**ए**
अनादेशादे०४.१.२४थी अनो ए→**आरेभे**

(૨) **आरभते**=તે આરંભ કરે છે.
सति ५.२.१९ વગેરેથી ते→आ+रभ्+**ते**
कर्तर्यनद्०३.४.७१थी शव्→आरभ्+**अ**+ते

★ આ સૂત્રમાં પરોક્ષા અને શવ્ પ્રત્યયનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ન્ આગમ થયો નહીં.

लभः ४.४.१०३

અ.અ.સૂ. : लभः धातोः स्वरात् अपरोक्षाशवि स्वरे नः अन्तः ।

અર્થ : લભ્ ધાતુનાં સ્વરથી પર, પરોક્ષા અને શવ્ પ્રત્યય સિવાયનાં સ્વરાદિ પ્રત્યય પર છતાં ન્ આગમ થાય છે.

ઉદા. (૧) लम्भकः = પ્રાપ્ત કરનાર. (डुलभिंष् प्राप्तौ-७८६)
णक-तृचौ ५.१.४८थी णक→लभ्+**अक**
આ સૂત્રથી ન આગમ→लन्भ्+अक
म्नां धुङ्वर्गे०१.३.३९थी न्નો म्→लम्भक
प्रथमा सि वगेरे→लम्भकः ।

વિશેષતા :

પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્નિર્દેશ ઉત્તરસૂત્રમાં માત્ર लभःનો અધિકાર લઈ જવા માટે છે. અન્યથા **सन्नियोगशिष्टानामेकापाये-ऽन्यतस्याऽप्यपायः १/३०** ન્યાયાનુસારે रभःનો અધિકાર પણ ઉત્તર સૂત્રમાં આવ્યો હોત.

आङो यि ४.४.१०४

અ.અ.સૂ. : आङः लभः धातोः स्वरात् यि नः अन्तः ।

અર્થ : આङ્ ઉપસર્ગથી પર રહેલ લભ્ ધાતુનાં સ્વરથી પર, યકારાદિ પ્રત્યય પર છતાં ન્ આગમ થાય છે.

ઉદા. (૧) आलम्भ्या गौः = વધ કરવા યોગ્ય ગાય.
(डुलभिंष् प्राप्तौ-७८६)

शकि-तकि०५.१.२९थी य→आ+लभ्+**य**
आ सूत्रथी न आगम→आ+लन्भ्+य
म्नां धुड्वर्गे०१.३.३९थी न्नो म्→आलम्भ्य
आत् २.४.१८थी आप्→आलम्भ्य+**आ**
समानानां०१.२.१थी दीर्घ→आलम्भ्या
प्रथमा सि वगेरे→आलम्भ्या।

प्र.उदा. यीति किम् ? आलब्धाः = વધ કરાયેલાં
क्त-क्तवतू०५.१.१७४थी क्त→आ+लभ्+**त**
अधश्चतुर्थात्०२.१.७९थी त्नो ध्→आ+लभ्+**ध**
तृतीयस्तृतीय०१.२.४९थी भनो ब्→आलब्ध
प्रथमा जस् वगेरे→आलब्धा :।

★ આ સૂત્રની પ્રવૃત્તિ યકારાદિ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં क्त પ્રત્યય છે. માટે આ સૂત્રથી न् આગમ થયો નહીં.

उपात् स्तुतौ ४.१.१०५

अ.अ.सू. : उपात् लभः धातोः स्वरात् यि स्तुतौ नः अन्तः ।

અર્થ : उप ઉપસર્ગથી પર રહેલ लभ् ધાતુનાં સ્વરથી પર, યકારાદિ પ્રત્યય પર છતાં સ્તૃતિ અર્થ જણાતે છતે अन्ते न् આગમ થાય છે.

ઉદા. (૧) **उपलम्भ्या विद्या** = પ્રશંસા કરવા યોગ્ય વિદ્યા.
(डुलभिंष् प्राप्तौ ७८६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ न् આગમ આ સૂત્રથી કરવો.

પ્ર.ઉદા. (૧) **स्तुताविति किम् ? उपलभ्या वार्त्ता** = જાણવા યોગ્ય વાર્તા.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ ન્ આગમ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્તુતિ અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં સ્તુતિ અર્થ નથી. માટે આ સૂત્રથી ન્ આગમ થયો નહીં.

ञि-ख्णमोर्वा ૪.૪.૧૦૬

અ.અ.સૂ. : लभः धातोः स्वरात् ञि-ख्णमोः नः अन्तः वा ।

અર્થ : લભ્ ધાતુના સ્વરથી પર, ञि અને ख्णम् પ્રત્યય પર છતાં અન્તે ન્ આગમ વિકલ્પે થાય છે.

સ. : ञि-ख्णमोः=ञिश्च ख्णम् चेति ञिख्णमौ, तयोरिति

ઉદા. (૧) **अलाभि/अलम्भि** = પ્રાપ્ત કરાયું. (डुलभिष् प्राप्तौ-७८६)
અદ્યતની ૫.૨.૪થી त→लभ्+**त**
भाव-कर्मणो : ૩.૪.૬૮થી ञिच् અને त નો લોપ→ लभ्+**इ**
આ સૂત્રથી ન્ આગમનો **નિષેધ**.
ञ्णिति ૪.૩.૫૦થી વૃદ્ધિ→**लाभि**
अड् धातो०૪.૪.૨૯થી अट् આગમ→**अ**लाभि
વિકલ્પે: જ્યારે ન્ આગમ થાય ત્યારે, अलम्भि

(૨) **लाभंलाभम्/लम्भंलम्भम्** = વારંવાર મેળવીને.
ख्णम्०૫.૨.૪૮થી लभ+**अम्**
આ સૂત્રથી ન્ આગમનો **નિષેધ**.
ञ्णिति ૪.૩.૫૦થી વૃદ્ધિ→**ला**भम्

भृशा०७.४.४३थी द्वित्व→**लाभंलाभम्**
विकल्पे: જ્યારે म् આગમ થાય ત્યારે, **लम्भंलम्भम्**

उपसर्गात् खल्-घञोश्च ४.४.१०७

અ.અ.સૂ. : उपसर्गात् लभः धातोः स्वरात् खल्-घञोः च (ञि-ख्णमोः) नः अन्तः ।

અર્થ : ઉપસર્ગથી પર રહેલ लभ् ધાતુનાં સ્વરથી પર, खल्, घञ् ञि અને ख्णम् પ્રત્યય પર છતાં न् આગમ થાય છે.

સ. : (૧) खल-घञोः = खल् च घञ् चेति खल्-घञ् तयोरिति ।

ઉદા. (૧) दुष्प्रलम्भम् = દુઃખે મેળવી શકાય તેવું.
(डुलभिंष् प्राप्तौ-७८६)
दुःस्वीषतः०५.३.१३९थी खल्→दुर+प्र+लभ्+**अ**
આ સૂત્રથી न् આગમ વગેરે→दुर्+प्र+**लम्भ**
निर्दुरर्बाहि०२.३.९थी र् નો ष्→**दुष्प्रलम्भ**
પ્રથમા સિ વગેરે→दुष्प्रलम्भ**म्** ।

(૨) **प्रलम्भः** = લાભ
भावा-ऽकर्त्रोः५.३.२.१८थी घञ्→प्र+लभ्+**अ**
આ સૂત્રથી न् આગમ વગેરે→**प्रलम्भ**
પ્રથમા સિ વગેરે→**प्रलम्भः** ।

(૩) **प्रालम्भि** = પ્રાપ્ત કરાયું.

(૪) **प्रलम्भंप्रलम्भम्** = વારંવાર પ્રાપ્ત કરીને.
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર પ્રમાણે જાણવી. પરંતુ न् આગમ આ સૂત્રથી કરવો.

प्र.ઉદા.उपसर्गादिति किम् ? लाभः = લાભ.

भावा-ऽकर्त्रोः५.३.१८थी घञ्→लभ्+**अ**

ञ्णिति ४.३.५०थी वृद्धि→**लाभ**

प्रथमा सि वगेरे→लाभः ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપસર્ગથી પર રહેલ ધાતુથી થાય છે. જ્યારે અહીં ઉપસર્ગથી પર ધાતુ નથી. માટે આ સૂત્રથી न् આગમ થયો નહીં.

विशेषता :

(१) આ સૂત્રમાં ञि-ख्णमोः‌ના અધિકારનું અનુકર્ષણ ઉપસર્ગથી પર लभ् ધાતુથી ञि-ख्णम् પર છતાં નિત્ય न् આગમ કરવા માટે છે.

(२) यद्यपि સૂત્રમાં खल्-घञोः‌નું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વ સૂત્રથી અનુવૃત્ત ञि-ख्णमोः‌નો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारोयस्मात्०२/६१** ન્યાયાનુસારે सप्तम्यन्त खल्-घञोः‌ને સજાતીય પૂર્વસૂત્રથી सप्तम्यन्त ञि-ख्णमोः નો અધિકાર ગ્રહણ કરવામાં આવે છે. તેમજ, **चानुकृष्टं०२/६२** તે ઉત્તર-સૂત્રમાં જશે નહીં.

જિ. : लभः ૪.૪.૧૦૩ સૂત્ર દ્વારા लभ् ધાતુથી खल् અને घञ् પ્રત્યય પર છતાં न् આગમ સિદ્ધ જ હતો. તો પણ સૂત્રમાં खल्घञोः નો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, खल्-घञ् પ્રત્યય પર છતાં ઉપસર્ગથી પર જ लभ् ધાતુથી न् આગમ થશે. પણ ઉપસર્ગ રહિત અવસ્થામાં लभः ૪.૪.૧૦૩ સૂત્રથી પણ न् આગમ થશે નહીં.

सु-दुर्भ्यः ४.४.१०८

અ.અ.સૂ. : उपसर्गात् सुदुर्भ्यः लभः धातोः स्वरात् खल्-घञोः नः अन्तः ।

અર્થ : ઉપસર્ગથી પર રહેલ સમસ્ત અને વ્યસ્ત સુ અને દુર્ થી પર લભ્ ધાતુનાં સ્વરથી પર, ખલ્ અને ઘઞ્ પ્રત્યય પર છતાં ન્ આગમ થાય છે.

સ. : सुदुर्भ्यः = सुश्च दुर् चेति सुदुर्, तेभ्य इति,

ઉદા. (૧) **अतिसुलम्भम्** = અત્યંત સુલભ.

(૨) **अतिदुर्लम्भम्** = અત્યંત દુર્લભ.

(૩) **अतिसुदुर्लम्भम्** = અતિશય દુર્લભ.

(૪) **अतिसुलम्भः** = અત્યંત સુલભ

(૫) **अतिदुर्लम्भः** = અત્યંત દુર્લભ

(૬) **अतिसुदुर्लम्भः** = અતિશય દુર્લભ.

આ ઉદા.ની સાધનિકા પૂર્વે પ્રમાણે જાણવી. પરંતુ ન્ આગમ આ સૂત્રથી કરવો.

પ્ર.ઉદા. **उपसर्गादित्येव→सुलभम्** = સુલભ.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી ન્ આગમ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સુ, દુર્ ઉપસર્ગથી પર હોય તો થાય છે. જ્યારે અહીં ઉપસર્ગથી પર સુ, દુર્ નથી. માટે આ સૂત્રથી ન્ આગમ થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાં सुदुर्भ्यः એ પ્રમાણે બ.વ. સમસ્ત, વ્યસ્ત એવા सु અને दुर् થી પર પણ સૂત્રની પ્રવૃત્તિ કરવા તથા दुस्નું પણ ગ્રહણ કરવા માટે છે.

(૨) अतिसुलभम् જેવાં પ્રયોગમાં રહેલ अति પૂજા અને અતિક્રમ અર્થક હોવાથી धातोः પૂજાર્થ૦૩.૧.૧થી ઉપસર્ગ સંજ્ઞા પામતો નથી, માટે અહીં न् આગમ થયો નહીં.

જિ. : સૂત્ર નિર્દિષ્ટ सु અને दुर् પણ ઉપસર્ગ જ છે. તેથી सु અને दुर्થી પર રહેલ लभ् ધાતુમાં પૂર્વસૂત્રથી જ न् આગમ સિદ્ધ હતો. તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो०१/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી, નિયમ થયો કે, ઉપસર્ગથી જ પર રહેલા सु અને दुर्+लभ् ધાતુ હોય તો જ न् આગમ થશે. અન્યથા પૂર્વસૂત્રથી પણ न् આગમ થશે નહીં.

नशो धुटि ४.४.१०९

અ.અ.સૂ. : नशः धातोः स्वरात् धुटि नः अन्तः ।

અર્થ : नश् ધાતુનાં સ્વરથી પર, धुડાદિ પ્રત્યય પર છતાં અન્તે न् આગમ થાય છે.

સ. : (૧) **नंष्टा** = તે નાશ પામશે. (नशौच् अदर्शने-१२०२)
अनद्यतने श्व०५.३.३ વગેરેથી ता→नश्+**ता**
આ સૂત્રથી न् આગમ→नन्श्+ता
यज-सृज०२.१.८७થી ष्→नन्ष्ता
तवर्गस्य०१.३.६०થી त्નો ट्→नन्ष्टा
शिड्-हेऽनु०१.३.५०થી न्નો અનુસ્વાર→**नंष्टा**

પ્ર.ઉદા. **धुटीति किम् ? नशिता** = તે નાશ પામશે.

અનદ્યતને શ્વ૦૫.૩.૫થી તા→नश+**ता**

धूगौदितः૪.૪.૩૮થી इट् →**नशिता**

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધુડાદિ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં इट् થયો હોવાથી તે પ્રત્યય ધુડાદિ રહેતો નથી. માટે આ સૂત્રથી न् આગમ થયો નહીં.

मस्जेः सः ૪.૪.૧૧૦

અ.અ.સૂ. : मस्जेः धातोः स्वरात् सः धुटि नः अन्तः ।

અર્થ : મસ્જ્ ધાતુનાં સ્વરથી પર રહેલ સ્ને સ્થાને ધુડાદિ પ્રત્યય પર છતાં અન્તે ન્ થાય છે.

ઉદા. (૧) **मङ्क्ता** = તે ડૂબશે. (टुमस्जोंत् शुद्धौ-૧૩૫૨)

અનદ્યતને શ્વ૦૫.૩.૫ વગેરેથી તા→मस्ज्+**ता**

આ સૂત્રથી સ્નો ન્→मन्ज्+ता

च-जः૦૨.૧.૮૬થી જ્નો ગ્→मन्ग्+ता

म्नां घुड्वर्गे૦૧.૩.૬૦થી ન્ નો ङ्→मङ्ग्+ता

अघोषे प्रथमो૦૧.૩.૫૦થી ગ્નો क्→मङ्क्ता ।

વિશેષતા :

વસ્તુતઃ પૂર્વસૂત્રથી આવતાં अन्त શબ્દનાં પ્રયોગ દ્વારા આગમનો અધિકાર આવી રહ્યો છે. પરંતુ આ સૂત્રમાં 'સ્નાં સ્થાને ન્ થાય છે.' એમ આદેશ સ્વરૂપે જે કથન કર્યું છે તે ન્નાં લોપ માટે જાણવું. તેથી मग्नः વગેરે ઉદા.માં જો સ્નાં સ્થાને ન્ આદેશ ન કરતાં સ્વરથી પર જ ન્ આગમ કરવામાં આવે તો નો વ્યઞ્જન૦ ૪.૨.૪૫ સૂત્રથી ન્ નો લોપ કરવામાં સંયોગસ્યાદૌ૦૨.૧.૮૮ સૂત્રથી થતો સ્નો લોપ અસત્ મનાય

છે. અને ન્ ઉપાન્ત્યમાં ન આવતાં લોપની પ્રાપ્તિ થાય નહીં, માટે તે આપત્તિનું વારણ કરવા માટે અહીં સ્નાં સ્થાને જ ન્ કરવામાં આવે છે.

अः सृजि-दृशोऽकिति ४.४.१११

અ.અ.સૂ. : सृजि-दृशः धातोः स्वरात् धुटि अः अन्तः, अकिति ।

અર્થ : સૃજ્ અને દૃશ્ ધાતુનાં સ્વરથી પર, ધુડાદિ પ્રત્યય પર છતાં અન્તે અ આગમ થાય છે. જો તે પ્રત્યયો કિત્ ન હોય તો.

સ. : (૧) **सृजि-दृशः** = सृजिश्च दृश्चेति सृजिदृश्, तस्मादिति ।
(૨) **अकिति** = क् इत् यस्य स इति कित्, न कितिति अकित्, तस्मिन्निति ।

ઉદા. (૧) **स्रष्टा** = તે સર્જન કરશે. (सृजंत् विसर्गे-૧૩૪૯)
અનદ્યતને શ્વ૦૫.૩.૫ વગેરેથી તા→सृज्+**ता**
આ સૂત્રથી અ આગમ→सृ**अ**ज्+ता
इवर्णादे०૧.૨.૨૧થી ऋનો र्→स्र**ज्**+ता
यज-सृज०૨.૧.૮૭થી ज् નો ष्→स्र**ष्**+ता
तवर्गस्य०૧.૩.૬૦થી त्નો ट्→स्रष्**टा** ।

(૨) **द्रष्टुम्** = જોવા માટે (दृशिं प्रेक्षणे-૫૯૫)
क्रियायां०૫.૩.૧૩થી तुम्→दृश्+**तुम्**
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. अकितीति किम् ? सृष्टा = સર્જન કરાયેલ
क्त-क्तवतू ૫.૧.૧૭૪થી क्त→सृज+**त**
यज-सृज०૨.૧.૮૭થી ष्→सृ**ष्**+त

तवर्गस्य०१.३.६०थी त्नो ट्→सृष्ट

प्रथमा सि वगेरे→सृष्टः।

આ સૂત્રમાં કિત્ પ્રત્યયનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી અ આગમ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં અકિતિ એ પ્રમાણે જે નિષેધ દર્શાવ્યો છે. તેમાં પ્રસજ્યનઞ્નો આશ્રય કરવો, પણ પર્યુદાસ નઞ્નો નહીં. તેથી નિષેધ કોટિમાં માત્ર 'કિત્ પ્રત્યય પર છતાં' એટલો જ નિર્દેશ થશે. પરંતુ 'ધુડાદિ કિત્ પ્રત્યય પર છતાં' એવો નહીં. આવું કરવા દ્વારા असृष्ट વગેરે પ્રયોગોમાં सिजाशिषा० ४.३.३५થી कित्वत् થયેલ सिच्નો धुड् ह्रस्वा०४.३.७०થી લોપ થયા પછી પણ માત્ર કિત્ તરીકે सिच्નો સ્થાની-વત્ભાવ મનાતાં આ પ્રત્યય જેમ કિત્ છે, તેમ ધુડાદિ પણ છે. પરંતુ ધુડાદિ વર્ણાશ્રિત હોવાનાં કારણે ધુડાદિ તરીકે સ્થાનીવત્ભાવ મનાતો નથી. પણ કિત્ તરીકે સ્થાની-વદ્ભાવ મનાય છે.

જો અહીં પર્યુદાસ નઞ્નો આશ્રય કરવામાં આવ્યો હોત તો તદ્ભિન્ન તદ્સદૃશતયા ધુડાદિ અકિત્ પ્રત્યય પર છતાં સૂત્ર પ્રવૃત્તિનો નિષેધ થયો હોત. જે ઉક્ત सिच् પ્રત્યયમાં થાત નહીં અને ત્યાં પણ અ આગમ થવાની આપત્તિ આવે અને તે આપત્તિનું વારણ કરવા માટે અહીં પર્યુદાસનું ગ્રહણ ન કરતાં પ્રસજ્યનઞ્નું ગ્રહણ કર્યું છે.

(૨) અહીં સૂત્રમાં સૃજિ-દૃશઃ એ પ્રમાણે ધાતુના સ્વરૂપનું ગ્રહણ કર્યું છે. તેથી **धातोः स्वरूपग्रहणे तत्प्रत्यये कार्य-विज्ञानम् १/२६** ન્યાયાનુસારે તે ધાતુથી જ થતાં ધુડાદિ પ્રત્યય પર છતાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે. પણ રજ્જુસૃજ્ જેવા નામથી પર નહીં. માટે રજ્જુસૃડ્ભ્યામ્ જેવા ક્વિપ્ પ્રત્યયાન્ત નામમાં આ સૂત્રથી અ આગમ થશે નહીં.

અન્યમત :

કેટલાંક વ્યાકરણકારો ડિત્ પ્રત્યય પર છતાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છતાં નથી.

स्पृशादि-सृपो वा ४.४.११२

અ.અ.સૂ. : स्पृशादि-सृपः धातोः स्वरात् धुटि अः अन्तः वा, अकिति ।

અર્થ : સ્પૃશ્, મૃશ્, કૃષ્, તૃપ્, દૃપ્ અને સૃપ્ ધાતુનાં સ્વરથી પર, ધુડાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે અ આગમ થાય છે પણ જો તે પ્રત્યય કિત્ ન હોય તો.

સ. : (૧) स्पृशादि-सृपः = स्पृश् आदिर्येषां ते इति स्पृशादयः, स्पृशादयश्च सृप् चेति स्पृशादि-सृप् तस्येति ।

ઉદા. (૧) स्प्रष्टा/स्पर्ष्टा = તે સ્પર્શ કરશે.(स्पृंशत् संस्पर्शे-१४१२)
અનદ્યતને શ્વ૦૫.૩.૫ વગેરેથી તા→स्पृश्+**ता**
આ સૂત્રથી અ આગમ→स्पृ**अ**श्+ता
इवर्णादे०१.२.२१થી ऋનો र्→स्प्र**श्**+ता
यज सृज०२.१.८७થી श् નો ष्→स्पृ**ष्**+टा
तवर्गस्य०१.३.६०થી त्નો ट्→स्प्र**ष्टा** ।

विकल्पे: જ્યારે अ આગમ ન થાય ત્યારે, स्पृष्+**टा** लघोरुपा०४.३.४थी गुण→स्पर्ष्टा ।

(२) **म्रष्टा/मर्ष्टा** = તે શુદ્ધ કરશે.(मृशंत् आमर्शने-१४१६)

(३) **क्रष्टा/कर्ष्टा** = તે ખેંચશે.(कृषं विलेखने-५०६)

(४) **त्रप्ता/तर्प्ता** = તે તૃપ્ત કરશે.(तृपौच् प्रीतौ-११८९)

(५) **द्रप्ता/दर्प्ता** = તે ગર્વ કરશે.(दृपौच् हर्षमोह०११९०)

(६) **स्रप्ता/सर्प्ता** = તે જશે.(सृप्लृं गतौ-३४१)

ह्रस्वस्य तः पित्कृति ४.४.११३

अ.अ.सू. : ह्रस्वस्य धातोः पित्कृति तः अन्तः ।

अर्थ : હ્રસ્વસ્વરાન્ત ધાતુને અન્તે પિત્ કૃત્પ્રત્યય પર છતાં त् આગમ થાય છે.

स. : (१) **पित्कृति** = प् इत् यस्य स इति पित्, पित्च्चासौ कृच्चेति पित्कृत्, तस्मिन्निति ।

ઉદા. (१) **जगत्** = જવાનાં સ્વભાવવાળો.(गम्लृं गतौ-३९६)
दिद्युत्०५.२.८३थी निपातन थतां **ग**गम्+**०**
गहोर्ज:०४.१.४०थी ग्नो ज्→**ज**गम्+०
गमां क्वौ ४.१.५८थी म्नो लोप→जग+०
आ सूत्रथी त् आगम→जगत् ।

प्र.ઉદા. (१) **ह्रस्वस्येति किम् ? ग्रामणीः** = ગામનો મુખી.
क्विप् ५.१.१४८थी क्विप्→ग्राम+नी+**०**
ग्रामाग्रा०२.३.७१थी न्नो ण्→ग्राम**णी**
प्रथमा सि वगेरे→ग्रामणी:।

★ આ સૂત્રની પ્રવૃત્તિ હ્રસ્વ સ્વરાન્ત ધાતુથી થાય છે. જ્યારે અહીં દીર્ઘસ્વરાન્ત ધાતુ છે. માટે આ સૂત્રથી त् આગમ થયો નહીં.

(૨) **कृतीति किम् ? अजुहवुः** = તેઓએ હોમ કર્યો.
(हुंक् दाना-ऽऽद०११३०)
अनद्यतने ह्य०५.२.७ વગેરેથી अन्→हु+**अन्**
हवः शिति ४.१.१२थी हु नुं द्वित्व→**हुहु**+अन्
गहोर्जः ४.१.४०थी ह् नो ज्→**जुहु**+अन्
द्व्युक्त-जक्ष०४.२.९३थी अन् नो पुस्→जुहु+**उस्**
पुस्-पौ ४.३.३थी उ नो गुण→**जुहो**+उस्
ओदौतोऽ०१.२.२४थी अव्→**जुहवुस्**
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**जुहवुस्
पदसंज्ञा વગેરે →अजुहवुः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ कृत् પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં कृत् પ્રત્યય નથી. માટે અહીં આ સૂત્રથી त् આગમ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં પૂર્વસૂત્રથી अकिति નો અધિકાર આવી રહ્યો છે. પરંતુ અહીં જો અકિતિનું ગ્રહણ કરવામાં આવે તો 'कित् સિવાયનાં पित् कृत् પ્રત્યય પર છતાં' એવો અર્થ નિર્દેશ ઘટે. ત્યાં कित् સિવાયનો पित्कृत् પ્રત્યય માત્ર ङ्वनिप् છે. પણ અન્ય નહીં. અને ङ्वनिप् પ્રત્યય સુયજો ङ्व० ५.१.१७२ સૂત્રથી હ્રસ્વસ્વરાન્ત તરીકે માત્ર सु ધાતુથી જ સંભવે છે. પણ અન્ય ધાતુથી નહીં. તેથી જો ગ્રંથકારશ્રીને अकितिનો અધિકાર ઈષ્ટ હોત તો સોસ્તો

ङनिपि मात्र आटलुं ज सूत्र बनाव्युं होत. पण तेवुं कर्युं नथी. ते जणावे छे के, अहीं अशितिनो अधिकार अटकी जाय छे. अने कित् એवा पण पित्कृत् प्रत्यय પર छतां सूत्रप्रवृत्ति કरवी.

(२) अहीं ध्यानमां लेवुं के, सूत्र निर्दिष्ट पित्कृत् प्रत्ययो धुડાદિ संभवतां नथी. तेथी **संभवे व्यभिचारे च विशेषणमर्थवत् २/५७** न्यायानुसारे पूर्वसूत्रथी अनुवृत्त धुटिनो अधिकार अहीं विराम पामे छे.

જિ. : ग्रामणि कुलम् જેवा प्रयोगमां क्विप् प्रत्ययान्तनी धातु छे. अने धातुनो स्वर ह्रस्व पण होवाथी आ सूत्रथी त् आगम केम थयो नहीं ?

सभा. : आ सूत्रथी थयेल त् आगम प्रकृति आश्रित कार्य होवाथी अंतरंग कार्य छे. अने क्लीबे २.३.९७थी थयेल धातुनुं ह्रस्वत्व प्रत्ययाश्रित कार्य होवाथी बहिरंग कार्य छे. तेथी **असिद्धं बहिरङ्गमन्तरङ्गे १/२०** न्यायानुसारे त् आगम કरवा माटे ह्रस्वत्व રૂપ कार्य असिद्ध मनाय छे. माटे ह्रस्वस्वरान्त धातु प्राप्त न थतां त् आगम थयो नहीं.

अतो म आने ४.४.११४

अ.अ.सू. : **धातोः आने अतः मः अन्तः ।**

अर्थ : धातुथी विधान કरायेल आन प्रत्यय પર छतां धातुनां अ थी પર अन्ते म् आगम थाय छे.

स. : (१) **पचमानः** = रांधतो.(डुपचींष् पाके-८९२)
शत्रानशा०५.२.२० વगेरेथी आनश्→पच्+**आन**

कर्त्तर्यनद्०३.४.७१थी शव्→पच्+**अ**+आन
आ सूत्रथी म् आगम→पच+**म्**+आन
प्रथमा सि वगेरे→पच**मान**:।

प्र.उदा. अत इति किम ? शयानः = सूतो.(शीङ्क् स्वप्ने-११०५)
शत्रानशा०५.२.२०थी आन→शी+**आन**
शीङः ए:०४.३.१०४थी ईनो ए→**शे**+आन
एदैतोऽ०१.३.२३थी अय्→**शया**न
प्रथमा सि वगेरे→शयान:।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધાતુનાં અકારથી પર થાય છે. જ્યારે અહીં ધાતુમાં અકાર નથી. માટે આ સૂત્રથી મ્ આગમ થયો નહીં.

विशेषता :

यद्यपि अहीं आन प्रत्ययनी आदिमां म् थाय छे. एवुं कहीए तो पण समान ज कार्य थवानुं हतुं. परंतु तेम न कहेतां आन प्रत्यय पर छतां अकारने अन्ते म् आगम थाय छे. तेवुं कह्युं छे ते मव्यस्याः ४.२.११३ सूत्रथी थती प्रवृत्तिनां वारण माटे जाणवुं. तेम कथन करवाथी म् आगम आन प्रत्ययनुं अंग न थतां पूर्वे रहेला अ कारनुं अंग बने छे. तेथी मव्यस्याः ४.२.११३ सूत्रमां दर्शावेल म् कारादि प्रत्ययनी प्राप्ति थती नथी.

आसीनः ४.१.११५

अ.अ.सू. : आसीनः ।

अर्थ : आस् धातुथी पर रहेलां आन प्रत्ययनां आ नो ई आदेश निपातन थाय छे.

ઉદા. (૧) **आसीनः** = બેસતો.(आसिक् उपवेशने-१११३)
शत्रानशा०५.२.२०थी आनश→शी+**आन**
આ સૂત્રથી આનો ઈ નિપાતન →**आसीन**
પ્રથમા સિ વગેરે→आसीन : ।

ऋतां क्ङितीर् ४.४.११६

અ.અ.સૂ. : ऋतां धातूनां क्ङिति इर् ।

અર્થ : ઋકારાન્ત ધાતુનાં ઋનો કિત્-ઙિત્ પ્રત્યય પર છતાં इर् થાય છે.

સ. : क्ङिति=क् च ङ् चेति क्ङौ, क्ङौ इतौ यस्य स इति क्ङित्, तस्मिन्निति,

ઉદા. (૧) **तीर्णम्** = તરાયું.(तॄ प्लवन-तरणयोः-२७)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→तॄ+**त**
ऋवर्ण-श्यू०४.४.५७थी इट् નો **નિષેધ.**
આ સૂત્રથી ऋનો इर्→**तिर्**+त
भ्वादेर्नामिनो०२.१.६७थी દીર્ઘ→**तीर्**+त
ऋल्वादेरेषां०४.२.६८थी तનો न→तीर्+**न**
र-षृवर्णान्नो०२.३.६७थी न્નો ण्→**तीर्ण**
પ્રથમા સિ વગેરે→तीर्ण**म्** ।

(૨) **किरति** = તે વિખેરે છે.(कॄत् विक्षेपे-१३३८)
આ ઉદાની સાધનિકા ૪.૪.૯૩માં નિર્દિષ્ટ उपकिरति પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં ऋताम् એ પ્રમાણે બ.વ.નો નિર્દેશ લાક્ષણિક ઋકારનાં પણ ગ્રહણ માટે છે. તેથી स्वर-हन०४.३.१०७थी દીર્ઘ

થયેલ कृ, हृ ધાતુ પણ આ સૂત્રનાં વિષય તરીકે ગ્રહણ થાય છે.
ઉદા. चिकीर्षति, जिहीर्षति,

ओष्ठ्यादुर् ४.४.११७

અ.અ.સૂ. : धातोः ओष्ठ्यात् ऋतां क्ङिति उर् ।

અર્થ : ધાતુનાં ઔષ્ઠ્ય વર્ણથી પર રહેલાં ऋનો कित्-ङित् પ્રત્યય પર છતાં उर् થાય છે.

ઉદા. (૧) **पूः** = નગર. (पॄश् पालन-पूरणयोः-૧૫૩૨)
क्विप् ५.१.१४८થી क्विप्→पॄ+**०**
આ સૂત્રથી ऋનો उर्→**पूर्**
પ્રથમા सि વગેરે→पू : ।

(૨) **बुभूर्षति** = તે પોષણ કરવાને ઇચ્છે છે.
(टुडुभृंग्क् पोषण-धारणे च-११४०)
तुमर्हादि०३.४.२१થી सन्→भृ+**स**
स्वर-हन०४.१.१०४થી ऋ દીર્ઘ→**भ्**+स
नामिनो०४.३.३३થી सन् **कित्वत्**
આ સૂત્રથી ऋનો उर्→**भुर्**+स
भ्वादेर्नामिनो०२.१.६३થી દીર્ઘ→**भूर्स**
सन्यङ०४.१.३થી દ્વિત્વ→**भू**भूर्स
ह्रस्वः ४.१.३९થી હ્રસ્વ→**भु**भूर्स
द्वितीय-तुर्ययोः०४.१.४२થી भ् નો ब्→**बु**भूर्स
नाम्यन्तस्था०२.३.१५થી स् નો ष्→बुभूर्**ष**
तिव् વગેરે→बुभूर्**षति** ।

(૩) **वुवूर्षते** = તે વરવાને ઇચ્છે છે. (वृग्ट् वरणे-१२९४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં ओष्ठ्यात् પદનું ગ્રહણ છે. જેમાં દન્ત્યૌષ્ઠ્યનો પણ સમાવેશ થતાં वुवूर्षते જેવા પ્રયોગો થાય છે.

(૨) આ સૂત્રથી થતું उर् કાર્ય પૂર્વસૂત્રથી થતાં इर्નાં અપવાદ સ્વરૂપે જાણવું.

(૩) પૂર્વ સૂત્રથી આવતું धातोः પદ ओष्ठ्यवर्णान्तनાં વિશેષણ તરીકે જાણવું. તેથી ઉપસર્ગ સંબંધી ઓષ્ઠ્ય વર્ણથી પર રહેલ ऋ કારનો उर् થશે નહીં. પરંતુ પૂર્વસૂત્રથી उर् જ થાય છે. જેમ કે, समीर्णम् અહીં सम् ઉપસર્ગમાં રહેલ म् ઓષ્ઠ્ય વર્ણ છે. અને તેનાથી પર ધાતુનો ऋ છે.

અન્યમત :

અહીં ऋकारस्य પદ धातोःનું વિશેષણ છે. તેથી विशेषणमन्तः ૭.૪.૧૧૩ અને षष्ठ्यान्त्य०૭.૪૧૦૬ પરિભાષાનુસારે 'ऋકારાન્ત ધાતુનાં અન્ત્ય ऋ વર્ણનો' એવો અર્થ ગ્રહણ કરવો.

યદ્યપિ અહીં કેટલાંક વ્યાકરણકારો ઉપાન્ત્ય ऋ કારનો પણ उर् ઇચ્છે છે. તેથી તેઓનાં મતે 'ધાતુ સંબંધી ऋ નો' એ પ્રમાણે વ્યધિકરણ ષષ્ઠીનો નિર્દેશ જાણવો અને તેઓનાં મતનો સંગ્રહ કરવા માટે અહીં લઘુવૃત્તિ આદિ ટીકાઓમાં તેવા પ્રકારનો સામાન્ય નિર્દેશ કરેલ છે.

इसासः शासोऽङ्-व्यञ्जने ૪.૪.૧૧૮

અ.અ.સૂ. : शासः धातोः इस् अङ्-व्यञ्जने क्ङिति ।

અર્થ : शास् ધાતુનો અંશ आस् નો अङ् અને વ્યંજનાદિ कित्-ङित् પ્રત્યય પર છતાં इस् થાય છે.

સ. : (૧) **अङ्-व्यञ्जने** = अङ् च व्यञ्जनं चेति अङ्व्यञ्जनम्, तस्मिन्निति ।

ઉદા. (૧) **अशिषत्** = તેણે શાસન કર્યું.(शासूक् अनुशिष्टौ-૧૦૯૫)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી દિ→शास्+**त्**
शास्त्यसू०૩.૪.૬૦ થી અङ्→शास्+**अ**+त्
આ સૂત્રથી आस् નો इस्→**शि**सत्
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स् નો ष्→शि**ष**त्
अङ् ધાતો ०૪.૪.૨૬થી अट् →**अ**शिषत्

(૨) **शिष्टः** = શાસન કરાએલ.
क्त-क्तवतू ૫.૧.૧૭૪થી क्त→शास्+**त**
આ સૂત્રથી आस् નો इस्→**शि**स्त्
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स् નો ष्→शि**ष्त**
तवर्गस्य०૧.૩.૬૦થી त् નો ट्→शि**ष्ट**
પ્રથમા સિ વગેરે→शिष्टः ।

પ્ર.ઉદા. **अङ् व्यञ्जन इति किम ? शासति** = તેઓ શાસન કરે છે.
सति ૫.૨.૧૯થી अन्ति→शास्+**अन्ति**
अन्तोऽ०૪.૨.૯૪થી न् નો લોપ→शासति

★ આ સૂત્રની પ્રવૃત્તિ अङ् અને વ્યંજનાદિ ङित्-ञित् પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં अन्ति પ્રત્યય છે. માટે આ સૂત્રથી आस् નો इस् થયો નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં शास् નાં आस् નો इस् આદેશ ન કરતાં સંપૂર્ણ ધાતુનો शिस् આદેશ કર્યો હોત તો પણ પ્રયોગ સિદ્ધ થાત. પરંતુ यङ्लुबन्तમાં **प्रकृतिग्रहणे**

यङ्लुबन्तस्याऽपि ग्रहणम् १/१ ન્યાયાનુસારે યङ્લુબન્ત शाशास् એ પ્રમાણે સંપૂર્ણ અંગનો शिस् આદેશ થાત. જે ઈષ્ટ નથી. માટે शास् ધાતુનાં आस् નાં इस् નું વિધાન કરેલ છે.

क्वौ ४.४.११९

અ.અ.સૂ. : शासः धातोः आसः क्वौ इस् ।

અર્થ : शास् ધાતુના आस् નો क्विप् પ્રત્યય પર છતાં इस् થાય છે.

ઉદા. मित्रशीः = મિત્રને સમજાવનાર.(शासूक् अनुशिष्टौ-१०९५)
क्विप् ५.१.१४८થી क्विप्→मित्र+शास्+०
આ સૂત્રથી आस् નો इस्→मित्र+**शिस्**
नाम्यन्तस्था०२.३.१५થી स् નો ष्→शि**ष**त्
प्रथमा सि વગેરે→मित्रशि : ।
पदान्ते २.१.६४થી દીર્ઘ→मित्रशीः।

વિશેષતા :

જિ. : અહીં સૂત્રમાં નિમિત્તભૂત क्विप् પ્રત્યયનો નિર્દેશ છે. જે વ્યંજનાદિ कित् પણ છે. તેથી પૂર્વસૂત્રથી આ સૂત્રનું કાર્ય સિદ્ધ જ હતું. તો પણ આ સૂત્રનો પૃથક્ નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : પૂર્વસૂત્રમાં क्विप् પ્રત્યયને વ્યઞ્જને પદ દ્વારા ગ્રહણ કરવામાં આવ્યો છે. ત્યાં સૂત્રમાં વ્યઞ્જને પદનો નિર્દેશ હોવાથી તે કાર્ય વ્યંજન નિમિત્તક કાર્ય કહેવાય છે. અને **क्विपि व्यञ्जनकार्यमनित्यम् २/३८** ન્યાયાનુસારે क्विप् પ્રત્યય પર છતાં પૂર્વસૂત્રથી થતું इस् કાર્ય અનિત્ય થાય છે. જેમ કે,

अव्ययतीति क्विप् અહીં अव्यय्માં क्विप् પ્રત્યય પર છતાં य्वोः प्वय्०४.४.१२१ સૂત્રથી य्નો લોપ થતો નથી. તેથી એ ન્યાયનો બાધ કરીને शास्નાં आस्નો इस् આદેશ क्विप् પ્રત્યય પર છતાં નિત્ય કરવા માટે આ સૂત્રનો પૃથક્ નિર્દેશ છે.

आङः ४.४.१२०

અ.અ.સૂ. : आङः शासः धातोः क्वौ इस् ।

અર્થ : आङ् ઉપસર્ગથી પર રહેલ शास् ધાતુનાં आस्નો क्विप् પ્રત્યય પર છતાં જ इस् થાય છે.

ઉદા. (૧) आशीः = આશીર્વાદ (शासूक् अनुशिष्टौ-१०९५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ इस् આદેશ આ સૂત્રથી કરવો.

પ્ર.ઉદા. क्वावित्येव→आशास्ते = તે શાસન કરે છે.
सति ५.२.१९ વગેરેથી તે→शास्+**ते**

★ આ સૂત્રની પ્રવૃત્તિ क्विप् પ્રત્યય પર છતાં જ થાય છે. જ્યારે અહીં क्विप् પ્રત્યય નથી. માટે આ સૂત્રથી इस् થયો નહીં.

વિશેષતા :

જિ. : પૂર્વસૂત્રથી आ+शास् ધાતુનાં आस्નો इस् સિદ્ધ જ હતો. તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, आङ् ઉપસર્ગપૂર્વક शास् ધાતુનાં आस्નો इस् क्विप् પ્રત્યય પર છતાં જ થાય છે.

અન્ય પ્રત્યય પર છતાં પૂર્વસૂત્રથી પણ નહીં. જેમ કે, आशास्ते ।

ग्वोः प्वय्व्यञ्जने लुक् ४.४.१२१

અ.અ.સૂ. : प्वय्व्यञ्जने ग्वोः लुक् ।

અર્થ : पु આગમ અને य् સિવાયનાં વ્યંજનાદિ પ્રત્યય પર છતાં य् અને व्નો લોપ થાય છે.

સ. : (૧) **ग्वोः** = य् च व् चेति ग्वौ, तयोरिति ।

(૨) **प्वय्व्यञ्जने** = न य् इति अय्, अय् च तद् व्यञ्जनं चेति अय्व्यञ्जनम्, पुश्च अय्व्यञ्जनं चेति प्वय्व्यञ्जनम् तस्मिन्निति ।

ઉદા. (૧) **क्नोपयति** = તે અવાજ કરાવે છે.
(क्नूयैङ् शब्दोन्दनयोः-८०२)
प्रयोक्तृ०३.४.२०थी णिग्→क्नूय्+**इ**
अर्त्ति-री०४.१.२१थी पु આગમ→क्नूय्+**प्**+इ
આ સૂત્રથી य्નો લોપ→क्नूपि
पुस्पौ ४.३.३थी ગુણ→**क्नो**पि
तिव् વગેરે→क्नोप**यति**

(૨) **क्ष्मातम्** = કંપાવેલ.(क्ष्मायैङ् विधूनने-८०३)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→क्ष्माय्+**त**
આ સૂત્રથી य्નો લોપ→क्ष्मात
प्रथमा सि વગેરે→क्ष्मा**तम्** ।

(૩) **देदिवः** = અમે બે વારંવાર રમીએ છીએ.
(दिवूच् क्रीडा०११८८)

व्यञ्जनादे०३.४.९थी यङ्→दिव्+**य**
सन्यङ०४.१.३थी द्वित्व्→**दि**दिव्+य
बहुलं०३.४.१४थी यङ्नो लोप→दिदिव्
आगुणा०४.१.४८थी इनो ए→**दे**दिव्
आ सूत्रथी व्नो लोप→देदि
वस् वगेरे→देदिवः ।

प्र.ઉદા. व्यर्जनं किम् ? क्नूय्यते = અવાજ કરાય છે.
सति ५.२.१९ वगेरेथी ते→क्नूय्+**ते**
क्यः शिति ३.४.७०थी क्य→क्नूय्**य**+ते

★ આ સૂત્રમાં य् કારાદિ પ્રત્યયનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી क्नूय् ધાતુનાં य्નો લોપ થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાં વ્યંજનાદિ પ્રત્યયનો નિર્દેશ છે. અને पु નું ગ્રહણ પ્રત્યય સિવાય આગમાદિ માટે જાણવું.

(૨) અહીં સૂત્રમાં प्वय्व्यञ्जने એટલાં જ પદનો નિર્દેશ છે. પણ પ્રત્યયે નો નિર્દેશ નથી. પરંતુ **प्रत्यया-ऽप्रत्ययोः प्रत्ययस्यैव ૨/૨** ન્યાયાનુસારે અહીં પ્રત્યયનું જ ગ્રહણ થશે. તેથી આ સૂત્રથી વ્ અને य्કારનો य्કાર રહિત વ્યંજનાદિ પ્રત્યય પર છતાં લોપ થશે. પણ य्કાર રહિત પ્રકૃતિ અંતર્ગત અન્ય વ્યંજન પર છતાં નહીં. જેમ કે, व्रश्चकः અહીં વ્થી પર य्કાર રહિત र् વ્યંજન છે.

कृतः कीर्त्तिः ४.४.१२२

અ.અ.સૂ. : कृतः धातोः कीर्त्तिः ।

અર્થ : कृत् ધાતુનો कीर्त्त् આદેશ થાય છે.

ઉદા. (૧) **कीर्त्तयति** = તે કીર્તન કરે છે. (कृतण् संशब्दने-१६४९)
આ સૂત્રથી कृत् નો कीर्त्त्→**कीर्त्त्**
चुरादिभ्यो०३.४.१७થી णिच्→**कीर्त्ति**
तिव् વગેરે→**कीर्त्तयति**

વિશેષતા :

જિ. : આ સૂત્રની પ્રવૃત્તિ નિર્નિમિત્તક છે. તેથી અન્ય કોઈ નિમિત્તની અપેક્ષા વિના कृत् નો कीर्त्त् આદેશ કરવાનો છે. તો ધાતુપાઠમાં कीर्त्त् એવો જ નિર્દેશ કેમ ન કર્યો ?

સમા. : વસ્તુતઃ આ પ્રમાણે મૂળથી कृत् ધાતુ આપવાથી अचीकृतत् ઈત્યાદિ સ્થાને कीर्त्त् આદેશનો નિષેધ કરાય છે. પણ તેવા પ્રયોગોમાં ऋदृवर्ण०४.२.७७ સૂત્રથી દીર્ઘ ॠ નો હ્રસ્વ ऋ કર્યો છે. જે સૂત્રગત વર્ણપદનાં વિધાન સામર્થ્યથી સિદ્ધ થાય છે. અને તેનાં બળથી તે સૂત્ર કાર્યના વિષયમાં कृत्નો कीर्त्त् આદેશ ન કરતાં कृत् એ પ્રમાણે હ્રસ્વ ऋ કારવાળો પ્રયોગ થાય છે.

જો ધાતુપાઠમાં જ कीर्त् એ પ્રમાણે નિર્દેશ કરવામાં આવે તો ઉપરોક્ત પ્રયોગ સિદ્ધ ન થતાં अचीकीर्त्तत् જેવા અનિષ્ટ પ્રયોગ થવાની આપત્તિ આવે.

(૧) સૂત્રમાં कीर्त् એ પ્રમાણે त् કાર આદેશ ઈષ્ટ છે. પણ इ કાર સહિત कीर्त्ति નો નિર્દેશ કર્યો છે. તેમાં इ કાર મંગલ માટે છે. તે મધ્યમ મંગલ સ્વરૂપે જાણવું.

॥ श्री हेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे
चतुर्थः अध्यायः समाप्तः ॥

श्लोक : दुर्योधनोर्वीपतिजैत्रबाहु[१]-गृहीतचेदीशकरोऽवतीर्णः
अनुग्रहीतुं पुनरिन्दुवंशं, श्री भीमदेवः किल भीम एव ॥

• • •

१. આ શ્લોકને સ્વતંત્ર કાવ્ય તરીકે સં.સૌ.(પરિ.પુસ્તિકા)માં સંગ્રહિત કરેલ છે. તેના અર્થ, અન્વય, સમાસ વગેરે ત્યાંથી જ જાણી લેવા.

અભ્યાસ-૧

૫૦ માર્ક્સ

પ્ર.૧. નીચે દર્શાવેલ સૂત્રોનાં અર્થ લખો. ૧૦

(૧) ૪.૪.૮૧ (૨) ૪.૪.૧૨૧ (૩) ૪.૪.૧૦૮
(૪) ૪.૪.૩૧ (૫) ૪.૪.૪૦ (૬) ૪.૪.૬૨
(૭) ૪.૪.૯૫ (૮) ૪.૪.૭૮ (૯) ૪.૪.૯
(૧૦) ૪.૪.૩૫

પ્ર.૨. નીચેનાં ન્યાયોની સમજૂતી ઉદા. સહિત જણાવો. ૧૫

(૧) कृतेऽन्य०० (૨) यदुपाधेर्विभाषा००
(૩) यावत्संभवस्तावद्०० (૪) भूतपूर्वकस्तद्ध्व०
(૫) परान्नित्यम्

પ્ર.૩. નીચેનાં ધાતુઓ કયા પ્રત્યય પર છતાં સેટ્, અનિટ્, વેટ્ છે તે જણાવો. ૧૦

(૧) आ+स्वन् (૨) लू (૩) पा (૪) जृ (૫) नृत्

પ્ર.૪. નીચેનાં સૂત્રોની કઈ-કઈ વિભક્તિમાં પ્રવૃત્તિ થાય છે તે જણાવો. ૧૫

(૧) ૪.૪.૧ (૨) ૪.૪.૩૬ (૩) ૪.૪.૧૧૦
(૪) ૪.૪.૧૧૬ (૫) ૪.૪.૧૨૧ (૬) ૪.૪.૭૮
(૭) ૪.૪.૮૪ (૮) ૪.૪.૮૭ (૯) ૪.૪.૪૭
(૧૦) ૪.૪.૨૧ (૧૧) ૪.૪.૨૭ (૧૨) ૪.૪.૮૫
(૧૩) ૪.૪.૯૦ (૧૪) ૪.૪.૧૦૨ (૧૫) ૪.૪.૧૭

● ● ●

અભ્યાસ-૨

- નીચેનાં ઉદાહરણમાં સેટ્, અનિટ્ કે વેટ્ વ્યવસ્થા દર્શાવતાં સૂત્રો લખો.

(૧) कम्पिति
(૨) प्रमिन्नवान्
(૩) तीर्णवान्
(૪) क्षेप्तुम्
(૫) हृष्टाः केशाः
(૬) प्रेषिता
(૭) जुहविथ
(૮) बुर्भूषति
(૯) सस्मर्थ
(૧૦) निगूहिता
(૧૧) लुलुविढ्वे
(૧૨) आशिवान्
(૧૩) निष्कोष्टव्यम्
(૧૪) आङ्क्षिषुः
(૧૫) सुस्यूषति
(૧૬) अदरिद्रिष्टाम्
(૧૭) स्प्रष्टुम्
(૧૮) स्वपितः
(૧૯) क्षुभितम्
(૨૦) ईडिध्वम्
(૨૧) अधिजिगांसिता
(૨૨) अश्वसत्
(૨૩) गूढवान्
(૨૪) प्रोर्णुनुविषति
(૨૫) लेप्ता
(૨૬) करिष्यमाणः
(૨૭) स्वप्तुम्
(૨૮) अस्यन्त्स्यत्
(૨૯) वक्तुम्
(૩૦) विलुभितानि पदानि

• • •

પરિશિષ્ટ-૧

સેટ્, અનિટ્ અને વેટ્ ની વ્યવસ્થા

આ પુસ્તકમાં આવતાં ન્યાયોનાં સામાન્ય અર્થ :

★ જે ધાતુઓથી પર રહેલા સ્ કારાદિ અને ત્ કારાદિ પ્રત્યયો પોતાની આદિમાં સસ્તાદ્યશિતો૦૪.૪.૩૨ સૂત્રથી ઇટ્ લેતાં હોય તે ધાતુઓ સેટ્ કહેવાય.

★ જે ધાતુઓથી પર રહેલા સ્ કારાદિ અને ત્ કારાદિ પ્રત્યયો પોતાની આદિમાં એકસ્વરાદનુ૦૪.૪.૫૬ સૂત્રથી ઇટ્ લેતાં ન હોય તે ધાતુઓ અનિટ્ કહેવાય.

★ જે ધાતુઓથી પર રહેલા સ્ કારાદિ અને ત્ કારાદિ પ્રત્યયો પોતાની આદિમાં ધૂગૌદિતઃ ૪.૪.૩૮ સૂત્રથી વિકલ્પે ઇટ્ લેતાં હોય તે ધાતુઓ વેટ્ કહેવાય.



આને કારિકાને આધારિત વિસ્તારથી સમજીએ. (હૈમસંસ્કૃત મધ્યમામાંથી સાભાર)

स्वरान्त धातुओ

श्वि-श्रि-डी-शी-यु-रु-क्षु-क्ष्णु-ण्वु-स्नुभ्यश्च वृगो वृङः ।
ऊदृदन्त-युजादिभ्यः, स्वरान्ता धातवः परे ॥१॥
पाठ एकस्वराः स्युर्येऽनुस्वारेत इमे स्मृताः ।

(स्वरांत सेट् धातुओ)

श्वि = ९९७ ट्वोश्वि(श्वि) गतिवृद्ध्योः ।

श्रि = ८८३ श्रिग्(श्रि) सेवायाम् ।

डी = ५८८ डीङ्(डी) विहायसां गतौ । १२४९ डीङ्च्(डी) गतौ ।

शी = ११०५ शीङ्क् (शी) स्वप्ने ।

यु = १०८० युक्(यु) मिश्रणे । अहिं, यु એ सामान्य निर्देश छे, तो पण रुने क्षुना सहचारथी 'युक् मिश्रणे' એ धातु ज लेवो, पण १५१३ युंग्श्(यु) बन्धने એ धातु न लेवो. वणी १८०४ युणि(यु) जुगुप्सायाम् આ धातु तो चुरादिगणनो होवाथी अनेक-स्वरत्वने लईने स्वतः सेट् छे ज.

रु = १०८५ रुंक्(रु) शब्दे । अहीं रु એ सामान्य निर्देश होवाथी બधी જातना रु धातुनुं ग्रहण थवुं जोईએ, तो पण क्षु वगेरे धातुना सहचारथी 'रुंक् शब्दे' એ धातु ज लेवो, परंतु ५९९ रुंङ् (रु) रेषणे च' એ धातु न लेवो.

क्षु = १०८४ टुक्षुक् (क्षु) शब्दे । १०८२ क्ष्णुक्(क्ष्णु) तेजने ।

ण्वु = १०८१ ण्वुक् (ण्वु) स्तुतौ ।

स्नु = १०८३ स्नुक् (स्नु) प्रस्नवने ।

वृगो = १२९४ वृग्ट् (वृ) वरणे । १९४७ वृग्ण्(वृस्) आवरणे એ धातुनो युजादि पाठमां समावेश करेलो छे.

वृङः = १५६७ वृङ्श्(वृ) सम्भक्तौ ।

ऊदृदन्त = भू वगेरे तमाम दीर्घ ऊकारान्त धातुओ तथा तॄ वगेरे तमाम दीर्घ ऋकारान्त धातुओ.

युजादि = युजादि गणमां कहेला(स्वरांत ६) धातुओ. जेवा के - १९४३ लीण्(ली) द्रवीकरणे । १९४४ मीण्(मी) मतौ । १९४५ प्रीग्ण्(प्री) तर्पणे। १९४६ धूग्ण् (धू) कम्पने (आ धातु ऊकारान्त होवाथी पण सेट् छे.) १९४७ वृग्ण्(वृ) आवरणे । १९४८ जॄण्(जॄ) वयोहानौ (आ धातु ऋकारान्त होवाथी पण सेट् छे.)

आ उपर बतावेल तमाम स्वरांत धातुओ सेट् जाणवा अने ते सिवायना एकस्वरवाळा अने अनुस्वारानुबंधवाळा स्वरांत सर्व धातुओ अनिट् समजवा ॥१॥

व्यंजनान्त धातुओ

नीचेनी कारिकाओ द्वारा व्यंजनान्त अनिट् धातुओने बतावे छे.

द्विविधोऽपि शकिश्चैवं वचिर्विचि-रिची पचिः ॥२॥

सिञ्चतिर्मुचिरतोऽपि पृच्छतिर्भ्रस्जि-मस्जि-भुजयो युजिर्यजिः ।
ष्वञ्जि-रञ्जि-रुजयो णिजि-विजॄ-षञ्जि-भञ्जि-भजयः सृजि-त्यजी ॥३॥

स्कन्दि-विद्य विदलृ-विन्तयो नुदिः स्विद्यतिः शदि-सदी भिदि-च्छिदी ।
तुद्यदी पदि-हदी खिदि-क्षुदी राधि-साधि-शुधयो युधी-व्यधी ॥४॥

बन्धि-बुध्य-रुधयः क्रुधि-क्षुधी सिध्यतिस्तदनु हन्ति-मन्यती ।
आपिना तपि-शपि-क्षिपि-च्छुपो लुम्पतिः सृपि-लिपी-वपि-स्वपी ॥५॥

यभि-रभि-लभि-यमि-रमि-नमि-गमयः क्रुशि-लिशि-रुशि रिशि-दिशति-दशयः।
स्पृशि-मृशति-विशति-दृशि-शिष्लृ-शुषय-
स्त्विषि-पिषि-विष्लृ-कृषि-तुषि-दुषि-पुषयः ॥६॥

श्लिष्यति-द्विषिरतो घसि-वसती रोहतिर्लुहि-रिही अनिङ्गदितौ ।
देग्धि-दोग्धि-लिहयो मिहि-वहती नह्यतिर्दहिरिति स्फुटमनिटः ॥७॥

द्विविधोऽपि शकिः = १२८० शकिंच्(शक्) मर्षणे । १३०० शक्लृंट् (शक्) शक्तौ । (અહીં शकि શબ્દથી शक् ધાતુ જ લેવાનો છે, માટે शक् ધાતુ જ शकिः શબ્દથી કારિકામાં લીધેલ છે.

वचिः = १०९६ वचंक्(वच्) भाषणे । ११३५ ब्रूंग्क्(ब्रू) व्यक्तायां वाचि' એ ब्रू ધાતુનો જે वच् આદેશ થાય છે તે જો કે લાક્ષણિક છે, તો પણ અહીં લેવો. આટલા જ કારણો સર ब्रू ધાતુને ઊકારાન્ત પણું હોવાથી सेट् પણાની પ્રાપ્તિ તો હતી જ, તો પણ ધાતુપાઠમાં અનુસ્વાર સહિત નિર્દેશ હોવાથી ब्रू ધાતુનું अनिट् પણું પ્રતિપાદન કરેલું છે, માટે वचि થી वच् આદેશવાળા ब्रू ધાતુનું પણ ગ્રહણ થાય છે.

'१९५४ वचण्(वच्) भाषणे' આ ધાતુનો યુજાદિમાં પાઠ હોવાથી सेट् સમજવો.

विचि = ११४७५ विचृंपी(विच्) पृथग्भावे ।

रिचि = १४७४ रिचृंपी(रिच्) विरेचने । १९५३ रिचण्(रिच्) वियोजने च આ ધાતુ યુજાદિ માં પઠિત હોવાથી सेट् છે. (विचि-रिची' અહીં ઉક્ત બે ધાતુના દ્વન્દ્વ સમાસથી દ્વિવચન થયેલ છે.)

पचिः = ८९२ डुपचींष्(पच्) पाके ॥२॥

सिञ्चति = १३२१ षिचींत्(सिच्) क्षरणे । (આ ધાતુનું સ્વરૂપમાં श्तिव् પ્રત્યય થવાથી सिञ्चति એવું રૂપ બનેલ છે.)

मुचिः = १३२० मुच्लृंती(मुच्) मोक्षणे । '१७३१ मुचण्(मुच्) प्रमोचने' એ ધાતુ તો ચુરાદિનો હોવાથી અનેક સ્વરવાળો થાય છે, માટે તે सेट् મનાય છે.

पृच्छतिः = १३४७ प्रछंत्(प्रच्छ्) ज्ञीप्सायाम् ।

भ्रस्ज = १३१६ भ्रस्जींत्(भ्रस्ज्) पाके ।

मस्ज = १३५२ टुमस्जोंत्(मस्ज्-मज्ज्)शुद्धौ ।

भुजयः = १३५१ भुजोंत्(भुज्)कौटिल्ये ।

१४८७ भुजंप्(भुज्) पालनाभ्यवहारयोः (અહીં પૂર્વના ધાતુઓ સાથે દ્વન્દ્વ સમાસ થવાથી બહુવચન આપેલ છે.)

युजिः = १२५४ युजिंच्(युज्) समाधौ ।

१४६६ युजृंपी(युज्) योगे । '१९४२ युजण्(युज्) सम्पर्चने' એ ધાતુ युजादि પઠિત હોવાથી સેટ્ છે.

यजि = ९९१ यजीं(यज्) देवपूजा-संगतिकरण-दानेषु ।

ष्वञ्जि = १४७१ ष्वञ्जिंत्(स्वञ्ज्) सङ्गे ।

रञ्जि = ८९६ रञ्जीं(रञ्ज्) रागे । १२८२ रञ्जींच्(रञ्ज्) रागे । रुजयः = १३५० रुजोंत्(रुज्) भङ्गे । '१५९२ रुजण्(रुज्) हिंसायाम्' - એ ધાતુ તો ચુરાદિનો હોવાથી અનેક સ્વરવાળો હોઈ સેટ્ છે. (બહુવચન પૂર્વના ધાતુઓ સાથેના સમાસથી થયેલ છે.)

णिजि = ११४१ णिजृंकी(निज्) शौचे च ।

विजृ = ११४२ विजृंकी(विज्) पृथग्भावे । અહીં કારિકામાં (विजृ) એવો દીર્ઘ ऋकારાંત પાઠ હોવાથી, આ પૃથગ્ભાવ અર્થવાળાનું ગ્રહણ થાય છે, પરંતુ '१४६८ ओविजैति(विज्) भय-चलनयोः' એ ધાતુનું તથા '१४८९ ओविजैप्(विज्) भय-चलनयोः એ ધાતુનું ગ્રહણ થતું નથી.

षञ्जि = १७३ षञ्जं(सञ्ज्) सङ्गे ।

भञ्जि = १४८६ भञ्जोंप्(भञ्ज्) आमर्दने ।

भजयः = ८९५ भजीं(भज्) सेवायाम् ।

'१७३३ भजण्(भज्) विश्राणने' આ ધાતુ ચુરાદિ હોઈ અનેક સ્વરવાળો થવાથી સેટ્ મનાય છે. (બહુવચન સમાસથી થયેલ છે.)

सृजि = १२५५ सृंजिच्(सृज्) विसर्गे । १३४९ सृजंत्(सृज्) विसर्गे ।

त्यजी = १७२ त्यजं(त्यज्) हानौ ।

(અહીં દ્વન્દ્વ સમાસને લીધે દ્વિવચન છે.) ॥૩॥

स्कन्दि = ३१९ स्कन्दं(स्कन्द्) गति-शोषणयोः ।

विद्य = १२५८ विदिंच्(विद्) सत्तायाम् । અહીં 'श्य' એ દિવાદિ ગણનો વિકરણ પ્રત્યય છે અને તે સહિત 'विद्य' એવો નિર્દેશ કરેલ છે, તેથી દિવાદિ ગણનો સત્તાર્થક विद् ધાતુ જ લીધો છે.

विद्लृ = १३२२ विद्लृंती(विद्) लाभे । અહીં लृ અનુબંધ સહિત નિર્દેશ હોવાથી लृ અનુબંધવાળો ધાતુ લીધો છે.

विन्तयः = १४९७ विदिंप्(विद्) विचारणे । અહીં विन्तयः એ विन्तिનું બહુવચન છે, અને विन्ति એ श्न વિકરણ પ્રત્યયવાળો પાઠ છે, અને श्न એ સાતમા રુધાદિ ગણનો વિકરણ પ્રત્યય છે. તેથી રુધાદિ ગણીય विद् ધાતુનું ગ્રહણ કરવામાં આવ્યું છે. (બહુવચન તો પૂર્વના ધાતુઓની સાથે કરેલા દ્વન્દ્વ સમાસને અંગે છે, આગળ પણ એમ જ સમજવું.)

ઉપર્યુક્ત ત્રણ પ્રકારના विद् ધાતુનું વિશેષતઃ ગ્રહણ હોવાથી '१०९९ विदंक्(विद्) ज्ञाने' એ ધાતુનો અહીં નિષેધ થાય છે. અને

'૧૮૦૯ विदिण्(विद्) चेतनाख्यान-निवासेषु' એ ધાતુ તો ચુરાદિ ગણનો હોવાથી અનેક સ્વરવાળો હોઈ, તેનું સેટ્ પણું તો સ્વતઃ સિદ્ધ છે. સાર એ આવ્યો કે પાંચ પ્રકારનો વિદ્ ધાતુ છે, તેમાંથી 'દિવાદિ, તનાદિ અને રુધાદિ' એ ત્રણ ગણના અનિટ્ છે અને અદાદિ તથા ચુરાદિ ગણના સેટ્ છે. અર્થાત્ પાંચ પૈકી ત્રણ અનિટ્ અને બે સેટ્ છે.

नुदिः = ૧૩૭૦ णुदंत्(नुद्) प्रेरणे ।

स्विद्यतिः = ૧૧૭૮ ष्विदाचं(स्विद्) गात्रप्रक्षरणे । અહીં श्य વિકરણ સહિત નિર્દેશ હોવાથી ઉક્ત દિવાદિનો ધાતુ જ લેવાનો છે, પરંતુ ૧૪૬ ञिष्विदाङ् (स्विद्) भोजने च' એ ધાતુ લેવાનો નથી.

शदि = ૯૬૭ शद्लृ(शद्) शातने ।

सदी = ૯૬૬ षद्लृं(सद्) विशरण-गत्यवसादनेषु । ૧૩૭૧ षद्लृंत्(सद्) अवसादने । (અહીં દ્વન્દ્વ સમાસ પ્રયુક્ત દ્વિવચન છે. આગળ પણ એમ જ સમજવું.)

भिदि = ૧૪૭૭ भिदृंपी(भिद्) विदारणे ।

छिदी = ૧૪૭૮ छिदृंपी(छिद्) द्वैधीकरणे ।

तुद्यदी = ૧૩૧૫ तुदिंत्(तुद्) व्यथने । ૧૦૫૯ अदंक्(अद्) भक्षणे ।

बन्धि = ૧૫૫૨ बन्धंश्(बन्ध्) बन्धने ।

'૧૬૬૩ बन्धण्(बन्ध्) संयमने' એ ધાતુ ચુરાદિ હોવાથી અનેક સ્વરવાળો હોઈ સેટ્ છે.

बुध्य = ૧૨૬૨ बुधिंच्(बुध) ज्ञाने । અહીં 'बुध्य' એ श्य વિકરણ સહિત નિર્દેશ હોવાથી ઉક્ત ધાતુ જ લેવો, પરંતુ '૯૧૨

बुधृग् (बुध्) बोधने तथा ९६८ बुध(बुध्) अवगमने' એ બે ધાતુ ન લેવા.

पदि = १२५७ पर्दिच्(पद्) गतौ । '१९३३ पदणि(पद्) गतौ એ ધાતુ તો ચુરાદિ ગણનો હોવાથી, અનેક સ્વરવાળો હોઈ સેટ્ છે.

हदी = ७२८ हर्दि(हद्) पुरीषोत्सर्जे ।

खिदि = १२५९ खिर्दिच्(खिद्) दैन्ये । १३२६ खिदंत्(खिद्) परिघाते । १४९६ खिर्दिप्(खिद्) दैन्ये ।

क्षुदी = १४७९ क्षुदृंपी(क्षुद्) संपेषे ।

राधी = ११५६ राधंच्(राध्) वृद्धौ । १३०४ राधंट्(राध्) संसिद्धौ ।

साधी = १३०५ साधंट्(साध्) संसिद्धौ ।

शुधयः = ११८३ शुधंच्(शुध्) शौचे ।

युधि = १२६० युर्धिच्(युध्) संप्रहारे ।

व्यधी = ११५७ व्यधंच्(व्यध्) ताडने ॥४॥

रुधयः = १४७३ रुधृंपी(रुध्) आवरणे । १२६१ अनो रुर्धिच्(अनु-रुध्) कामे ।

क्रुधि = ११८४ क्रुधंच्(क्रुध्) कोपे ।

णुधी = ११८२ णुधंच्(णुध्) बुभुक्षायाम् ।

सिध्यतिः = ११८५ षिधूंच्(सिध्) संराद्धौ । અહીં 'सिध्यति' એ श्य विકરણ પ્રત્યય સહિત નિર્દેશ હોવાથી '३२० षिधू(सिध्) गत्याम्' तथा ३२१ षिधौ(सिध्) शास्त्र-माङ्गल्ययोः' એ બે ધાતુ ન લેવા, પણ ઉક્ત ધાતુ લેવો.

तदनु = ત્યારબાદ हन्ति = ११०० हन्क्(हन्) हिंसागत्योः ।

मन्यति = १२६३ मनिंच्(मन्) ज्ञाने । અહિં 'मन्यति' એવો श्य વિકરણ પ્રત્યય સહિત નિર્દેશ હોવાથી ઉક્ત ધાતુ જ લેવો, પરંતુ '१५०७ मनूयि(मन्) बोधने' એ ધાતુ ન લેવો. તથા '१८१० मनिण्(मन्) स्तम्भे' એ ધાતુ તો ચુરાદિ ગણનો હોઈ અનેક સ્વરવાળો થવાથી સેટ્ છે.

आपिना = १३०७ आप्लृण्(आप्) व्याप्तौ । १९७३ आप्लृण्(आप्) लम्भने' એ ધાતુનો યુજાદિ ગણમાં પાઠ હોવાથી સેટ્ જ છે. અહીં ના એ તૃતીયા વિભક્તિનો હોવાથી તેનો 'સહિત' એવો અર્થ લેવો એટલે કે 'आप् સહિત બીજા આગળ બતાવતા 'પકારાન્ત ધાતુઓ' એવો અર્થ સમજવો.

तपि = ३३३ तपं(तप्) संतापे । १२६७ तपिंच्(तप्) ऐश्वर्ये वा । १९७१ तपिण्(तप्) दाहे' એ ધાતુ તો યુજાદિમાં પઠિત હોવાથી સેટ્ જ છે.

शपि = ९१६ शपीं(शप्) आक्रोशे । १२८३ शपींच्(शप्) आक्रोशे ।

क्षिपि = ११५८ क्षिपंच्(क्षिप्) प्रेरणे । १३२७ क्षिपिंत्(क्षिप्) प्रेरणे ।

छुपः = १३७५ छुंपत्(छुप्) स्पर्शे ।

लुम्पतिः = १३२३ लुप्लृंती(लुप्) छेदने । અહીં लुम्पति એ मागम સહિત નિર્દેશ હોવાથી ઉક્ત ધાતુ જ લેવો '११९५ लुपच्(लुप्) विमोहने' એ ધાતુ ન લેવો.

सृपि = ३४१ सृप्लृं (सृप्) गतौ ।

लिपी = १३२४ लिपींत्(लिप्) उपदेहे ।

वपि = ९९५ टुवपीं(वप्) बीजसन्ताने ।

स्वपी = १०८८ ञिष्वपंक्(स्वप्) शये ॥५॥

यभि = ३७८ यभं(यभ्) मैथुने ।

रभि = ७८५ रभिं(रभ्) राभस्ये ।

लभि = ७८६ डुलभिंष्(लभ्) प्राप्तौ ।

यमि = ३८६ यमूं(यम्) उपरमे ।

रमि = ९८९ रमिं(रम्) क्रीडायाम् ।

नमि = ३८८ णमं(नम्) प्रह्वत्वे ।

गमयः = ३९६ गम्लृं(गम्) गतौ । (गमयः) એ गमिનું બહુવચન રૂપ છે.)

क्रुशि = ९८६ क्रुशं(क्रुश्) आह्वान-रोदनयोः ।

लिशि = १२७७ लिशिंच्(लिश्) अल्पत्वे । १४१७ लिशंत्(लिश्) गतौ ।

रुशि = १४१३ रुशंत्(रुश्) हिंसायाम् ।

दिशति = १३१८ दिशींत्(दिश्) दर्शने । (અહીં दशयः એ दशिનું બહુવચનનું રૂપ છે.)

स्पृशि = १४१२ स्पृशंत्(स्पृश्) संस्पर्शे ।

भृशति = १४१६ भृशंत्(भृश्) आमर्शने ।

विशति = १४१५ विशंत्(विश्) प्रवेशने ।

दृशि = ४९५ दृशृं(दृश्) प्रेक्षणे ।

शिष्लृ = १४९२ शिष्लृंप्(शिष्) विशेषणे । अहीं शिष्लृ એવો लृ સહિત નિર્દેશ હોવાથી ઉક્ત ધાતુ જ લેવો, પરંતુ ૫૦૮ शिष(शिष्) हिंसायाम्' એ ધાતુ ન લેવો. વળી ૧૯૭૭ शिषण्(शिष्) असर्वोपयोगे એ ધાતુ તો યુજાદિમાં, પઠિત હોવાથી સેટ્ છે જ.

शुषयः = १२०८ शुषंच्(शुष्) शोषणे) । (शुषयः એ शुषिનું બહુવચન છે.)

त्विषि = ९३० त्विषीं(त्विष्) दीप्तौ ।

पिषि = १४९३ पिष्लृंप्(पिष्) संचूर्णने ।

विष्लृ = ११४३ विष्लृंकी(विष्) व्याप्तौ । અહીં लृ સહિત ગ્રહણ હોવાથી ઉક્ત ધાતુ જ લેવો, પણ '૫૨૩ विषू(विष्) सेचने' तथा १५६० विषश्(विष्) विप्रयोगे' એ બે ધાતુઓ ન લેવા.

कृषि = ५०६ कृषं(कृष्) विलेखने । १३१९ कृषींत्(कृष्) विलेखने ।

तुषि = १२९३ तुषंच्(तुष्) तुष्टौ ।

दुषि = १२०९ दुषंच्(दुष्) वैकृत्ये ।

पुषयः = ११७५ पुषंच्(पुष्) पुष्टौ । दुष् ધાતુના સહચારથી (११७५मो) ઉક્ત ધાતુ જ લેવો, પરંતુ '૫૨૩ पुष्(पुष्) पुष्टौ' तथा '१५६४ पुषश्(पुष्) पुष्टौ' એ બે ધાતુઓ લેવા નહીં, વળી'૧૭૫૫ पुषण्(पुष्) धारणे' એ ધાતુ ચુરાદિ હોવાથી અનેક સ્વરવાળો હોઈ સ્વતઃ સેટ જ છે. સાર એ આવ્યો કે ચાર પ્રકારનો પુષ્ ધાતુ છે, તેમાંથી ફક્ત ચુરાદિનો જ અનિટ્ સમજવો. ॥६॥

श्लिष्यतिः = १२१० श्लिषंच्(श्लिष्) आलिङ्गने । અહીં श्य વિકરણ સહિત નિર્દેશ હોવાથી ઉક્ત દિવાદિ ગણનો જ ધાતુ લેવો

અને '૧૭૦૪ શ્લિષણ્(શ્લિષ્) શ્લેષણે' એ ધાતુ તો ચુરાદિ હોવાથી સ્વતઃ સેટ્ છે જ.

દ્વિષિઃ = ૧૧૨૬ દ્વિષીંક્(દ્વિષ્) અપ્રીતૌ ।

અતઃ = આથી આગળ ઘસિ = ૫૪૪ ઘસ્લૃં(ઘસ્) અદને ।

વસતી = ૯૯૯ વસં(વસ્) નિવાસે । અહીં વસતી એ 'વસતિ' શબ્દનું દ્વિવચન છે અને તેનો શવ્ વિકરણ પ્રત્યય સહિત નિર્દેશ છે. તેથી ઉક્ત ધાતુ જ લેવો, પરંતુ '૧૧૧૭ વસિક્(વસ્) આચ્છાદને' તથા '૧૨૨૬ વસૂચ્(વસ્) સ્તમ્ભે' એ બે ધાતુઓ ન લેવા, '૧૭૬૧ વસણ્(વસ્) સ્નેહ-ચ્છેદાવહરણેષુઃ' એ ધાતુ તો ચુરાદિ હોવાથી અનેક સ્વરવાળો હોઈ સ્વતઃ સેટ્ છે જ. સાર એ આવ્યો કે વસ્ ધાતુ ચાર ગણમાં આવે છે, તેમાંથી પહેલાં ગણનો જ અનિટ્ છે, બીજા સેટ્ છે, એમ સમજવું.

રોહતિઃ = ૯૯૮ રુહં(રુહ્) જન્મનિ ।

લુહિ-રિહી અનિડ્ ગદિતૌ = લુહ્ અને રિહ્, આ બે ધાતુઓ અનિટ્ કહ્યા છે. કારિકામાં કહેલા આ બે ધાતુ ધાતુપાઠમાં દેખાતા નથી, તેથી એવી સંભાવના કરાય કે ઉક્ત બંને ધાતુઓ કાં તો છાન્દસ છે ને કાં તો મતાંતરીય છે.

દેગ્ધિ = ૧૧૨૮ દિહીંક્(દિહ્) લેપે ।

દોગ્ધિ = ૧૧૨૭ દુહીંક્ (દુહ્) ક્ષરણે ।

લિહ્યઃ = ૧૧૨૯ લિહીંક્(લિહ્) આસ્વાદને । (લિહયઃ એ લિહિનું સમાસ પ્રયુક્ત બહુવચન છે.)

મિહિ = ૫૫૧ મિહં(મિહ્) સેચને ।

બહતી = ૯૯૬ વહીં(વહ્) પ્રાપણે । (અહીં વહતી એ વહતિનું સમાસકૃત દ્વિવચન છે.)

नह्यति = १२८५ णहींच्(नह्) बन्धने ।

दहिः = ५५२ दहं(दह्) भस्मीकरणे ।

इति स्फुटमनिटः = એ પ્રમાણે ૩૫૨ બતાવેલા વ્યંજનાન્ત ધાતુઓ સ્પષ્ટ રીતે અનિટ્ છે. આ સિવાયના બાકીના વ્યંજનાન્ત ધાતુઓ સેટ્ સમજવા. એ રીતે સ્વરાંત તેમજ વ્યંજનાન્ત ધાતુઓના સેટ્પણાનું તથા અનિટ્પણાનું વિસ્તૃત વિવેચન પૂરૂં થયું ॥૭॥

(પ.પૂ. જંબુવિજયજી મ.સા. દ્વારા સંપાદિત લઘુવૃત્તિમાંથી સાભાર.)

વેટ્ ધાતુઓ

(१) धूगट् कम्पने-१२९१
(२) औस्वृ-शब्दोपतापयोः-२१
(३) षिधौ-शास्त्र-माङ्गल्ययोः-२२१
(४) अक्षौ व्याप्तौ च-५७०
(५) तक्षौ ननूकरणे-५७१
(६) त्वक्षौ तनूकरणे-५७२
(७) त्रपौषि लज्जायाम्-७६२
(८) क्षमौषि सहने-७८८
(९) गाहौङ् विलोडने-८७१
(१०) ग्लहौङ् ग्रहणे-८७२
(११) गुहौग् संवरणे-९३५
(१२) स्यन्दौङ् स्रवणे-९५६
(१३) कृपौङ् सामर्थ्ये-९५९
(१४) मृ-जौक् शुद्धौ-१०९७
(१५) षूडौक् प्राणिगर्भविमोचने-११०७
(१६) क्लिदौच् आर्द्रभावे-११७९
(१७) रधौच् हिंसा-संराद्धयो-११८८
(१८) तृपौच् प्रीतौ-११८९
(१९) दृपौच् हर्षमोहनयोः-११९०
(२०) नशौच् अदर्शने-१२०२
(२१) क्षमौच् सहने-१२३५
(२२) मुहौच् वैचित्ये-१२३८
(२३) द्रुहौच् जिघांसायाम्-१२३९
(२४) ष्णुहौच् उद्गिरणे-१२८०
(२५) ष्णिहौच् प्रीतौ-१२४१
(२६) षूङौच प्राणिप्रसवे-१२४२
(२७) अशौटि व्याप्तौ-१३१४
(२८) ओव्रस्चौत् छेदने-१३४१
(२९) वृहौत् उद्यमे-१४२१
(३०) तृहौत् हिंसायाम्-१४२२
(३१) तृंहौत् हिंसायाम्-१४२३
(३२) स्तृहौत् हिंसायाम्-१४२४
(३३) स्तृंहौत् हिंसायाम्-१४२५
(३४) अञ्जौप् व्यक्ति-म्रक्षण गतिषु-१४८८
(३५) क्लिशौश् विबाधने-१५५७
(३६) धूग्श् कम्पने-१५२०
(३७) धूग्ण् कम्पने-१९४५
(३८) मृजौण् शौचा-ऽलङ्कारयोः-१९५६
(३९) तञ्जौप् सङ्कोचने-१४८४
(४०) गुपौ रक्षणे-३३२

यङ्लुबन्तमां ४/३ अने ४/४ सूत्रनी संभवित प्रवृत्ति/निवृत्ति

★आख्यात प्रकरण अंतर्गत यङ् प्रत्ययनो बहुलं लुप् ३.४.१४ सूत्र द्वारा लोप थतां यङ्लुबन्त प्रयोगोनी प्राप्ति थाय छे. यद्यपि ते लोप बहुलताએ थतो होवाथी त्यां शिष्ट प्रयोगोनुं अनुसरण ज अभिप्रेत छे. परंतु धातुरत्नाकर आदिनी जेम संभावनानी दृष्टिએ तेनां प्रयोगोनुं कथन करी शकाय छे. ते प्रयोगोमां व्याकरणगत सूत्रनी प्रवृत्ति अने निवृत्ति नीचेनां कारणोसर थाय छे.

प्रवृत्ति : (१) सूत्रमां प्रकृतिनुं ग्रहण होवाथी **प्रकृतिग्रहणे यङ्लुबन्तस्याऽपि ग्रहणम् १/१७** न्यायानुसारे...

(२) सूत्रगत निमित्तोनी यङ्लुबन्त प्रयोगोमां पण प्राप्ति होय...

● **निवृत्ति :** (१) सूत्रमां प्रकृतिनो निर्देश तिव् आदि सहित होवाथी **तिवाशवानुबन्धेन, निर्दिष्टं यद्गणेन च; एकस्वरनिमित्तं च, पञ्चैतानि न यङ्लुपि १/१८** न्यायानुसारे...

(२) सूत्र निर्दिष्ट अन्य निमित्तो मळतां न होवाथी...

(३) व्यञ्जनादेरेकस्वरा०३.४.९ आदिथी यङ्नी प्राप्ति न होवाथी...

(४) सूत्र प्रवृत्ति द्वारा कोईपण फळनी प्राप्ति न थती होय त्यां **यं विधिं प्रति उपदेशोऽनर्थकः स विधिर्बाध्यते १/३९** न्यायानुसारे...

(५) निषेधवाची सूत्रोमां जेनो निषेध करवामां आवे तेनी प्राप्ति ज न होय त्यारे निषेधवाची सूत्रोनी...

आम, उपरोक्त कारणोने ध्यानमां राखीने ४/३ अने ४/४नां सूत्रनी यङ्लुबन्तमां प्रवृत्ति अने निवृत्तिनी संभावनानी विचारणा करी शकाय छे. ते विचारणा नीचेनां कोष्टकमां रजू करवामां आवी छे.

सूत्र	प्रवृत्ति-निवृत्ति	तेनुं कारण	उदाहरण
नामिनोगुणो०४.३.१	प्रवृत्ति	सूत्रगत निमित्तनी प्राप्ति	बोभवीति
उ-श्नोः ४.३.२	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	सेषयीति
पुस्-पौ ४.३.३	प्रवृत्ति	सूत्रगत निमित्तनी प्राप्ति	अबोभवुः
लघोरुपा०४.३.४	प्रवृत्ति	सूत्रगत निमित्तनी प्राप्ति	बेभेत्ति
मिदः श्ये ४.३.५	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	मेमिदीति
जागुः किति ४.३.६	निवृत्ति	यङ् नो अभाव	—
ऋवर्ण-दृशो०४.३.७	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	असरिसारीत्
स्कृच्छृतो०४.३.८	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	आम्नुं विधान
संयोगादृ०४.३.९	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	आम्नुं विधान
क्य-यङा०४.३.१०	प्रवृत्ति	सूत्रगत निमित्तनी प्राप्ति	सास्मर्यते
न वृद्धिश्चा०४.३.११	प्रवृत्ति	सूत्रगत निमित्तनी प्राप्ति	चेच्यः
भवतेः सिज्०४.३.१२	निवृत्ति	तिवाशवानुबन्धेन० न्यायानुसारे	अबोभोत्
सूतेः पञ्च०४.३.१३	निवृत्ति	तिवाशवानुबन्धेन० न्यायानुसारे	सोषवाणि
द्व्युक्तो०४.३.१४	प्रवृत्ति	सूत्रगत निमित्तनी प्राप्ति	बेभिदीति
ह्वि णोरप्वि०४.३.१५			
हु धातु	प्रवृत्ति	सूत्रगत निमित्तनी प्राप्ति	जोजुह्वति[१]
इ धातु	निवृत्ति	यङ् नो अभाव	—
इको वा ४.३.१६	निवृत्ति	यङ् नो अभाव	—
कुटादेर्ङि०४.३.१७	निवृत्ति	तिवाशवानुबन्धेन० न्यायानुसारे	चोकोटिता
विजेरिट् ४.३.१८	प्रवृत्ति	प्रकृतिग्रहणे०न्यायानुसारे	वेविजिता[२]

१. धातुरत्नाकरमां जोहुवति प्रयोग दर्शावेल छे. (पेज नं. २४७)
२. धातुरत्नाकरमां वेवेजिता प्रयोग दर्शावेल छे. (पेज नं. २४९)

सूत्र	प्रवृत्ति-निवृत्ति	तेनुं कारण	उदाहरण
वोर्ण्णोः ४.३.१९	प्रवृत्ति	प्रकृतिग्रहणेऽन्यायानुसारे	प्रोर्ण्णुनविता
शिदवित् ४.३.२०	प्रवृत्ति	प्रकृतिग्रहणेऽन्यायानुसारे	बोभूतः
इन्ध्यसंयो०४.३.२१	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	आम्नुं विधान
स्वञ्जेर्नवा ४.३.२२	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	आम्नुं विधान
ज-नशो०४.३.२३	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	रारजित्वा
ऋत्-तृष०४.३.२४	प्रवृत्ति	प्रकृतिग्रहणेऽन्यायानुसारे	तरीतृषित्वा/ तरीतर्षित्वा
वौ व्यञ्जना०४.३.२५	प्रवृत्ति	प्रकृतिग्रहणेऽन्यायानुसारे	दोद्युतिषते
उति शवर्हा०४.३.२६	प्रवृत्ति	सूत्रगत निमित्तनी प्राप्ति	प्रचोकुचितः
न डीङ्-शीङ्०४.३.२७	निवृत्ति	तिवाशवानुबन्धेन० न्यायानुसारे	डेड्यितः
मृषः क्षान्तौ ४.३.२८	प्रवृत्ति	प्रकृतिग्रहणेऽन्यायानुसारे	मरिमर्षितः
क्त्वा ४.३.२९	प्रवृत्ति	सूत्रगत निमित्तनी प्राप्ति	देदेवित्वा
स्कन्द-स्यन्दः४.३.३०	प्रवृत्ति	प्रकृतिग्रहणेऽन्यायानुसारे	चास्कन्दित्वा
क्षुध-क्लिश०४.३.३१	प्रवृत्ति	प्रकृतिग्रहणेऽन्यायानुसारे	चोक्षुधित्वा
रुद-विद०४.३.३२	प्रवृत्ति	प्रकृतिग्रहणेऽन्यायानुसारे	रोरुदिषति
नामिनोऽनिट् ४.३.३३	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	चेचयिषति
उपान्त्ये ४.३.३४	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	बेभेदिषति
सिजाशिषा०४.३.३५	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	व्यति बेभेदिसीष्ट
ऋवर्णात् ४.३.३६	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	व्यतिचरिकरिषीष्ट
गमो वा ४.३.३७	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	समजङ्गमिषीष्ट
हनः सिच् ४.३.३८	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	आजङ्घनिष्ट
यमः सूचने ४.३.३९	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	उदयंयमिष्ट

સૂત્ર	પ્રવૃત્તિ-નિવૃત્તિ	તેનું કારણ	ઉદાહરણ
वा स्वीकृतौ ४.३.४०	નિવૃત્તિ	સૂત્રગત નિમિત્તની અપ્રાપ્તિ	उदयंयमिष्ट
इश्च स्था०४.३.४१	નિવૃત્તિ	સૂત્રગત નિમિત્તની અપ્રાપ્તિ	उपातेष्ठिष्ट
मृजोऽस्य०४.३.४२	પ્રવૃત્તિ	પ્રકૃતિગ્રહણે०ન્યાયાનુસારે	मरिमार्जीति
ऋतःस्वरे०४.३.४३	પ્રવૃત્તિ	પ્રકૃતિગ્રહણે०ન્યાયાનુસારે	मरिमृजति
सिचि परस्मै०४.३.४४	પ્રવૃત્તિ	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	अचेचायीत्
व्यञ्जनाना०४.३.४५	નિવૃત્તિ	સૂત્રગત નિમિત્તની અપ્રાપ્તિ	अजङ्क्ष्मीत्
वोर्णुगः०४.३.४६	નિવૃત્તિ	तिवाशवानुबन्धेन० ન્યાયાનુસારે	प्रौर्णोनावीत्, नुवीत्
व्यञ्जनादेर्वो०४.३.४७	પ્રવૃત્તિ	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	अचाकाणीत्
वद-व्रज०४.३.४८	પ્રવૃત્તિ	પ્રકૃતિગ્રહણે०ન્યાયાનુસારે	अवावादीत्
न श्वि-जागृ०४.३.४९			
श्वि ધાતુ	પ્રવૃત્તિ	પ્રકૃતિગ્રહણે०ન્યાયાનુસારે	अशोशवीत्
जागृ ધાતુ	નિવૃત્તિ	यङ् નો અભાવ	—
एदेत् ધાતુ	નિવૃત્તિ	तिवाशवानुबन्धेन० ન્યાયાનુસારે	अजाहासीत्
ञ्णिति ४.३.५०	પ્રવૃત્તિ	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	पापाचयति
नामिनोऽ०४.३.५१	પ્રવૃત્તિ	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	चेचाययति
जागुर्ञि०४.३.५२	નિવૃત્તિ	यङ् નો અભાવ	—
आत ऐः०४.३.५३	પ્રવૃત્તિ	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	दादायः
न जन०४.३.५४	પ્રવૃત્તિ	પ્રકૃતિગ્રહણે०ન્યાયાનુસારે	प्रजंजनः
मोऽकमि०४.३.५५	પ્રવૃત્તિ	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	शंशमः
विश्रमे०४.३.५६	પ્રવૃત્તિ	પ્રકૃતિગ્રહણે०ન્યાયાનુસારે	विशाश्रामः
णिद्वाऽ०४.३.५८	નિવૃત્તિ	સૂત્રગત નિમિત્તની અપ્રાપ્તિ	आम्નું વિધાન

सूत्र	प्रवृत्ति-निवृत्ति	तेनुं कारण	उदाहरण
उत औ०४.३.५९	निवृत्ति	सूत्रगत निषेध.	योयोति
वोर्ण्णोः ४.३.६०	निवृत्ति	सूत्रगत निषेध.	प्रौर्ण्णोनीति
न दि-स्योः ४.३.६१	प्रवृत्ति	औनी प्राप्तिरूप निमित्तनो अभाव	प्रौर्ण्णोनवीत्
तृहः श्ना०४.३.६२	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	तरीतृहीति
ब्रूतः परा०४.३.६३	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	वावचीति
यङ्-तु०४.३.६४	प्रवृत्ति	सूत्रगत निमित्तनी प्राप्ति	बोभवीति
सः सिज०४.३.६५	प्रवृत्ति	सूत्रगत निमित्तनी प्राप्ति	अपापाचीत्
पिबैति०४.३.६६			
पा धातु	प्रवृत्ति	तिवाशवानु०न्यायनी अनित्यता	अपापात्
इ धातु	निवृत्ति	यङ् नो अभाव	—
अन्य धातु	प्रवृत्ति	प्रकृतिग्रहणे०न्यायानुसारे	अदादात्
ट्धे-घ्रा०४.३.६७			
ट्धे धातु	निवृत्ति	तिवाशवानुबन्धेन० न्यायानुसारे	अदाधात्
अन्य धातु	प्रवृत्ति	प्रकृतिग्रहणे०न्यायानुसारे	अजाघ्रात्
तन्भ्यो०४.३.६८	निवृत्ति	तिवाशवा०न्यायानुसारे	अतंतनिष्ट
सनस्तत्रा०४.३.६९	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	असंसानीत्
धुड्-ह्रस्वा०४.३.७०	प्रवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	अबेभेदिष्टाम्
इट ईति ४.३.७१	प्रवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	अलोलावीत्
सो धि०४.३.७२	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	व्यतिलोलविध्वम्
अस्तेः सि०४.३.७३	निवृत्ति	यङ् नो अभाव	—

સૂત્ર	પ્રવૃત્તિ-નિવૃત્તિ	તેનું કારણ	ઉદાહરણ
दुह-दिह०४.३.७४	निवृत्ति	सक् રૂપ નિમિત્તની અપ્રાપ્તિ	अदोदुहीत्
स्वरेऽतः४.३.७५	निवृत्ति	सक् રૂપ નિમિત્તની અપ્રાપ્તિ	अदोदुहम्
दरिद्रोऽ०४.३.७६	निवृत्ति	यङ् નો અભાવ	—
अशित्यस्सन्०४.३.७७	निवृत्ति	यङ् નો અભાવ	—
व्यञ्जनाद्०४.३.७८	निवृत्ति	સૂત્રગત નિમિત્તની અપ્રાપ્તિ	अपापचीत्
सेः स्-द्०४.३.७९	निवृत्ति	સૂત્રગત નિમિત્તની અપ્રાપ્તિ	अपापचीत्
योऽशिति ४.३.८०	निवृत्ति	સૂત્રગત નિમિત્તની અપ્રાપ્તિ	बोभूतः
क्यो वा ४.३.८१	निवृत्ति	यङ् નો અભાવ	—
अतः ४.३.८२	प्रवृत्ति	સૂત્રગત નિમિત્તની અપ્રાપ્તિ	—
णेरनिटि ४.३.८३	निवृत्ति	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	बोभाव्यते
सेट्क्त्योः ४.३.८४	प्रवृत्ति	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	चाकारितः
आमन्ता०४.३.८५	प्रवृत्ति	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	चाकारयाञ्चकार
लघोर्यपि ४.३.८६	प्रवृत्ति	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	रारमय्य
वाऽऽप्नोः ४.३.८७	निवृत्ति	यङ् નો અભાવ	—
मेङो वा०४.३.८८	निवृत्ति	तिवाशवानु०न्यायानुसारे	अपमामाय
क्षेः क्षी ४.३.८९	प्रवृत्ति	प्रकृतिग्रहणे०न्यायानुसारे	प्रक्षीय
सस्तः सि ४.३.९२	निवृत्ति	સૂત્રગત નિમિત્તની અપ્રાપ્તિ	वावसिष्यति
दीय् दीङ०४.३.९३	निवृत्ति	तिवाशवानु०न्यायानुसारे	उपदेधितः
इडेत्-पुसि०४.३.९४	प्रवृत्ति	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	अजाघ्नुः
संयोगादेर्वा०४.३.९५	प्रवृत्ति	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	जाग्लेयात्
गा-पा-स्था०४.३.९६			
हा ધાતુ	निवृत्ति	तिवाशवानु०न्यायानुसारे	जाहायात्
गा વગેરે ધાતુ	प्रवृत्ति	प्रकृतिग्रहणे०न्यायानुसारे	तास्थेयात्

સૂત્ર	પ્રવૃત્તિ-નિવૃત્તિ	તેનું કારણ	ઉદાહરણ
ई व्यञ्जने०४.३.९७	પ્રવૃત્તિ	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	जेगीयते
घ्रा-ध्मो०४.३.९८	પ્રવૃત્તિ	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	जाघ्रीयात्
हनो घ्नी०४.३.९९	પ્રવૃત્તિ	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	जेघ्नयीति
ञ्णिति०४.३.१००	પ્રવૃત્તિ	પ્રકૃતિગ્રહણે૦ન્યાયાનુસારે	जङ्घातयति
ञ्णि-णवि०४.३.१०१	પ્રવૃત્તિ	પ્રકૃતિગ્રહણે૦ન્યાયાનુસારે	व्यतिजङ्घानि
नशेर्नेश्०४.३.१०२	નિવૃત્તિ	अङ् રૂપ નિમિત્તની અપ્રાપ્તિ	अनानाशीत्
श्वयत्यसू०४.३.१०३			
श्वि ધાતુ	નિવૃત્તિ	तिवाशवानु०न्यायानुसारे	अशेश्वियत्
वच् ધાતુ	પ્રવૃત્તિ	પ્રકૃતિગ્રહણે૦ન્યાયાનુસારે	अवोचत्
अस् ધાતુ	નિવૃત્તિ	यङ् નો અભાવ	—
शीङः ए:०४.३.१०४	નિવૃત્તિ	तिवाशवानु०न्यायानुसारे	शेशीतः
क्ङिति यि०४.३.१०५	નિવૃત્તિ	तिवाशवानु०न्यायानुसारे	संशेशीयः
उपसर्गादूहो०४.३.१०६	નિવૃત્તિ	यङ् નો અભાવ	—
आशिषीणः४.३.१०७	નિવૃત્તિ	यङ् નો અભાવ	—
दीर्घश्च्वि०४.३.१०८	પ્રવૃત્તિ	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	चेचीयात्
ऋतो०४.३.१०९	નિવૃત્તિ	સૂત્રગત નિમિત્તની અપ્રાપ્તિ	चरिक्रियते
रिः शक्या०४.३.११०	પ્રવૃત્તિ	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	चरिक्रियते
ईश्च्वा०४.३.१११ थी			
अस् च० ४.३.११५	નિવૃત્તિ	यङ् નો અભાવ	—
अस्ति-ब्रुवो०४.४.१	પ્રવૃત્તિ	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	वावचीति
अघञ्क्य०४.४.२	પ્રવૃત્તિ	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	वेवयीति
त्रने वा ४.४.३	પ્રવૃત્તિ	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	प्रवेवेता
चक्षो वाचि०४.४.४	પ્રવૃત્તિ	સૂત્રગત નિમિત્તની પ્રાપ્તિ	चाख्येति

સૂત્ર	પ્રવૃત્તિ-નિવૃત્તિ	તેનું કારણ	ઉદાહરણ
नवा परो०४.४.५	निवृत्ति	सूत्रगत निमित्तनी अप्राप्ति	आम्नुं विधान
भृज्जो०४.४.६	निवृत्ति	तिवाशवानु०न्यायानुसारे	बरीभृजीति
प्राद् दाग०४.४.७	निवृत्ति	तिवाशवानु०न्यायानुसारे	प्रदादितः
नि-वि-स्व०४.४.८	निवृत्ति	तिवाशवानु०न्यायानुसारे	निदादितः
